આંતરભારતીય પુસ્તકમાળા

અડધી ઘડી

અડધી ઘડી

પારપ્પુરત્તુ

અનુવાદક

મકરન્દ દવે

નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા, નવી દિલ્હી

1980 (શક 1901)

Original Title : Aranazhikaneram (Malayalam)
Gujarati Translation : Adadhi Ghadi

રૂ. 16-25

પ્રકાશક : ડાયરેક્ટર, નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા, એ-5 ગ્રીન પાર્ક,
નવી દિલ્હી-110 016
મુદ્રક : શાંતિલાલ હરજીવન શાહ,
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-380 014

પ્રસ્તાવના

કેરળ રાજ્યમાં મુદ્રણકલાનો આરંભ પાશ્ચાત્ય ધર્મ-પ્રચારકો દ્વારા થયો. મલયાલમ ગદ્યના વિકાસની પ્રેરણા પણ એમણે જ આપી. આ સાહિત્યમાં 'નવલકથા'ના સ્વરૂપની શરૂઆત અંગ્રેજી શિક્ષણને કારણે થઈ. આ સ્વરૂપમાં શરૂઆતનું જે સર્જન થયું તે કાં તો અંગ્રેજી કૃતિઓનું રૂપાંતર હતું, અથવા તેનું અનુકરણ હતું. ચિદંબર વાધ્યારે 'ઑઝ યુ લાઈક ઈટ'નું 'કામાક્ષી ચરિતમ્' નામે ભાષાંતર કર્યું. આર્ચ ડીકન ઉમ્મન કોશીએ 'પુલ્લેલિ કુંચુ' લખ્યું. પી. વેલાયુધને શેક્સપિયરનું 'પૅરિકિલસ' નાટક 'પરિક્લેશ રાજાની કથા'ના શીર્ષકથી રજૂ કર્યું. આ લોકોને પ્રારંભકાલીન નવલકથાકાર માનવાનું કેટલે અંશે યોગ્ય કહેવાય, તે વિશે હજુ પણ ચર્ચાઓ ચાલે છે. એનું કારણ એ છે કે એમની કૃતિઓમાં નવલકથાનું સ્વરૂપ જોવા મળતું નથી.

સાહિત્ય-ઈતિહાસના રચયિતાઓએ કદાચ ઉપર્યુક્ત દ્વિધાને કારણે જ, 'કુંદલતા'ના લેખક અપ્પુ નેટુણ્ટીને મલયાલમ ભાષાના સર્વપ્રથમ નવલકથા-લેખક ગણાવ્યા છે. આ પુસ્તકનું પ્રથમ પ્રકાશન ઈ.સ. 1887માં થયું હતું. કથાવસ્તુની ગૂંથણી કે પાત્રાલેખનમાં તે ભલે નિષ્ફળ રહ્યા હોય, તોપણ આ પહેલી એવી મલયાલમ કૃતિ છે, જેમાં નવલકથાનાં લક્ષણો દૃષ્ટિગોચર થતાં હોય! આગળ જતાં ઓ. ચન્તુમેનોન અને સી.વી. રામન પિળ્ળૈએ 'સામુદાયિક' (સમુદાયનો અર્થ છે પછાત વર્ણનો સમાજ) બનાવોના આધાર પર સમુદાય-સુધારક નવલકથાઓ લખી. સી. વી.એ ઐતિહાસિક નવલકથાઓ લખી. દેશની ઐતિહાસિક તથા રાજકીય ઘટનાઓને વિષયવસ્તુ બનાવી તેમણે આ કૃતિઓમાં, પૂર્વજોનાં સાહસ, પુરુષાર્થ તેમ જ રાજભક્તિનાં ઉજ્જ્વલ યશોગાન ગાયાં. હજુ પણ આ બંને લેખકો મલયાલમ નવલકથા-જગતના મહારથીઓ તરીકે આદર પામે છે.

ચન્તુમેનોનની 'ઇંદુલેખા' અને 'શારદા' નવલકથાને જે લોકપ્રિયતા મળી અને તેનો જે ફેલાવો થયો, તેને લીધે ઘણા પ્રતિભા વગરના અનુકરણ-પ્રેમી

સાહિત્યકારો આ નવી દિશા તરફ આકર્ષાયા. પરિણામે મલયાલમમાં અનેક સામાજિક નવલકથાઓ લખાઈ, જેમાંની મોટા ભાગની તદ્દન ઉપરછલ્લી અને સામાન્ય હતી. સી. વી. રામન પિળ્ળૈની મુખ્ય ઐતિહાસિક નવલકથાઓ હતી : માર્તાણ્ડ વર્મા, રામરાજા બહાદુર અને ધર્મરાજા. તેમની નકલ બહુ ઓછા લોકોએ કરી. જેમણે નકલ કરવાનો પ્રયત્ન કર્યો તે સફળ પણ થયા નહીં.

મલયાલમ નવલકથા-સૃષ્ટિના બીજા એક પ્રમુખ લેખક છે રામવર્મા 'અપ્પન તંપુરાન.' તેમની પ્રસિદ્ધ કૃતિઓ 'ભૂતરાયર' અને 'ભાસ્કરમેનોન' પ્રાચીન કેરળીય ઈતિહાસ સાથે સાંકળાયેલી જનશ્રુતિઓ પર આધારિત છે. 'ભાસ્કરમેનોન' મલયાલમની સૌથી પહેલી જાસૂસી નવલકથા હતી. તે પછી ઓગણીસમી સદીના છેલ્લા દિવસોમાં કેટલાક સ્વતંત્ર દૃષ્ટિવાળા લેખકોએ રાજકીય નવલકથાઓ લખવા માંડી હતી.

આ નવલકથાઓનું વિષયવસ્તુ રાજ્યના સત્તાધારી વર્ગની ખામીઓ પર પ્રકાશ પાડતું હતું, તેમાં રાજ્યકર્તાઓ પર ઘણા પ્રહાર રહેતા. કે. નારાયણ કુરુક્કલે લખેલી 'પારપ્પુરમ્' અને ઉદયભાનુ આ કોટિની રચનાઓ છે. આ બન્નેના પ્રકાશનમાં સ્વદેશાભિમાની રામકૃષ્ણ પિળ્ળૈએ ઘણો મહત્ત્વપૂર્ણ સક્રિય સહકાર આપ્યો હતો. ત્રાવણકોર રાજ્યની સરકારે પાછળથી, સ્વેચ્છાચારી રાજ્યકર્તાઓ સાથે સંઘર્ષ કરવાના ફળરૂપે રામકૃષ્ણ પિળ્ળૈને રાજ્યમાંથી બહાર ચાલ્યા જવાની કઠોર શિક્ષા કરી હતી.

ઓગણીસમી સદીનાં છેલ્લાં પચીસ વરસો અને વીસમી સદીના પહેલા તબક્કામાં અનેક મલયાલમ નવલકથાઓ પ્રગટ થઈ. પણ એમાંની મોટા ભાગની નવલકથાઓ કેવળ અનુકરણ હતી, એમને સ્થાયી પ્રતિષ્ઠા કશી મળી નહીં. એ જમાનાના લેખકો માત્ર સુવાચ્ય મનોરંજક કથા કહેવાથી વધારે ઊંડો કોઈ હેતુ ધરાવતા નહોતા. આંગળીને વેઢે ગણાય એટલા લેખકો સામાજિક સુધારણાના ધ્યેયથી જરૂર લખતા હતા, પણ તે લેખનમાં કલાપક્ષ નબળો હોવાથી આ સુધારાનો પ્રચાર કરતી નવલકથાઓ સામાન્ય બની રહી. સ્વાતંત્ર્ય-સંગ્રામ, વિદેશી સરકાર સામે દ્વેષ, સામાજિક ક્રાંતિની અભિલાષા અને માર્ક્સવાદી વિચારણાનો પ્રભાવ કેરળના સાહિત્યકારોની સર્જન-ચેતના પર જેમ જેમ પડતો ગયો તેમ તેમ એ દિવસોમાં મલયાલમના કથા-સાહિત્યમાં નવી પ્રગતિનાં એંધાણ દેખાવા લાગ્યાં. છેલ્લાં પચાસ વર્ષો દરમ્યાન મલયાલમમાં ઘણા એવા સર્જનશીલ લેખકો થયા, જેઓ વાર્તા લખ્યા પછી નવલકથાના ક્ષેત્રમાં આવ્યા. તે લોકો રચનાઓના આંતરિક તત્ત્વ અને બાહ્ય સ્વરૂપમાં નવા રૂપ-રંગ લાવ્યા.

સાહિત્ય કેવળ વિશુદ્ધ મનોરંજનનું જ સાધન નથી, સાહિત્યકારની સમાજ પ્રત્યેની વિશેષ જવાબદારી પણ છે, એવા સિદ્ધાંતને સ્વીકારીને લેખકો લેખન-કાર્ય કરવા લાગ્યા. તેમની નવલકથાઓમાં સમાજના નીચલા થરના લોકોનું રોજબરોજનું જીવન તથા નવી ક્રાંતિકારી વિચારધારાઓનાં વાહક પાત્ર રજૂ થવા લાગ્યાં. એ યુગના નવલકથાકારોમાં સર્વશ્રી તકષી શિવશંકર પિળ્ળૈ, પી. કેશવદેવ તથા વૈક્કમ મુહમ્મદ બશીર ઉલ્લેખનીય છે. તકષીની 'રૈટિટંઙષિ (બશેર ચોખા), 'તોટ્ટિયુટે મકન' (ભંગીનો દીકરો) અને 'ચેમ્મીન' (ઝીંગા માછલી); કેશવ-દેવની 'ઓટયિલી નિન્નુ' (વહેળામાંથી), 'ભ્રાંતાલયમ' (પાગલખાનું), 'અયલક્કાર' (પડોશી) અને બશીરની 'બાલ્યકાળ સખી' તથા 'ન્ટુપ્પુપ્પાક્કોરાનેષ્ટાન્નૂ' (તારા વડદાદાને ત્યાં એક હાથી હતો) નવલકથાઓ મલયાલમ નવલકથા-સર્જનના પ્રગતિમાર્ગ પર સીમાસ્તંભ સમી બની ગઈ છે.

ત્યાર પછીના લેખકોમાં એસ. કે. પોટ્ટેક્કાટ, ઉરૂબ વગેરે આવે છે. હવે બીજી પેઢીના અનેક પ્રતિનિધિ યુવાન સાહિત્યકારો નવલકથા લખે છે. એમના પ્રદાનથી નવલકથાના સ્વરૂપની ગંભીરતા અને વ્યાપકતા વધતી રહી છે. પોતાની કૃતિઓમાં તેઓ આંતરરાષ્ટ્રીય સાહિત્યિક પ્રયોગો કરે છે. સર્વશ્રી પારપ્પુરત્તુ, એમ. ટી. વાસુદેવન નાયર, કે. સુરેન્દ્રન, જી. વિવેકાનંદન, કોવિલન, નંદનાર, મલયાટ્ટૂર રામકૃષ્ણન અને વિલાસિની એમાં મુખ્ય છે. મુટ્ટત્તુ વર્કી ખ્રિસ્તી સમાજના કૌટુંબિક વાતાવરણનું સહજ નિરૂપણ કરવામાં ઘણા સફળ થયા છે. તેમણે અનેક નવલકથાઓ લખી છે. આ પ્રતિષ્ઠિત લેખકોના જેવી જ આત્મીયતા, તલ્લીનતા અને આસ્થાથી નવલકથા-સર્જન કરનારા બીજા પણ ઘણા ઉલ્લેખનીય લેખકો મલયાલમ સાહિત્યમાં ઉદિત થઈ રહ્યા છે. વિશ્વ-સાહિત્યમાં જોવા મળતાં, નિરૂપણનાં સર્વ શૈલી-સ્વરૂપો મલયાલમ નવલ-કથામાં પણ જોવા મળે છે. નવા નવા લેખકો મંગલમય ભવિષ્યની આશા આપે છે.

શ્રી કે. ઈ. મત્તાયિ જ મલયાલમ સાહિત્યમાં 'પારપ્પુરત્તુ' ઉપનામથી જાણીતા છે. હાઈસ્કૂલનું શિક્ષણ પૂરું કરીને તે સેનામાં ભરતી થયા અને લગભગ પંદર વર્ષ પહેલાં સુધી લશ્કરી જીવન વિતાવ્યું. તેઓ સાહિત્યના પ્રાંગણમાં સૈનિક જીવનની વાર્તાઓ લઈને આવ્યા. એમાં લશ્કરી છાવણીઓની અજાણી અપ-રિચિત જિંદગીની લીલીસૂકીનાં ચિત્રો છે. સરળ, હૃદયસ્પર્શી જીવનના નિરૂપણને કારણે પારપ્પુરત્તુ શીઘ્ર સારા નવલકથા-લેખક ગણાવા લાગ્યા. દેશના સંરક્ષણ માટે જીવનની સુવર્ણ ઘડીઓ ન્યોછાવર કરી દેનાર જવાનોનાં બલિદાન, તેમની

વેદનાઓ, આશા-અભિલાષાઓ અને કુંઠાઓનું સબળ ચિત્રણ મલયાલમ સાહિત્યમાં સૌ પહેલું કરવાનું શ્રેય પારપ્પુરત્તુને જ છે. એનો અર્થ એ નથી કે એમની દૃષ્ટિ લશ્કરી છાવણીની ભીતર સુધી સીમિત રહી હતી. જે ગામમાં તે જન્મ્યા, ખેલી-કૂદીને મોટા થયા, એનાં રહેવાસી નિષ્કપટ સ્ત્રી-પુરુષોના, પોતાના દેશવાસીઓના પણ, દિલના ધબકાર પારપ્પુરત્તુએ પોતાની રચનાઓમાં સહજતાથી અભિવ્યક્ત કર્યા છે. પ્રામાણિક લેખક પોતાના જીવન-દર્શનથી અલિપ્ત થઈને સાહિત્ય-સર્જન કરી શકતો નથી. પારપ્પુરત્તુની બધી રચનાઓ-માં તેમના જીવન-દર્શનની ઉજ્જવળ ધારા જોવા મળે છે. એમનું જીવનદર્શન ખ્રિસ્તી જીવન-દૃષ્ટિ તેમ જ જીવનના અનુભવોથી ઓતપ્રોત છે.

આ પહેલાં કહ્યું છે કે પારપ્પુરત્તુએ પોતાના સાહિત્યિક જીવનનો શુભ આરંભ સૈનિકોના બલિદાની જીવનની ઝાંખી દ્વારા કર્યો હતો. ત્યાગ અને બલિદાનના સિદ્ધાંતનો એમની સર્જનશીલ પ્રતિભા પર ઊંડો પ્રભાવ હતો. એમની ઘણી કૃતિઓમાં એવાં પાત્રો મળે છે, જે વ્યક્તિ પર, સમાજ પર, રાષ્ટ્ર પર પોતાને ન્યોછાવર કરી દે છે. પોતાના આનંદની તદ્દન અવગણના કરીને બીજાઓ માટે કષ્ટ વેઠવું અને સેવામાં જ જીવનનું સારતત્ત્વ પામવું, એ ધ્યેય લેખકના જીવન-દર્શન સાથે જોડાયેલું છે.

પારપ્પુરત્તુની કૃતિઓ મુખ્યત્વે આર્દ્ર ભાવ અને કોમળ અનુભૂતિઓ જગાડે છે. એમનાં મોટા ભાગનાં પાત્રો સામાન્ય સ્તરના ગ્રામનિવાસી છે. એમાં દંભી, ધૂર્ત, ધોખાબાજ વગેરે પણ હોય છે. પણ એમના હૃદયમાં પણ માન-વીય ભાવોની ઝલક જોવા મળે છે. આવાં પાત્રોના જીવન-ચિત્રણમાં વધારે પડતી ભાવનાશીલતાને અવકાશ હોતો નથી. અતિરંજિત ભાવુકતાના ચમત્કારથી દૃશ્યો અને ઘટનાઓમાં રંગ ભરી દઈ, વાચકોને ચકિત કરી દેવાનું પારપ્પુરત્તુને ક્યારેય રુચ્યું નથી. એમનાં પાત્રો પણ સાધારણ દરજ્જાનાં જ હોય છે, અને આપણી સામે સહજરૂપે આવે છે. આપણી સાથે દિલ ખોલીને તે વાતચીત કરે છે. સહજતા, ઋજુતા અને સરળતાના કારણે તે આપણા મનમાં ચિરપરિ-ચિત મિત્રોની જેમ વસી જાય છે.

પારપ્પુરત્તુના કથનનાં શૈલી ને સ્વરૂપ વસ્તુ અને પાત્રોને સર્વથા અનુરૂપ હોય છે. ધારાવાહી શબ્દાવલિની ઝાકઝમાળથી તે વાચકોને કદી અભિભૂત કરી મૂકતા નથી. પાત્ર અને વાચકની વચ્ચે લેખકની દખલ હોતી નથી, કે વચ્ચે તે બોલે છે એવું લાગતું નથી. સામાજિક સભાનતા ધરાવતી એક બૌદ્ધિક વ્યક્તિ તરીકે પારપ્પુરત્તુ પણ સમાજના દરેક સ્વસ્થ પરિવર્તનનું, પરિ-

વર્તનની દૃષ્ટિએ સ્વાગત કરે છે. પરિવર્તનની અભિલાષા પાત્રોના વ્યવહાર દ્વારા સક્રિયરૂપે પ્રતિબિંબિત થાય છે, જેની વાચકોના મન પર સ્થાયી છાપ અંકિત થાય છે. લેખકને ક્યાંય પણ પાત્રો પાસે લાંબું-ચોડું ભાષણ કરાવવાનો કે પ્રચારનો ઢંઢેરો પીટવાનો લોભ નથી. જેની દૃષ્ટિ ઉત્તમ કલા પર હોય, તેને માટે જ આ બાબત સંભવિત છે.

વ્યાપક અનુભવ અને ઊંડી જીવનદૃષ્ટિ ધરાવતા નવલકથાકાર માટે જ વૈવિધ્ય-પૂર્ણ જીવન-દૃશ્યો અને પાત્રોને અવતારવાનું શક્ય છે. પારપ્પુરત્તુ આ પ્રકારના નવલકથાકાર છે. 'નિણમણિયં કાલ્પાટુ કલ'(લોહીથી ખરડાયેલા પગનાં નિશાન)-માં તેમણે એક સૈનિકની હૃદયવેધક કથા કહી છે, જે નિષ્ઠુર કઠોર જીવનની સામે ઝૂઝતો, ટકરાતો આગળ વધે છે અને અટવાતો રહે છે. 'મૈત્યુ' નામના પાત્ર દ્વારા તેમણે ત્યાગનું જ્વલંત ઉદાહરણ રજૂ કર્યું છે.

'અન્વેષિચ્ચુ કણ્ટેત્તિયિલ્લા' (શોધ્યું પણ મળ્યું નહીં) પારપ્પુરત્તુની બીજી એક નવલકથા છે, જેમાં એક નર્સની જીવનકથા દ્વારા એક વ્યથાપૂર્ણ તેમ જ ત્યાગપૂર્ણ અને મધુર જીવનની દુખાંત સમાપ્તિ ચિત્રિત કરવામાં આવી છે. બાળકી સૂઝીના જન્મતાં જ એના પિતાએ એનું ગળું દાબીને એને મારી નાખવાનો પ્રયત્ન કર્યો હતો. માતૃહીન સૂઝી નિર્દય પિતા અને ક્રૂર સાવકી માના હાથે ખૂબ કષ્ટ પામે છે. મામાને ત્યાં તે મોટી થાય છે, પલટણમાં નર્સ તરીકે ભરતી થાય છે. ઉત્તર ભારતની ઘણી ઇસ્પિતાલોમાં તે નોકરી કરે છે. આ દરમ્યાન તે અનેક વિકટ અગ્નિ-પરીક્ષાઓમાં પણ પોતાના જીવનની પવિત્રતા જાળવી રાખે છે. એ સાથે તેના મનમાં પોતાને ઇચ્છાને અનુરૂપ જીવનસાથી મેળવવાની અભિલાષા પણ છે. સૂઝીના પાત્ર દ્વારા આનંદનું અન્વેષણ અને એ અન્વેષણમાં એને મળેલી નિષ્ફળતાનું ચિત્રણ એવું થયું છે કે વાંચતાં વાચકનું હૃદય ભરાઈ આવે.

પારપ્પુરત્તુની બીજી એક મહત્ત્વની નવલકથા છે 'આદ્યકિરણ્ઙલ' (પ્રથમ કિરણો). રચનાકારે એમાં કોઈક ખૂણે આવેલા નાનકડા ગામના દિલના ધબકાર એકદમ વાસ્તવિક રીતે ઝીલ્યા છે. એ પછાત અને અવિકસિત પ્રદેશમાં પહોં-ચતી ગ્રામ-સેવિકા મેરિક્કુટ્ટિ આખાયે પ્રદેશનો ચહેરોમહોરો બદલી નાખે છે. આ નવલકથા ઘણી સબળ કૃતિ છે. આરંભથી અંત સુધી ભાવનાઓથી રસાયેલી આ નવલકથા આપણી સમાજ-વિકાસ-યોજનાઓનું સમર્થન કરે છે. પણિલી-રાત્ત વીટુ (અધૂરું ઘર), મક્ને નિનક્કુવેણ્ટિ (દીકરા, તારે માટે) ઇ. પણ

પારપ્પુરત્તુની સુંદર કૃતિઓ છે. પણ એમની કૃતિઓમાં નિ:શંકપણે સૌથી વધુ લોકપ્રિય કૃતિ તો છે અરનાષિકનેરમ્ (અડધી ઘડી).

'આકાશ નીચે જે કાંઈ કાર્ય બને છે, તે દરેકને સમજવાનો મેં પ્રયત્ન કર્યો છે. પરમેશ્વરે મનુષ્યને ઘણું દુ:ખ આપ્યું છે. ધરતી પર, સૂરજ હેઠળ જે કંઈ કામકાજ ચાલે છે તે મેં જોયું છે. આ બધું માયા છે. વ્યર્થ પ્રયાસ છે.'

બાઈબલનું આ અવતરણ 'અરનાષિકનેરમ્'ના મસ્તક પરનું તિલક છે, જે સહૃદય વાચકનું ધ્યાન સહસા આકર્ષિત કરે છે. આ વાક્યમાં નવલકથાનો આખો સાર આવી જાય છે. આ નવલકથાની પૃષ્ઠભૂમિ છે ત્રાવણકોર રિયાસતના મધ્ય ભાગમાં વસતા ખ્રિસ્તી સમાજનું જીવન. નવલકથાનું કેન્દ્ર છે કુંયેનાચ્ચન. નેવું વર્ષની લાંબી જિંદગીમાં એણે થોડુંઘણું મેળવ્યું છે, ઘણું બધું ગુમાવ્યું છે. એનું જીવન ઘટનાઓથી ભરેલું છે. કથાવસ્તુની ભૂમિકા તરીકે લેખકે પ્રગટ કરેલું મંતવ્ય સાંભળો : "જે દિવસથી હું સભાન થયો, તે દિવસથી આ પાત્રનો મારા જીવન સાથે, અનેક નામે, અનેક રૂપે ગાઢ સંબંધ રહ્યો છે. કુંયેનાચ્ચન એક પેઢીની અંતિમ કડી છે."

અહીં લેખકે અત્યંત નાની ઉંમરથી, સાનભાન આવ્યાં તે દિવસથી પોતાના મનમાં વસેલા એક પાત્રને બહુરૂપી જીવનના અનુભવ તેમ જ કલાકૌશલ્યના ઢાળામાં ઢાળ્યું છે. એ જ કુંયેનાચ્ચન છે. આ બુઝુર્ગ માણસ અતીતની ઘટનાઓનાં મોજાંના ગર્જનથી ગુંજાયમાન તટ પર બેઠા બેઠા હિસાબ માંડે છે કે હવે બહુ બહુ તો અડધી ઘડી જ બાકી હશે. વચ્ચે વચ્ચે તે અફીણ ખાય છે, ઊંઘી જાય છે. આ પાત્રના અપરિપક્વ વિષમ માનસ દ્વારા લેખકે સમય-પ્રવાહના આઘાતથી ઊખડી પડીને ધરાશાયી બનતી ત્રણ પેઢીઓના ઉત્થાન-પતનની વાત ભાવપૂર્ણ રીતે આલેખી છે. એ વૃદ્ધ દરેક ક્ષણે ધૂંધળા પડતા જતા સ્મૃતિ-દર્પણને વારંવાર ઘસીને સાફ કરે છે, આવી રહેલા મૃત્યુની પ્રતીક્ષા પણ કરે છે. મલયાલમ સાહિત્યનું તે અત્યંત સબળ પાત્ર છે. આ પુસ્તકમાં આઠે પહોર ડરાવતી, વિચલિત કરી મૂકતી ભીષણ અને અનિવાર્ય જીવ-સમાધિની શોકાંતિકાનો પરિચય બાઈબલમાંથી વારંવાર સુસંગત અવતરણો ટાંકીને સશક્તપણે આપવામાં આવ્યો છે. વાચકોને તે એ બાબતનો અનુભવ કરાવે છે કે માણસનું મન સુખની પ્રાપ્તિ માટે ચારે તરફ રઘવાયું થઈને ભટકે છે અને સુખના પોકળપણાની જાણ થતાં છિન્નભિન્ન થઈ જાય છે. આ ભાવદર્શન સમકાલીન યથાર્થવાદના દર્શન કરતાં ઘણું ઊંચું છે.

લેખકની અભિવ્યંજના-શૈલીએ પણ 'અડધી ઘડી'ને ઉત્તમ કથા-કૃતિત્વ પ્રદાન કર્યું છે. આમાં કુંયેનાચ્ચનનું જીવન સળંગ ઘટનાબદ્ધ રીતે બતાવવામાં આવ્યું નથી. વર્તમાનની વાતો કહેતાં કહેતાં કુંયેનાચ્ચનનું મન અનાયાસપણે અતીતનાં ઊંડાણોમાં પ્રવેશે છે, એ યુગના પ્રસંગોની ચર્ચા કરે છે. ભૂતકાળ તરફ મનનું વારંવાર સરી જવું, એ આ પાત્રની વૃદ્ધાવસ્થાની નબળાઈ છે. એમાં કશી કૃત્રિમતા જણાતી નથી. વળી આ ઘટનાઓ અતિશય રસપૂર્ણ અને આસ્વાદ યોગ્ય છે. પારપ્પુરત્તુએ આ નવલકથામાં ચેતના-પ્રવાહ અને ઘટના-કથનનો કલાપૂર્ણ સમન્વય કરતી એક નવી અભિવ્યંજના-શૈલીનો સફળ પ્રયોગ કર્યો છે.

આ નવલકથામાં એક ખાસ પ્રસંગ આવે છે. કુંયેનાચ્ચન અંતિમ ચરણમાં પહોંચેલી પોતાની જિંદગીનાં વિવિધ પરિણામોને સિસિલિક્કુટ્ટિ નામની નાની બાળકીના ભાવિ જીવનનાં પરિણામો પર આરોપિત કરીને, એનું વિસ્તારથી વર્ણન કરે છે :

"તે કૂદતી-ઊછળતી ચાલી ગઈ. માત્ર દોડવાનો અવાજ જ સંભળાયો. માથા પરના વિખરાયેલા વાળને એક હાથે સમેટતી બીજા હાથમાં રબરના નાડાથી બાંધેલી ચોપડીઓ અને સ્લેટ. શ્રેષ્ઠ ગીતમાં કહ્યું છે તેમ : તું ફિરોનના રથમાં જોડેલી ઘોડી જેવી, એનગદીની દ્રાક્ષની ક્યારીઓમાં મેંદીના ફૂલના ગુચ્છા જેવી, શારોબ દેશના ગુલાબ જેવી સુંદર છે. તારી આંખો કબૂતરી જેવી છે. તારા વાળ ગિલેયાદ તળેટીના બકરાના ઝુંડ જેવા છે. તારા હોઠ લાલ ધાગા સમાન, તારા કાન દાડમના દાણા સમાન છે. નાની હરણીની જેમ તું ઊછળતી-કૂદતી ચાલે છે.

ચાર-પાંચ વર્ષ વીતતાં તું મોટી થઈ જશે. તારા ગાલ પર સુરખી આવશે. આંખોમાં તેજ આવશે. લેંઘો ઘૂંટીને વીંટળાયેલો હશે. તારી ઉંમર દસ-બાર વરસની જ હશે, તોપણ તારી મા કહેશે : "એક પુરુષનું ઘર વસાવવા જેવડી તો ઉંમર થઈ ગઈ, પણ છોકરીને હજુ ચટણી વાટતાંયે આવડતું નથી."

તે પછી ત્રણ-ચાર વાર્ષિક મેળા-તહેવાર. વ્રત. હવે હાસ્યનો ખિલખિલાટ સંભળાતો નથી. અડખે-પડખે ડોકિયાં કરતી નથી, ઘણા નવા રંગ-ઢંગ શીખી ગઈ છે. પણ જાણે કંઈ ન સમજતી હોય તેવી મુખાકૃતિ. દિમાગ ખાલી રહે છે, તોપણ કશીક ચિંતામાં ડૂબીને ઝૂમતી ઝૂમતી ચાલે છે. બેઠી હોય ત્યાં અમસ્તું જ વિના કારણ મંદ હાસ્ય ફૂટી પડે છે.

આ જીવનનો વળાંક છે. હવે તને એક પુરુષના સાથની જરૂર છે. ચૈત્રમાં લગ્ન-મંડપમાં પગ મૂકે છે તો બીજા વર્ષે એક બાળક ખોળામાં રમવા માંડે છે. આગળ જતાં હોંશિયાર, સુશીલ ગૃહિણી બને છે. આમ બેઠા-બેઠા કુંયેનાચ્ચન પોતાના માનસપટ પર નાનકડી પૌત્રીનું આખુંયે ભવિષ્ય જુએ છે, ચિત્રિત કરે છે. આ વર્ણનમાં ઊર્મિગીત જેવી મધુરતા છે. આ ભાગ મેં એ દર્શાવવા અહીં ટાંક્યો છે કે 'અરનાષિકનેરમ્'માં ઊર્મિગીતના લય જેવી મધુર અને અનુપમ લાવણ્યથી મોહક કથન-શૈલી યોજવામાં આવી છે.

આ કૃતિમાં ચરમ સીમાએ પહોંચેલી સર્જનાત્મક પ્રતિભા અને કથન-કૌશલ્યનું પ્રમાણ મળે છે. એક યશસ્વી સમીક્ષકના શબ્દોમાંથી નીચેનું આવતરણ રજૂ કરું :

"ઉચ્ચ નૈતિક ચેતના ધરાવતા કલાકારે જ્યારે દુ:ખપૂર્ણ દૃષ્ટિથી જીવનનું નિરીક્ષણ કર્યું ત્યારે આ ઉત્તમ કલાકૃતિ ઉદિત થઈ. આ કથામાં ગંભીર જીવનની સંપૂર્ણ ટ્રેજેડી રજૂ કરવામાં આવી છે."

—ડી. સી. કિષકકેમુરિ

એક

પાંસળીઓમાં ગલની આંકડી ભરાવીને જાણે કોઈ ખેંચતું હોય એમ લાગતું હતું. કુંયેનાચ્ચને પડખું બદલ્યું. ઊંહ – આમ કાંઈ પત્તો નહીં ખાય. થોડી વાર આંગણામાં આંટા મારી શકાત તોયે સારું હતું. ચાલતી વખતે સૂઈ જવાની ઇચ્છા થાય છે અને સૂતો હોઉં ત્યારે ચાલવાનું મન થાય છે. પણ જવું હોય તોયે લાકડી ક્યાં છે? પેલા તોફાની બારકસોએ લાકડી ખૂંચવી લઈને આંબાની ઊંચી ડાળી પર ભરાવી દીધી છે. બળ્યા મોંના! અત્યારે કેટલા વાગ્યા હશે? નાની છોકરી આવી હોત તો એની સાથે બે ઘડી મોકળા મને વાતો કરત. નહીં તો કુરુપ આવે ત્યારે વાતો થાય. પણ કોઈની પરચૂરણની દુકાન પર ગુમાસ્તા તરીકે કામ કરતા કુરુપ પાસેથી એવી આશા શી રીતે રખાય કે તે અહીં આવીને બેઠો રહે? તોપણ ભલો માણસ છે. જેની તેની ખુશામદ કરીને અઠવાડિયે એકાદ વાર થોડું અફીણ લઈને આવે તો છે!

"વહુ!"

ઉત્તર મળ્યો નહીં. નહીં સાંભળ્યું હોય!

"દીનામ્મા!"

"જી."

હા, સાંભળ્યું ખરું!

"જરા અહીં આવ તો!"

"આવી બાપુજી, વાછડાને જરા કાંજી પિવડાવી દઉં."

બિચારી વહુ! બધાં કામ એના જ માથે! પેલો તો જાણે દીવાનગીરી કરે છે! આખા મહોલ્લાનો કારભાર! મોંસૂઝણું થાય ન થાય ત્યાં ઘરમાંથી નીકળી જાય છે, તે કોને ખબર પછી ક્યારે પાછો ફરે છે! એને ક્યાં ખબર હોય છે કે ઘરમાં મીઠું, મરચું, શાકભાજી છે કે નહીં! લોકો એને પોતાના ઘરનું કામકાજ સંભાળી શાંતિથી રહેવા દે તો ને! આ તો બસ, દેવળનો કાંઈ ઉત્સવ ઊજવવાનો હોય તો માત્તુક્કુટ્ટિની હાજરી જોઈએ. બિશપ પાસે

કોઈની વાત કહેવાની હોય તોય જોઈએ માત્તુક્કુટ્ટિ. આ ગામમાં એના વિના તો કામ જ થતું નથી. પૈસાદાર ભલેને ન હોય, નામના તો છે! રસ્તા પર જતો હોઉં તો ગામના છોકરા મને 'માત્તુક્કુટ્ટિસારના પિતા' કહીને બોલાવે છે. ઠેકેદાર કુંચુનૈના 'ફિલિપ્પોસના પિતા' નથી કહેતા. માણસની આબરૂ આ રીતે જ અંકાતી હોય છે. . . .

"શું કામ હતું, બાપુજી?"

"શું કરતી હતી તું?"

"વાછડાને કાંજી પિવડાવતી હતી. તમને કહ્યું તો હતું ત્યારે?"

"કહેલું કે?"

"તમે બહુ જલદી ભૂલી જાઓ છો. હવે તો જે કહીએ તે તરત ભૂલી જતા હો છો!"

"જવાની ઘડી આવે ત્યારે આવી જ દશા થાય છે!"

"ક્યાં જવાની?"

"અહીંની વાતો પૂરી થઈ ગઈ. સાંજ પડવા આવી. હવે બહુ બહુ તો અડધી ઘડી, બસ!"

"જાણે બધો હિસાબ તમારા હાથમાં હોય!"

"હિસાબ જાણું છું, વહુ! મુસાની જેમ હું યેરીહોની સામેનો નેબો પહાડ ચડી રહ્યો છું. એનું શિખર છેલ્લી મંજિલ છે. યહોવાએ મુસાને શું કહેલું? જેમ તારો ભાઈ અહરોન, હોર પર્વત પર મરણ પામ્યા પછી પોતાના માણસોમાં મળી ગયો તેવી રીતે જે પહાડ પર તું ચડે છે તેના પર મરીને તું પણ તારા માણસોને મળશે."

"બોલો નહીં, બાપુજી! તમે તો અમથા જ મનમાં વિચારી વિચારીને બધું બનાવી કાઢો છો!"

"હં. . . તારો પતિ કાલનો બહાર ગયો છે, તે હજી પાછો નથી આવ્યો ને?"

"ના."

"અવરાનના દીકરાને 'ડીકન'નું પદ આપવા બાબતમાં ચેરાવલ્લિ ગામના લોકો વિરુદ્ધ છે. તે અવરાન માટે બિશપ પાસે કંઈ પેરવી કરવા ગયો છે."

"પેરવી કરીને જીતીને આવે તો સારું!"

"હેં?"

"કહું છું કે જીતીને આવે તો સારું."

કુંચેનાચ્ચન હસ્યા.

"ભલે, જવા દો. આ કુટુંબમાં પાંચ માણસ વચ્ચે બેસીને બોલી શકે એવું છે કોણ?"

દીનામ્મા કંઈ બોલી નહીં. એને લાગ્યું કે બાપુજીની વાત સાચી છે. મહોલ્લાના મોટા મોટા લોકો મળવા આવે છે, મોટી મોટી વાતો વિશે ચર્ચા કરે છે. લોકો સાથે વાતચીત કરવામાં ઘણો તાકાતવાળો માણસ છે.

દીનામ્મા જવા લાગી. કુંયેનાચ્ચને પૂછ્યું : "ઑંતરાદી વાડીના પેલયરો*-(હરિજનો)માંથી કોઈ ત્યાં છે કે?"

"શું જોઈએ છે, બાપુજી?"

"એ છોકરાઓએ મારી લાકડી લઈને આંબાની ઊંચી ડાળમાં ભરાવી દીધી છે એ ઉતારવી છે. તેં જોઈ નથી?"

"ના, ના. કયા છોકરાઓએ?"

"એલ્લુપરંબના કીવરીતનો નાનો છોકરો અને વચલાનો ચોથો દીકરો. એ લોકો જ મુખ્ય છે. નામ શું એનું?"

"સણ્ણિ કે?"

"હા હા, સણ્ણિ જ છે. પાંચ-છ છોકરા હતા. 'હમણાં આપી દઈશું' કહીને દોડતા આવ્યા અને લાકડી લઈ ગયા. લાંબા વાંસના છેડે બાંધી કેરીઓ પાડી. કોઈક ડાળમાં ભેરવાઈને વાંસ છૂટી ગયો અને સરકી આવ્યો. છોકરાઓનો તો પછી પત્તો જ ન લાગ્યો. આપણી નાની બબલી પણ બધાની સાથે હતી."

"બધા જ માળા બદમાશ છે."

"પેલયરોમાંથી કોઈ ત્યાં છે કે? લાકડી વિના 'વારા'માં કેવી રીતે જાઉં?"

"આજે ક્યાં છે વારો?"

"કીવરીતને ત્યાં. વખતસર જઈશ તો જ કંઈક મળશે. નવટાંક ચોખા માટે લાકડીને ટેકે ટેકે આખો રસ્તો કાપવાનો. કોઈ કોઈનું વળી ફુલાવેલું મોં જોવાનું. ક્યાંય નિરાંતે બેસી થોડું પાણી ગરમ કરીને પીવા જેવુંય મેં ક્યાં કમાઈને રાખ્યું છે?"

"ગામનો કોઈ માણસ એમ નહીં કહે, બાપુજી! પણ આપણા પરથી આપણે જ કાબૂ ખોઈ નાખીએ તો એવું જ થાય. અહીં જે રંધાય છે, તેમાંથી જ ખાઈને રહેતા હો તો? પણ તમે માનો ત્યારે ને!"

"હા, હા, સાવ નહીં ચલાય ત્યારે જોઈશું."

"જોઈ આવું બાપુજી, કે ચાત્તપ્પુલયન પડોશમાં છે કે નહીં!" દીનામ્મા

* પેલયરો – હરિજનો – નાનીમોટી નોકરી કરતા હોય છે.

અંદર ગઈ. કુંયેનાચ્ચને ફરી વાર પડખું ફેરવ્યું. અરેરે, વાંસો જ અકડાઈ ગયો લાગે છે!

છોકરાઓએ પથરા ફેંકીને લાકડી પાડવાના ઘણા પ્રયત્નો કર્યા, પણ લાકડી પડી નહીં એટલે પછી બધા ભાગી ગયા. વચલાનો દીકરો તો આદ્લ બાપ પર જ ઊતર્યો છે. બડો ચાલાક, હઠીલો, નીડર. એનો બાપ નાનપણમાં બંને મોટા ભાઈઓને પછાડી દેતો હતો. કારણની કાંઈ જરૂર જ નહીં. એણે માગેલી વસ્તુ ન આવી હોય, કે એને ન ગમતી કોઈ વાત કહી હોય! બસ. બહેનને તો એ બીજા ચારે ભાઈઓ કરતાં વધારે માનતો હતો. એને પણ કુંયુચેરુક્કન ભાઈ જીવથી વધારે વહાલો હતો. મનમાં હતું કે પાંચેમાં એ સૌથી વધારે હોશિયાર નીકળશે. પણ ભાગ્ય ફૂટેલું નીકળ્યું. જેમાં હાથ નાખે તે બધામાં હારી જ જતો. બળદોનો સોદો કરી જમીન વેચી. લાકડાની દુકાન કરીને નાનું આંગણું વેચી નાખ્યું. એ અભાગી જ રહ્યો. જેની સાથે ઘર વસાવ્યું એ તો વળી નકામી અને લાલચુ પણ છે. . . માંડ એક ટંક રાંધે છે. બેઠી હોય તો ઊભીયે ન થાય. કોઈ કંઈ પૂછે કે કહે તો એકદમ બોબડી બંધ. પણ વખત આવ્યે વાઘણની જેમ વીફરી બેસે છે. મોટો દીકરો બહાર ક્યાંક કામે ગયો છે. આઠ-દસ વષ થઈ ગયાં કોઈને પાકી ખબર નથી કે તે ક્યાં છે ને શું કામ કરે છે? એનો બાપ કહે છે કે કંઈ આપતોકરતો નથી. બીજા લોકો કહે છે કે મધરાતે કે મળસકે આવે છે ને પૈસા આપી જાય છે. રહે છે તો હજી ઝૂંપડીમાં જ. માત્તુક્કુટ્ટિનું માનવું છે કે બધું સંતાડી રાખવા માટે બહારથી ગરીબીનો ડોળ કરે છે. એમ શું કોઈ કંઈ સંતાડી રાખે? કોને ખબર! બીજાને મોટો લઈ ગયો છે. કહે છે એને નોકરી મળી નથી. . . .

"મોટા સાહેબે બોલાવ્યો?"

માથું ઊંચું કરીને જોયું. ઓળખાણ પડી નહીં. "કોણ છે?"

"ચાત્તન."

"ક્યો ચાત્તન?"

"મોટા સાહેબને કહો, કયો ચાત્તન તે! પડોશી તેવનનો દીકરો ચાત્તન."

"હા, એ જ જાણવું હતું, એટલે પૂછ્યું."

"જાણી લીધું ને? હવે કહો, શું કામ છે?"

"કેમ રે, હવે કહો? પાંજરામાં ઊભો રાખીને જાણે વકીલ દલીલો કરે છે! વાત કરતાં થોડી વાર લાગી તો શું થઈ ગયું? નમકહરામ! હું તો, ... ના ના. આ બધી વાતો કહેવાથી શો ફાયદો? આના બાપને મેં ખેતર પર જંગલી અનેનાસના મોટા થડિયાથી માર્યો હતો. ડાંગરની કાપણીનો છેલ્લો

દિવસ હતો. વાવણી કર્યા પછી, કાપણી પૂરી કરીને પાછા આવતાં સુધી તેવનને ઊંઘ આવતી નહીં. થોડોક હિસાબ મનમાં સંતાડીને એણે ખોટું કર્યું હતું. એ વખતે અનેનાસનું જાડું થડિયું હાથમાં આવી ગયું. તેણે ચુપચાપ સહન કર્યા કર્યું. હા, એનુંયે કારણ હશે. અણધાર્યુ એને ગામથી લઈ આવ્યો ત્યારે એ બાર વરસનો જ હતો. રહેવા માટે ઝૂંપડી બનાવી આપી, એને ખવડાવ્યું-પિવડાવ્યું. પુલયિ* લાવવા માટે વહુનાં ઘરવાળાંઓને દહેજના પૈસા આપ્યા."

"મોટા સાહેબ!"

"હા, હા, સાંભળ્યું!"

"તમે મને શું કરવા બોલાવ્યો હતો?"

"અરે, મારી લાકડી ઉપર આંબામાં અટવાઈ ગઈ છે. તું જરા ઝાડ પર ચડીને કાઢી આપ તો!"

"લાકડી શી રીતે ઝાડમાં અટવાઈ?"

"છોકરાઓએ વાંસના છેડે બાંધી કેરીઓ પાડી હતી."

"હું એ લાલ કીડીઓ મને કરડી ખાય એ માટે તૈયાર નથી. કલાલ આવે ત્યારે એને કહેજો, તો નિસરણી મૂકીને ઉતારી આપશે."

દીનામ્મા મદદે આવી : "અરે ચાત્તાપ્પુલયન, ઉતારી આપને જરા! લાકડી વિના બાપુજી બહાર કઈ રીતે જશે?"

"શું કહ્યું? લાલ કીડી કરડે એની પીડા તો ભોગવનાર જ જાણે. પાછા ઓણમ્ અને સંક્રાંતિ વખતે બહુ બધું આપે ખરા ને! ખાલી જે કામ કરીએ તેની મજૂરી જ તો મળે છે!"

ચાત્તાને આમ કહ્યું તો ખરું, પણ સાથે આંબા પર ચડવાની તે તૈયારી કરી રહ્યો હતો. એણે વાત તો સાચી જ કહી હતી. પહેલાં મોકળા હાથે આપતા હતા. હવે દાણા-દાણાનો પણ હિસાબ થાય છે. આત્મીયતાનો પણ એટલો જ લોપ થયો છે.

વહુની વાત તો એકેએક જણ માને છે. એની વાત કોઈ ટાળતું નથી. બીજાઓ સાથે વ્યવહાર કરવામાં તે કુશળ છે. ઘરમાં આવેલી વહુઓમાં એની બરોબરી કરી શકે એવું બીજું કોઈ નથી. . . .

"ચાત્તાપ્પુલયન!"

"અચ્છા, નાની બેબી આવી ગઈ?"

* પુલયિ — કન્યા.

"મોટી મેમસા'બ આવી?"

"હું મોટી મેમ'સાબ નથી, છોટી મેમસા'બ છું."

"ભલે ભલે, પણ હવે તો સાહેબ કે માલિક કાંઈ જ નથી."

"તો પછી દાદાજીને મોટા સાહેબ કહીને કેમ બોલાવો છો?"

"જોને, દાદાજીની લાકડી આંબા પર ચડી બેઠી છે."

"સાંભળ્યું ચાત્તાપ્પુલયન, સણ્ણિઆચ્ચાયન વગેરેએ લાકડીથી કેરીઓ પાડી હતી."

"સણ્ણિભાઈ, પોન્નિભાઈ હવે અહીં આવે તો બધાને ભગાડી મૂકીશ."

કુંયેનાચ્ચનની 'બેબી' સિસિલી ખૂબ કુતૂહલથી ચાત્તાપ્પુલયનને ઝાડ પર ચડતો જોઈ રહી. ચાત્તાપ્પુલયન હોશિયાર છે. સણ્ણિભાઈ મોટા માણસ છે, પણ ઝાડ પર અડધે ચડયા ત્યાં લાલ કીડીઓ એવી કરડી કે એમને ઊતરી જ જવું પડયું.

"મને પાકી કેરી તોડી આપીશ?"

"છાનીમાની ઊભી રહે. તું પૌંઆ અને પુટ્ટ* ખાતી વખતે ચાત્તાપ્પુલયનને આપતી હતી કે?"

"હવેથી આપીશ."

"તો કેરી પણ હવે પછી પાડી આપીશ."

આવું કહેવા છતાં ચાત્તાપ્પુલયન કેરી ચોક્કસ પાડી આપશે. ઝૂંપડી પાસેથી તે નિશાળે જતી ત્યારે ચાત્તાપ્પુલયનની મા અઝકીપ્પુલયિ કહેતી:

"મોટી મેમસા'બ નિશાળે જાય છે કે?"

આ સાંભળીને જ ચાત્તાપ્પુલયન પણ મોટી મેમસા'બ કહેવા લાગ્યો હતો.

ચાત્તાપ્પુલયને એક ડાળી પકડીને ખૂબ હલાવી. ચાર-પાંચ કેરીઓ પડી. સિસિલી વીણવા દોડી તો ચાત્તાપ્પુલયને બૂમ પાડીને કહ્યું : "ખસી જા, નહીં તો કેરી શરીર પર પડશે. પછીથી વીણી લેજે."

બધી ડાળીઓ હલાવી તો વરસાદની જેમ ટપોટપ કેરીઓ નીચે પડી. લાકડી લઈને ચાત્તાપ્પુલયન નીચે ઊતર્યો તો બિચારાના આખા શરીરે લાલ કીડીઓ હતી.

માએ બધી કેરીઓ ટોપલીમાં ભરી લીધી. લાકડી લઈ સિસિલી દાદાજી પાસે દોડી.

"લાકડી મળી, દાદાજી?"

* ચોખા અને નાળિયેરની એક વાનગી. —અનુ.

કુંયેનાચ્ચન ઊઠીને બેઠા થયા. લાકડી લઈને જોઈ. જમીન પર ટેકવી જોઈ. બોલ્યા : "તારા ભાઈઓને બધાને આવવા દે. બધાની પીઠ ખોખરી કરીશ."

"આ લાકડીથી?"

"હાસ્તો!"

"મને પણ મારશો?"

"નહીં તો શું?"

"વાગશે નહીં?"

"ભલે વાગે."

"ના, મારતા નહીં, દાદાજી!"

"હં. . . જોઈશ. તારી બહેનપણીઓ આજે નિશાળે આવી હતી?"

"આવી હતી."

"શું નામ છે એમનું?"

"લતા અને અમ્મુક્કુટ્ટિ. કાલે ને પરમ દિવસે કેટલી વાર મેં કહ્યું? દાદાજી તો વારંવાર પૂછ્યા કરે છે!"

"તને નિશાળમાં કયા નામે બોલાવે છે!"

"હાય હાય, દાદાજીને તો કાંઈ ખબર નથી. . . બોલાવે છે મરિયામ્મા માત્યુ કહીને. . . "

સિસિલી અંદર ચાલી ગઈ. કુંયેનાચ્ચન ઊઠયા. પગ લથડતા હતા એ જોઈને પાછા બેસી ગયા. પછી લાકડીને મજબૂતીથી પકડીને સાવધાનીથી ઊઠયા. ધીરે ધીરે ચાલીને પરસાળમાં ઊતર્યા. . . .

"વહુ, હું જાઉં છું."

કોને ખબર સાંભળ્યું કે નહીં! ચાલ્યા. થોડે દૂર જતાં જરા સ્ફૂર્તિ આવી. હવે તો બે-ચાર માઈલ પણ ચાલી શકાય. . .

"દાદાજી, ક્યાં ચાલ્યા?"

લાકડીના ટેકે ઊભા રહી ગયા : "કોણ છે?"

"મલ્લુપરંપુ જાઉં છું. તને ઓળખ્યો નહીં. આંખે ઓછું સૂઝે છે."

"ચક્કાલાના ... ..."

"તોમાનો દીકરો છે?"

"હા."

"એનો મોટો દીકરો?"

"હા."

"તું તો અહીં નહોતો ને?"

"મદ્રાસ હતો. પરમ દિવસે આવ્યો."

"ભલે, જા."

ચોકમાં પહોંચતાં વકીલ ગુમાસ્તા પાક્કરનપિલ્લે મળ્યો. કુશળ સમાચાર પૂછવા લાગ્યો : "ક્યાં ચાલ્યા કુંયોનામાપિલ્લા?"

અટક્યા નહીં. ચાલતાં ચાલતાં જ જવાબ દીધો. બીજા પણ કેટલાય જણે પૂછયું : "શીદ ચાલ્યા, ભાઈ?"

"કાકા, ક્યાં જાઓ છો?"

કોઈનેય જવાબ આપવા માટે થોભ્યા નહીં. ચાલ્યા કર્યું. પુત્તનચિરાવાળાની દુકાન પાસે પહોંચતાં સામેથી એક છોકરી હસતી હસતી આવી ને બૂમ પાડી : "દાદાજી!"

પરિચિત અવાજ. થોભ્યા. ધ્યાનથી જોયું.

"હું છું દાદાજી, કુટ્ટિયામ્મા. કેમ આટલી વાર લાગી?"

હં, ઓળખી. કીવરીતની દીકરી. માસ્તરાણી.

"નિશાળે જાય છે?"

"હા, મનમાં હતું કે દાદાજીને ખવડાવીને જઈશ."

"અચ્છા, તો તને ખબર હતી, આજે તારે ત્યાં વારો છે?"

"વારો?" કુટ્ટિયામ્મા હસી.

"કેટલાય દિવસોથી કહું છું કે દાદાજી અમારે ત્યાં જ રહે તો સારું."

"તારો બાપ ક્યાં છે?"

"ઘેર જ છે."

"સાંભળ્યું છે, તારે માટે ક્યાંકથી વાત આવી છે. શું થયું એનું?"

કુટ્ટિયામ્મા જવાબ આપ્યા વિના, હાથમાંની નોટ પર નખ વડે ખોતરવા લાગી, ફરીથી પૂછયું તો બોલી : "મને કશી ખબર નથી, દાદાજી! બીજાઓનો પણ એવો વિચાર હોય તો વાત આગળ ચાલે ને?"

"પૈસા નથી?"

કુટ્ટિયામ્મા ચૂપ.

"કેમ રે છોકરી?"

કુંયેનાચ્ચને ધ્યાનથી જોયું તો કુટ્ટિયામ્માની આંખો ભરાઈ આવી હતી.

"છોકરી?"

"શું?"

"જા, રસ્તા પર ઊભા રહીને રડાય નહીં."

કુટ્ટિયામ્મા ગઈ નહીં.

"મેં મારી જાતને વીસરી જઈને ઘરમાં મદદ કરી. એ કરવાનું પરિણામ મને મળી રહ્યું છે. પિતાજીને તો દરેક મહિને પૈસા જોઈએ."

"કેમ?"

"ચુન્નકરાર્થી લોકો આવ્યા હતા. પિતાજીએ એમને ગાળો દઈને પાછા કાઢ્યા."

"એમ?"

"અત્યારે તો બધા છે. પણ શરીરમાં તાકાત નહીં હોય ત્યારે કોઈ નહીં રહે."

"ના, ના, રડીશ નહીં. જા. કોઈ માર્ગ જરૂર નીકળી આવશે."

કુટ્ટિયામ્માએ સાડીના છેડાથી આંખો લૂછીને કહ્યું : "હું સ્કૂલેથી આવું પછી જ તમે જજો."

"હા, હા, જઈ આવ."

પછી સીધા ચાલ્યા. આ છોકરી કોઈ દિવસ મન ખોલીને આટલું બોલે તેવી નહોતી. બિચારી નાછૂટકે આટલું બોલી ગઈ. એણે સાવ સાચું કહ્યું. આમ જ બધું ચાલશે તો ઘડપણમાં કોણ એને ગરમ પાણી માટેય પૂછવાનું છે? મા-બાપ તો માટીમાં મળી ગયાં હશે. બહેનોને એમના પતિઓ છે, ભાઈઓને એમની પત્નીઓ. . . માત્ર આ એકલી રહેશે. કોઈની ગુલામી કરી શકશે. પૈસા હશે તો ખવડાવશે-પિવડાવશે; નહીં તો મૂએલી માનશે.

ત્રીસેક વર્ષની હશે. . . બે મોટી બહેનોનાં લગ્ન થઈ ગયાં છે. મોટી માંદી પડી ગઈ. આ પૃથ્વી પર પ્રભુએ એને નિત્યનું નરક આપ્યું છે. કોને ખબર શું પાપ કર્યાં હશે! યહોવાહે નિષ્કપટ, સત્યવાદી, નિર્દોષ ભક્ત અય્યૂબ સાથે કર્યું હતું એમ. બીજીને ચાર-પાંચ છોકરાં છે. કુટ્ટિયામ્મા પછીની છોકરીને પણ બે-ત્રણ સંતાન છે. સાંભળ્યું છે કે સૌથી નાનીને ગર્ભ છે. . . .

આ છોકરી ભણવામાં બહુ હોશિયાર હતી. દરેક વિષયમાં હોશિયાર. મટ્રિગ્લીશ (મૅટ્રિક) પાસ થઈ ગઈ તો નિશાળમાં નોકરી મળી. તે દિવસથી બેટીની કમાઈથી બાપની રોટી ચાલે છે. દીકરીનાં લગ્ન કરી નાખે તો કદાચ ભૂખ્યા રહેવું પડે. આવા ખ્યાલે જ વાત ચાલે છે ત્યારે સીધો જવાબ આપતો નથી. કેટલી વાર કહ્યું કે એ છોકરીના ગળામાં મંગળસૂત્ર પહેરાવી એને વિદાય કર. એની ઉંમરની બીજી છોકરીઓને તો ત્રણ-ચાર છોકરાં પણ થઈ ગયાં. વાત સાંભળીને ગુસ્સાથી એનો ચહેરો તમતમી ઊઠે છે. માણસ આમ

સીધો છે, પણ છે બહુ ગુસ્સાબાજ. જીવવા માટે કેટલા ઉપાય કર્યા! પ્રભુએ એને ચાર-પાંચ છોકરીઓ જ આપી છે! ચાલાકી ન દેખાડે તો કરે શું?

"ક્યાં જાઓ છો?"

મૂંગો હોઉં એમ હાથનો ઇશારો કરી પૂછે છે. આ શેખ કોણ છે?

"હેં?"

"આ નબળાઈની અવસ્થામાં લાકડીના ટેકે ટેકે ક્યાં જવા નીકળ્યા છો?"

ઓળખાણ પડી. આ તો કસાઈ માત્તાનનો દીકરો અવરાન. આજકાલ તે એક નાનો માલિક અને એક નવો પૈસાદાર બની ગયો છે. નવો નવો અમીર છે. શરૂમાં ફિલિપ્પોસની ઠેકેદારીમાં નોકરી કરતો હતો. કહે છે, થોડા પૈસા ઉડાવીને જુદો થઈ ગયો છે અને પોતાનો ધંધો શરૂ કર્યો છે.

"ફિલિપ્પોસભાઈ હંમેશાં કહે છે કે અહીં આવીને રહો. પણ સાંભળો તો ને?"

"છટ્... કસાઈના બચ્ચા, જા જા! તું તારું સંભાળ. મને સલાહ આપનાર તું વળી કોણ?"

અવરાન ભોંઠો પડી ગયો. આટલી હદે જશે એવું નહોતું વિચાર્યું. લોકો જમા થઈ ગયા. બધાએ અવરાનનો જ વાંક કાઢયો. કુંયેનાચ્ચનને શાંત પાડયા. "જવા દો ભાઈ, કોઈ નાદાન માણસ ગમે તેમ બોલી નાખે, એની બહુ પરવા ન કરવી . . ."

પણ કુંયેનાચ્ચને હજુ એને છોડયો નહીં.

"મારી સામે આમ ઊભો રહીને તો તારો બાપ પણ બોલ્યો નથી."

ચાલો. ખરે વખતે ધમકાવીએ નહીં તો માથે ચડી બેસે. જેવાની સાથે તેવા . . . જા!

સાંકડી શેરીના નાકે પહોંચતાં થોડી વાર હાંફ ચડી આવી. પછી જોર કરીને આગળ ચાલ્યા. પગથિયાં પસાર કર્યાં. કીવરીત વરંડામાં જાડા કાપડની ખુરસી પર આડો પડયો હતો. બાપને જોઈને ઊભો થયો અને પરસાળમાં આંટા મારવા લાગ્યો. કુંયેનાચ્ચન ખાટલા પર બેઠા.

"કેમ, તું બજારે નથી ગયો?"

કંઈક તો પૂછવું જોઈએ ને! કાળાં મરીનો મામૂલી વેપાર ચાલે છે. પહેલાં જથ્થાબંધ માલનો વેપાર કર્યો હતો. પહેલાં જયાં ફૂલ વેચાતાં હતાં ત્યાં હવે ઘાસ વેચાય છે.

થોડી વાર જવાબ ન આપ્યો. આમથી તેમ આંટા માર્યા કર્યા.

"બજારમાં જવા માટે પૈસા જોઈએ ને?"

આટલી વારે છેક જવાબ મળ્યો. અત્યાર સુધી વિચાર કરતો હતો. કુંયેનાચ્ચન પણ વિચારમાં હતા. કુટ્ટિયામ્માની વાત તો કહેવી જ છે –

"અરે!"

"શું?"

"વચલી છોકરીને આમ કુંવારી રાખી મૂકવી તે કાંઈ ઠીક કહેવાય?"

"તો હું શું કરું?"

"એને ગળે મંગળસૂત્ર પહેરાવવું નથી?"

"પહેરાવવું તો છે!"

"એ કઈ રીતે થશે?"

"કોને ખબર! તમારી પાસે કંઈ હોય તો આપો!"

"અચ્છા! મારા હાથમાં હતું ત્યારે આપ્યું તો હતું!"

"તો પછી? તમે તો એવી રીતે વાત કરો છો, જાણે કંઈ ખબર જ ન હોય! ઝેર ખાવા માટે સુધ્ધાં ચાર પૈસા મારી પાસે નથી! પગાર મળે ત્યારે ઘરમાં ચાળીસ-પચાસ રૂપિયા તે જરૂર આપે છે. પણ એથી શું વળે? લગ્નની વાત તો ઊભી જ રહે છે. સાંભળ્યું છે, નાનીને દહાડા છે. એનેય બોલાવવી નહીં પડે?"

જવાબ પણ કીવરીતે જ આપ્યો: "પૈસાનો કાંઈ રસ્તો નીકળશે તો લઈ આવીશું. નહીં તો ત્યાં જ સુવાવડ કરશે..."

એ પળે કીવરીતની પત્ની કુંયુમરિયા બહાર આવી. એણે કહ્યું:

"બહુ આબરૂ રહેશે! ભૂખ તો પેટ જ જાણશે. છોકરીને પારકા ઘરમાં રહેવાનું છે..."

વાક્ય પૂરું ન કરવા દીધું. "તો તારા પિયરથી પૈસા ભેગા કરી બોલાવી લાવ દીકરીને."

"મારા પિયરમાં ખાનારા-પીનારા મરદ માણસો છે. બાપુજી અહીં જ બેઠા છે. હું મારે પિયરથી આવી ત્યારે મોટી નાવ ભરીને સામાન લઈ આવી હતી, એ ભૂલી ગયા? ત્રણ છોકરાંની સુવાવડ મારા ઘરમાં જ થઈ હતી."

"તો એ વખતે જે લાવી હતી તેનો ભાગ લઈ લે અને બોલાવી લાવ."

"આવી વાત સાંભળીને મારાં રૂંવાડાં ઊભાં થઈ જાય છે. મારી લાવેલી બધી વસ્તુ વેચી વેચીને ખાઈ ગયા..."

"હવે જા, અંદર જા!"

હા, હવે વાતને આગળ ન વધવા દેવી જોઈએ. કુંયેનાચ્ચન બોલ્યા : "જા કુંયુમરિયા, તારું કામ કર. ગળું ફાડી-ફાડીને પડોશીઓને કંઈ કહેવાનો મોકો શું કામ આપે છે?"

"બીજું હું શું કરું? ઝેર ખાઈને કે કૂવામાં પડીને જીવ કાઢી દઉં? બોલો, મહેનત કરી શકતો હતો ત્યારે માથે ભાર ઊંચકીને, બળદ હાંકીને બાપની સાથે કામ કર્યું. પછી નાના ભાઈઓને પાળી-પોષીને જીવવાને લાયક બનાવ્યા. એક તો હવે લખપતિ બની ગયો છે. અમને તો પાશેર ચોખા રાંધવાનાય સાંસાં છે. જમીન બચાવવા માટે નાયર લોકો સાથે મારામારી ને છરીબાજી કરી એમાં જમણા હાથનો અંગૂઠો ગયો. પથરો ફેંકીને કેરીયે પાડી શકતો નથી."

હવે મુઠ્ઠી ખૂલી. વાત વધવાથી ગરબડ થશે. ના, ના, એને ઠંડો પડવા દેવો જોઈએ.

"દીકરી, કોઈ ગરમ વસ્તુ હોય તો આપ. પછી હું જાઉં. જઈને ક્યાંક જરા સૂઈ જાઉં."

ત્યાં સુધીમાં કીવરીતનું મગજ જરા શાંત થયું. આ એની ટેવ છે.

"કેમ, અહીં સૂવા માટે સાદડી, ખાટલો કાંઈ નથી?"

"છે ને, તોપણ જવા દે."

અંદરથી કુંયુમરિયાએ સાદ પાડયો : "હમણાં લાવી, બાપુજી!"

હવે ચુપકીદી છે. કીવરીત પરસાળમાં આંટા મારી રહ્યો છે. કુંયુમરિયા થાળીમાં ભાત લઈ આવી. સસરાના હાથ ધોવડાવ્યા.

"આને ખવડાવ્યું?"

"બાપુજી, તમે ખાઓ. એમને પછી પીરસીશ."

"તારો દીકરો નિશાળેથી આવ્યો નથી?"

"આવીને પાછો ગયો."

ભાઈબંધો સાથે આવીને એણે લાકડી આંબાની ડાળમાં ફસાવી દીધી હતી, એ વાત કહી નહીં. બિચારાને ક્યાં માર ખવડાવવો?

બે-ત્રણ કોળિયા ખાઈને ઊઠી ગયા.

"બાપુજીએ તો કાંઈ ખાધું જ નહીં!"

"બસ, ખાઈ લીધું."

"શાક ન ભાવ્યું?"

"અરે, તારું શાક ન ભાવે તો બીજું શું ભાવે? પણ આથી વધારે ખવાતું નથી, વહુ!"

પાછા જવા નીકળ્યા. હવે મોટી દીકરી રાહેલમ્માએ ઓસરીના બારણા પાસે આવી મોં દેખાડયું. પાંચ દિવસમાં એક વાર તે આવે ત્યારે આ એક નિયમ

છે – એને બસ જોઈ લેવાની. એ તો જાણે એક પ્રકારના કેદખાનામાં જ રહે છે. એનું પોતાનું કહેવાય એવું કોઈ નથી. એકલી છે. ઘરે કોઈ આવે તો એની આંખ આગળ આવવાની મનાઈ છે.

"બેટી !"

"શું ?"

"કાંઈ ખાધું તેં ?"

જવાબ ન મળ્યો. ચહેરા તરફ ધ્યાનથી જોયું. રૂપિયા જેવડાં મોટાં ગોળ લાલ ચકામાં. વાળ ખરી ગયા છે. કાન જાડા થઈ ગયા છે. જોઈને બીક લાગે છે.

"દિવસે ઊંઘવું નહીં. બાઇબલ વાંચ. પ્રાર્થના કર. સેનાઓના દેવતા યહોવા માટે કશું જ અશક્ય નથી. એ સમુદ્રના ઘમંડને ચૂર કરી નાખે છે. મોજાં ઊછળે તો એને દબાવી દે છે. એણે રહબને નેસ્તનાબૂદ કરી નાખ્યો. પોતાની સશક્ત ભુજાઓને છિન્નભિન્ન કરી નાખી. 89મું સ્તવન વાંચી જો."

રાહેલમ્માની આંખો ભરાઈ આવી.

"જાઉં, દાદા ?"

"હં . . ."

તે લાકડી લઈને નીકળ્યા અને ચાલવા લાગ્યા. ઘેર જઈ ખાટલા પર સૂઈ જવું છે. વચ્ચે વચ્ચે કુરુપ અફીણ ખરીદીને લઈ આવે છે. બિચારો ! ગમે તેની પણ ખુશામત કરીને લાવે છે જરૂર. બપોરે એક ગોળી ગળી જવાથી બમણી તાકાત આવે છે. નહીં તો થાકોડા જેવું લાગે છે.

પનચ્ચિમૂટ ચોકમાં પહોંચતાં કુંયેનાચ્ચનને લાગ્યું કે પગલાં જમીન પર સ્થિર પડતાં નથી. લાકડી પર ભાર દેવા છતાં ડગી જવાય છે. મનથી જોર કર્યું કે નહીં પડું. પડીશ તો ઘરના ખાટલા પર જ. પણ જાણે આખું ભૂમંડળ ડોલવા લાગ્યું. આંખો સામે અંધારું છવાઈ ગયું. બસ, પછી કાંઈ યાદ નથી. . . .

મોં પર ભીનું ભીનું લાગ્યું તો આંખો ખૂલી. ચારે બાજુ લોકો ભેગા થઈ ગયા હતા. કોઈ બોલતું સંભળાયું –

"ખાટલો લઈ આવીએ. ખાટલા પર લઈ જઈએ."

"ના, ખાટલો નહીં જોઈએ. મારી લાકડી આપો."

તોપણ, બે માણસોના ખભાનો ટેકો લીધો ત્યારે ચલાયું. એ વખતે કસાઈ માત્તાનનો દીકરો અવરાન લોકોની વચ્ચે કહેતો સંભળાયો : "નેવું વરસના માણસે આમ શા માટે આંટા મારવા જોઈએ ? પણ મેં આ વાત કરી તો મને મારવા દોડેલા."

બે

પીલિપ્પોચ્ચન (ફિલિપ્પોસ) જ સહુથી છેલ્લો આવ્યો. એણે સાઇકલ સ્ટૅન્ડ પર ઊભી કરી અને ટર્કિશ ટુવાલથી મોં પરનો પરસેવો લૂછયો. પોતાની મોટર-ગાડી તો છે, પણ ઘણી વાર સાઇકલ પર જ આવ-જા કરે છે. કીવરીચ્ચન (ગીવર્ગીસ) અને માત્તુક્કુટ્ટિ પરસાળમાં ઊભા છે. કુંયુચેરુક્કન પિતાના ખાટલા પાસે બેઠો છે. કુંયેનાચ્ચનના સૌથી મોટા પુત્ર કુંયોમા(જે હવે જીવિત નથી)નો દીકરો કુંયપ્પિ પણ આવ્યો છે.

ગૃહસ્વામી હોવાને નાતે માત્તુક્કુટ્ટિએ પૂછયું : "કેમ મોડા આવ્યા, ભાઈ?"

"સવારે પંતલમ ગયો હતો. એક પુલનું કામ ચાલે છે." પછી ચુપકીદી. બધાને ખબર છે કે બધા કેમ આવ્યા છે. પણ કોઈના મોંમાંથી હરફ નીકળતો નથી. ફિલિપ્પોસ પિતા પાસે જઈ ક્યાંય સુધી એમની તરફ જોઈ રહ્યો. પછી પ્રશ્ન કર્યો : "આવી નબળાઈની સ્થિતિમાં બાપા ફરવા માટે શું કામ ગયા?"

કુંયેનાચ્ચનના હોઠ હલ્યા નહીં. માત્તુક્કુટ્ટિએ કહ્યું : "હવેથી બાપાને જ્યાં ત્યાં ભટકવાની જરૂર ન પડવી જોઈએ. કીવરીતભાઈએ આ સમજાવવા માટે જ બધાને બોલાવ્યા છે."

"હં... તો એ માટે હવે શું જોઈએ? કેટલા દિવસોથી કહ્યા કરું છું કે ઘેર મારી સાથે આવીને રહે. પણ કહ્યું માને તો ને? જેમ જેમ ઉંમર વધે છે તેમ તેમ નાના છોકરાની જેમ હઠ પણ વધે છે."

કુંયુચેરુક્કને કહ્યું : "નેવું વર્ષની આ પાકી ઉંમરે બાપા પાસે તમે તમારો હુકમ મનાવી શકશો?"

માત્તુક્કુટ્ટિએ કહ્યું : "ખબર છે ને કે બાપા કોઈના ઇશારે કદી ચાલ્યા નથી."

"અરે, એ બધી સારા દિવસો હતા ત્યારની વાત. નબળાઈમાં તો પોતે જાતે જ સમજી-વિચારીને ક્યાંક ચુપચાપ પડયા રહેવું જોઈએ."

"એ બધું અત્યારે કહેવું નકામું છે. જે હોય તે, હવેથી બાપાને દીકરાના ઘેર ખાવા માટે વારો કાઢીને જવાની જરૂર ન રહેવી જોઈએ. એમનું ખર્ચ કોઈક એક જગ્યાએ મળયા કરે એમ થવું જોઈએ."

ફરી ચુપકીદી. કીવરીચ્ચન આંગણામાં ઘૂંટણભેર બેઠો છે. આંગળીઓથી ઘાસ ઉખેડે છે. તે કોઈના ચહેરા પર નજર નાખતો નથી. કુંયુચેરુક્કન, કુંયપ્પિ અને માત્તુક્કુટ્ટિ પણ વિચારમાં ડૂબેલા છે. પણ ફિલિપ્પોસને ફુરસદ નથી.

"તો કહો, હવે શું કરવું છે? મને ઉતાવળ છે."

"કહ્યું તો ખરું, બાપાનો ખર્ચ અહીં આપવો જોઈએ."

"એમ શું કરવા? બાપાને મારી સાથે લઈ જાઉં તો?"

"હા, હા."

ફિલિપ્પોસે જોરથી સાદ પાડ્યો : "બાપા!"

કુંયેનાચ્ચનને થયું કે કહું, મારા કાન કાંઈ બહેરા નથી. તમારા બધાની ચર્ચા સાંભળું છું. જરા થાકેલો છું, નબળાઈ છે. પણ એ કારણે મને ખીલા સાથે બાંધી રાખવાનો ખ્યાલ છોડી દેજો. મેં દુનિયા જોઈ છે એ તો તમે જાણો છો. તમારા બંગલામાં ભપકાદાર પલંગમાં સૂવાની મને અભિલાષા નથી. મને તમે ચાંદીની પ્યાલીમાં દ્રાક્ષાસવ ન પિવડાવતા. સુગંધી અત્તર ન છાંટતા. કોલંબ કોચ્ચાપ્પી પાસેથી આ ઘર ખરીદ્યા પછી કૂબડ વેલુપ્પણિક્કન પાસે આ ખાટલો બનાવડાવ્યો હતો. આ ખાટલા પર હું છેલ્લો શ્વાસ લઈશ. તમારા પ્રયત્નો યાકૂબના પ્રયત્નો છે. ઈસહાકની આંખો જ્યારે જોવાની શક્તિ ગુમાવી બેઠી ત્યારે યાકૂબે ઈસહાકને છેતરીને એના આશીર્વાદ લીધા હતા. ઈસહાક જ્યારે ખૂબ ઘરડો થઈ ગયો અને આંખો સાવ નબળી થઈ ગઈ ત્યારે તેણે મોટા પુત્ર એશાને બોલાવીને કહ્યું : "બેટા, તું મારાં તીરકામઠાં લઈને વનમાં જા અને શિકાર કરીને મારે માટે મનપસંદ સ્વાદિષ્ટ ભોજન લઈ આવ. મરતાં પહેલાં તને આશીર્વાદ આપીશ." એશા શિકાર શોધવા વનમાં ગયો. ઈસહાક અને એશાની આ વાતચીત ઈસહાકની પત્ની રેબેકાએ સાંભળી. એણે પોતાના નાના પુત્ર યાકૂબને આખી વાત સમજાવી. યાકૂબ એ પ્રમાણે પોતાના બકરાના વાડામાં ગયો અને બે પુષ્ટ નાના બકરા લઈ આવ્યો. રેબેકાએ ઈસહાક માટે બકરાના માંસનું સ્વાદિષ્ટ ભોજન તૈયાર કર્યું. યાકૂબ એશાના વેશમાં પિતા પાસે ગયો. વૃદ્ધ અને અંધ ઈસહાકે યાકૂબને આશીર્વાદ આપ્યા :

'પરમેશ્વર તને આકાશમાંથી ઝાકળ
અને ભૂમિની ઉત્તમમાં ઉત્તમ ઊપજ
તથા ઘણું બધું અનાજ અને નવું દ્રાક્ષમધુ આપે;
રાજ્ય-રાજ્યના લોકો તને અધીન હો,
તું તારા ભાઈઓનો સ્વામી બને
અને તારી માતાના પુત્ર તને દંડવત્ કરે...'

"બાપા!"

એ જ તો કહેતો હતો. મારી આંખમાં ધૂળ નાખવાનો વિચાર કરતા મા. મારી આંખો હજુ જોઈ શકે છે. તને, મોટા ભાઈઓને અને નાના ભાઈને – બધાને –એકેએકને હું ઓળખી શકું છું. અત્યારે તું મને ધૂમધામથી મોટરમાં બેસાડીને લઈ જઈશ. સાંભળનારા કહેશે– ફિલિપ્યોસ એના પિતાને એને ત્યાં લઈ ગયો અને એમની સેવાચાકરી કરે છે. આ તો થઈ સાંભળવાની વાત. અને અંદરની વાત? દસ દહાડા માંડ નહીં થાય, ત્યાં તારી પત્ની બબડાટ કરવા લાગશે. બધી કમાણી બીજા છોકરાઓમાં વહેંચી આપી અને હવે આંખ મીંચવાની વેળા આવી ત્યારે દેખભાળ કરવા આ છોકરો રહ્યો. કોઈને વત્તું-ઓછું આપ્યું નથી. પણ સ્ત્રીઓ આવી વાતો કર્યા કરતી હોય છે. ટેવ પડેલી હોય ખરી ને! આ વાત સાંભળીને એવું નફરતથી દીધેલું ખાવાનું ખાવા આવે મારી બલારાત! જારે... જા!...

"બાપાએ મારી વાત સાંભળી નહીં?"

"હેં, હેં, શું કહ્યું?"

"મારી સાથે ઘેર આવો. ગાડી લઈ આવું."

"અહીં જ પડયો રહીશ..."

"અહીં પડયો રહીશ! સમજવા છતાં વાત કંઈ સમજાતી નથી."

"સમજી ગયો. જાઓ. બાપાની ચિંતા કરશો નહીં. મારે માટે હવે બહુ બહુ તો અડધી ઘડી જ રહી છે."

ફિલિપ્યોસ કંઈક પોતાને અને કંઈક બીજાઓને સમજાવવા બોલ્યો: "આમ જ કરે તો શું કરી શકાય?"

માત્તુક્કુટ્ટિએ પોતાનો વિજય થયો માનીને કહ્યું: "એ જ તો કહ્યું હતું. બાપા અહીં જ રહે. બધા મળીને તેમનો ખર્ચો આપે."

અત્યાર સુધી ચુપ બેઠેલા કીવરીચ્ચને કહ્યું: "તો બોલો, કેટલા જોઈએ?"

"હું શું કહું? તમે જ સૌથી મોટા છો. તમે કહો."

"આમાં નાના-મોટાની કોઈ વાત નથી. બાપાએ મોટાને ખાસ કંઈ આપ્યું પણ નથી. લંગોટી પહેરતો એ દિવસોથી છેક હું બાપા સાથે આ ઘરનું કામ કરતો આવ્યો છું. કાંઈ ચોરી કરીને – છાનીછપની કમાણી કરી નથી. તમે બધા જે ખેતરના ચોખા ખાઓ છો, એ ખેતરને હાથમાંથી ન જવા દેવા માટે નાયર લોકોના હાથે ખૂબ માર ખાધો છે, હાડકાં ભાંગાવ્યાં છે. લાભમાં આ આટલું મળ્યું. મારાં છોકરાંને ક્યારેક ક્યારેક થોડીક રાબ મળે છે. વહેંચણી વખતે બાપાએ નાનાઓનો જ ખાસ ખ્યાલ રાખ્યો હતો..."

કુંયુચેરુક્કનથી જવાબ દીધા વિના રહેવાયું નહીં.

"વાત પૂરી કરો ને! માર તો મનેય પડયો હતો. સૌથી મોટા ભાઈનું મૃત્યુ તો એમના મારવાથી જ થયું હતું ને? ભૂલી ગયા એ? બાપાએ કયું છાનું ધન બીજાઓને આપી દીધું છે? બાપા સાથે જવાનો લાભ પણ થયો છેસ્તો! કુટુંબના પૈસાથી તમારે માટે ઘર બંધાવી આપ્યું. મોટી છોકરીનાં લગ્ન કરાવી આપ્યાં. ખરું કે નહીં?"

"હા, હા, બાપાએ લગ્ન કરાવી આપ્યાં એ છોકરી અત્યારે મારા ઘરમાં છે."

"એ તો ભાગ્યની વાત છે. એ શું કોઈના કાંઈ કરવાથી માંદી પડી છે? બાકીના લોકો હજી ઝૂંપડીમાં જ સબડે છે. ફિલિપ્યોસને મોટા ભાઈ કહેવામાં પણ મને શરમ લાગે છે."

વાદવિવાદ વધી રહ્યો હતો. ફિલિપ્યોસે તંતુ પકડી લીધો : "મને તો તમારામાંથી કોઈએ – બાપાએ કે ભાઈઓએ – કોઈએ કંઈ આપ્યું નથી. આપ્યું છે તો ઈશ્વરે. બીજાની જેમ મને પણ પાંચ 'પરા' (લગભગ અડધો એકર) ડાંગરનાં ખેતર અને ત્રેસઠ 'સેંટ' જમીન જ મળી હતી. મેં મહેનત કરીને બે પૈસા મેળવ્યા છે. એય તમને આંખે આવતું હોય તો બીજે ક્યાંક જઈને રહીશ."

કીવરીચ્ચન સહેજ ઠંડો પડયો. ક્યારેક ચર્ચા કરતાં કંઈક બોલી બેસે છે તેથી શું? પાછો જલદી પોતાની પર કાબૂ મેળવી લે છે, પોતાની વાત પર ફરી વિચાર કરે છે. પણ કુંયુચેરુક્કન એવો નથી.

"તારે શું કરવાને જવું પડે? મુલક છોડવાનો હોય તો હું જ છોડી દઈશ. વિચારું છું – કાનડા કે કાસરગોડ, ક્યાંક ચાલ્યો જાઉં. તું અને તારો નાનો ભાઈ જ્યાં નેતા બનીને રુઆબથી રહો છો ત્યાં આ ગરીબ અડધો ભૂખે મરતો મોટો ભાઈ શા માટે રહે?"

આ ઘાવ માત્તુક્કુટ્ટિને બરોબર વાગ્યો.

"મારી વાત રહેવા દો. હું હાથ લાંબો કરી, ભીખ માગી ગમે તેમ ગુજારો કરી લઈશ. તમારામાંથી કોઈનાય રસોડે એક ટંક ખાવા માટે આવીશ નહીં."

કુંયોમાનો દીકરો કુંયપ્પિ બોલ્યો : "આલતુફાલતુ વાતો શા માટે કરો છો? જે બાબત માટે આપણે આવ્યા છીએ તે પતાવીને પછી જઈએ."

માત્તુક્કુટ્ટિએ કહ્યું : "એ જ તો કહું છું. બધા મળીને બાપાના ખર્ચના પૈસા આપે. બાપાને અફીણ જોઈએ. ખાવાપીવાનું જોઈએ. પહેરવા-ઓઢવા જોઈએ. બપોરનાં ખાવાનું બાદ કરતાં બાકીનું બધું હું જ સંભાળતો આવ્યો છું. મને

બહુ નથી આપ્યું. શક્તિ પણ નથી. અને વહેંચણીના કાગળમાં પણ આ શરત લખી છે."

કીવરીચ્ચને પ્રશ્ન કર્યો : "તારા હિસાબે દરેક જણને ભાગે કેટલું આવે?"

"વધારે નહીં, દરેક ઘરેથી પચીસ રૂપિયાના હિસાબે આપો."

કુંયુચેરુક્કને આંગળીઓથી હિસાબ ગણ્યો : "પચીસ ગુણ્યા પાંચ, એટલે સવાસો થાય, શાબાશ! એમાં તારો ખર્ચ પણ આવી ગયો."

માત્તુક્કુટ્ટિ ઊઠયો. કુંયુચેરુક્કનને આંગળીના ઈશારાથી ચેતવણી આપતાં બોલ્યો : "બકવાદ ન કરો. કોઈની મહેરબાનીથી કાંઈ જીવતો નથી. મારો દીકરો દર મહિને પચાસ રૂપિયાનું એલૉટમેન્ટ મોકલે છે. એનાથી નિભાવું છું. માથે બોજો વહીને કે કોદાળી ચલાવીને – ગમે તે રીતે હું મારા બાપની દેખભાળ કરીશ."

મોટાઓ વચમાં ટોકયો: "આમ રોફ મારે તે સારુ નહીં, માત્તુક્કુટ્ટિ! કુંયુચેરુક્કને સાચું જ કહ્યું હતું. છોકરાઓ શહેરમાંથી જયારે રજા પર ગામ આવે છે ત્યારે બાપા માટે ધોતિયું-દુપટ્ટો લાવે છે, પાંચ-દસ રૂપિયા આપી જાય છે. છોકરીઓ સાસરેથી ઘેર આવે છે ત્યારે તે પણ બાપાને કંઈ ને કંઈ આપી જાય છે. પછી રહી ત્રણ ટંક ભોજનની વાત. એને માટે શું પચીસ-પચીસ રૂપિયા જોઈએ?"

કુંયુચેરુક્કનનો પક્ષ હવે નબળો ન રહ્યો. "જોયું ને? સાચી વાત કહેવા જઈએ તો મારવા દોડે છે."

"તો તમારામાંથી કોઈ બાપાને લઈ જાઓ અને સેવા-ચાકરી કરો."

"કેવી રીતે આવશે એ હવે? તેં એમના કાન ભંભેર્યા છે ને! એટલું જ નહીં, અત્યાર સુધી કોઈથી દબાયા વિના લહેરથી તે જીવ્યા છે."

માત્તુક્કુટ્ટિ ભડકી ઊઠયો : "એક વાતની ચોખવટ કરી દઉં. મારા નબળા બાપા પર એક હરફ પણ હવે કોઈએ મોંમાંથી કાઢવાનો નથી. કંઈ નહીં આપતા. બલા ટળી. જાઓ પણ યાદ રાખજો, પિતાનો શાપ સાત સાત પેઢીઓ સુધી છોડતો નથી."

કુંયુચેરુક્કને વ્યંગમાં દાંતિયું કરતાં કહ્યું : "જાણે એનો જ બાપ હોય, બીજા કોઈનો નહીં!"

વાત આટલી બધી વધી ગઈ તે જોઈ ફિલિપ્પાસે પાકીટ ખોલી દસ રૂપિયાની દસ નોટો કાઢી બધાને દેખાડી અને પિતાના ઓશીકા નીચે મૂકી. કહ્યું : "આ ખતમ થઈ જાય ત્યારે બાપાને જે કંઈ જરૂર પડે તે માટે માણસ મોકલજો, આપી દઈશ."

તેણે આંગણામાં જઈ સ્ટૅન્ડ પરથી સાઇકલ લીધી અને એને આગળ કરતો બોલ્યો : "સુગંધ અને દુર્ગંધ વચ્ચેનો ભેદ પણ પારખી શકતા નથી, મૂર્ખ!"

કુંયુચેરુક્કન કંઈક જવાબ આપવામાં હતો કે ફિલિપ્યોસ સાઇકલ પર સવાર થઈ ગાયબ થઈ ગયો.

ઘણી વાર પછી કીવરીચ્ચન અને કુંયુચેરુક્કને પોતપોતાને ઘેર જવા આજ્ઞા માગી. "બાપા, જઈએ અમે!"

તંબાકુવાળો અવરાન કોઈક મુકદ્દમાના મામલામાં માત્તુક્કુટ્ટિને લેવા આવ્યો હતો. માત્તુક્કુટ્ટિ તેની સાથે ગયો. કુંયપ્પિપએ દીનામ્મા પાસે આવી કહ્યું : "જાઉં તો, કાકી? શનિવારે આવીશ. દાદાને વાપરવા માટે જે કંઈ જરૂર હશે તે લેતો આવીશ. આ તે કાંઈ હિસાબ-કિતાબની વેળા છે?"

"શું કહું, દીકરા કુંયપ્પિપ? કાકાઓને બધાને તો તું ઓળખે છે. મેં એમને કહેલું કે ભાઈઓને બોલાવતા નહીં. ગમે તેવી કફોડી હાલત થઈ હોય, પણ બાપુજીને જણાવ્યું નથી."

"એ તો મને ખબર છે, કાકી!"

કુંયપ્પિપ દાદાના ખાટલા પાસે આવીને ઊભો અને મોટેથી બોલ્યો : "દાદાજી!"

"કોણ?"

"હું છું, કુંયપ્પિપ."

"હા, ભલે જા."

"દાદાજી, મારી સાથે ઘેર આવશો?"

"હવે વખત ક્યાં છે, રે . . .?"

"વખત?"

"મારાં કપડાં ધોબી પાસે છે. હજી મળ્યાં નથી." કુંયપ્પિપએ પ્રશ્નભાવે દીનામ્મા તરફ જોયું. દીનામ્મા ધીરેથી બોલી : "ક્યારેક ક્યારેક યાદ નથી રહેતું."

"તારી નાની બહેનના સસરાની તબિયત કેમ છે?"

"એમ ને એમ છે."

"મારાથી એ દસ મહિના નાના છે."

"તો હું જાઉં, દાદાજી? ઑફિસે જવું છે."

"જા."

"શનિવારે આવીશ."

"હું . . ."

આંખો કુંયપ્પિ પર મંડાઈ રહી. બાપના જેવો જ શાંત. કામમાં કુશળ. કુંયોમા જીવતો હોત તો કોઈ આમાંથી ચૂં કે ચાં ન કરત. ઈસાના સાત છોકરામાંથી યહોવાના આશીર્વાદ પામેલા પુત્ર સમાન હતો. વીસ વર્ષનો હતો ત્યારે છાતી ફુલાવીને હાથ ડોલાવતો જે રીતે મહોલ્લામાં ચાલતો, એ જોવા જેવું હતું. 'ચાક્કો' કહ્યા કરતો કે કુંયેનાનું શરીર ને બળ બંને મોટા છોકરાને જ મળ્યાં છે. પણ કાચી ઉંમરમાં યહોવાએ એને ઉપાડી લીધો. એણે આપ્યો, એણે લઈ લીધો; એના નામનો જય હો . . .

'કીચ્ચેરી' ખેતરમાં પુલય લોકો હળ ખેડી રહ્યા હતા. તે એમના કામ પર દેખરેખ રાખતો શેઢે ઊભો હતો. છાતીમાં કંઈક પીડા થવાને કારણે નીચે બેસી ગયો. ઘેર લઈ આવ્યા ત્યાં સુધીમાં જીવ નીકળી ગયો હતો. કહે છે કે નાયર લોકો સાથે જે ઝઘડો ચાલેલો, તેમાં લાગેલી ચોટનું આ પરિણામ છે. તે દિવસે નાના ભાઈઓને માર પડતો જોઈ એણે વચ્ચે પડી બચાવવાની કોશિશ કરી હતી. વાસુકુટ્ટુપે લોખંડની મોગરી વડે પ્રહાર કર્યો ત્યારે એનો મિજાજ ગયો. સાઉલ અને એના લશ્કર સાથે લડનાર ડેવિડ જેવો તે હતો. સાઉલે હજારને માર્યા તો ડેવિડે દસ હજારને. તે દિવસે એણે આબરૂ બચાવી હતી. પણ ભલે મોડેથી, એની કિંમત તો ચૂકવવી પડી.

કુંયોમા મરણ પામ્યો ત્યારે કુંયપ્પિ દસ-બાર વરસનો હશે. બે નાની બહેનો હતી. એની માએ છોકરાંને ઉછેરવામાં, ભણાવવા-ગણાવવામાં ઘણી તકલીફ વેઠી. છેવટ હારી જતી ત્યારે છોકરાને મોકલતી. છોકરો હતો ખુમારીવાળો. મા પણ એવી જ. સાત દિવસની લાંઘણ થાય પણ કોઈની આગળ વાત જાહેર થવા દેતી નહીં. બારણે આવી બેદરકારીથી ઊભો રહેતો ને કહેતો :

"માએ સંદેશો મોકલ્યો છે –"

ચીડવવા ખાતર ત્યારે પૂછતો : "તારા બાપે મને કાંઈ સોંપણી કરી હતી?"

છોકરો ચુપચાપ ચાલ્યો જતો.

"અહીં આવ તો!"

તે જે માગે તે પોતે આપતો. બાપના પગમાં નાનીસરખી લચક હતી, તે સુધ્ધાં આને મળી છે. એને મારે માટે બહુ પ્રેમ છે. અઠવાડિયે એક વાર માંસ અને માછલી સહિત જમાડે છે. ધોતી-દુપટ્ટો ખરીદી આપે છે. એ 'દાદા' કહીને બોલાવે, તે સાંભળવાનું કેટલું મીઠું લાગે છે. . .!

"તારા સાસરિયાવાળાના પાંચસો રૂપિયા ઉધાર હતા. આપી દીધા એમણે?"

"......"

"બોલતો કેમ નથી?"

"ચૂપ કેમ થઈ ગયો, રે!"

દીનામ્મા રસોડામાંથી બહાર આવી: "બાપુજી, કોની સાથે વાતો કરો છો?"

"દીકરા કુંયપ્પિ..."

"કુંયપ્પિને ગયાને તો બે કલાક થઈ ગયા. તમને, જાઉં છું – કહીને ગયો હતો."

"ઓહ!"

"કાંજી લઈ આવું?"

"થોડી વાર પછી."

"સૂઈ ન જતા. સૂઈ જવાને લીધે આ લવારીઓ ચડી જવાય છે."

"વહુ!"

"શું?"

"જ્ઞાની પુત્ર પિતાને પ્રસન્ન રાખે છે. મૂર્ખ પુત્ર માતાના દુ:ખનું કારણ બને છે. નીતિવચન – અધ્યાય ૯૦નું આ પહેલું વાકય છે. તેં વાંચ્યું છે?"

"યાદ નથી. કેમ એનો ઉલ્લેખ અત્યારે કરવો પડયો?"

"કુંપોમાની વાત યાદ કરતો હતો. એણે મારા મતની વિરુદ્ધ જઈને કુંયપ્પિની મા સાથે લગ્ન કર્યાં હતાં. તને એ વાતની ખબર છે ને?"

"કેમ નહીં? તમે પોતે જ એ વાત કેટલીયે વાર મને કહી છે. પણ અત્યારે એ સાંભળવાનો વખત નથી. નાની બેબી હમણાં જ નિશાળેથી આવશે."

બહુ મોટી વાત તો નથી. મારી જીદ હતી કે મારા દીકરાની વહુ હું જ પસંદ કરીશ. એક દિવસ એમ પણ કહી નાખ્યું કે તું મારો દીકરો નથી, જા, જતો રહે કયાંક. પણ નિરર્થક નકામા શબ્દો. બીજું શું? ડેવિડનો પુત્ર સોલોમન કહે છે – ચાર વસ્તુ હું જાણતો નથી; આકાશમાં ગીધની રૂખ, શિલા પર સાપની ચાલ, મધદરિયે જહાજની ગતિ અને યુવતી સાથે પુરુષનો પથ. એની પસંદગીની છોકરી! મોટા મામાને ત્યાં રહેતી. એ વખતે એને જોઈ હતી અને ગમી હતી. છોકરી સારી હતી. ઘરનાં લોકો પણ સારાં હતાં. પણ હઠ બસ એટલી કે વાત મામા તરફથી આવી હતી. એ દિવસોમાં મામા સાથે જરા અણબનાવ હતો. ખેર, લગ્ન થયાં. કુટુંબનું ગૌરવ અને પરમેશ્વરનો ભય – બન્નેથી યુક્ત કન્યા. તે એના બાહુની તાકાત અને પથનો દીપક બની ગઈ. કમાયો નહીં ખાસ, પણ આબરૂ ને આરામથી રહ્યો. બાપ અને નાના ભાઈઓ માટે જીવ દઈ દીધો. એનાં સંતાનોનું કલ્યાણ થશે. જે મા-બાપનું માન રાખે છે, ભાઈ-બહેનો પ્રત્યે પ્રેમ રાખે છે, ભગવાનથી ડરે છે

તેની કદી પાયમાલી નથી થતી. એની ભૂલોને યહોવા માફ કરે છે. યહોવાએ ડેવિડને ક્ષમા આપી હતી. ડેવિડનો ગુનો મોટો હતો. એક દિવસ સૂર્યાસ્ત વખતે તે મહેલની અટારીમાં આંટા મારતો હતો ત્યારે એક સ્ત્રીને તેણે નહાતી જોઈ. એના રૂપ પર તે મુગ્ધ થઈ ગયો. સેવકો પાસે ભાળ કઢાવી તો ખબર પડી કે એમના જ એક સૈનિક ઉરિયાની પત્ની બતશેબા છે. ડેવિડે બતશેબાને મહેલમાં બોલાવી અને થોડા દિવસ પોતાની સાથે રાખ્યા પછી પાછી મોકલી. તે ગર્ભવતી બની. આથી ડેવિડે ઉરિયાને યુદ્ધભૂમિમાંથી પાછો બોલાવ્યો. એની ઇચ્છા એને એની પત્ની પાસે મોકલવાની હતી, જેથી બતશેબાના ગર્ભની જવાબદારી એના માથે ઢોળી દઈ શકાય. પણ ઉરિયા તો રાજમહેલ પાસે રાજાના સેવકોની સાથે સૂતો. શરાબ પિવડાવીને એને ઉન્મત્ત બનાવવા છતાં તે પત્ની પાસે જવા તૈયાર ન થયો. છેવટ એને લડાઈના મોરચા પર મોકલીને ઘમસાણ યુદ્ધમાં મરાવી નાખ્યો. ત્યાર પછી ડેવિડે બતશેબાને પત્ની તરીકે અપનાવી લીધી. યહોવાએ એને સજા કરી. સખત સજા કરી. બતશેબાથી એને જે પુત્ર જન્મ્યો એને મરાવી નાખ્યો. પોતાના પુત્ર અબશાલોમના ડરથી એને રણમાં ભાગી જવું પડ્યું. પણ યહોવાએ એનો છેક જ સર્વનાશ ન કર્યો. એનો પસ્તાવો સાંભળ્યો. એને ઇઝરાયેલનો યશસ્વી રાજા બનાવી દીધો. બતશેબાથી જ એના બીજા પુત્ર સોલોમનનો જન્મ થયો. જ્ઞાનીઓનોયે જ્ઞાન સોલોમન.

"કુંયેનામાપિલ્લા સૂતા છે કે શું?"

"કોણ?"

"હું છું – શિવરામકુરુપ."

"તમે અહીં આટલામાં ક્યાંય નહોતા? આવ્યાને પાંચ-છ દિવસ થઈ ગયા!"

"ઘેર ગયો હતો. સાંભળ્યું કે ચક્કર આવવાથી તમે રસ્તામાં પડી ગયા."

"શું કહ્યું?"

"સાંભળ્યું કે ક્યાંક પડી ગયા હતા."

"સાંભળી લીધું એમ? સારી વાત હોત તો આટલી જલદી ન સાંભળત."

શિવરામકુરુપનું હાસ્ય ગુંજી ઊઠ્યું : "દુનિયાની આદત છે ને! સારી વાત સાંભળવા છતાં દુષ્ટ લોકો તો એને ખરાબ ભાવથી જ લે છે. ગાયના ક્ષીરથી ભરેલા આંચળમાંથી પણ મચ્છર તો લોહી જ પીવા ઇચ્છે છે."

કુંયેનાચ્ચનના ચહેરા પર થોડી તાજગી ઝળકી ઊઠી. મુશ્કેલીથી ઊઠીને બેઠા થયા. "ક્ષીરનો અર્થ દૂધ થાય ને?"

શિવરામકુરુપના હોઠ પર અર્થપૂર્ણ મંદ હાસ્ય ફરકી રહ્યું, જાણે કોઈ મર્મની બારી ખૂલી. એણે સાબુની ડબ્બી જેવી મોટી ડબ્બી કમરેથી કાઢી અને ઉઘાડીને પાન બનાવવા લાગ્યો. સુગંધી તંબાકુ, કુમળું તાજું પાન, રંગીન ચૂનો – બધું પાનદાનમાં છે.

"ઓહ! કુંચનામાપિલ્લા સંસ્કૃત પણ જાણે છે?"

કુંચનાચ્ચને ઇશારાથી જણાવ્યું કે બધું જાણું છું. આગળ બોલ્યા: "હા, હા, થોડુંઘણું વેદજ્ઞાન મને પણ છે, કુરુપજી!"

"કુંચનામાપિલ્લા, વેદ બધા એક જ છે. બાઇબલ, કુરાન, ગીતા, ઉપનિષદો-બધું એક છે. દેવતાઓમાં પણ અંતર નથી. નામ જ જુદાં જુદાં છે. માનવ પર જ્યારે અધર્મ છવાઈ જાય છે ત્યારે ભગવાન પ્રત્યક્ષ દર્શન દે છે. દશાવતારોની એ જ કથા છે ને?

યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત ।
અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનમ્ સૃજામ્યહમ્ ।।
પરિત્રાણાય સાધૂનામ્ વિનાશાય ચ દુષ્કૃતામ્ ।
ધર્મસંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે ।

શિવરામકુરુપે શ્લોક સમજાવ્યો તો કુંચનાચ્ચનમાં પણ થોડી સ્ફૂર્તિ આવી.

"હા, હા, સદોમ અને આમોરામાં અધર્મ વધ્યો તો યહોવાએ ગંધક અને આગ વરસાવ્યાં. યહોવાએ ઘણી બધી ક્ષમા દેખાડી. પણ છેવટ જ્યારે એમનું પાપ ખૂબ આકરું બની ગયું ત્યારે બે દૂતોને ત્યાં મોકલ્યા. એ દૂતોએ યહોવાના દાસ લૂતના ઘેર રાત વિતાવી. આ સાંભળી પાપી લોકોએ લૂતનું ઘર ઘેરી લીધું. લૂતને બૂમ પાડીને તેઓ કહેવા લાગ્યા કે, જે પુરુષો આજે રાતે તારી પાસે આવ્યા છે તે ક્યાં છે? એમને અમારી પાસે બહાર લઈ આવ. લૂતે એમને કહ્યું: "ભાઈઓ, આમ બૂરાઈ ન કરો. સાંભળો. મારે બે દીકરીઓ છે, જેમણે આજ સુધી પુરુષનું મોં જોયું નથી. તમારી ઇચ્છા હોય તો હું એમને તમારી પાસે બહાર લઈ આવું, અને તમને ઠીક લાગે એવો વ્યવહાર તમે એમની સાથે કરો; પણ આ પુરુષોને કાંઈ ન કરતા કારણ કે તેઓ મારા છાપરા હેઠળ આવ્યા છે." . . . પાપમાં ડૂબેલા લોકોએ માન્યું નહીં તો દેવદૂતોએ તેમને અંધ બનાવી દીધા. લૂત અને એના કુટુંબને યહોવાએ કહ્યું કે ભાગી જાઓ અને જીવ બચાવો. પાછળની તરફ જોતા નહીં. તેઓ એ રીતે દોડયા. પણ લૂતની પત્નીએ પાછળ જોયું અને તે મીઠાનો થાંભલો બની ગઈ. યહોવાએ આકાશમાંથી ગંધક અને આગ વરસાવી આખુંયે નગર ધ્વસ્ત કરી

નાખ્યું. લૂત સોઆર નગર અને ત્યાંથી પર્વતમાં ભાગી ગયો. ત્યાં તે પહાડી ગુફામાં રહેવા લાગ્યો. એ જ દિવસોમાં લૂતની દીકરીઓને લૂતનાં સંતાનો જન્મ્યાં."

"એ શી રીતે? શી રીતે? કહો તો?"

કુંયેનાચ્ચન પોતાની વાત આગળ લંબાવવા જતા હતા ત્યાં અચાનક શિવરામકુરુપને જાણે કોઈક વાત યાદ આવી. એણે પૂછ્યું : "તો અહીં બીજું કોઈ નથી?"

"બધા છે."

કુરુપે મોટેથી પૂછ્યું : "આ તે કેવું? ઘેર કોઈ માણસ આવે તો લોકો બોલે નહીં? બે મીઠા શબ્દ પણ ન કહે?"

દીનામ્મા બારણે આવી : "બાપુજીના શબ્દો શું ખાટા છે?"

"અચ્છા, એટલે શાંત છો?"

"ના રે, ઘેર પુરુષો આવે તો પુરુષો સાથે વાતચીત કરે છે."

"કબૂલ."

"કબૂલ કરવા માટે નથી કહ્યું. અમે અમીર ભલે નથી, પણ મહેમાનોની સરભરા કરતાં તો જાણીએ છીએ. ખાનદાનીથી કેમ વર્તવું તે ભૂલ્યાં નથી. અને કુરુપભાઈ હવે અહીં મહેમાન થોડા જ છે?"

દીનામ્મા અંદર ચાલી ગઈ. કુંયેનાચ્ચનને મનમાં થયું – આ ખાનદાન ઘરની છોકરીની નિશાની છે. એના શબ્દોમાં ભાવ, શાન, પ્રતિષ્ઠા બધું છે.

એવું કહ્યું તો ખરું, પણ થોડી વાર પછી દીનમ્મા બે ગ્લાસ કૉફી – દૂધ વિનાની – લઈ આવી.

"દૂધ નથી નાખ્યું. બાપુજીને વગર દૂધની કૉફી જ ભાવે છે. કુરુપભાઈ, ઘેર જઈને થોડું દૂધ પી લેજો."

કુરુપ મોટેથી હસ્યો.

"હા, જે મળ્યું તે નફામાં."

કૉફી પીતાં પીતાં કુરુપે યાદ દેવડાવ્યું : "વાત પૂરી નથી થઈ, કુંયેના-માપ્પિલે!"

"શું?"

"વાત . . . "

"હા, લૂત અને તેની દીકરીઓ ગુફામાં રહેતાં હતાં. મોટીએ નાનીને કહ્યું – આપણા પિતા વૃદ્ધ થવા લાગ્યા છે. સંસારના નિયમ પ્રમાણે આપણી પાસે

કોઈ પુરુષ હજી સુધી આવ્યો નથી. પિતાજી દ્વારા આપણને સંતાન મળવાં જોઈએ. આથી એમને દ્રાક્ષનો શરાબ પિવડાવીને એમની સાથે સૂઈશું. આ અનુસાર મોટી એ રાતે પિતાને શરાબ પિવડાવીને એની સાથે સૂઈ ગઈ. પિતાને એની સાથે સૂવાની કે જાગવાની જાણ થઈ નહીં. બીજે દિવસે નાનીએ પણ એ જ પ્રમાણે કર્યું. આ રીતે એમને ગર્ભ રહ્યો અને તેમણે બાળકોને જન્મ આપ્યો. મોવોલીઓ અને અમ્મોનીઓની પેઢી એ રીતે શરૂ થઈ. આ પ્રકાશિત વાક્યમાં આવે છે."

કુરુપ હસી હસીને બેવડ વળી ગયો.

કુંયેનાચ્ચનને નવું જોશ મળ્યું. વાર્તાઓ સંભળાવીને લોકોને હસાવવાની શક્તિ પર હજુ પણ તેમને ગર્વ હતો. કુરુપનું મુખ જ કેટલું મંગલમય છે! ચંદનનું ટીલું, કાન પાછળ તુલસીદલ. એકદમ સ્વસ્થ આરંમુલા ગામનો આ રહેવાસી નાણુનાયરની દીકરી સાથે લગ્ન કરીને અહીં આવ્યો તે દિવસથી એ જ રૂપ અને એ જ શરીર સચવાયું છે. એ લગ્ન થોડા વખતમાં તૂટી ગયાં અને નાણુનાયરના અવગુણ ગાયા પછી થોડા વખતમાં સંતોષમ કેશવન નાયરની દીકરીનો પતિ બન્યો. એ સ્ત્રી બદચલન હતી. થોડા દિવસ એમ ચાલ્યું. પણ હવે કુરુપ તદ્દન સ્વતંત્ર છે. ષણમુખપિલ્લેની કિરાણાની દુકાનમાં મુનીમ છે. જાતે રાંધી ખાય છે અને ભાડાના ઘરમાં રહે છે. "વાત તો મજાની છે. પણ ડોસાને શું ખરેખર ખબર નહીં પડી હોય એમ માની શકાય?"

"માનવું જોઈએ. સત્ય ઘટનાઓ છે. મારી વાત છોડો. અમારો કુંયુપોન્નાનો એક દીકરો પલટણમાં છે ને? પલટણમાં હવાઈ જહાજ ઉડાડવાનો ધંધો છે."

"ઑર કોર્સ?"

"હા, એ જ. એણે આ બધી જગ્યાઓ જોઈ છે."

"હા, હા, જોઈ હશે. શ્રદ્ધાની તો વાત જ અનોખી છે. હિંદુ પુરાણોમાં ગણેશ, શાસ્તા વગેરેના જન્મની કથા વિચિત્ર જ છે ને! ખબર છે ને એ વાત?"

કુરુપ એ કથા સંભળાવત, પણ એવામાં માત્તુક્કુટ્ટિ આવી પહોંચ્યો.

"ઓહ, તમે અહીં હતા?"

"ઘેર આવું છું તો તમે કદી મળતા નથી, એટલે કુંયેનામાપ્પિલે સાથે વાતો કરતો હતો."

"હં. . . બાપાની તબિયત સારી નથી."

"ખબર પડી."

કુરુપ સમજી ગયો. માત્તુક્કુટ્ટિના કહેવાનો ભાવાર્થ એ હતો કે બીમાર બાપને વાતો કરીને તકલીફ ન આપવી. પાનદાની ઉઘાડી, એક વાર ફરી પાન ખાઈને તે ઊઠયો.

"કુંયેનામાપ્પિલા!"

"શું?"

"ચીજ કાલે લઈ આવીશ."

"હેં?"

"અફીણ કાલે લાવીશ. મેળવતાં મુશ્કેલી પડે છે. એકાદ વૈદ સાથે તજવીજ કરી હતી પણ એમણે એની દવા બનાવી નાખી છે. હવે એક બીજે ઠેકાણે પ્રયત્ન કરવાનો છે. ગમે તેમ કરીને કાલે લઈ આવીશ. જાઉં તો, માત્તુક્કુટ્ટિ?"

"ભલે."

કુરુપના ગયા પછી માત્તુક્કુટ્ટિ ઘરની અંદર ગયો અને દીનામ્માને કહ્યું: "સાંજે હું તિરુવનંતપુરમ્ જાઉં છું. આવતાં કદાચ બે-ત્રણ દિવસ થશે."

"તિરુવનંતપુરમ્માં શું ખાસ કામ છે? શહેર જોવા જ જતા હો તો હું પણ સાથે આવીશ. બાપુજીને સાથે રાખવા માટે કેટલા લોકોનો આગ્રહ છે! એમની સાથે એ રહેશે."

"શહેર જોવા જાઉં છું? ખરી વાત કરી! હું તો બાઝવિલા ઘરના ડેનિયલના છોકરા માટે એક નોકરીની તપાસ કરવા જાઉં છું!"

"કોઈકના છોકરા માટે નોકરી, કોઈકની છોકરી માટે મુરતિયો! પાદરીઓનો ટંટો શમાવવા મુકદ્દમો. આમ ફર્યા કરવાથી આપણને શો લાભ?"

"બધી વાતો પાછળ શું લાભ-ગેરલાભ જોવાના હોય છે?"

"બધી બાબત પાછળ નહીં. પણ પોતાના ઘરસંસારની વાતો અવગણીને ન્યાતના લોકોને સુધારવાની કોશિશ શા માટે કરવી જોઈએ?"

"વાહ, ઘરબારમાં પુરાઈ રહું તો બધું ઠીક થઈ જશે?"

કહી તો દીધું જોર દઈને. પણ વાત માત્તુક્કુટ્ટિને મનમાં સાચી લાગી. પોતાની ભૂલ એને ખૂંચી. પોતે ગામનો એક ભદ્ર માણસ, કામને લાયક માણસ જરૂર છે. પણ ઘરનું કામ સંભાળવાની ફુરસદ એને કદી મળતી નથી. યુવાન સ્ત્રીને તે પૂરતા પ્રમાણમાં સ્નેહપ્રેમ આપી શકતો નથી. દીનામ્મા અઠ્ઠાવીસ વર્ષની છે, પોતાની ઉંમર છે સુડતાળીસ વર્ષની, એ વાત પણ એને યાદ આવી. એક છોકરીને જન્મ આપ્યો છે, એટલે સહેજ સ્થૂલ થવા લાગી છે. તોપણ પહેરી-ઓઢીને બહાર નીકળે તો ગામની કોઈ સ્ત્રી તેની ટક્કર ન

લઈ શકે. એનો તિરસ્કાર કરવો એ પાપ છે. આ બધી બાબતો યાદ તો છે, પણ ગામની સમસ્યાઓમાં અટવાઈ જવાય છે.

પહેલી પત્નીનો દીકરો પલટણમાંથી દરેક મહિને ચાળીસ-પચાસ રૂપિયા મોકલે છે. આથી વિના મુશ્કેલીઓ દિવસો વીતી જાય છે.

માત્તુક્કુટ્ટિ ઘેરથી નીકળ્યો ત્યારે દીનામ્માએ કહ્યું : "રાજનનો મિત્ર રજા પછી આગલા અઠવાડિયે જશે. એની સાથે રાજન માટે કંઈક મોકલવું છે ને?"

"હા, મોકલવું છે."

"બસ, હા કહી એટલે પતી ગયું?"

"બે-ત્રણ દિવસમાં તો હું પાછો આવવાનો છું. ત્યાં કાંઈ રહી જવા થોડો જ જાઉં છું?"

માત્તુક્કુટ્ટિએ ઉંબરો ઓળંગ્યો. દીનામ્મા એને જોઈ જ રહી.

ત્રણ

પગદંડીની બંને તરફ અનેનાસનાં ઝાડ હતાં, એમાં કોઈ સંતાઈ રહીને મુસાફર પર આક્રમણ કરે તો માર્યા ઠાર! શેખરન નાયર અને એના સાથીઓ ગુસ્સે હતા. કુંયોગાને જાનથી મારી નાખવાની ધમકી આપતા હતા. ઘણો પાવરધો અભ્યાસી હતો. પણ પોતાના અભ્યાસ સાથે એ જ્યારે સામે આવ્યો ત્યારે એક જ વારમાં પરાસ્ત થઈ ગયો હતો... જે હોય તે, ખુલ્લો છરો હાથમાં તૈયાર રહેવો જોઈએ. કોઈની નજર પડે તો લાગે કે નખ કાપે છે અથવા સોપારી. તું જા રે...

આખી વસાહતના લોકો લશ્કરની જેમ આવી ચડ્યા હતા. નેતા હતો શેખરન નાયર, આરામનો રાજા બેન-હદદ જે રીતે બત્રીસ સામંતો, ઘોડા અને રથથી સજ્જ થઈ ઇઝરાયલના શાસક આહાબ સાથે લડવા નીકળ્યો હતો તેમ! ત્યારે યહોવાએ આહાબને કહ્યું કે આ આખુંયે દળ હું તને સોંપી દઈશ. તરત જ ઇઝરાયલની પ્રજાએ આરામના રાજાના ઘોડા અને રથ પકડી લીધા...

"દાદાજી!"

"હં – હં –"

"ઊંઘો છો?"

"ના, ના."

"ક્યારની બોલાવું છું."

"તું ક્યારે આવી?"

"કેટલોયે વખત થઈ ગયો."

"તારો વર ક્યાં છે?"

"... ... ..."

"બાળબચ્ચાંને મૂકીને આવી ?"

સિસિલી દાદાના મોં તરફ અનિમેષ નેત્રે જોઈ રહી. એને બીક લાગી. તેણે મોટેથી બૂમ મારી : "મા –"

"શું દીકરી?" દીનામ્મા દોડી આવી.

"આ દાદાજી મને બિવડાવે છે, મા!"

"તને બિવડાવી?"

"આંખો બંધ કરી સૂતા સૂતા પૂછે છે કે વર ક્યાં છે?" દીનામ્મા હસી પડી. "દાદાજી અફીણ ખાઈ એના નશામાં પડ્યા છે, છોકરી!"

"ઊંહ . . . ઊંહ . . ."

"બાપુજી, બેબીને શું પૂછતા હતા ?"

"બેબી હતી?"

"તો બીજું કોણ હોય?"

"મારા મનમાં કુંયમ્માની વાત આવી હતી."

"એ તો બરોબર, પણ કુંયમ્મા સગાઈ પછી, લગ્ન પહેલાં જ મરી ગઈ હતી. પછી વર ક્યાંથી આવ્યો?"

"હં – હમણાં જોયું કે તે સાસરેથી આવી રહી છે. તેં એને જોઈ છે?"

"કેવી વાત કરો છો! તમે જ કહ્યું છે કે તે સૌથી છેલ્લા દીકરાથી ચાર વર્ષ નાની હતી. સગાઈ પછી મરી ગઈ. હું શી રીતે જોઉં?"

"નાનપણમાં તે આ તારી દીકરી જેવી જ લાગતી હતી. દસ વરસની હતી ત્યાં તારી સાસુ પરલોક સિધાવી. પણ અમે એને માના અભાવનું કોઈ દુઃખ લાગવા ન દીધું. પાંચ ભાઈઓની એકની એક બહેન. લાડ-પ્યારથી ઉછેરી. હું દરેક વાત એને કહેતો. ભાઈઓને કંઈ કામ હોય તો બહેન મારફત સિફારિશ કરાવતા. તેર-ચૌદ વર્ષની થઈ ત્યારે સરખાં કપડાં પહેરી દેવળમાં જતી તો લોકોનું ધ્યાન તેના તરફ અચૂક ખેંચાતું. આપણા લોકોનો રિવાજ તો છોકરાને ઘેર જઈ માગું નાખવાનો છે ને? પણ કુંયમ્મા માટે લોકો સામેથી માગણી કરતા આપણે ત્યાં આવતા. એકસાથે બે-ત્રણ જગ્યાએથી માગાં

આવ્યાં હતાં. એક હજાર એક રૂપિયા દહેજ. આજના બાર હજાર એક થાય. છોકરો ઑફિસમાં મામૂલી કારકુન હતો. આજે રજિસ્ટ્રાર છે. એ હોત તો મારા ઓશીકા પાસે બેસી રહેત. ભગવાને રહેવા ન દીધી. એ બધું એકસાથે આપતો નથી. માત્ર બતાવીને સંતાડી દે છે. સર્વ કાંઈ માયા છે, વ્યર્થ છે. જ્ઞાનીઓના રાજા સભોપદેશક કહે છે: "મેં આકાશ નીચે બનતી બધી વાતો સરખી રીતે સમજવાનો પ્રયત્ન કર્યો. આ બધું માયા છે, વ્યર્થ કામ છે, પણ મહેનત કર્યા વિના રહી શકાય છે? યહોવાનો શાપ છે કે તું પરસેવાની રોટી ખાઈશ. એ પૂરો તો કરવો પડે ને!" સભોપદેશક આગળ કહે છે: "મેં સૂરજ તળે એક માયા જોઈ. એક માણસ એકલો છે. કોઈ નથી. ન પુત્ર છે, ન ભાઈ છે તોપણ એના પરિશ્રમનો અંત નથી. એની આંખો દોલત જોઈને ધરાતી નથી. . . ."

"બાપુજી!"

"હું!"

"બહુ વાતો ન કરો. થાકી જશો. જરા ચુપચાપ સૂઈ રહો."

"હું!"

"બેબીને જમાડું છું. તમને પણ જમવાનું પીરસું?"

"પીરસ."

"દીકરી, તને દાદાજીની સાથે જમાડું?"

"ના."

"કેમ?"

"મને શું કામ બિવડાવી?"

"એમ, રિસાઈ છે? સાંભળ્યું, બાપુજી?"

"શું?"

"બેબી તમારાથી રિસાઈ છે."

"એમ, એ પણ રિસાઈ ગઈ?"

"હવેથી હું દાદાજી સાથે દોસ્તી નહીં કરું. મારા રાજીનભાઈ પલટણમાંથી ઘણી બધી વસ્તુઓ લઈ આવશે. દાદાજીને કાંઈ નહીં આપું."

"શું?"

"આનો રાજનભાઈ વસ્તુઓ લઈ આવશે તે આ તમને આપશે નહીં."

"એમ? તો હવે હું શું કરું?"

દીનામ્મા થાળીમાં ભાત પીરસવા ગઈ. કુંયેનાચ્ચને સાદ પાડયો: "બેબી!"

સિસિલી ચુપ.

"બેબી!"

"શું?"

"દાદા મરી જશે પછી કોની સાથે રિસાઈશ?"

"કયા દિવસે મરી જશો?"

"ભગવાનને ખબર."

"હવેથી મને બિવડાવશો?"

"હું બેભાન સ્થિતિમાં બકતો હતો, બેબી!"

"સ્વપ્નું જોયેલું?"

"હા. એક દિવસ સ્વપ્નું જોયું હતું કે તારા લગ્નના દિવસે મોટરમાં જઈ રહ્યા છીએ."

"મારાં લગ્ન કયારે થશે?"

"ખબર નથી."

"તો એ દિવસેં મને પણ મોટરમાં લઈ જશે?"

"શું?"

"લગ્નના દિવસે મને શું મોટરમાં બેસાડશે?"

કુંયેનાચ્ચન મોટેથી હસી પડયા: "કન્યા વિના તે કાંઈ લગ્ન થતાં હશે? તને સજાવીને મોટરમાં લઈ જઈશું."

સિસિલીને ફરી શંકા પડી. દાદાજી કયાંક ફરીથી તો બિવડાવતા નથી ને? નહીં તો મોટરમાં બેસવાની વાત કરતી વખતે હસે છે શું કરવા?

દીનામ્મા પાછી આવીને બોલી : "ભાત પીરસ્યા છે."

કુંયેનાચ્ચન ધીરે ધીરે ઊઠયા. લાકડીના ટેંકે ટેંકે ચાલ્યા. હાથ ધોઈને ખાવા બેઠા. જમીને ઊભા થતાં આંગણામાંથી કોઈની બૂમ સાંભળી : "કુંયેનાચ્ચા?"

"કોણ?"

લાકડી ટેકવવાનો અવાજ નજીક આવ્યા પછી જ ઓળખાણ પડી. "ઈમાન-દારપાપ્પિ!"

"અચ્છા, તો તમે હજી આ દુનિયામાં છો, એમ ને?"

"એમ જ લાગે છે!"

"કાલે પણ તમારી યાદ આવી હતી. એટલા માટે કે એક જણ અહીં લગ્નનું આમંત્રણ આપવા આવ્યો હતો."

"કોણ?"

"આપણા આ લાંબા માત્તુનનો એક છોકરો. તમને મરી સુકવવામાં મદદ કરતો હતો ને? એ જ. શું નામ છે એનું?"

"કોચ્ચોયિ."

"એ જ, એ જ."

ઈમાનદાર માથું હલાવતો બોલ્યો: "એના દીકરાનાં લગ્ન છે."

"હા, હું એને ઓળખી નહોતો શક્યો. ઘડિયાળ, જોડા, હાર, જરીદાર દુપટ્ટો. કંઈ પૂછો જ મા."

"દહેજ દસ હજાર છે."

"કહેલું. સમયનો ખેલ છે. તમે એને બે-ચાર પૈસા આપતા હતા. એનાથી એની મા અને નાના ભાઈ ભૂખ ભાંગતાં હતાં. માત્તાન શરાબ પીને મારપીટ ને ઝઘડા કરતો ભટકયા કરતો. કોણે એવું ધારેલું કે તે આટલો માલદાર બની જશે! શોકના દિવસો આવે છે તો હર્ષના પણ આવે છે. વાવણીના દિવસ આવે છે અને કાપણીના પણ. . . ."

"ખરી વાત છે."

"તમે એ બંને ઈશોચ્ચન પાસેથી પચીસ ત્રાવણકોર–રૂપિયા ઉધાર લઈ દસમા દિવસે પચીસ બ્રિટિશ–રૂપિયા પાછા વાળતા હતા. લેણ-દેણ જ બચી. બહુ સચ્ચાઈ કરવા જતાં આ જ પરિણામ આવે છે."

"ભલે, પણ મને કપટ કરતાં આવડતું નથી."

"શું?"

"કપટ કરતાં નથી આવડતું."

"હં . . . આ કપટ કોને કહેવાય?"

"તમે જ કહો."

"સોદામાં અપ્રામાણિકતા નથી? તમે નાકા પર ત્રાજવું અને ગૂણી લઈને બેઠા હો અને કોઈ ખેડૂત નાની ટોપલીમાં શેર જેટલાં મરી લઈને આવે. એની પાસેથી ખરીદી બીજા કોઈને મરી વેચો તો બે આના મળે. પ્રામાણિક નફો તો એ બે આનાના ચોથા ભાગનો જ છે. તો શું તમે એની પાસેથી એ પોણા બે આનામાં ખરીદશો? ના, અડધા આનાથી શરૂ કરી એક આના પર સોદો નક્કી કરશો. આ શું અપ્રામાણિકતા નથી?"

"એમ કરવાથી જ કામ ચાલે છે."

"ચાલે શી રીતે, કહો જોઈએ! ભિખારીને જ ઈમાનદાર કહે છે. નકામો, સીધો, ભોટ અને ઓછું બોલતો હોય તેવાને જ, બરોબર ને?"

"હોઈ શકે."

"જિંદગી જીવવા માટે થોડીક ચતુરાઈ જોઈએ. વેદોમાં જેની મનાઈ હોય તેવું કામ નથી કરવું. વિધવાઓ અને અનાથોને નુકસાન નથી પહોંચાડવું પણ મહેનત તો કરવી પડે ને! થોડીક હોંશિયારી પણ જોઈએ. યુદ્ધમાં શું કૂટનીતિ નથી હોતી? જીવન પણ એક પ્રકારનું યુદ્ધ જ છે. જે ચતુરાઈ ન જાણતો હોય તેને તેનો પ્રતિદ્વંદ્વી હરાવી દેશે. કેટલાક લોકો કદાચ એમ કહે કે આ બેઈજ્જતી છે, ધૂન છે. એ કહેવાની પરવા ન કરવી જોઈએ. કૂતરાનું માંસ ખાઓ તોયે એની નિંદા દસ દિવસ જ થશે. મેં વેટ્ટિયારની જમીન જે ખરીદી હતી એની વાત તમને ખબર છે ને?"

કોચ્ચુપાપ્પિ એવી રીતે બેઠો જાણે કહેતો હોય – કેટલીયે વાર આ વાત કહી છે, પણ એક વાર ફરી કહી નાખો. તમારા પંજામાંથી છૂટવાનું કાંઈ સહેલું નથી.

પણ પહેલાંની જેમ વાતો-પ્રસંગો કહેવા જેવી હવે કુંયેનાચ્ચનની તબિયત રહી નથી. હાંફી જાય છે. દીનામ્મા રસોડામાંથી આવી; બોલી : "જમ્યા પછી બહુ વાતો કરવાથી તમને થાક લાગશે. થોડી વાર આરામ કરો ને? દસ ડગલાં ચાલતાં તો ફેર આવે છે."

"ના, ના, થાક, નબળાઈ કશું નથી. તું અંદર જા. મોં બીડી રાખવાથી શું માણસ મોતથી બચી જશે? આદમની જેમ નવસો ત્રીસ વર્ષ જીવશે? છ મહિના કે વરસદિવસનું આયુષ્ય વધારવાથી શો લાભ? – અચ્છા, તો હું કહેતો હતો કે વેટ્ટિયાર ગામનો એક છાશવાળો નાયર હતો –"

દીનામ્માએ ઈમાનદાર કોચ્ચુપાપ્પિને પૂછયું : "પાન નહીં ખાઓ, કાકાજી?"

"છે? તો ખવડાવ. પાન-સોપારી કૂટવાં પડશે."

"પાંચ શેર દૂધના મઠ્ઠાથી ભરેલી મટકી ટોપલીમાં મૂકી દર ત્રીજે દિવસે આવતો. પૈસા-બે પૈસાનો મઠ્ઠો વેચતાં સાંજે મીઠું-મરચું ખરીદી ઘેર ચાલ્યો જતો. આખો દિવસ રઝળપાટ કર્યા પછી, હેરાન થયા પછી છેવટ મળતું શું? એક આની – બે આની. એક દિવસ પેલો – શું નામ હતું એનું? શંકરન નાયર – શંકરન નાયર મારી પાસે આવીને બોલ્યો : 'કુંયેનામાપ્પિલા. થોડીક મદદ કરો ને? મને પચાસ રૂપિયા જોઈએ છે. પત્ની ઈસ્પિતાલમાં છે. દવા લેવી છે.' છૂટોછવાયો વેપાર કરવાને લીધે મારી પાસે થોડા પૈસા ભેગા થયા હતા. એમ ને એમ પૈસા શી રીતે આપી દઉં? એણે એક રસ્તો પણ સુઝાડયો. એની પાસે પાંચ 'પરા' જમીન છે. સાત ભાગીદાર છે. પોતાનો ભાગ લખી

આપશે. બાકીના છ જણ બીજા ગામમાં છે. બે બહેનો અને એમનાં સંતાનો. ખેતીનો હક આપી દેશે. બીજાનું મહેસૂલ એમણે આપવાનું બસ!

હું વિચારમાં પડયો. સોદો કરું કે નહીં. પરસેવાની કમાણીના પૈસા પર પાણી ફરી વળે તો? અમારા દખ્ખણાદા ઘરના મામાજી ત્યારે જીવતા હતા. એમની સલાહ લેવાની ઈચ્છા થઈ. પણ એમની સલાહ-શિખામણ પ્રમાણે વેપાર કરવાનું બનતું નહોતું. એ કહેતા : "કામ થાય તો ઠીક. નહીં તો તારાં નસીબ." નાનપણથી જ મેં એક ટેવ પાડી હતી કે કોઈના કહેવા માત્રથી હું કોઈ કામ ન કરતો. બીજાનું કહેવું સાંભળતો જરૂર. જે વાજબી લાગે તે સ્વીકારતો. મને શ્રાદ્ધા હતી કે ભગવાન દરેક કામમાં સાથ આપશે. કેશવન નાયરને રૂપિયા આપ્યા. . . .

કોચ્ચુપાપ્પિએ ભૂલ સુધારી : "શંકરન નાયર ને?"

"હા, શંકરન નાયરને. એણે પોતાનો ભાગ લખી પણ આપ્યો. એ વખતે ડાંગર પાકી હતી. કાપણી પછી હું એક બળદ અને બળદવાળાને લઈને ખેતર ખેડવા ગયો. ત્યારે બધાએ આખી વાત સાંભળી. શંકરન નાયર ચીંથરેહાલ હતો, પણ એના ભાણેજો ખાધેપીધે સુખી હતા. એક ગુંડાએ પૂછયું : 'કોણ છે તું?' ઝઘડો. દલીલો. કયાંકનો કોક ખ્રિસ્તી ખેતર ખેડી રહ્યો છે. બધી વાતો જયારે એમને જણાવી ત્યારે એમણે પૂછયું કે શું બીજા ભાગીદારો પાસેથી પટ્ટો લખાવ્યો છે? હું હારી ગયો. બળદ છોડી નાખીને ઘેર ગયો. વાત વધારવાથી લાત ખાવી પડત. દુધાળ ગાય આપીને મારકણો બળદ ખરીદવા જેવો ઘાટ થયો."

કુંયેનાચ્ચને જરા શ્વાસ ખાધો. થાકોડાનો અનુભવ થતો હતો. હવે દીનામ્મા પણ બારણાની આડશમાં ઊભી રહીને વાત સાંભળી રહી હતી; જોકે સસરાને વાત કરતા એણે જ રોકયા હતા. પહેલાં આ વાતો સાંભળી છે, તોપણ હજી મજા આવે છે. શક્તિ હોત તો વાર્તા સાંભળાવવા સાથે અભિનય પણ કરત.

કુંયેનાચ્ચને ફરી વાત શરૂ કરી. એટલામાં શિવરામકુરુપ આવ્યો. એની ચાલ પણ તાલબદ્ધ હતી. પગલાંના અવાજથી માણસને ઓળખી શકાતો હતો. દીનામ્મા અંદર ચાલી ગઈ.

"આવો કુરુપભાઈ, બેસો." — એમ કોચ્ચુપાપ્પિએ કહ્યું. કુંયેનાચ્ચન તો બધું વીસરીને વાતમાં ડૂબેલા હતા. "હું તો અહીં નહોતો આવ્યો. કોચ્ચુકૃષ્ણનને કહી દીધું કે બળદ લઈ જા."

"કોણ કોચ્ચુકૃષ્ણન?"

"બળદવાળો. તમે બેઠા બેઠા શું સાંભળો છો? કોચ્ચુકૃષ્ણન નહીં, ઉમ્મિણી. કોચ્ચુકૃષ્ણન ઉમ્મિણીનો મોટો ભાઈ છે. હું તો સીધો ચેપ્પાઢ ગામ ગયો. અંદરથી ધૂંઆપૂંઆ થઈ ગયો હતો. ગમે તે રીતે બચીને પાછા ફરવું જોઈએ. જમીન મૂકો પડતી. રૂપિયા મળી જાય તો બસ. પૂછપરછ કરતો ગામ પહોંચ્યો. એ લોકો પણ ખાધેપીધે ઠીક હતા. એમનામાંથી એક સજ્જનને સમજાવી લીધા. એ ગુંડો હતો, શરાબી પણ. એણે સારી ખાતરબરદાસ્ત કરી, તેની વાત ટૂંકમાં કહું. મહેસૂલનો પટ્ટો લખવા ગયો હતો. પાછો ફર્યો ત્યારે, એક પણ રોકડો પૈસો આપ્યા વિના આખા ખેતરના વેચાણનો કાગળ લખાવી લીધો હતો. રકમ હપતામાં ચૂકવી."

શિવરામકુરુપે કહ્યું : "મેં આ બધી વાતો પહેલાં સાંભળી છે."

"શું?"

"આ વાતો પહેલાં સાંભળેલી જ છે."

"સાંભળી હશે, એમાં શી ધાડ મારી? ખરું ને?"

"જરાય નહીં."

કોચ્ચુપાપ્પિ ઊઠયો. બોલ્યો : "જાઉં તો! એક બકરો ઘેર ભૂખથી તરફડે છે. ક્યાંકથી ફણસનાં થોડાં પાંદડાં ભેગાં કરવાની આશાથી ઘેરથી નીકળ્યો હતો."

"ભલે જાઓ."

કોચ્ચુપાપ્પિના ગયા પછી કુંયેનાચ્ચને શિવરામકુરુપને પૂછ્યું :

"ચીજ મળી, કુરુપ?"

"હા, એ વિના શું આવું કે?"

કપડાના છેડે બાંધેલી પોટલી કાઢી.

"આજ માટે જરા પણ બચ્યું નહોતું એટલે બહુ હેરાન હતો. એના વિના ચાલતું નથી, કુરુપભાઈ! નાનપણથી જ ટેવ પડેલી છે ને! પેલો કિસ્સો તો જાણો છો ને?"

"તમે કહ્યો છે."

"હા, શું શું નથી કર્યું? બધું જાણે ગઈ કાલની જ વાત. એંશી-નેવું વર્ષ એક ક્ષણમાં જાણે પૂરાં થઈ ગયાં."

"માણસ શું વિચારતો હશે? તે એવો દોટ મૂકીને દોડે છે, જાણે સંસારના અંત સુધી જીવતો રહેવાનો હોય!"

"એ તો માયા છે. પરમાત્મા મનુષ્યને માયા પાછળ ભમાવે છે. ફણસનાં પાંદડાંની પાછળ ભમતા બકરાની જેમ...."

"ખરી વાત." "સાચી વાત."

"કુરુપમામા!" રસોડામાંથી નાની સિસિલી દોડતી આવી.

"અરે, સિસિલી બેટા! આવ, આવ." કુરુપે સિસિલીને ખોળામાં બેસાડી.

"મામા સાથે મારી કિટ્ટા. વાર્તા કહેવાની વાત કરીને છેતરીને મને?"

"બસ, આટલી અમથી વાત પર કિટ્ટા? સિસિલી દીકરીને કેટલી વાર્તા કહું? રાજકુંવર અને રાજકુંવરીની વાર્તા. માટીના ઢેફા ને પાંદડાની કાશી-યાત્રાની વાર્તા... પણ વાર્તા કહું તો મને શું આપીશ?"

"ખીર."

"ક્યાં છે?"

"મા બાફી રહી છે."

કુરુપ મોટેથી હસ્યો: "અચ્છા! સિસિલી બેટીની મા ખીર બાફી રહી છે, તો ખાઈને જઈશ."

કુરુપે મોટેથી વાત બેવડાવી, ત્યારે કુંયેનાચ્ચનને સમજાઈ. તે પણ હસ્યા.

સિસિલીએ પૂછ્યું: "તો શું ખીરને શેકાય?"

લાડથી કુરુપે સિસિલીના ગાલ ચૂમી લીધા. એ જ વખતે કુંયુચેરુક્કન આવી પહોંચ્યો. એના હાથમાં કેળનાં પાંદડાંનું પોટલું હતું. શિવરામકુરુપ આમ તો ખીર ખાઈને જ ગયો હોત, પણ કુંયુચેરુક્કનને જોઈને તેણે તરત જ વિદાય લીધી. એનું કારણ હતું. બંને વચ્ચે હવે સ્નેહભાવ નથી. પહેલાં બંને મિત્ર હતા. પણ એક બાબત પર બંને છૂટા પડી ગયા હતા. કુરુપને ખબર હતી કે કુંયુચેરુક્કન જેમ ફાવે તેમ બોલશે. એટલે એણે ત્યાંથી સરકી જવામાં જ શાણપણ માન્યું.

કુંયુચેરુક્કને પૂછ્યું:

"કેમ સૂતા છો, બાપા?"

"બહુ સારો પ્રશ્ન પૂછ્યો. તો શું કરું? ભાગી જાઉં?"

"ઊઠીને બેઠા ન થઈ શકાય?"

"... ..."

"બાપા!"

"હું."

"લો, થોડું માંસ. તાજા વાછરડાનું છે."

કુંયેનાચ્ચને પડખું બદલ્યું અને પોટલી તરફ નજર નાખી. ઈઝરાયલનાં સંતાનો માટે આકાશથી જેમ ભોજન આવે તેવી અજબ આ વાત હતી. આ તો આંકડામાં પરોવેલો ટુકડો છે. શો ઇરાદો છે?

"લો દીનામ્મા, આ લઈ જાઓ."

દીનામ્માએ બહાર આવીને પોટલી લઈ લીધી.

"સારી પેઠે મીઠું-મરચું નાખીને બાપા માટે ભૂંજી આપો. આ બાપાએ મોકળા હાથે ખર્ચ કર્યું અને ટેસથી જીવન વિતાવ્યું. મારી તો લાચારી છે, નહીં તો શું હું બાપાને આમ છોડી દઉં? ગયા શ્રાવણથી માંડી, રામકૃષ્ણની દુકાનેથી વસ્તુઓ ખરીદી છે. આપતાં-લેતાં હજુ સાઠ રૂપિયાનું કરજ બાકી છે. એ માથા પર સવાર છે. એને ન ચૂકવું તો પછી કોઈની પાસેથી લઉં શી રીતે?"

કુંયુચેરુક્કન બે ક્ષણ પિતાના જવાબની રાહમાં ઊભો રહ્યો. ધુમાડાથી કાળી પડી ગયેલી છત પર આંખ માંડીને કુંયેનાચ્ચન પડયા હતા. *બઝનાના ઝાડના પાટડા સડી ગયા હતા.

"જાઉં તો, બાપા! કોઈની પાસેથી થોડા પૈસા ઉધાર લેવા છે."

"જા."

કુંયુચેરુક્કને પગ ઉપાડયા. ફાટક સુધી જઈ પાછો આવ્યો: "બાપા!"

"હં!"

"પેલા દિવસે ફિલિપ્યોસે જે પૈસા આપેલા, તે તમારી પાસે છે? છોકરાના પૈસા આવતાં જાતે જ આવીને આપી જઈશ."

"શું?"

કુંયુચેરુક્કને વિનય અને શાંતિથી પોતાની વાત ફરી કહી. પછી શાનથી ઉત્તરની રાહ જોતો ઊભો રહ્યો.

કુંયેનાચ્ચન મનોમન હસ્યા. વાહ! આમ વાત હતી! અહીં પણ એ જ ચાલ છે, જે યાકૂબ ઇસહાકને છેતરવા માટે ચાલ્યો હતો. યાકૂબને પિતાના આશીર્વાદ મળ્યા અને ઘરનું વડીલપણું પણ. તને તો માત્ર થોડા પૈસા જ જોઈએ છે.

"એ શું કમાણી કરવા માટે લીધા હતા? ખર્ચાઈ ગયા હશે."

"તો હું જાઉં બાપા!"

બિચારો! મનમાં કૌતુક થયું. મેં જ એને દાણા ચણતાં શીખવ્યું. પણ શી એની ચતુરાઈ! તે પોતાના ઘરમાં જ ચાલાકી કરતાં શીખી ગયો છે....

"બેટી!"

"શું?"

"ફિલિપ્યોસે આપેલા રૂપિયામાંથી કેટલા બચ્યા છે?"

"ચાળીસ-પચાસ હશે."

* એક પ્રકારનું વૃક્ષ.

"એ તારા દિયરને ઉધાર આપ . . . ."

દીનામ્મા અચકાઈ. અરે ભગવાન! એ તો કાંઈ પાછા મળવાના નહીં!

"આપ એને. કાલ-પરમ દી એના છોકરાના પૈસા આવતાં પાછા આપી જશે."

એમનેય ખબર હતી કે એવું કદી બનવાનું નથી. માત્ર વહુને મનાવવા પૂરતી વાત હતી.

દીનામ્મા રૂપિયા લાવી તે કુંયુચેરુક્કને લઈ લીધા. ચહેરા પર એવા ભાવ પ્રદર્શિત કર્યા, જાણે પૈસા લઈને બહુ મોટી ભૂલ કરી હોય. તે ગયો. ફાટક સુધી જઈને પાછો આવ્યો. બોલ્યો : "બાપા, કંઈ ભળતું માની બેસતા નહીં. દીનામ્માને પણ જણાવવા માગું છું. આ ઉઠાવગીર કુરુપ હંમેશાં અહીં શા માટે આવ્યા કરે છે? એ શું ઉંબરામાં પગ મૂકવાનેય લાયક છે? આપણા દુશ્મન નાયર-કુટુંબનો જમાઈ. બાપાને વાતચીત કરવા માટે આપણી કોમમાંથી કોઈ ન મળ્યું? કોઈ ન હોય તો હું પોતે આવીને બેસીશ. . . ."

"હં. . ."

"જયારે પણ આવું ત્યારે એ અહીં જ હોય. શું કામ આવે છે એ અહીં?"

"તું જા. જઈને દુકાનદારના ઉધાર ચૂકવી દે. મને તેલ અને લેપ ખરીદવા માટે પૈસા જોઈએ છે. સોમવાર પહેલાં પાછા આપી જજે."

"અરે, કહ્યું તો ખરું. છોકરાના પૈસા આવે કે તરત અહીં લઈ આવીશ. બાપાને મારા પર પાંચ પૈસા માટે પણ વિશ્વાસ નથી!"

કુંયુચેરુક્કન ગયો.

ચાર

દીનામ્મા રસોડું અને વરંડો લીંપતી હતી. બાપુજી જે વરંડામાં સૂએ છે ત્યાં ભોંયમાં ઠેકઠેકાણે ગાબડાં પડયાં છે. લીંપવાનો મોકો મળતો નથી, કોઈક ને કોઈક આવેલું જ હોય છે. લાકડાંનું ભોંયરું ને લાકડાંનાં પાટિયાંનું જૂનું ઘર છે. ચારે બાજુ વરંડો છે જે બહુ ઊંચો નથી. ધ્યાન રાખીને ન ચાલે તો માથું અથડાય. પૂર્વ અને ઉત્તરમાં આંગણું છે. ઉત્તર બાજુના આંગણામાં મોટા જંગલી પથ્થરોથી બનાવેલું કૂવાનું થાળું છે. અંદરના ઓરડામાં તો સુવાય તેમ જ નથી. અંદર હવા કે અજવાળું, કશું આવી શકતું નથી. નારિયેળનાં પાંદડાંની ચટાઈ કરી દક્ષિણ બાજુ ઓરડા જેવું કર્યું છે. એમાં સૂએ છે. . . .

"વહુ!"

"આવી, બાપુજી!" હાથ ધોઈને તે આવી.

"શું કરતી હતી?"

"વરંડો લીંપતી હતી. બધું ભાંગી ગયું છે."

"છત પણ બદલવા જેવી છે. પાટડા બધા જીર્ણ થઈ ગયા છે."

"એ બધું શું સહેલું છે?"

"શું?"

"આપણે શું ફિલિપ્પોસભાઈની જેમ બે માળનું મકાન બનાવીને થોડા જ રહી શકીએ એમ છીએ? ચટાઈ કરી કુટિર બનાવીને અહીં જ રહીશું. ભૂખ્યા ન રાખે એટલી બસ પ્રાર્થના છે."

"ભૂખ્યા નહીં રાખે."

"બાપુજીને આટલી ખાતરી શાથી છે?"

"છે. અત્યાર સુધી ભૂખે મરવાનો વારો આવ્યો નથી. પેદા થયો ત્યારે પાસે કાણી કોડી સુધ્ધાં નહોતી. ન રહેવા માટે ઘર, ન ખેડવા માટે જમીન. પણ મેં ત્રીસ 'પરા' ખેતર અને સાડા ત્રણ એકર જમીન મારાં સંતાનોમાં વહેંચી આપી. જે પ્રભુએ આટલું આપ્યું એને માટે કશું જ અશક્ય નથી. મુસામાં ઈઝરાયલના લોકોને કનાન દેશ લઈ જવાની કઈ તાકાત હતી? મુસાએ યહોવાને નિવેદન કર્યું : 'હે પ્રભુ, તેં પહેલાંથી જ બંદા સાથે વાતો કરી છે તોપણ બોલવામાં હું ચતુર નથી. હું જાડી જીભનો, તોતડો માણસ છું.' યહોવાએ એને કહ્યું : 'મનુષ્યનું મોં કોણે બનાવ્યું છે? મનુષ્યને મૂગો કે બહેરો, દેખતો કે આંધળો, મારા સિવાય કોણ બનાવે છે? આથી તું જા, હું તારી વાણીની સાથે રહીશ, અને તારે જે કહેવાનું હશે તે શીખવતો જઈશ."

"આ રામકહાણી શા માટે કહો છો? મેં તો અમસ્તું પૂછ્યું હતું."

"તને શી ખબર કે મેં આ ચોક ને આ ઘર કઈ રીતે ખરીદ્યાં હતાં?"

"મને એ વાત સાંભળવાની નવરાશ નથી. શા માટે મને બોલાવી હતી?"

"મને થોડી ગરમ કાંજી જોઈએ છે."

"કાંજી હજી ગરમ નથી થઈ. ઊકળી જાય કે લાવું છું."

"ભલે, વાત ન સાંભળવી હોય તો ન સાંભળતી, જા. સાંભળીશ તોયે તને એ કઈ રીતે સમજાવાની હતી? તું તો ત્યારે જન્મી પણ નહોતી. અરે, તારી મા પણ જન્મી હતી કે કદાચ નહોતી જન્મી. કોચ્ચાપ્પિ પાસેથી ઘર ખરીદ્યું ત્યારે મારી ઉંમર વીસ વર્ષની જ હતી. સિત્તેર વર્ષ વીતી ગયાં. કોચ્ચાપ્પિ

પૈસા કમાવાની ધૂનમાં કોલંબો ગયો હતો. બિચારો! આ મહોલ્લાના સૌથી પ્રતિષ્ઠિત કુટુંબનો સૌથી નાનો છોકરો હતો. કોઈક જમાનામાં આ આખોયે મહોલ્લો એ કુટુંબના વડીલ ઈશોનો હતો. ઘોડા પર બેસી તે ગામ ફરતું ચક્કર લગાવતા. બીજી વાત પણ છે, કોઈક જમાનામાં પેરિહ્નશેરીથી ચાર ભાઈઓ ભાગી આવેલા. એમનામાં જે સૌથી મોટો હતો, તે આ પનચ્ચિગૂડ મહોલ્લામાં આવીને વસેલો. એ પોતે કદાચ ઈશોના દાદા હશે. બાકીના ત્રણ ભાઈઓમાંથી એક અમ્પલતાબેમાં, બીજો માનેકાટમાં અને ત્રીજો કટ્ટાનમમાં રહ્યા. કોને ખબર આ વાતમાં કેટલું સાચું હશે, કેટલું ખોટું! ગમે તેમ પણ મેલોઝત્તુ કુટુંબ પ્રખ્યાત હતું. પણ બધું વેચતાં વેચતાં ઠેકાણે કરી નાખ્યું. મોટું ઘર સુધ્ધાં તોડીફોડીને વેચી નાખ્યું. અત્યારે જે મકાન છે તે કોચ્ચાપ્પિના કાકાએ બંધાવ્યું હતું. કોચ્ચાપ્પિના દિવસોમાં ભૂખે મરવાનો વારો આવ્યો. તે કાળાં મરી તોડવા નીકળ્યો હતો. ત્યારે કુંયેના પણ છૂટક વેપાર કરતો હતો. મોટા પાયે વેપાર કરવા માટે પાસે પૈસા ક્યાં હતા? તે વેલ પરથી કાળાં મરી તોડતો ગામડાંમાં ઘેર ઘેર જઈ મગ અને કળથી એકઠાં કરતો. રોજની મજૂરી એક આનો. એ અને એની મા, બે જણાં જ હતાં. મત્તાયિકાલને તાડીની દુકાન સામે મેજિક રાવુત્તારે છરો ભોંકીને મારી નાખ્યો. મા જયારે મરણ પામી ત્યારે કોચ્ચાપ્પિ કોઈકની સાથે સિલોન ચાલ્યો ગયો. ચાર-પાંચ વર્ષ પછી આવ્યો. પાછો આવ્યો ત્યારે પાસે ખાસ્સી એવી રકમ હતી. મિત્રો સાથે મળીને દસેક દિવસમાં ઉડાડી દીધી. એક દિવસ અડધી રાતે મારી પાસે આવીને કહ્યું : "કુંયેના, કાલે સવારે મારે કોલંબો જવું છે."

"તેં તો કહેલું કે લગ્ન કરીને તું અહીં જ સ્થિર થવા માગે છે?"

"એ શક્ય નથી."

"કેમ?"

"થોડીક ગરબડ છે."

પૂછપરછ કરતાં ખબર પડી કે ગોટાળો છે. સિલોનમાં એની પરણેલી પત્ની અને બાળક છે. ત્યાંથી પોલીસ આની તપાસમાં આવી છે. નહીં જાય તો મુશ્કેલી ઊભી થશે.

"હવે હું પાછો નહીં આવું. ઘર અને ફળિયું જોઈએ તો હું આપવા તૈયાર છું."

આવો તો ખ્યાલ જ નહોતો. 'પોતાનું ઘર' હોય એ વાત જાણે અકલ્પ્ય હતી. જયારથી ભાન આવ્યું ત્યારથી ઘર નહોતું. ગોસાંઈઓની જેમ પોટલું

પીઠ પર લાદીને ઘૂમતા હતા. અફીણનો વેપાર હતો. ચોરીનું અફીણ. તામિલનાડુથી ચોખાજાખાલે લઈ આવતા. નાની નાની ગોળીઓ તૈયાર કરી ગ્રાહકોને આપતા હતા. અડધા આનાની એક ગોળી. થોડા દિવસ પિતા સાથે ફર્યા. પિતા હંમેશાં અફીણના નશામાં ચૂર રહેતા હતા. યાદશક્તિ મંદ પડી જતી. ઝોળીમાં દસ ચક્રમ* હોય તો થોડી વાર પછી ગણીને કહેતા : "ચૌદ હતા. તેં જ ચોર્યા છે આપી દે." આડેધડ મારવા લાગતા. થોડા દિવસો પછી પિતાની સાથે ફરવાનું છોડી દીધું. એમનાથી દૂર, બચીને રહેતા. કોઈનું નાનું-મોટું કામ કરી આપતા અને મજૂરી મળ્યે એમાંથી પુટ્ટ અને ચણા ખાતા. પશુઓને પાણી પિવડાવતા, ખાતર લઈ જતા, પાણી ભરતા, બધું કરતા.

માત્ર એકસો પંચાણું રૂપિયામાં કોચ્ચાપ્પિનું ઘર અને ફળિયું ખરીદ્યાં હતાં. પાયો એનો એ જ છે. ઘર જરા નવેસરથી બનાવડાવવાનું મન તો હતું, પણ એ આશા પૂરી ન થઈ. બધી અભિલાષાઓ થોડી જ સફળ થાય છે? પરમાત્માની કૃપા પણ જરૂરી છે. એની કૃપા વિના તરણું સુધ્ધાં હલતું નથી. એના હાથમાં એક એક જીવધારીનો પ્રાણ અને એક એક દેહધારી મનુષ્યનો આત્મા પણ રહે છે. જે રીતે જીભ વડે ભોજન ચાખીએ છીએ, તે રીતે શું કાન વડે વચન ન પારખી શકાય? તે જેનું તોડી પાડે, તેનું ફરીથી બનાવી શકાતું નથી. જે મનુષ્યને તે બંધ કરે તેને ફરી ખોલી શકાતો નથી. તે જ્યારે વરસાદને રોકી રાખે છે ત્યારે પાણી સુકાઈ જાય છે. તે જ્યારે પાણી છોડી દે છે ત્યારે પૃથ્વી ઊથલપાથલ થઈ જાય છે. . . .

દીનામ્મા શાક બનાવતી હતી. મલ્લુંપરંપુના કીવરીતની નાની દીકરી લીલામ્મા અને કાલાયિના ફિલિપ્પોસની દીકરી પોન્નમ્મા આવ્યાં.

"અરે! આ કોણ આવ્યું? આજે ભૂલાં પડયાં કે શું?"

"ભૂલાં તો કોઈ દિવસ પડતાં નથી."

"નાનાં હતાં ત્યારે આ જ રસ્તા પર ડગુમગુ કરતાં ચાલતાં શીખ્યાં હતાં, કાકી!"

"એ તો નાનપણની વાત હતી. હવે તો તમે મોટી સ્ત્રીઓ બની ગઈ છો ને?"

"નહીં તો? હંમેશાં શું નાની બાળકી બની રહી શકાય?"

"ના રે ના, જો ને, એક તો પેટમાં બાળકને લઈને આવી છે."

* એક સિક્કો. — અનુ૦

લીલામ્મા સંકોચથી કોચલું વળી ગઈ. દીનામ્માને થયું કે લજ્જાને કારણે એનું મોં વધુ સુંદર બની ગયું છે. આમ પણ, મોટાભાઈની પાંચે દીકરીઓ સુંદર છે. સૌથી મોટી દુર્ભાગ્યે બીમાર પડી ગઈ. કહેતા હતા કે પ્રસૂતિ વખતે બોલાવવા માટે પૈસા નહોતા. બિચારાં મોટાંભાભીએ બીજા લોકો પાસેથી કરજ લઈને પ્રસંગ સંભાળ્યો. એમની જ આબરૂની વાત હતી. પોલમ્માનાં લગ્ન તો હજી છ મહિના પહેલાં જ થયાં. કોઈને ખબર નથી કે દહેજની રકમ કેટલી છે. પતિ કે ભાઈને કંઈ જણાવ્યું નથી. પતિની કમાણી દીકરીને આપે છે. કહે છે કે જમાઈના પિતા પણ ઠેકેદાર છે. રોજિંદા ખર્ચ માટે દસ હજાર રૂપિયા પણ આપ્યા. આગળ ઉપર મોટર આપશે, ઘર પણ બાંધાવી આપશે. સાંભળ્યું છે કે . . . .

"દાદાજી ઘસઘસાટ ઊંઘી ગયા હોય એવું લાગે છે. અમે થોડી વાર ઉગમણી પરસાળમાં ઊભાં રહ્યાં. એક વાર બૂમ પણ પાડી, પણ આંખો ઉઘાડી નહીં."

"ઊંઘ-બૂંઘ કાંઈ નથી. અફીણનો નશો છે. ઊંઘ તો એમને છે જ નહીં. અડધી રાતે સૂકું પાંદડું પણ ખખડે તો પૂછશે કે કોણ છે?"

લીલામ્માએ કહ્યું : "અત્યારે જોઈએ તો ઓળખવાનુંયે મુશ્કેલ પડે કે આ એ જ પહેલાંના દાદા છે. મોં સુધ્ધાં બદલાઈ ગયું છે."

દીનામ્માને થયું – આ શું કહેવા માગે છે? એમ, કે અમે દાદાને ભૂખ્યા રાખીને નબળા કરી નાખ્યા છે! તેણે કહ્યું : "હવે ઉંમર થઈ એની નબળાઈ છે. અહીં ભલે ભૂખ હોય કે ગરીબી, બાપુજીને કાંઈ ખબર પડવા દેતાં નથી."

"એવું કોણે કયારે કહ્યું? વહાલાં કાકી, મારા મનમાં એવો કોઈ ખ્યાલ નહોતો."

પોન્નમ્માએ દીનામ્માને ટેકો આપ્યો : "દીનામ્માકાકી રાખે છે એટલી સારી સંભાળ બીજું કોઈ ન રાખી શકે."

"એ તો મને પણ ખબર છે. પૈસા હોય કે ન હોય, સેવાચાકરી જ મહત્ત્વની વાત છે."

દીનામ્માએ પ્રસંગ બદલી નાખ્યો : "જવા દો, પોન્નમ્મા, તે દિવસે આવી પછી ગઈ નથી?"

"ના, કાકી!"

"જોણિભાઈ હજુ આવ્યા નથી?"

"મદ્રાસ ગયા છે. સોમવારે આવશે."

દીનામ્માએ પૂછયું નહીં કે કેમ ગયા છે. મદ્રાસ-મુંબઈની વિમાની સફર કરતા રહેતા લોકોને એ વિશે પૂછવું ઠીક નહીં. ગયા અઠવાડિયે દેવળમાં પોન્નમાને જોઈ ત્યારે એના ગળામાં બીજો હાર હતો. આજે જુદો છે . . . .

"સિસિલી બેબી તો સ્કૂલે ગઈ હશે ને?"

"હા, હમણાં આવશે."

"નાના કાકા કયાં છે?"

"બે દિવસથી બહાર ગયા છે. કન્વેન્શનની પાછળ લાગેલા છે. તારા કાકા કયાં પૂછે છે કે ઘરમાં શું છે, શું નહીં? બસ, જયારે આવે ત્યારે જમવાનું તૈયાર મળવું જોઈએ. દીકરી, તને ખબર છે, હું કેટલી કચડાઈ રહી છું?"

પોન્નમ્માએ કહ્યું : "એ તો મારી મા હંમેશાં કહ્યા કરે છે."

"શું કરું, બેટી? પરોઢિયામાં ઊઠી જાઉં છું. મોડી રાતે છેક આંખ મીંચીને ઊંઘી શકું છું. હું તો દાદાની સેવા કરું, ઘર સાંભાળું, કે મહેમાનોની ખાતરબરદાસ્ત કરું? આ વાત કહેવાનું ખાસ કારણ છે. મારી દીકરી, આપણા કુંયપ્પિની પત્ની અમ્મિણી પરમ દિવસે – પરમ દિવસે નહીં ગયા અઠવાડિયે – અહીં આવી હતી. સાંજનું ટાણું હતું. બાપુજી પાસે બે-ચાર માણસો બેઠા હતા. હું ખૂબ કામમાં હતી. એ બાઈએ કલ્લુવિલા ઘરની કાકી પાસે જઈને ફરિયાદ કરી કે મેં એનું બરોબર સ્વાગત કર્યું નહીં. વાહ! મોટા સાહેબની દીકરી ખરી ને? જાણે બીજા લોકો જાણતા જ ન હોય! મેં સાંભળ્યું કે એણે બીજી પણ ગંદી વાતો કરી હતી. શું કામ ન કરે? જે શીખવ્યું હોય તે જ ગાણું મોંએથી નીકળે ને!"

અવાજ જરા ધીમો કરી દીનામ્મા આગળ બોલી : "તમે લોકો નાનાં છો, તોપણ કહું છું. કુંયપ્પિ સાથે લગ્ન કર્યા પછી પણ એ બાઈનો જૂનો પ્રેમી એને ત્યાં આવતો રહે છે. ખેર, આપણે શું લાગેવળગે?"

પોન્નમ્માએ કહ્યું : "ઠીક છે, આપણે બીજાની વાતો શા માટે કરવી?"

લીલામ્મા કંઈ બોલી નહીં. એણે આ વાત જુદા સ્વરૂપે સાંભળી હતી. અમ્મિણીકાકી અને દાદા માટે સરસ માછલીનું શાક તૈયાર કરીને લાવી હતી. વાતવાતમાં તે બોલી ગઈ : "દાદાજીના દિલમાં છે તે પ્રમાણે થતું નથી એટલે તે આટલા નબળા છે."

દીનામ્માકાકી આ સાંભળીને શાની ચૂપ રહે? બોલી : "એટલી બધી મમતા હોય તો લઈ જાઓ અને પાંચ-છ મહિના ખવડાવો-પિવડાવો." વાતનું વતેસર થઈ ગયું. પહેલેથી જ બંનેમાં અણબનાવ તો હતો જ.

વાત બદલવા લીલામ્માએ પૂછયું : "રાજનભાઈના પત્રો આવે છે ને, કાકી?"

"ગયા અઠવાડિયે આવેલો. બે મહિનામાં કદાચ રજા પર આવશે."

પોન્નમ્માએ પૂછયું : "કાકીએ સાંભળ્યું કે? કલ્લુવિલા નવું મકાન બનાવવાના છે. કેશવન મિસ્ત્રી કાલે ઘર બનાવવાની બરોબર જગ્યા જોતો હતો."

દીનામ્માએ આશ્ચર્યથી પૂછયું : "કુંયુચેરુક્કનકાકા ઘર બનાવે છે? તને કોણે કહ્યું?"

"અમારો સામભાઈ ત્યાં જ હતો. ત્રણ મોટા ઓરડા, પોર્ટિકો, રસોડું — બધું છે. મારા બાપા કહેતા હતા કે ઓછામાં ઓછા પંદર હજાર રૂપિયા તો લાગશે જ."

લીલામ્મા બોલી : "એ પણ ભલે સારું ઘર બનાવીને એમાં રહે."

"કહે છે કે દાની ભાઈ ઘણી મોટી રકમો મોકલે છે. પૈસા બાપાના નામે નથી આવતા; બીજાના નામે આવે છે. કહે છે, ચોરબજારીનો પૈસો છે. છાનામાના કોઈક વાર પોતે પણ આવી જાય છે. સાંભળ્યું છે આવું."

દીનામ્માએ કહ્યું : "લીલામ્મા, તું કહે છે તેમ, ભલે એ લોકો મજામાં રહે. પણ આ ચાલાકી અને દાવબાજી છોડી દે તો બસ!"

"એટલે?"

"એટલે ઘણુંબધું. પેલે દિવસે બધા ભાઈઓ બાપુજીનું ખર્ચ નક્કી કરવા એકઠા થયેલા ને? એ વખતે પોન્નમ્માના બાપે સો રૂપિયા આપેલા. એમાંથી થોડા તો ખર્ચાઈ ગયા હતા. પચાસ બચેલા. કુંયુચેરુક્કનકાકા એ પૈસા એમ વાયદો કરીને લઈ ગયા કે ત્રીજે દિવસે ચોક્કસ પાછા આપી દેશે. પૂરો મહિનો થઈ ગયો. મને બહુ મુશ્કેલી પડી ત્યારે હું પૈસા માગવા તેમને ત્યાં ગઈ. હાય રે દીકરી, પંદર હજારનું ઘર બાંધાવવા જેટલી મૂડી હાથમાં રાખવા છતાં આ નિષ્ઠુરતા! હે પ્રભુ! કેવા માણસ છે?"

"દાદાજીનું ખર્ચ શી રીતે ચાલે છે?"

"શું કહું? ભગવાન ચલાવે છે. કુંયપ્પિપએ ગયા આઠવાડિયે પચીસ રૂપિયા આપેલા. પોન્નમ્મા, ફિલિપ્પોસભાઈને આ બધું કહેતી નહીં. મારાથી તને કહેવાઈ ગયું."

લીલામ્મા બોલી : "કાકી, બાપાએ દસ રૂપિયા આપ્યા છે. ખિસ્સાં ખાલી રહેવાને કારણે તે કાંઈ આપી શકતા નથી. મને બોલાવવા માટે પણ કયાંકથી ઉધાર લીધા છે. રોજ સાંજે બાપા કહ્યા કરે છે —– હાય, મારા બાપને હું કાંઈ આપી શકતો નથી! અમારે માટે તેમણે કેટલી તકલીફ વેઠી છે!"

"કીવરીત ભાઈ ક્યારેક ક્યારેક કંઈક બોલી તો નાખે છે, પણ એમના દિલમાં પ્રેમ ભરેલો છે, એ હું બરોબર સમજુ છું."

"ઘેર પણ એ જ દશા છે. ગુસ્સો આવે તો માને અને અમને પણ ખૂબ મારપીટ કરે છે."

"હૃદયના ચોખ્ખા લોકોની આ જ ટેવ હોય છે. રૂપિયા તું જ દાદાના હાથમાં આપ. એ રાજી થશે. . ."

"કોણ છે ત્યાં?"

"જો, દાદાજી જાગ્યા લાગે છે. આવ, પોન્નમ્મા!" લીલામ્મા અને પોન્નમ્મા ઉગમણી પરસાળ તરફ ગઈ ત્યારે પણ કુંયેનાચ્ચન આંખો બંધ કરીને સૂતા હતા.

"દાદાજી!"

"કોણ?"

"હું છું – પોન્નમ્મા!"

"ક્યારે આવી?"

"થોડી વાર થઈ."

"તારો પતિ નથી આવ્યો?"

"ના . . ."

"છોકરાં ક્યાં છે?"

લીલામ્મા હથેળીથી મોં દાબીને હસી. રસોડામાંથી આવેલી દીનામ્માએ પૂછ્યું: "બાપુજી, તમે આને કોલ સમજીને છોકરાની વાત પૂછી હતી?"

"કોણ?"

"આંખ ઉઘાડીને જુઓ તો ખરા?"

કુંયેનાચ્ચને મહામહેનતે આંખ ઉઘાડી જોયું.

"પલ્લુપરંપની લીલામ્મા અને કાલાયિની પોન્નમ્મા છે. દાદાજીને મળવા આવી છે."

"હં."

દીનામ્માએ કહ્યું: "અહીં બેબી પણ બોલાવે તો ક્યારેક ક્યારેક આવા જ હાલ હોય છે. યાદશક્તિ નબળી થઈ ગઈ છે."

"યાદ તો છે, હો! હું એક સપનું જોતો હતો. કુંયમ્માની વાત . . ."

"સાંભળ્યું? તમારી એક ફોઈ સગાઈ પછી, લગ્ન કર્યા પહેલાં મરી ગઈ હતી ને? તેની વાત કહે છે."

લીલામ્માએ કહ્યું : "સાંભળ્યું છે કે નાના કાકા કરતાં પણ નાનાં હતાં."
કુંયેનાચ્ચન બોલ્યા : "સોના જેવો વરણ હતો."
"એ બધી વાતો અત્યારે યાદ કરવાથી શો લાભ, દાદાજી?"
"અમથો જ યાદ કરું છું."
"બાપુજીએ વાત સાંભળી કે? કુંયુચેરુક્કનકાકા એક મોટું ઘર બાંધાવવાના છે. કાલે જગ્યાની તપાસણી વગેરે બધું થઈ ગયું."
"શું?"
દીનામ્માએ કહેલી વાત ફરીથી કહી.
"કોણે કહ્યું?"
"પોન્નમ્માએ. એમનો સાંકુટ્ટિ જોઈ આવ્યો."
કુંયેનાચ્ચન મંદ હસ્યા. સ્વચ્છ હાસ્ય. જમીનનું નિરીક્ષણ થયું હશે. માપ-તોલ પણ કર્યાં હશે. પણ મકાન નહીં બને. પૂછો કે 'કેમ?' તો બસ. એ જ ખરી પરિસ્થિતિ છે. હોશિયારી ઓછી નથી. એકદમ હોશિયાર છે. માછલીઓમાં સૌથી ચાલાક માછલી કઈ છે? ખબર છે? વરાલ.* તે પાણી પર ઈંડાં મૂકે છે. આની ચાલાકી પણ એની કોટિની જ છે. બાકી ચતુરાઈ ને હોશિયારી તો એટલી બધી છે કે એ તો લાખોપતિ બની જવો જોઈતો હતો. તોયે હજી સુધી ઝૂંપડીમાં રહે છે.
ત્યાં જ બે છોકરીઓનાં લગ્ન થયાં. હવે બહાર ગયેલા દીકરાઓના આગ્રહને કારણે ઘર બનાવવા માગે છે. એમને માટે ક્યાંકથી માગું આવે તો છોકરીના પિતા એમ કહે ને કે છોકરો ઝૂંપડીમાં રહે છે! આથી ઘરનું કામ કદાચ ચાલે પણ ખરું.
એકલી હોશિયારીથી કાંઈ વળતું નથી. ઈશ્વરની ઇચ્છા પણ હોવી જોઈએ ને? ફિલિપ્પોસ પાંચે છોકરામાં સૌથી ઓછી અક્કલવાળો હતો. નાનો હતો ત્યારે મહેનતનું કોઈ કામ કરી શકતો નહીં. બાકીના ચારે જીવતોડ મહેનત કરતા હતા. ત્યારે એ જમાનામાં ગુજારો થતો. પશ્ચિમમાં દૂરથી ડૂંડાંનાં પોટલાં માથે ઊંચકીને લાવવાં પડતાં હતાં. ઘાટ પરથી છાણ અને રાખ લાવવાં પડતાં. ફળિયા-માં કોદાળી ચલાવવી પડતી, ખોદવું પડતું. નોકરો કે મજૂરો પાસે આ બધું કામ કરાવવાનું શકય નહોતું. બધા વહેલી સવારે ઊઠી જતા. કોદાળી, ખુરપી વગેરે લઈને નીકળી પડતા. સૌથી મોટો હોય તે જ મુખી બનતો. કામ કરવાની હોંશિયારી બીજા છોકરામાં હતી. કુંયુચેરુક્કન એ વખતે પણ ચુસ્ત-ચાલક હતો.

* એક જાતની માછલી.

ફિલિપ્યોસ કંઈ નહોતો કરતો. પરસેવો થાય કે શરદી-ઉધરસ થઈ જતાં. એને લીધે તે નિશાળે પણ જઈ શક્યો નહીં. તે લગભગ સોળ વરસનો હતો ત્યારે એના એક મામા સડકનો ઇજારો લઈને મજૂરોની સાથે આવ્યા. સડકની મરામત ચળી શું? વાળંદ જેમ વાળ પર અસ્ત્રો ચલાવે એ રીતે સડકની બંને બાજુએ થોડું થોડું ખોદતા હોય છે. મેં કહ્યું કે આ છોકરો બેકાર ફરે છે. તો મામા એને પોતાની સાથે લઈ ગયા. એમની પાસેથી આવ્યો ત્યારે એની પાસે ઠીક ઠીક રકમ જમા હતી. ત્યાંથી શરૂઆત થઈ. જે પથ્થરને નકામો માનેલો તે જ પાકો પાયાનો પથ્થર નીકળ્યો. બાકીના ચારેથી તે હોશિયાર નીકળ્યો.

"દાદાજી!"

"હૂં – હૂં . . ."

"ફરી આંખ મીંચીને ઊંઘી ગયા?"

"ઊંઘતો નથી. કેટલીક વાતો મનમાં આવે છે."

"એટલી બધી વાતો શું કરવા યાદ કરવી જોઈએ?"

"તું જરા મારી આંગળી પકડ તો ઊઠું."

પોન્નમ્માએ ટેકો દઈને બેઠા કર્યા.

"લાકડી લઈ આવ."

"તમે ચાલી શકો છો?"

"હા, હા, લાકડી આપ."

લાકડીના જોરે ઊઠયા. પૌત્રીઓના ખભા પર હાથ મૂકી આંગણામાં ઊતર્યા. હવા આવતાં જરા રાહત થઈ. આખો વખત સૂતા રહેવાથી ખૂબ થાક જેવું લાગે છે. પણ હાથપગ હલાવવાની અનુમતિ મળે ત્યારે ને!

બન્ને છોકરીઓને ધ્યાનથી જોઈ. મોટાની દીકરી એની મા જેવી ગોરી, સ્વસ્થ, સુંદર છે. ફિલિપ્યોસની દીકરીને, નાની હતી ત્યારે, ગડગૂમડ બહુ થતાં. હવે મોં પર તેજ છે. આ તો પ્રકૃતિનો નિયમ છે. સાવ મામૂલી વસ્તુ પણ જુવાની આવતાં ચમકી ઊઠે છે.

કુંયેનાચ્ચન વરંડામાં બેસી ગયા. પૂછે છે: "સાંભળ્યું છે કે તારા બાપે આજકાલ બળદનો વેપાર શરૂ કર્યો છે? સાચી વાત છે?"

લીલામ્મા બોલી: "મને ખબર નથી."

"પૈસા મળશે, પણ કામ હીણું છે."

લીલામ્માએ જવાબ ન આપ્યો. શું જવાબ આપે?

"તલપ્પલ્લિ ગામનો ચેવિયન (લાંબા કાનવાળો) નાણુ નામનો એક દલાલ

હતો. તે આ બજારમાં બસો-ત્રણસો કમાતો. માનો કે તમે એક બળદ બજારમાં લઈ જાઓ છો. કાં તો એના દાંત ખરાબ છે, અથવા એના પગ બરોબર નથી. નાણુને તમે મળો છો. દલાલી આપીશ, તારે માલ વેચવો કબૂલ. એક ઈસાઈ ઝોળીમાં રૂપિયા લઈને બળદ ખરીદવા એ જ બજારમાં આવે છે. નાણુ એની સાથે દોસ્તી કરે છે. પૂછે છે કે કયા ભાવમાં બળદ જોઈએ છે? ચાળીસથી સાઠ રૂપિયા સુધીમાં સોદો કરાવી આપીશ. મને દલાલી મળવી જોઈએ.

એ નાણુ પછી ગ્રાહકને લઈને તમારી પાસે આવે છે, જાણે તમને સહેજે ઓળખતો જ ન હોય. પૂછે છે : "આ બળદ કેટલામાં વેચવો છે? ભાવ કહેતાં જ બળદની તપાસ શરૂ થાય છે. નાણુ પોતે એને ચલાવે છે, એના દાંત ગણે છે, પીઠ થાબડીને તપાસે છે. અચ્છા. પછી ગ્રાહકના કાનમાં કંઈક કહે છે. – વાત કબૂલ. આ જ તો દલાલની ચાલાકી છે. – હં, હું શું કહેતો હતો? આમ પૈસા લેતાં-દેતાં અને શરાબ પીતાં નાણુએ મોજ ઉડાવી પણ છેલ્લા દિવસોમાં મોંમાંથી અવાજ સુધ્ધાં નહોતો નીકળી શકતો. . . ."

લીલામ્મા અને પોન્નમ્મા હસી પડી. દીનામ્માએ પૂછયું :

"બાપુજી, આ છોકરીઓને આ બધું શા માટે સંભળાવો છો?"

"આમસ્તો જ કહેતો હતો."

"આમસ્તા જ કહેતા હતા, છોકરીઓ?"

"કેટલા વાગ્યા? બેબી હજી નથી આવી?"

"હમણાં આવશે."

લીલામ્માએ હાથમાંના કાગળનું બંડલ દાદાજીના હાથમાં આપતાં કહ્યું : "બાપાએ આપ્યું છે, દાદાજી!"

"શું?"

"તમારે માટે તેલ અને લેપ ખરીદવા માટે."

પોલમ્માએ કહ્યું : "જોણિભાઈને લખ્યું છે કે આવતી વખતે દાદાજી માટે એક ગરમ ચાદર લઈ આવે."

"કોણ જોણિભાઈ?"

દીનામ્માએ કહ્યું : "એનો ધણી."

"ધણી એ ભાઈ છે?"

"નવા જમાનામાં એમ જ બોલાવે છે."

લીલામ્મા અને દીનામ્મા મોટેથી હસ્યાં.

લીલામ્મા બોલી : "દાદાજી, અમે જઈએ."

"નાકા સુધી હું પણ આવું છું." કુંયેનાચ્ચન લાકડીનો ટેકો લઈ ઊભા થયા.

"અરે! અરે! દાદાજી, તમે ચાલી શકશો?"

"હા, હા."

"કાકી!"

"કાકી – કાકી! કાકીને બૂમ પાડવાની શું જરૂર છે?"

"તમે આ શું કહો છો? ચક્કર આવશે અને પડી જશો તો?"

"કશે પડવાનો નથી. જરા છાનાં રહો."

દીનામ્મા ચૂપ રહી. એને ખબર હતી કે નહીં માને.

"સાથે રહેજો, દીકરીઓ! અચ્ચનકુંયુ કે સણિણની સાથે જ પાછા મોકલજો. સિસિલીના બાપના કાને વાત પહોંચશે તો ગુસ્સો કરશે."

ચાલ્યા, પોન્નમ્મા અને લીલામ્મા બન્ને પડખે હતી. આંગણાની બહાર પગ મૂકયાને આખો એક મહિનો થઈ ગયો. આકાશ, લીલોતરી, ખેતરો, દેવળ દિલને પ્રસન્ન કરી મૂકે છે. બંધ પાંજરામાંથી બહાર નીકળવા જેવું જોશ અનુભવાય છે. આ સઘળી જમીન મારા પગ તળે ખૂંદેલી છે. આ બધાં છોડ-ઝાડ મારા દેખતાં અંકુરિત થઈને મોટાં થયાં છે. થોડા દિવસ બીજા વીતશે, પછી હું નહીં હોઉં. આ માટી અને આ ઝાડ રહેશે. માત્ર હું જ નહીં રહું. કયાં જઈશ? સ્વર્ગમાં કે નરકમાં? કોણ જાણે. સ્વર્ગે જવા જેવું પુણ્ય નથી કર્યું. નરકે જવાનું મહાપાપ... ચોખ્ખું દેખાતું નથી. મેલા મનથી જાણીજોઈને કોઈ પાપ નથી કર્યું. ગુજારા માટે જરૂર થોડુંઘણું કર્યું છે. નાયર લોકો સાથે મારામારી થઈ તે શું પાપ હતું? મોટી સંખ્યામાં એકઠા થઈ લોકો જયારે અભિમાનથી અન્યાય કરવા તૈયાર થયા હતા ત્યારે મેં એની આણ માની નહોતી. ન્યાય-નિર્ણયના દિવસોમાં યહોવાના માણસોએ પણ અન્યાય અટકાવ્યો છે. પણ હા, ડેવિડની જેમ એક પાપ કર્યું છે. યહોવાએ મુસાને જે દસ આદેશ આપ્યા હતા તેમાંથી સાતમા અને મુખ્ય આદેશનું ઉલ્લંઘન કર્યું હતું. એ દિવસોમાં પાપ અને પુણ્ય વિશે વિચારવાની ફુરસદ નહોતી. એને હિસાબે નરકની સજા કદાચ મળે. પ્રકાશિત વાકયકારે કહ્યું છે તેમ આકાશમાંથી આગભર્યા ગંધકના તળાવમાં કદાચ ધકેલી દે, કોણ જાણે!

ચોકમાં રામકૃષ્ણની દુકાન સામે બાંકડા પર બેસી ગયા. રામકૃષ્ણે જાતે જ આગળ આવીને બાંકડા પર બેસાડી દીધા હતા.

"કેમ ચાલે છે ધંધાપાણી?"

"ચાલે છે. પણ ચાલતા નથી, અસલમાં હું ચલાવું છું. આપણા લોકોને તો તમે ઓળખો છો. ખરીદી કરે ને પૈસા ન આપે. પૂછીએ તો ગુસ્સો કરે. શું કરવું?"

"મુશ્કેલ છે."

"કુંયેનાચ્ચન, માઠું ન લગાડતા. તમારા દીકરા પાસેથી હજુ સાઠ-સિત્તેર રૂપિયા લેવાના છે. એણે વસ્તુઓ ખરીદી તેને પાંચ-છ મહિના થઈ ગયા."

"કોણ, કુંયુચેરુક્કન?"

"હા."

"ગયા મહિને એ ચાળીસ-પચાસ રૂપિયા આપી નથી ગયો?"

"ક્યાંથી? ચાર પૈસાયે આપ્યા નથી. પૂછ્યું તો પેટ ભરીને ગાળો દીધી, બૂમાબૂમ કરી. હવે ખરીદવાનું પણ બંધ કર્યું."

કુંયેનાચ્ચને આગળ કંઈ કહ્યું નહીં. પોતાનો જ મેલ ઉખેડીને શું ચૂંથવો?

ખબર નહીં, ક્યાંથી આવ્યો. ફિલિપ્પોસ હાથથી સાઇકલ થોભાવીને દુકાન આગળ ઊભો હતો.

"બાપા, અહીં કેમ બેઠા છો?"

"શું?"

"અહીં શા માટે બેઠા છો?"

"ઓહ! લાકડીનો ટેકો લઈ ધીમે ધીમે ચાલવાનો પ્રયત્ન કરતો હતો. ખાટલા પર ક્યાં સુધી પડયા રહેવું?"

"રસ્તામાં ક્યાંક ચક્કર આવત તો?"

"ના, કશું નહીં થાય."

"કશું નહીં થાય! પેલે દિવસે મેં જે રૂપિયા આપેલા તે વચેટ દીકરાને ઉધાર આપ્યા?"

"કોણે કહ્યું?"

"ગમે તેણે કહ્યું હોય. આપેલા?"

કુંયેનાચ્ચન ચૂપ રહ્યા. ચકલા વચ્ચે ઊભા રહીને આડુંઅવળું કહ્યા વિના ઘેર જવા. . . .

"બસ, તમે જ એને બગાડી મૂકયો છે. ચૂપ શી રીતે રહું? છોકરાઓને મદદ કરવી હોય તો તમારી કમાઈના પૈસાથી કરો."

કુંયેનાચ્ચને તોપણ મૌન જ રાખ્યું.

"એ દિવસે દીકરા, દીકરાના દીકરા, બધા હતા ને? બીજા કોણે કોણે ખર્ચના પૈસા આપ્યા?"

"માત્ર તેં આપ્યા. આપ્યા પછી મારા થઈ ગયા ને? મરજી પડે તેને આપું, તારે શું?"

"હું આ રીતે આલતુફાલતુને ખવડાવવા-પિવડાવવા નથી માગતો. એક વાર દેવાથી પૂરું નથી થઈ જતું. વારંવાર જોઈએ છે ને?"

"નથી જોઈતા, જા."

"જા...આવી ખરાબ ટેવો પાડવાથી જ..."

"તું શું મને ધમકાવવા આવ્યો છે? જા, જા, મારા માથે કેટલા ધોળા આવ્યા છે, જોતો નથી? અધૂરો ઘડો છલકે ઘણો. તું સ્વાર્થી છે, નીચ છે..."

વાતો સાંભળીને લોકો એકઠા થવા લાગ્યા. કોઈએ કહ્યું: "જવા દો, કુંયેનાચ્ચન! કોઈ સાંભળશે તો શું કહેશે?"

"અરે, એ તો એણે સમજવું જોઈએ ને!"

ફિલિપ્પોસ કંઈ બોલ્યા વિના સાઈકલ પર ચાલ્યો ગયો. જેઓ એકઠા થયા હતા તેમાંથી એકને ફિલિપ્પોસ સાથે બનતું નહોતું. તે બોલ્યો: "શરમ ને બેશરમની વચ્ચેનો ફરક ન બાપ જાણે છે, ન બેટો."

એના સાથીએ ઉમેર્યું: "ફક્ત પૈસા એકઠા કરવાથી બધું મળી ગયું એમ માનવું એ મોટી ભૂલ છે."

કીવરીતનો નાનો દીકરો અચ્ચનકુંયુ અને કુંયુચેરુક્કનનો ચોથો દીકરો સણ્ણિ કુંયેનાચ્ચનને લઈ જવા આવ્યા. બન્ને પૌત્રની સાથે તે ગયા. ચકલામાં બેસી આટલું બધું બોલી નાખવું એ ખોટું હતું. પણ કોઈ મોંમાં આંગળાં ઘાલી બોલાવે પછી ચૂપ શી રીતે રહેવાય? કમજોર સ્થિતિમાં ઘરેથી નીકળવામાં જ મોટી ભૂલ થઈ...

"દાદાજી, આટલે બધે દૂર કેમ આવ્યા?"

"અરે, જાણવું'તું કે ક્યાંક ચાલતાં ભૂલી તો નથી ગયો ને?"

સણ્ણિએ કહ્યું: "વાહ!" સણ્ણિ મોટાંઓની જેમ વાતો કરે છે. હોશિયારી અને હિંમત પિતા તરફથી વારસામાં મળ્યાં છે. છાતી કાઢીને, ટટ્ટાર થઈને ચાલે તો કોઈ એક વાર જરૂર અટકી જઈને જોઈ રહે...

"તારી ઉંમર કેટલી?"

"મારી કે અચ્ચનકુંયુની?"

"તારી જ."

"પંદર."

અચ્ચનકુંયુ બોલ્યો: "હું સોળ વટાવી ગયો છું."

બન્નેને વારાફરતી જોયા. પંદરવાળો સોળવાળાના મોટાભાઈ જેવો લાગતો હતો. એક તો ફળદ્રુપ જમીન, ને એમાં વાવ્યું નાળિયેરીનું ઝાડ! બીજી એક વાત પણ છે. આની મા પાંચ શેર ચોખા પાંચ કોળિયામાં હજમ કરી જાય છે. ખાવાનું સારું મળ્યું. બાંધો પણ સારો.

"તું કયા ધોરણમાં ભણે છે?"

"સિકસ્થમાં."

"મટ્રિગ્લીષ (મૅટ્રિક) પછી શું કરવાનો ખ્યાલ છે?"

અચ્ચનકુંયુએ કહ્યું : "મારા બાપા ક્હે છે કે કયાંક જા, કોઈને મળીને રોટલાનો પ્રશ્ન ઉકેલ."

"બરોબર છે. અને આ શું કરશે?"

"હું દાનીભાઈ સાથે મુંબઈ જઈશ." સણ્ણિએ કહ્યું.

"હં – કયાંક જાઓ." અને કીવરીતે કહ્યું તેમ – "રોટલાનો પ્રશ્ન ઉકેલો."

અચ્ચનકુંયુએ પૂછયું : "રાજનભાઈને કહું તો તે મને પણ શું પલટણમાં ભરતી કરાવશે?"

"એને પૂછજે ને! સાંભળ્યું છે કે આગલા મહિનામાં આવવાનો છે."

ફાટક સુધી પહોંચતાં બન્નેને પાછા મોકલી દીધા. અંદર કોઈની વાતચીત ચાલતી હતી. નજીક આવીને જોયું તો – 'કુરુપ.'

"તો સિસિલી બેબીનાં બે નામ છે; એક નિશાળનું નામ અને એક ઘરનું નામ, એમ ને?"

"શું? શું?"

"લો, આ કુંયેનામાપિલ્લા આવી ગયા. આજે સિસિલી દીકરી નિશાળેથી મારી સાથે આવી. 'કુરુપમામા' કહેતી તે દોડી આવી અને મારો હાથ પકડી લીધો. એટલે એની બહેનપણીઓ પૂછવા લાગી : 'બસ, મરિયામ્મા માત્યુ, તું જાય છે કે?' ત્યારે મને ખબર પડી કે સિસિલી તો ઘરનું હુલામણું નામ છે."

"મરિયામ્મા એની દાદીનું નામ છે. પ્રભુ ઈસુની માનું નામ પણ એ જ છે."

"ખબર છે. વલ્લત્તોલનું મેઝેલન મરિયમ વાંચ્યું છે."

"રડો રડો માન્યે મરિયમ,

રડનારાંને પ્રભુ સાંત્વન આપે છે. . .

... ..."

"તમારી ભૂલ થાય છે. મેઝેલન મરિયમ જુદી છે. પ્રભુની મા જુદી મરિયમ છે."

"એમ ?"

"હા, હા, મેગ્ડેલન મારિયા પાપી હતી. ઈસુ એક દિવસ એક ફેરિસીના ઘરમાં ભોજન કરવા બેઠા હતા. નગરની એક પાપી સ્ત્રી સંગેમરમરના પાત્રમાં અત્તર લઈને આવી અને પોતાનાં આંસુથી એમના ચરણ ધોયા. પછી પોતાના વાળથી એ લૂછયા, અને ચરણ ચૂમીને એના પર અત્તર લગાડયું. ઈસુને જેણે નોતરું આપેલું એ ફેરિસી એ જોઈને મનોમન કહેવા લાગ્યો કે આ તો પાપી બાઈ છે. એના વિચાર સમજી જઈને પ્રભુ બોલ્યા : 'સિમોન, એક મહાજનના બે કરજદાર હતા. એક પર પાંચસોનું કરજ હતું, બીજા પર પચાસનું. એમની પાસે કરજ ચૂકવવા કંઈ જ નહોતું, આથી મહાજને તેમનું કરજ માફ કરી દીધું. તો એ બેમાંથી કોણ મહાજનને વધુ ચાહશે?' સિમોને ઉત્તર આપ્યો : 'મારી દૃષ્ટિએ તો એ માણસ, જેનું વધારે કરજ માફ થયું છે.' ઈસુએ એને કહ્યું : 'તારી વાત સાચી છે.' પછી પ્રભુએ એ સ્ત્રી તરફ ફરી સિમોનને કહ્યું : 'આ સ્ત્રીને જુએ છે ને? હું તારે ઘેર આવ્યો. તેં અર્ધ્ય ન આપ્યો, પણ આણે મારા પગ પોતાનાં આંસુથી ધોયા અને પોતાના વાળથી લૂછયા.' ઈસુએ પછી એ સ્ત્રીને કહ્યું : 'તારી શ્રદ્ધાએ તારો ઉદ્ધાર કર્યો છે, તું શાંતિથી જા.' એ મેગ્ડેલનની મારિયા છે. શુભ સંદેશકાર કહે છે કે મેગ્ડેલનની મારિયા અને પ્રભુ ઈસુની મા બન્ને, ક્રૂસારોહણ વખતે સાથે બેસીને રડયાં હતાં."

"અચ્છા, એમ! આ બધી વાતો મને ખબર નહોતી."

સિસિલી રસોડામાંથી દોડતી આવી અને બોલી : "દાદાજી, રાજનભાઈ આવતા મહિને આવવાના છે. કાગળ આવ્યો છે."

"શું ?"

"રાજનભાઈ આવતા મહિને આવશે."

"અચ્છા !"

કુરુપે પૂછયું : "રાજનભાઈ વસ્તુઓ લાવશે એ કુરુપમામાને પણ આપશે ને ?"

સિસિલીએ વિચાર કર્યો. કહ્યું : "જોઈએ, શું લાવે છે? એ પછી કહીશ."

"શાબાશ, નાની છે પણ ચાલાક છે."

કુંચેનાચ્ચને પૂછયું : "નાનો સાપ શું ઝેરી નથી હોતો? સ્ત્રી માટે બે શાપ હોય છે. એક એ, કે તે ચાલાકી સામે છેતરાઈ જાય છે. બીજું, મોકો આવે ત્યારે તે પોતે જ ચાલાકી કરે છે. બન્ને બાબતો ઇડનના બગીચામાં જ શરૂ

થઈ હતી. શેતાન સાપના રૂપમાં સ્ત્રી પાસે જ આવ્યો હતો. સ્ત્રી શેતાનની ગુલામ થઈ ગઈ. શેતાનનો દુરુપદેશ સાંભળી સ્ત્રીએ જોયું કે વિવેકનું ફળ ખાવા યોગ્ય, દેખાવમાં સુંદર અને જ્ઞાન મેળવવા માટે ઈચ્છનીય છે. એણે તોડીને ખાઈ લીધું. પણ આદમ સાથે હોત તો શું તે તેવું કરત? જાતે જ ખાઈ ગઈ. વળી પતિને પણ આપ્યું –"

"વાહ, ખરી ચતુરાઈ!"

"બીજી વાત પણ છે. યાકૂબ લાબાનની બે દીકરીઓ – રાહેલ અને લેયાને લઈને ભાગ્યો. લાબાન અને એના ભાઈઓએ એનો પીછો પકડયો અને રસ્તામાં ઘેરી લીધો. વાત એમ હતી કે રાહેલ પોતાના પિતાના ગૃહદેવતાઓને ચોરી ગઈ હતી, તે પાછા મેળવવાના હતા. ખબર છે, રાહેલ શું ચાલ ચાલી? મૂર્તિને ઊંટના જીનમાં મૂકી એના પર પોતે બેસી ગઈ. બધી જગ્યાએ શોધીને પછી લાબાન રાહેલ પાસે આવ્યો ત્યારે તેણે કહ્યું : 'હું તમારી આગળ ઊભી નથી થઈ, એ માટે નારાજ ન થતા. હું રજસ્વલા છું.' આમ તેણે પિતાને છેતરીને પાછા મોકલ્યા."

"વાહ, કમાલ ચાલ ખેલી તેણે!"

કુરુપનું હાસ્ય ચારે બાજુ ગુંજી ઊઠયું.

"સ્ત્રીની ચતુરાઈનાં કેટલાંય ઉદાહરણો પુરાણોમાં છે. પુરાણો સુધી જવાની પણ શી જરૂર છે? બટક્કનપાટ્ટમાં એક સરસ વાત છે, સાંભળી છે? કહે છે કે ઉણ્ણિઅમ્માએ પાલાટ્ટુકોમનને પોતાના વાળમાં સંતાડયો હતો. તોણ્ણૂરાંવીટના કુરુપ કુટુંબની ઉણ્ણિઅમ્મા કુળશત્રુ કોમન પર આસક્ત થઈ હતી. તે તળાવે નાહવા ગઈ તો કોમન તેની પાછળ પાછળ ગયો અને તળાવમાં ઊતર્યો. ખબર મળતાં કુરુપ લોકો ત્યાં આવ્યા. ઉણ્ણિઅમ્માએ શું કર્યું? એણે ઝીણું વસ્ત્ર પહેરી લીધું અને તે કમર સુધી પાણીમાં ઊતરી ગઈ. તેણે પોતાના ઘાટા વાળ છોડી નાખ્યા અને વાળની નીચે કોમનને ઊભો રાખ્યો. ભાઈઓએ બધે શોધ્યું, પણ વ્યર્થ. જાળ ફેંકીને તપાસ કરી, ગલ નાખીને જોયું. નિષ્ફળ ગયા. તેઓ ચાલ્યા ગયા. પછી ઉણ્ણિઅમ્મા કોમનને વાળની નીચે જ ઢાંકેલો રાખીને, કોઈને ખબર ન પડે તેમ પોતાને ઘેર લઈ ગઈ. આ કથા છે. તો બોલો, કુંચેનામાપ્પિલા, એના વાળની સંપત્તિ કેવી હશે?"

આજુબાજુ જોઈને ધીરેથી બોલ્યા : "આ ખાટલા પર સૂએ તો આખા ખાટલા પર પથરાઈ જાય."

"વાહ, વાહ!" કુરુપ ખડખડાટ હસી પડયો.

"સારી કલ્પના છે."

"શું?"

"કલ્પના સરસ છે."

"કલ્પના નથી."

"તો?"

"મારો અનુભવ."

કુરુપનું મોં પહોળું થઈ ગયું. આંખો પણ: "ઓહ! એ તો હજુ કદી કહ્યું નથી."

"કહેવા જેવું શું છે? એક જૂની વાત ખાલી યાદ આવી."

તે વાત છુપાવતા હતા. અહીં બેસીને એ વાત સાંભળવાનું યોગ્ય નહીં. અંદર વહુ સાંભળી જાય. માત્ર એટલું જ નહીં, પિસ્તાળીસ વર્ષની મૂર્ખતા નેવું વરસની અવસ્થાએ શી રીતે બીજાને કહેવાય? આમ કાંઈ વાત બધાથી અજાણી નથી. દીકરાઓને પણ ખબર છે. સૌથી મોટા દીકરાએ મોં પર કહ્યું હતું: 'બાપાએ દીકરાઓને બહુ મોટી આબરૂ વારસામાં આપી છે!'
ખેર, દાટી દીધેલાં મુડદાં ખોદવાથી શો લાભ?...

"બાપા!"

મોં ફેરવીને જોયું. કુંયુચેરુક્કન ખાટલા પાસે ઊભો હતો.

"શું?"

"હું એક વાત કહેવા આવ્યો હતો."

"કહે."

"માત્ર તમને કહેવાની જ વાત છે."

હં. વાત સીધીસાદી નથી. શિવરામકુરુપ સમજી ગયો. ઊભો થઈને બોલ્યો: "તો હું જાઉં, કુંયેનામાપિલ્લા!"

"દવા કાલે ખલાસ થઈ જશે. સાંજે લાવજો."

"ભલે."

"પૈસા લેતા જાઓ ને!"

"પછી લઈ લઈશ."

કુરુપ પગથિયાં ઊતરીને ચાલવા લાગ્યો.

કુંયુચેરુક્કને પિતાને પૂછ્યું: "બાપા, અફીણ ખરીદવા માટે તમારા દીકરા-પોતરા નથી કે ભાડૂતી માણસ રાખો છો?"

કુરુપ પાછળ વળીને ઊભો રહી ગયો. જોખમ સમજી જઈને કુંયેનાચ્ચન બોલ્યા: "તમે જાઓ કુરુપ, કાલે મળીશું."

"કાલે મળવાની વાત જ હું કહેતો હતો. શા માટે મળવું? બાપાને જે જોઈશે તે હું ખરીદી લાવીશ. નહીં તો ઘરમાંથી કોઈ છોકરાને મોકલીશું."

અદબ-વિનંતી બહુ કરવા છતાં એકદમ નમી પડવું તે કુરુપને સ્વમાન વિરુદ્ધની વાત લાગી.

"કેમ કુંયુચેરુક્કનમાપ્પિલે, તારા પિતા સાથે હું વાતચીત કરું કે દવા ખરીદી લાવું તે શું મોટા અપમાનની વાત છે?"

"હા, એક તો તમે ઘેર બોલાવવાને લાયક નથી. જ્યાં ગયા ત્યાં સંબંધ! તમારી એક પત્નીનાં પિયરિયાં સાથે અમારે બારમો ચંદ્રમા છે. તેઓ બિરાદરીના લોકોને લઈને અમને ખતમ કરી નાખવા આવ્યા હતા. પણ અમે તમારા ચાર સાળાઓને બીજી દુનિયામાં મોકલી દીધા. ત્રણ-ચાર જણા ખાંસી ખાતા ખાતા ખતમ થઈ ગયા. અમારો તો એક જ માણસ ગયો. ખેર, એ બધું તમને કહેવાથી શો ફાયદો? બીજું તો ઠીક, પણ તમે બેઈમાન છો. તમે માત્ર પોણાચૌદ રૂપિયા માટે વિશ્વાસઘાત કર્યો. . . ."

કુંયેનાચ્ચન ફફડીને બેઠા થઈ ગયા: "નીચ, મારા ઘરમાંથી બહાર નીકળ. આટલી હિંમત તારી?"

શિવરામકુરુપે કહ્યું: "કુંયુનામાપ્પિલા, શાંત રહો. સાંભળ કુંયેચેરુક્કનમાપ્પિલે! તું જે નિશાળમાં ભણ્યો છે એ નિશાળમાં હું નથી ભણ્યો. આથી તારી ભાષામાં બોલતાં મને આવડતું નથી. ઘેર આવવા દેવાની વાત અહીંના લોકો નક્કી કરશે. એ લોકો આવવાની ના પાડશે તો હું નહીં આવું. મેં એવા કુટુંબમાં એક લગ્ન કરેલાં, જેમની સાથે પહેલાં તમારે લોકોને દુશ્મનાવટ હતી. એના છાંટા માત્ર તને જ ઊડયા છે. તારા મોટાભાઈ કે નાનાભાઈ એવું નથી માનતા. અસલમાં વાત ત્રીજી જ છે. લાંચ લઈને સાક્ષી આપવાનો મામલો –"

"એ તો તમારો ધંધો રહ્યો. જ્યાં જાઓ છો ત્યાં લગ્નના નામે સ્ત્રીઓને બહેકાવો છો. એ પણ તમારો ધંધો છે. અહીં હું વધારે ભ્રષ્ટ વાતો નહીં કરું. બહાર જોઈ લઈશું."

"તારી ઈચ્છા હશે ત્યાં મળીશું." કુરુપ ચાલ્યો ગયો.

કુંયુચેરુક્કને કહ્યું: "બાપા, તમે મને ભલે ગાળ દીધી. આમાં મારી બેઈજ્જતીનો સવાલ નથી. ખોટી વાત હશે તો હું જરૂર અટકાવીશ. એક બાબત વિશે સલાહ લેવા આવ્યો હતો. પણ તમે મને ઘરમાંથી જતા રહેવાનો હુકમ કર્યો. ઘર તમારું છે, અવશ્ય. પણ મેં પણ આ બધું એકઠું કરવા માટે સખત મહેનત કરી છે. આ વાત ભૂલી જતા નહીં. આને બધા દીકરા સારા. માત્ર હું જ નાલાયક ઠર્યો. માત્ર હું જ નાલાયક!. . ."

કુંચુચેરુક્કનનું ગળું રૂંધાઈ ગયું, જાણે હમણાં રડી પડશે.
"બેટી દીનામ્મા! ભાઈને થોડું પાણી પિવડાવ."
દીનામ્માએ મોટો વાટકો ભરીને પાણી આપ્યું. એ પીને કુંચેયુરુક્કન ગયો.
"જાઉં, બેટી!"
દીનામ્મા ખાલી વાટકો લઈ બાપુજી પાસે ગઈ. બોલી : "બાપુજી!"
"હું!"
"એ કુરૂપ પાસે અફીણ મગાવવાનું છોડી દો. અહીં એનું આવવાનું પણ બંધ કરી દો."
"એનું આવવું શું તને પણ નાપસંદ છે?"
"બાપુજી પાસે બેસીને એ વાતો કરે છે એમાં મને શો વાંધો હોય?"
"તો એ અહીં આવશે – મારી છેલ્લી ઘડી સુધી. કૂતરાના ભસવાથી ક્યાંય બારણું ખૂલે છે?"
"તો જેવી બાપુજીની ઈચ્છા, હું શું કહું?" દીનામ્મા અંદર ચાલી ગઈ.

પાંચ

નિશાળે જવાની તૈયારી કરી સિસિલીએ દાદાજી પાસે આવીને પૂછ્યું :
"મારું ફ્રૉક કેવું છે, દાદાજી?"
"શું?"
"મારું ફ્રૉક જુઓ ને!"
"સારું છે."
"મીંચેલી આંખોએ કેવી રીતે જોવાય?"
"હું મીંચેલી આંખોએ જોઈ શકું છું."
"ખોટું બોલો છો."
"દ્રાક્ષનાં પાંદડાં અને દ્રાક્ષનાં ઝૂમખાંવાળું ફ્રૉક છે ને?"
"દાદાજીને કેવી રીતે દેખાયું?"
"એ જ તો વાત છે. જ્ઞાની લોકોને અંદરની આંખ હોય છે. ભવિષ્યવક્તા એલિયાસને કોણે દેખાડ્યું કે દેશમાં વરસાદ નહીં થાય અને દુષ્કાળ પડશે? યહોવાએ. યહોવાના ભક્તો માટે કંઈ જ અદૃશ્ય નથી."
"તમે ભગત છો?"

"હં."

"તો શું બધું જાણો છો?"

"હં."

"હું પરીક્ષામાં પાસ થઈ જઈશ?"

"થઈ જઈશ."

"પરીક્ષા આગલા સોમવારે છે."

"બરોબર ભણી છો ને?"

"થોડું થોડું કર્યું છે. દાદાજી, ભગવાનને કહીને મને પાસ કરાવી દેજો."

"એ ન બને. અડધી આપણી મહેનત, અને બાકીની અડધી ભગવાનની. એટલે ઝટપટ ભણવા માંડ."

"તો હું જાઉં છું."

"જા."

તે કૂદતી-ઊછળતી ચાલી ગઈ. માત્ર અવાજ જ સંભળાયો, તોપણ થોડોક ખ્યાલ તો આવ્યો. માથા પરના વિખરાયેલા વાળને એક હાથે સમેટતી, બીજા હાથમાં રબરના નાડાથી બાંધેલી ચોપડીઓ ને સ્લેટ. શ્રેષ્ઠ ગીતમાં કહ્યું છે તેમ: તું ફિરોનના રથમાં જોડેલી ઘોડી જેવી, એનગદીની દ્રાક્ષની ક્યારીઓમાં મેંદીનાં ફૂલના ગુચ્છા જેવી શારોન દેશના ગુલાબ જેવી સુંદર છે. તારી આંખો કબૂતરી જેવી છે. તારા વાળ ગિલેયાદ તળેટીના બકરાનાં ઝુંડ જેવા છે. તારા હોઠ લાલ ધાગા સમાન, તારા કાન દાડમના દાણા સમાન છે. નાની હરણીની જેમ તું ઊછળતી-કૂદતી ચાલે છે. આમ્રની મંજરી જેવી તું હૃદયહારિણી છે.

ચાર-પાંચ ચોમાસાં વીતતાં તું મોટી થઈ જશે. ગાલ પર સુરખી આવશે. આંખોમાં તેજ આવશે. ઘૂંટી સુધીનો લેંઘો હશે. દસ-બાર વરસની જ તું હોઈશ, તોપણ તારી મા કહેશે: "કોઈ પુરુષ સાથે હરવા-ફરવા જેવડી થઈ ગઈ, પણ હજી ચટણી બનાવતાં તો આવડતું નથી."

તે પછી ત્રણ-ચાર વાર્ષિક પર્વ, વ્રત. હવે ખિલખિલાટ હસતી નથી. આડખે-પડખે ડોકિયાં કરતી નથી. ઘણી નવી વાતો સમજી ગઈ છે. તોપણ કંઈ ન જાણવાનો દેખાવ કરે છે. દિમાગ ખાલી રહે છે તોપણ કશીક ચિંતામાં ડૂબીને ઝૂમતી ઝૂમતી ચાલે છે. બેઠાં બેઠાં અમસ્તી જ મંદ મંદ હસ્યા કરે છે...

આ એક વળાંક છે. હવે આગળ માટે તને એક સાથી જોઈએ. એક ચૈત્રમાં લગ્નના માંડવામાં પગ મૂકે છે, બીજા ચૈત્રમાં તો બાળકની મા બની જાય છે. પછી હોશિયાર, સુશીલ ગૃહિણી બની જાય છે. બકરો, મરઘી, રસોઈ, ચક્કી..... બધું તારી માના જેવું જ. નાતાલના, દેવળના વાર્ષિક તહેવારો પસાર થતા રહે

છે. મોટી બહેનની નાની બહેનો જન્મ લે છે; અથવા દીકરાના નાના ભાઈઓ કે નાની બહેનો. હવે દખણાદા ફળિયામાં કામ કરતા મજૂરોનું કામ જોવા તું જાતે જ જાય છે. પચાસ રૂપિયા ઉધાર લેવા આવેલા લુચ્ચા તોમચ્ચાચન આગળ તારો પતિ ખંચકાય છે ત્યારે તું બહાર આવીને કહે છે. . . . રાતી પાઈ પણ નથી, ભાઈ! કાલે આવ્યા હોત તો હોત!

સમયનું ચક્ર ફરી અનેક વાર ઘૂમી જાય છે. કૉલેજમાં ભણતા છોકરાઓની ફી આપવી છે. અને પુસ્તકો. . . . પતિને મધુપ્રમેહની ફરિયાદ છે. એની દવા માટે પૈસા જોઈએ. ઘણી તંગી છે. દીકરીનાં લગ્ન માટે જમા કરી નાખેલા પૈસામાંથી થોડા ખર્ચી નાખ્યા. પતિ-પત્ની એકબીજાની સલાહ લે છે. આ રીત બરોબર નથી. ચિંતા. . . નિ:શ્વાસ. . . હવે અમારી નાડ તારે હાથ છે.

પછી એક રાત આવશે. ગરમીના દિવસો. રાતે પતિ બોલાવે છે: "સિસિલી!"

"શું?"

"ઊંઘી નથી?"

"ના."

"કેમ?"

"અમસ્તી વિચાર કરતી પડી હતી."

"મને ચાર-પાંચ દિવસથી બહુ નબળાઈ લાગે છે."

"ચાર-પાંચ ઇંજેક્ષન લેશો એટલે ઠીક થઈ જશે."

"હું – બેબીનો વિચાર કરતાં મનમાં તકલીફ થાય છે."

સમસ્યા ઊકલતી નથી. નબળાઈ જતી નથી. દુનિયામાંથી તે વિદાય લઈ જાય છે. પણ તું હિંમત હારી જવા તૈયાર નથી. મોટી પરીક્ષામાં પાસ થયેલા મોટા છોકરાને સારી નોકરી મળી છે. દીકરીનાં લગ્ન કરી નાખ્યાં છે. દીકરાની વહુ આવી. દીકરી અને વહુ માતા બન્યાં. તું દાદીમા થઈ ગઈ.

પછી દુષ્કાળ અને પૂર વારાફરતી આવે છે. તું પહેલાં જેવું હવે કામ નથી કરી શકતી. આંખે ઓછું દેખાય છે. કાને ઓછું સંભળાય છે. ગાલ પર કરચલી છે. લાકડી વગર ચાલવાનું અશક્ય. દીકરાઓ-પોતરાઓ કુશળ સમાચાર પૂછવા આવે છે. હવે તારી પોતાની કોઈ હસ્તી નથી. દીકરાઓ કે વહુઓ કાંઈ આપે તો ખાવા પામે. આરોપ-આક્ષેપ, ટીકા-ટિપ્પણ બધું વેઠી લેવું પડે છે. . . .

હવે ક્યાં ઝાઝો વખત છે એમ વિચારીને બધું સહી લે. તારાં માબાપ, દાદા-દાદી બધાંને આ સ્થિતિમાંથી પસાર થવું પડયું છે, એ સમજીને બધું સહન કરી લે. હવે બહુ બહુ તો અડધી ઘડી.

છેવટ આ બધાનો અર્થ શો? માયાની પ્રબળતાને કારણે આપણને ખબર પડતી નથી. જાતજાતના લોકોમાં આપણે ફસાયેલા રહીએ છીએ. દૂરના ડુંગરા રળિયામણા લાગે છે. કોઈક સુખને પામવા માટે આંધળી દોટ મૂકીએ છીએ. રાત અને દિવસ પસાર થઈ જાય છે. જેને પામવામાં સુખ છે એમ લાગતું હતું તે મળી ગયા પછી ખાલી નાળિયેર જેવું લાગે છે. તેં કરોળિયાને જાળ ગૂંથતો નથી જોયો? તે માને છે કે મોટું સામ્રાજ્ય બનાવી રહ્યો છું. પળવાર-નોયે આરામ લીધા વિના મહેનત કરે છે. ઈરાદો છે એકાદ જીવને સપડાવીને તેને ગળી જવાનો. ક્યારેક તે મળી જાય છે. ક્યારેક જાળું પૂરું ગૂંથાય તે પહેલાં જ તોફાની હવા આવીને એને વિખેરી નાખે છે. આપણા બધાનું જીવન એટલે આ. પણ કરોળિયો એથી હિંમત હારી જઈને પોતાનું કામ છોડી દેતો નથી. સાંસારિક જીવનની પણ લગભગ આ જ દશા હોય છે.

ભાગાભાગી વચ્ચે આપણે યાદ નથી કરતા કે આપણને શું મળ્યું. માત્ર સવા પાંચ સેન્ટ જમીન માટે ગામલોકો સાથે લડવા તૈયાર થયો. એને માટે સૌથી મોટા દીકરાના રૂપમાં કિંમત ચૂકવવી પડી.

ઉણ્ણિત્તાન પાસેથી ખરીદેલી બેતાળીસ સેન્ટ ખેતરની જમીનની અડોઅડ સવા પાંચ સેન્ટ સરકારી જમીન હતી. પટ્ટામાં અલબત્ત લખ્યું નહોતું, પણ લાંબા વખતથી એ જમીન સર્વે નં. 394-47નું અંગ છે. એની સાથે ઉત્તરમાં ચાર સ્તર પર ફેલાયેલી બાસઠ સેન્ટ જમીન નાણુ નાયરની હતી. ભાગની વહેંચણીમાં આ જમીન નાણુ નાયરની દીકરીને મળી. શિવરામકુરુપની પત્ની-ની મોટીબહેન. એ સ્ત્રીનો પતિ શેખરન નાયર ખેડવા માટે આવ્યો ત્યારે જમીનની માપણી કરાવી. દસ્તાવેજમાં બાસઠ સેન્ટ લખ્યા હતા, પણ માપી તો માત્ર સત્તાવન સેન્ટ જમીન નીકળી. પાંચ સેન્ટ જમીન કુંયેનામાખ્ખિપલાએ હડપ કરી લીધી કે શું? ખેડવાનો સમય થતાં દલીલબાજી પણ શરૂ થઈ. ભીડ એકઠી થઈ ગઈ. ચારે તરફનાં ખેતર નાયર લોકોનાં જ હતાં. સાત ભાગ નાણુ નાયરનાં સંતાનોના હતા. એના જ પક્ષમાં વધારે લોકો બોલતા હતા. સર્વેક્ષક માપે ત્યારે જે જમીન વધારે હશે તે એમને આપવી પડશે. તો હવે? ઝઘડાથી બચવા ગાંઠના ખર્ચે એક સર્વેક્ષક લઈ આવ્યો ને ફરી માપ લેવડાવ્યું. શેખરન નાયરનું ખેતર પૂરા બાસઠ સેન્ટનું

નીકળ્યું. પણ એ હતો ભારે હઠીલો. માને તો ને? હવે ઉપાય શો? એ લોકોની સંખ્યા વધારે હતી. એક દિવસ વહેલી સવારે ઉણ્ણિત્તાનજી પાસે ગયો. કોઈક જમાનામાં આખાયે તાલુકાની જમીન એમના કુટુંબની હતી. ઘણા પ્રતાપી. કમર પર અંગૂછો બાંધી, હથેળીથી મોં ઢાંકી હું વિનયપૂર્વક ઊભો રહ્યો.

"શી વાત છે, કુંયેના?"

મેં નિવેદન કર્યું : "હજૂરે મહેરબાની કરીને બંદાને જમીન આપી હતી. એ જમીન પર મહેનતમજૂરી કરીને છોકરાંને લૂખુંસૂકું ખવડાવું છું."

બુઝુર્ગ ગંભીર પ્રકૃતિના હતા. બેચાર શબ્દ માંડ બોલતા. કહ્યું : "ભલે, તું જા."

તેમણે શેખરન નાયરને સમજાવ્યો. પણ એ માને તો ને? દલીલબાજી, ઝઘડો – બધું ચાલ્યું. જેમતેમ કરી એ સાલ ખેતર ખેડયું. આગલા જૂનની વાવણી માટે ખેતર ખેડવા ગયા ત્યારે વાડ બદલાઈ હતી. સૌથી મોટો છોકરો અને કીવરીત પણ સાથે હતા. કીવરીતે મજૂરના હાથમાંથી કોદાળી લઈને ખેતરની વાડ મૂળ હતી તેવી કરી નાખી. શેખરન નાયર એ વખતે ત્યાં નહોતો. ખબર પડતાં તે આવ્યો. આઠ-દસ બીજા લોકો પણ સાથે હતા. આ દરમ્યાન અમારા મજૂરો કુંયુચેરુક્કન અને કોચ્ચયાપ્પિને બોલાવી લાવ્યા.

ફિલિપ્પોસ ત્યારે ત્યાં નહોતો. માત્તુક્કુટ્ટિનાનો છોકરો હતો. . . મનમાં જોખમનો અંદાજ બાંધ્યો. કોઈ ઉપાય પણ નહોતો. શેખરન નાયર આવતાં-વેંત બરાડયો : "નીકળી જા ખેતરમાંથી, હરામીના બચ્ચા!"

"એ તો તારો બાપ ખેતરમાં આવે ત્યારે બોલજે. . .ના બચ્ચા!" કીવરીતે કહ્યું. કોઈ એના બાપને ગાળ દે તો એ શી રીતે ચૂપ બેસે?

શેખરન નાયર હૃષ્ટપુષ્ટ હતો. અખાડામાં તાલીમ લેતો હતો. એણે આગળ આવી પૂરા જોરથી કીવરીતના ગાલ પર તમાચો જડી દીધો. આ શરૂઆત હતી. સહુથી મોટો દીકરો પણ વચ્ચે પડી બચાવ કરવાની કોશિશ કરતો હતો. શેખરન નાયરના સાથી વાસુકુરુપે જ્યારે ફરી વાર હુમલો કર્યો ત્યારે એનીયે રુખ બદલાઈ. એક જ લાતમાં તેણે વાસુકુરુપને ભોંય પર પછાડી દીધો. કમરેથી છરો કાઢીને દાંતથી ખોલ્યો. વીસ-ત્રીસ માણસો ખેતર પર તૂટી પડયા હતા ને! બસ એટલું જ યાદ છે કે એ લોકો ત્રીસ જણ હતા. અમે હતા પાંચ જણ. કોલાહલ સાંભળીને પપ્પચ્ચન અને એનો એક સાળો આવ્યા. એમના હાથમાં કોદાળીનો દાંડો હતો. દરેકના હાથમાં કંઈ ને કંઈ ઓજાર હતું. મારી નાખવાની ચળ જ ઊપડી હતી. ગાંડપણ જ માનો ને! કહે છે

ગર્જનાઓ અને બૂમબરાડા છેક ગામના પાદર સુધી સંભળાયા હતા. મોટી જબરી ભીડ એકઠી થઈ ગઈ. ખેતરમાં લોહીના રેલા વહેતા હતા. થોડી વાર પછી બુઝુર્ગ ઉણ્ણિખાન પણ ખેતરમાં આવી પહોંચ્યા. બોલ્યા : "બંધ કરો, બદમાશો! એકેએકને જેલમાં પુરાવી દઈશ."

બધા દબાઈ ગયા. કોણ મરી ગયું, કોણ જીવતું રહ્યું, ખબર નથી. દીકરાની વહુઓ છાતી પીટતી ને મોટે મોટેથી રોતી રહી. હાથમાં ખુલ્લો છરો લઈને કુંયોમા બેભાન પડયો હતો. પ્રતિદ્વન્દ્વી છરો ભોંકવા આવ્યો તો એને રોકવા જતાં કીવરીતના હાથનો અંગૂઠો કપાઈ ગયો. ચાર-પાંચ માણસોના પેટમાં, છાતીમાં છરાના ઘાવ થયા છે. આખું કુરુક્ષેત્ર જ જોઈ લો. કુંયોમાની દશા જોઈ રહેવાયું નહીં.

"તને એ લોકોએ મારી નાખ્યો?"

"બાપુજી!"

કુંયેનાચ્ચન ધ્રુસકે ધ્રુસકે રડતા હતા. દીનામ્માએ મોટેથી સાદ કર્યો : "બાપુજી!"

"હૅં!"

"કેમ રડતા હતા?"

"રડતો હતો?"

"હા, પૂછતા હતા કે બેટા, તને શું મારી નાખ્યો?"

"બેબી ગઈ?"

"ક્યારનીયે ગઈ. . . . કાલે જ મેં કહ્યું હતું કે આલતુફાલતુ વાતોનો વિચાર કરી કરીને મગજ ખરાબ ન કરતા."

"હં."

"કુરુપ આવ્યા હતા."

"ક્યાં છે?"

"થોડી વાર બેઠા. તમે ઊંઘતા હતા. કહે કે જગાડશો નહીં. અફીણ આપ્યું છે."

"હા, કાલ માટે નહોતું."

"કહેતા હતા, કુંયુચેરુક્કન ભાઈએ જે કહ્યું, તે પછી અહીં આવવું ન જોઈએ. પણ બાપુજીનો ખ્યાલ કરીને આવે છે."

"હા, એ શરીફ આદમી છે."

"બાપુજીને મળવા માટે બીજું પણ કોઈક આવ્યું છે. બહાર ઊભું છે."

"કોણ છે?"

"રાહેલમ્મા."

"હૅં?"

"કીવરીતભાઈની દીકરી."

"બોલાવ એને."

રાહેલમ્મા આવી. એણે દુપટ્ટાથી કપાળ ઢાંકી દીધું હતું. ધ્યાનથી જોઈ. વારો બંધ થયા પછી એને જોઈ નહોતી.

"નજીક આવ."

"ના, મોં પરના ફોલ્લા ઓછા નથી થયા. ઊલટાના વધ્યા છે."

"બેટી!"

"શું?"

"દાદાને મળવા આવી?"

"હં."

"તારી સૌથી નાની બહેન થોડા દિવસ પહેલાં આવી હતી. મેં તારા વિશે પૂછેલું."

"એણે મને કશું કહ્યું નથી."

"કહ્યું નથી?

"કોઈ મને કાંઈ પૂછતું-કહેતું નથી."

"હૅં?"

"હું ત્યાં રહું છું એ સૌને ભારે પડે છે. બહુ ઝંઝટ છે. મરી જાઉં તો છૂટું."

"હં."

"હુકમ છે કે નાની બહેનોના પતિ કે એમનાં સગાંવહાલાં આવે તો મારે બહાર ન નીકળવું."

રાહેલમ્માએ કપડાના છેડાથી આંખો લૂછી. દીનામ્મા બોલી : "રડીશ નહીં, રાહેલમ્મા! દુનિયા એવી જ છે. મા-બાપ, ભાઈ-બહેન, બધાની એવી જ સ્થિતિ છે."

"ભગવાનેય બોલાવતો નથી. દુનિયાનો બોજો બનાવીને મને અહીં રાખી મૂકી છે."

"તારા સાસરાના ઘરનાં એકેય વાર આવ્યાં?" રાહેલમ્માએ કશો જવાબ આપ્યો નહીં. શું આપે? દાદાજી સારી પેઠે જાણે છે કે આવવા-જવાનું બંધ છે, તોપણ પૂછે છે.

થોડી વાર સુધી કુંયેનાચ્ચન અને દીનામ્મા બોલ્યાં નહીં. રાહેલમ્માએ કહ્યું : "કોઈનેય તકલીફ આપ્યા વિના જવાની મુદત કરતાં એક દિવસ વહેલી જ ચાલી જાઉં તો સારું !"

"પરમાત્માની ઈચ્છા વિના એ શી રીતે બને?"

"મેં એક વાત વિચારી રાખી છે."

"શું?"

"એમની તકલીફ હંમેશ માટે દૂર કરી દઈશ."

"જેમતેમ બોલ નહીં, રાહેલમ્મા !"

"શું – શું?"

"કંઈ નહીં, દાદાજી –" રાહેલમ્મા મનના આવેગને રોકી ન શકી. ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

"રડીશ ના, દીકરી! યહોવા તારી તકલીફ દૂર કરશે. યહોવા માટે કશું જ અશક્ય નથી."

રાહેલમ્મા થોડી વાર દાદાના મોં તરફ તાકી રહી. પછી આંખો લૂછી નાખી. . .

"હું જાઉં છું, દાદાજી!"

"આવજે."

તોપણ અન્યમનસ્ક જેવી થોડી વાર વધારે ઊભી રહી. દીનામ્માએ કહ્યું : "બપોર થઈ ગઈ છે. હવે જમીને જ જજે ને!"

"ના, કાકી!"

રાહેલમ્મા કાકી કહે છે પણ ઉંમરમાં તે દીનામ્મા કરતાં મોટી છે. છતાં સંબંધ કાકી-ભત્રીજીનો છે.

કુંયેનાચ્ચન વિચાર કરવા લાગ્યા. છોકરી પર કેવી આફત આવી પડી છે! તેનાથી વેઠાતું નથી. પતિ અને માતાના અપશબ્દ. નાની બહેનોના ખરાબ શબ્દો. છેવટ એણે શું બગાડયું છે? પરમેશ્વરે એને એક મહારોગ દીધો છે. રોગોમાં સૌથી જટિલ. પરમેશ્વરે શા માટે એને આ તકલીફ આપી? કદાચ એની કસોટી કરવા માટે. કપટરહિત, સત્યવાદી, ઈશ્વરભક્ત નિર્દોષ અય્યુબની પણ પરીક્ષા લીધી હતી. ભગવાનની ગતિ કોણ જાણે છે? કુટુંબના બીજા કોઈને આ રોગ નથી. કહે છે કે મોસાળ પક્ષેથી મળ્યો હશે. દસ-બાર વર્ષની ઉંમરે ડાબા હાથ પર કંઈક ડાઘ જેવું દેખાયું. કાઢો ગોળીઓ બહુ લીધાં. પાંચ દીકરીઓમાં સૌથી મોટી. નાની બહેનોને ઉછેરવામાં – રમાડવામાં હોશિયાર.

મોટી થયા પછી તે જ રસોડું સંભાળતી હતી. એ દરમ્યાન દવાદારૂ માટે ફુરસદ મળી નહીં. સત્તર વર્ષની થઈ ત્યારે મામા એક વાત લાવ્યા. છોકરો બૅન્કમાં કારકુન હતો. જોયો. પસંદ પડયો. રાહેલમ્માના પિતાએ કહ્યું : "લગ્ન કરી નાખીએ તો કદાચ હાલત સુધરી જાય, બાપા!"

"હા, કરી નાખવાં જોઈએ."

"લગ્ન કરવા માટે મારી પાસે કયાં કશી બચત છે?" વિચાર્યું. સાચી વાત છે, એની પાસે કંઈ નથી. પાંચ છોકરીઓને વળાવવાની છે. ત્યાર પછી ગુજારો કેમ કરવો? એ દિવસોમાં કુંયેનાચ્ચન પાસે ખેતી અને વેપારમાંથી થોડી બચત થઈ હતી.

"ચાર માણસોને બોલાવી સગપણ કરી નાખો."

ગયો. સગપણ થયું. લગ્ન થયાં. લગ્ન પછી બીજા અઠવાડિયે સાસરાવાળાએ છોકરીને ઘેર પાછી મોકલી. તે પછી કોઈ તેડવા આવ્યું નહીં. પૂછપરછ કરતાં ખબર પડી કે સાસરિયાંઓએ છોકરીના હાથ પરનો ડાઘ જોઈ લીધો છે. એમની ફરિયાદ હતી કે કન્યાના ઘરનાં લોકોએ વાત છુપાવી દગો દીધો. વાત સાચી હતી. તોપણ પરણેલી છોકરી સાસરાની સંપત્તિ છે. જોઈએ તો ઠોકર મારે. ધૂંધવાતા લાકડાની જેમ લાતમાર સહેતી તે ત્યાં જ રહી શકે. આથી હજુ તે ત્યાં જ છે. આ દરમ્યાન આખા શરીરમાં રોગ ફેલાઈ ગયો. આ લોકોએ એને એ શરતે ઘરમાં રાખી છે કે તે ઓરડાની બહાર પગ ન મૂકે.

આ હુકમમાં ભૂલ કયાં છે? પુરાણા જમાનામાં પણ આ ઘૃણિત રોગ હતો. યહોવાએ સિનાઈ પર્વત પર મુસાને કહ્યું હતું – કોઈ માણસની ચામડી પર ચકામાં કે ફોલ્લીઓ, સફેદ ડાઘ કે કોઢનાં એવાં નિશાન દેખાય, તો એને પુરોહિત આહરોન અથવા એના એક પુત્ર પાસે લઈ જજો. પુરોહિત ચામડીના ડાઘની પરીક્ષા કરશે. ડાઘનો અંદરનો વાળ સફેદ હોય અને ડાઘ ચામડીથી ઊંડો હોય તો પુરોહિતે એને જોઈને જાહેર કરવું કે આ માણસ અશુદ્ધ છે.

"બેટી!"

"શું?" દીનામ્મા આવી.

"થોડી કાંજી આપ."

ઊઠીને બેઠા થયા. ઓશીકા નીચેથી એક ગોળી કાઢીને ખાધી. કાંજી લઈને પીધી. પછી સૂતા. એ વખતે બારણા પર વાતચીત સંભળાઈ.

"ફાધર લોના ભાઈના પક્ષમાં છે."

"એ જ ન્યાયી વાત છે."

કુંયેનાચ્ચને પૂછ્યું : "એક તો માત્તુક્કુટ્ટિ છે. બીજું કોણ છે, બેટી?"

દીનામ્માએ આંગણામાં જઈને જોઈને કહ્યું : "કાર્તિકપ્પલિના ફાધર છે."

"અચ્છા!"

"આ ફાધરનો મત છે. ગમે તે હોય, જે પુરુષ દીકરા-પોતરાવાળી આધેડ સ્ત્રીને મારે તેની શી આબરૂ રહે?"

"હું મારવાની વાતને ટેકો નથી આપતો. પણ કાકીની જીભ ખરાબ છે. માત્તુક્કુટ્ટિ, તું તો આટલે દૂરથી જ વાતો સાંભળે છે. હું તો પડોશમાં રહું છું. સગી આંખોએ જોઉં છું ને સગા કાને સાંભળું છું."

"ફાધરે કદી એ વિચાર કર્યો કે કાકીનું વર્તન આવું શાથી થઈ ગયું છે?"

"એ પણ હું જાણું છું."

"જ્યારથી કાકીએ ઘરમાં પગ મૂક્યો છે ત્યારથી એમણે કદી નિરાંતનો શ્વાસ લીધો નથી. પતિ દુશ્ચરિત્ર છે. નોકરીમાં જ્યાં જ્યાં બદલી થાય ત્યાં ત્યાં એક-એક સંબંધ. કાકી પહેલાં રિસાઈ. ઝઘડો કર્યો. પણ બધું નકામું જતાં તે હૃદયથી એમનાથી અળગી થઈ ગઈ. પછી મળી નહીં. ખ્રિસ્તીઓમાં લગ્ન તો ખૂંટા સાથે બાંધવા સમાન છે ને? આથી એ પણ એ બંધનમાં પડી રહે છે. આ કહેવાનો અર્થ શું એમ છે કે પરમાત્માએ બંનેને જોડયાં છે અને મૃત્યુ સુધી પતિની સેવા કરતાં રહેવું એ પત્નીનો ધર્મ છે?"

કુંયેનાચ્ચને પૂછ્યું : "કોની વાત કરો છો?"

"દીનામ્માની મોટી બહેનની વાત કરીએ છીએ, મામા!"

"હા, મરિયામ્માની વાત છે. એમાં ભૂલ બન્નેની છે. સુથાર પણ અણઘડ ને લાકડું પણ વાંકું."

દીનામ્માએ પૂછ્યું : "મારી જ મોટીબહેન છે? ફાધરની પણ મોટીબહેન નથી?"

ફાધર મોટેથી હસ્યા. "હા, તમે બધાં એક જ માનાં સંતાનો છો – નાની-મોટી બહેનો છો. હું મોડેથી આવેલો નાનો ભાઈ છું ને?"

"કબૂલ."

"હું તમારે લોકોને ઘેર આવ્યો ત્યારે દીનામ્મા ચાર વરસની હતી ને?"

"હા."

ફાધરે એ ચાર વરસની છોકરીની છબી મન સામે જોઈ. પતંગિયાની જેમ ચારે તરફ રમતી – દોડાદોડ કરતી. તે દિવસોમાં ફાધર ડીકન (ઉપયાજક) જ

હતા. છોકરી વાર્તા સાંભળવા માટે રોજ બનેવી સાથે સૂતી. એ માટે હઠ કરતી. એ નાની ઉંમરમાં જ તે કમળની કળી જેવી સુંદર હતી. પંદર-સોળની થતાં અત્યંત રૂપવાન બની ગઈ. તોપણ વિધુર સાથે લગ્ન થયાં. ભાગ્યમાં એવું જ નિર્માયું હશે. બે દીકરીઓનાં લગ્ન અને માંદગીએ એના પિતાની હાલત ઘણી ખરાબ કરી મૂકી હતી. ઘર અને ફળિયું બાદ કરતાં બાકીની બધી સંપત્તિ દેવામાં તણાઈ ગઈ. કુંવારી દીકરી સુંદર હોય તોયે બોજારૂપ હોય છે. માત્તુક્કુટ્ટિ સાથે દીનામ્માનાં લગ્નની દરખાસ્ત ફાધરે જ મૂકી હતી. માત્તુક્કુટ્ટિ એમનો મામાનો દીકરો તાઈ થતો હતો. બીજવર હોવા છતાં માત્તુક્કુટ્ટિ બધાને સ્વીકાર્ય હતો. દેખાવમાં સોહામણો હતો. સલાહસૂચન આપવા જેટલો કુશળ.

"ફાધર, હજુ તમે એ જ દેવળમાં છો ને?"

"હા, મામા."

"ધર્મદેશમાં હવે ટંટો-તકરાર ચાલે છે?"

"પહેલાં જેવા નહીં."

"કોપ્રાસ્પુરાના બુઝુર્ગ હજુ છે?"

"એમનું અવસાન થઈ ગયું. એમનો સૌથી મોટો દીકરો જ મુખી છે. અમારા ઈટિચ્ચાણ્ડિનો જમાઈ."

"સમજી ગયો."

"ધર્મદેશમાં હવે પહેલાંની જેમ અમીર લોકોનું કાંઈ ચાલતું નથી. સમિતિઓમાં સાધારણ લોકોની બહુમતી હોય છે. એમની જ વાત સાંભળવામાં આવે છે."

"એ તો ઠીક છે. અહીં પણ એ જ સ્થિતિ છે."

દીનામ્માએ પૂછયું : "કાકીને કેમ છે?"

"ગયા મહિને તું જોઈ આવી હતી ને? બસ એમ જ છે. દોરડું પકડી પકડીને થોડું થોડું ચાલે છે."

"હમણાં એક નવા વૈદ્ય આવ્યા છે. એમનું વચન છે કે ચાલવાનું તો ઠીક, દોડી પણ શકે. ભગવાન જાણે."

"શું, શું?"

"એ તો કાકીના ખબર પૂછતી હતી, દાદાજી!"

દીનામ્માએ ફાધરને કહ્યું : "બાપુજી આજકાલ જરા ઓછું સાંભળે છે. મોટેથી બોલવું પડે છે. યાદ પણ બરોબર રહેતું નથી."

ફાધરે કહ્યું : "એવું જ બને છે. છેલ્લા દિવસોમાં આંખે ઓછું દેખાય છે, કાને ઓછું સાંભળાય છે. આ બધાં પગથિયાં પાર તો કરવાં જ પડે, ખરું ને મામા?"

"હૈં?"

"મારી વાત બરોબર છે ને?"

"કોને ખબર, બરોબર જ હશે. આજકાલ તમારા લોકોની વાત જ સાચી હોય છે ને?"

ફાધર જોરથી હસ્યા. હાસ્ય એમનું એક હથિયાર છે. મારવા માટે આવનાર પ્રતિદ્વંદ્વીને પણ તે હાસ્યથી મુગ્ધ કરી દે છે. કુંયેનાચ્ચનની વાતનો આશય તે સમજી ગયા. સભાઓનો પરસ્પર વિવાદ હતો. ફાધર અને કુંયેનાચ્ચન જેકોબાઈટ વિભાગની જ બે જુદી જુદી છાવણીઓમાં છે. ફાધર સિરિયન પેટ્રિયાર્ક તરફી છે. કુંયેનાચ્ચન કાત્તોલિકા બાબાના પક્ષમાં છે. ઈમાન અને ધાર્મિક વિચાર બન્ને માટે એક જ છે, પણ વહીવટ અને વ્યવસ્થાની બાબત અંગે સભા બે છાવણીઓમાં વહેંચાઈ ગઈ છે. . . .

"અમારું કહેવું સાચું જ છે. મામાને શું શંકા છે?"

"સસલાને ત્રણ શિંગડાંવાળું સત્ય?"

"એવું કેમ?"

"નહીં તો? જ્યારે તુર્કીના સુલતાને કહ્યું કે દિમાગ ઠીક નથી ત્યારે તમારા લોકો માટે તે અબદુલ મિશિહા પેટ્રિયાર્ક ન રહ્યા. . . .'

"કહ્યું નહીં, ધર્મસભાઓ પણ ફરમાન પાછું ખેંચી લીધું હતું."

"એ તો કેટલાક સ્વાર્થી લોકોનું કામ હતું. જેમ કે, હું માત્ર માંદો પડું તો શું હું મામ્મુક્કુટ્ટિનો બાપ મટી જાઉં?"

"એ બે બાબતમાં ફરક છે, મામા! એક મહાસભાના આધ્યાત્મિક અધ્યક્ષની વાત છે. સભાનો ઈતિહાસ જુઓ, અધિકાર આપવાનો અને લઈ લેવાનો હક ધર્મસભાનો છે. એ જ ધર્મસભાઓ અબદુલા પેટ્રિયાર્કને આધ્યાત્મિક અધ્યક્ષ-પદે બેસાડયા. અધિકારી સભાધ્યક્ષે જ વટ્ટશેરી બિશપને અધિકારોથી વંચિત જાહેર કર્યા."

"હા, હકની જ વાત છે. હક કેવો? હક અમે જ આપેલો હતો. બીજું શું? કૂનનકુરિશ[1] પાસેથી લઈને આપો."

મામ્મુક્કુટ્ટિ વચ્ચે પડયો: "બાપા, તમે નબળા નબળા આટલા જોરથી શું કરવા વાતો કરો છો? ચર્ચા-મુકદ્દમા પછી સભામાં એકતા સ્થપાઈ ગઈ. પણ તમે બન્ને હજુ વિવાદ કરો છો."

1. એક સ્થળનું નામ છે. અહીં બન્ને ધર્મસભાઓ વચ્ચે સમજૂતી થઈ હતી.

દીનામ્માએ બારણા પાસે આવીને કહ્યું : "બાપુજી અને ફાધર જ્યારે પણ મળે ત્યારે વિવાદ શરૂ કરી દે છે."

ફાધર ફરી ખડખડાટ હસ્યા. "અમે વાતો કરતાં કરતાં ઝઘડો થોડો જ કરવા માગતા હતા? ખાલી વાત કહેતા હતા."

દીનામ્મા બોલી : "હાથ ધોઈ લો, થોડું પાણી પીઓ."

ફાધરે હસતાં હસતાં પૂછ્યું : "પાણી પીવા માટે પણ શું હાથ ધોવા પડે?"

સાંભળ્યું અણસાંભળ્યું કરી દીનામ્મા ઝટપટ રસોડામાં ગઈ. શેર જેટલા ચોખા ખાંડી રાખ્યા હતા તે કેટલા કામમાં આવ્યા! પુટ્ટ બનાવ્યા. દુકાનેથી કેળાં મગાવ્યાં. પુટ્ટ, કેળાં અને કૉફી ટેબલ પર મૂકીને બોલી : "કોઈ ખાસ વસ્તુ તો નથી."

"આ બધી શું ખાસ વસ્તુઓ નથી?" ફાધર આ વખતે પણ મોટેથી હસ્યા.

"કુંયુમોલ તાવ આવ્યા પછી હવે કૉલેજ જાય છે?"

"હા, હજી દૂબળી બહુ છે."

"રાજુમોન કેમ છે?"

"હા. . . હા. . . "

"દીનામાસી માટે બાળકોને બહુ પ્રેમ હતો. કુંયુમોલ રજા મળતાં જ દોડી આવતી હતી."

"અને હવે?"

"હવે એને અહીં આવતાં શરમ લાગે છે. દીનામાસીનું ઘર સારું નહીં, એને ત્યાં નોકરચાકર નહીં. મારાં કાકીની તબિયત ખરાબ હોવાને લીધે જ આ બધું. . ." દીનામ્માએ આંસુ લૂછી નાખ્યાં.

માત્તુક્કુટ્ટિ : "અરે, રડે છે? એ માટે ફાધર શું કરે?"

"ફાધરે કાંઈ કરવાનું નથી?"

"હા, ભલે મારી પાસે ઊભી રહીને એ થોડું રડી લે, માત્તુક્કુટ્ટિ! સ્ત્રીઓને એથી થોડી રાહત મળે છે."

ફાધરે સ્મિત કરતાં દીનામ્માને કહ્યું : "ઠીક છે, બેટી, હવે હું તને કંઈક કહું. તારી બન્ને મોટી બહેનોની આર્થિક સ્થિતિ તારા કરતાં સારી છે. ભલે, માની લીધું. એમાંથી મોટીની હાલત પર હમણાં અમે લોકો વાતો કરતા હતા ને? સાંભળવાની ક્યાં જરૂર છે? તને તો ખબર જ છે. રૂપિયા-પૈસા છે, તેથી શું એમને આરામ મળ્યો છે? ચેન મળ્યું છે? તારી સારાકાકીની વાત જો.

ખરી જુવાનીમાં એ અપંગ થઈ ગઈ. ઓરડામાંથી બહાર નીકળ્યાને ઓગણીસ વર્ષ વીતી ગયાં છે. આમ એને બીજી જાતનું દુ:ખ મળ્યું છે. તને આ બન્નેમાંથી એક્કેના જેવું દુ:ખ-કષ્ટ નથી. તો પ્રભુ તારા પ્રત્યે નિર્દય નથી. સભોપદેશક કહે છે એમ, ચતુરમાં ચતુર માણસ પણ જાળમાં ફસાતી માછલીની જેમ, ફંદામાં ફસાતા પક્ષીની જેમ દુષ્કાળના પંજામાં સપડાઈ જાય છે. ખરી વાત છે ને, મામા?"

"હા – હા."

"મામાની આગળ વેદમાંથી ઉદ્ધરણ ટાંકું છું. મામાને આખોયે વેદ મોઢે છે."

"મને ક્યાં યાદ છે? જ્ઞાનીઓનો રાજા સોલોમન કહે છે કે મને કાંઈ ખબર નથી. તો હું. . ."

ફાધર હસ્યા. "મારા આવવાનો એક બીજો પણ આશય છે."

માત્તુક્કુટ્ટિએ પૂછયું : "શો?"

"સાંભળ્યું છે કે રાજન ટૂંક વખતમાં જ રજા પર આવવાનો છે."

"ક્યારે આવશે?"

"એમ જણાય છે કે આગલા મહિનાની શરૂઆતમાં આવશે. બરોબર?"

"હા, એમ જ લખ્યું છે. શી વાત છે?"

"લગ્ન માટે એક માગું છે."

દીનામ્માએ માત્તુક્કુટ્ટિ તરફ જોયું. કુંયેનાચ્ચને પૂછયું :

"કેમ રે, શી વાત છે?"

આ પ્રશ્નની પરવા કર્યા વિના દીનામ્માએ કહ્યું :

"ઓહ, રાજનની ઉંમર હવે ત્રેવીસ વર્ષની થઈ ને?"

"બીજું શું જોઈએ? જૂના જમાનામાં સોળ વરસ પૂરાં થાય ન થાય ત્યાં છોકરાંઓનાં લગ્ન થઈ જતાં. ખરી વાત છે ને, મામા?"

"એ તો એ જમાનાની વાત હતી. યોગ્ય વખતે અત્યારે પણ લગ્ન થવાં જોઈએ. ત્રેવીસ વર્ષની ઉંમર બરોબર છે. અને સત્તર વર્ષની છોકરી. શું કહો છો?. . ."

"ક્યાં?"

"પુત્તનાટ્ટુકરામાં."

"તમે પહેલાં ત્યાં પુરોહિત હતા ને?"

"હા, હમણાં ત્યાં ગયો ત્યારે એ છોકરીને જોઈ. હું જ્યારે ગામ છોડીને નીકળ્યો ત્યારે એ એક-દોઢ વર્ષની બાળકી હતી. દેવળની પડોશમાં

ઘર છે. આસ્તિક લોકોનું કુટુંબ છે. એ જ તો મુખ્ય વાત છે. પિતા હવે જીવિત નથી. આ છોકરી માના પેટમાં હતી ત્યારે એના પિતા એક દુર્ઘટનામાં મરી ગયા. છોકરી દીનામ્માની નાની બહેન જેવી લાગશે."

થોડી વાર સુધી કોઈ કાંઈ બોલ્યું નહીં. પછી માત્તુક્કુટ્ટિએ પૂછ્યું : "ફાધરની વાત બાપાએ સાંભળી?"

"લગ્નની વાત છે ને?"

"હા."

"સારી જગ્યા હોય તો જોઈએ."

"ભલે, સારું લાગે તો જ કરવું. એ કુટુંબનું કોઈ અહીં આવશે. પછી તમે લોકો ત્યાં જઈને જોજો."

"ફાધરે પસંદ કરી હોય પછી અમારે શું જોવાનું?"

"એમ વાત નથી. અહીંથી કોઈએ જઈને પૂછપરછ કરવી જોઈએ. કીવરીતભાઈ જાય અથવા ફિલિપ્પોસભાઈ—કોઈ પણ."

દીનામ્માએ કહ્યું, "પણ પહેલાં રાજનને આવી જવા દો. એનો મત જાણી લઈએ પછી જ આગળ વિચારવાનું છે."

"હા, બસ, એ ઠીક છે. મેં તો ખાલી સૂચન કર્યું. કશી ઉતાવળ નથી. રાજન આવી જાય પછી આ તરફ આવીશ."

ફાધર છત્રી લઈને નીકળ્યા. દીનામ્માએ પૂછ્યું : "છત્રી કેમ લીધી?"

"જાઉં હવે બેટી, કેટલાંયે કામ છે."

દીનામ્માએ અચ્ચનની છત્રી ઝૂંટવી લીધી. બોલી:

"ભલે બધાં કામ બગડે. બલા ટળી, જમ્યા સિવાય જવાનું નથી."

ફાધર સાળીની હિંમત જોઈ લાચાર ઊભા રહ્યા.

કુંચેનાચ્ચને કહ્યું : "ભલે તો, એને હોંશ છે. બપોર પણ થઈ ગઈ છે ને!"

ફાધર ફરીથી ખુરશી પર બેઠા. "મામા પણ એમ જ કહેતા હોય તો પછી માન્યા વગર કેમ ચાલે? ન માનું તો દીનામ્મા નારાજ થાય. પણ જરા વાત સાંભળ. કોઈ ખાસ શાકભાજી બનાવતી નહીં. સાંભળ્યું કે બેટી?"

"કંઈ નથી બનાવતી. સરગવાનાં પાંદડાંનું શાક બનાવીશ. મોર બેઠો છે. એનું સૂકું શાક બનાવીશ, બસ!"

ફાધર ફરી હસી પડયા. "તો દીનામ્મા કશું ભૂલી નથી, સાંભળ્યું મામા! આના નાનપણના દિવસોમાં હું જ્યારે એ લોકોને ઘેર જતો ત્યારે આ જ બે

શાક ખાસ તે બનાવતી; મને એ ભાવે છે એ જાણીને. હું પહોંચું કે તરત દીનામ્મા સરગવાનાં પાંદડાં તોડવા જતી."

કુંયેનાચ્ચન બોલ્યા : "સાળીઓને બનેવી માટે ખાસ મમતા હોય છે. હું આ આનંદ મેળવી શકયો નથી."

"ખરી વાત છે. તમારે નાની બહેનો નહોતી, સામી ચાર ભાઈઓ વચ્ચે એકનાં એક બહેન હતાં ને?"

માત્તુક્કુટ્ટિ બહાર કોઈની સાથે વાત કરી રહ્યો હતો. એણે આવીને ફાધરને કહ્યું : "બેસોને ફાધર, હું હમણાં આવ્યો."

"ક્યાં ચાલ્યો?"

"એક ગિરવીનો મામલો છે. મારું જવું બહુ જરૂરી છે. મારા આવતા પહેલાં ચાલ્યા ન જતા."

માત્તુક્કુટ્ટિ બહાર ચાલ્યો ગયો. કુંયેનાચ્ચને પૂછયું : "તમારી મોટીબહેન કુંયુમરિયામ્મા કુશળ છે ને?"

"મોટીબહેનની તબિયત ઠીક નથી. સંધિવાની ફરિયાદ છે."

"હા, મારા લગ્નના દિવસે સાડી અને કબજો પહેરીને કુંયુમરિયામ્મા દેવળમાં આવી હતી. ખૂબ યાદ છે. એ જમાનામાં આજકાલની જેમ ફ્રૉક, બ્લાઉઝ વગેરે નહોતાં."

"ના, ના."

"જમાનો કેવો બદલાઈ ગયો છે! એ જમાનામાં વર-વધૂનો પોશાક કેવો રહેતો! વધૂના કાનમાં બૂટિયાં, વરરાજાની કમરથી પાની સુધીની નિલચંકી, ગળામાં ક્રૉસની માળા. હવે તો બદલાતાં બદલાતાં કોટ-પાટલૂન સુધીના દિવસો આવી ગયા છે. છોકરીઓ બ્લાઉઝની અંદર જે બલા પહેરે છે તે બહાર પણ દેખાય છે. જોયું છે ને?"

"હા, હા, હા!" ફાધરના અટ્ટહાસ્યથી આખું ઘર ગુંજી ઊઠયું. કુંયેનાચ્ચન પણ હસ્યા. દીનામ્માએ કહ્યું : "બાપુજી ક્યારેક ક્યારેક આવું કરે છે. કોઈની સાથે વાતચીત કરતાં શિષ્ટતા સુધ્ધાં ભૂલી જાય છે."

કુંયેનાચ્ચનના કાને આ વાત પહોંચી નહીં. "એ જમાનામાં પણ શી સ્થિતિ હતી? લગ્ન એટલે છોકરા-છોકરી માટે એક મેળો. રાંધવું-ખાવું, દોડવું-કૂદવું. . . . બસ. છોકરાની ઉંમર રહેતી બારેક વર્ષની. છોકરી આઠ વરસની એ શું સમજે?"

"ખરી વાત છે."

"અઢાર-વીસનો છોકરો લગ્ન ન કરે તો વાંઢો ગણાતો. હું પણ થોડો વખત વાંઢો ફર્યો હતો."

દીનામ્મા રસોડામાંથી બહાર આવી અને ફાધરને ઉદ્દેશીને બોલી : "સાંભળનારું કોઈ મળી જાય તો બાપુજી રામકહાણી સંભળાવ્યા જ કરશે. પછી પાછળથી થાકી જશે."

કુંયેનાચ્ચને પૂછ્યું : "શું છે?"

"કંઈ નહીં."

"મામા, તમે વધારે વાત કરશો તો થાકી જશો."

"કહીએ છીએ, પણ સાંભળે ત્યારે ને?"

"ઓહ! કેટલો થાક છે! આ તો આયુષ્યનો થાક છે. એ તો ચૂપ રહેવા છતાં અનુભવાય છે. લગ્નની ચર્ચા થઈ, એટલે યાદ આવ્યું. અક્કામ્મા સાથે લગ્ન થયાં ત્યારે મારી ઉંમર ઓગણીસ વર્ષની હતી. એ જમાનાના હિસાબે અમારાં લગ્ન ઘણાં મોડાં થયાં હતાં. યોગ્ય સમયે લગ્ન કરાવી આપનાર કોઈ રહ્યું નહોતું. પિતાને આવી કોઈ વાત સૂઝતી નહોતી. પછી કોણ કરે? છૂટક વેપાર કરતાં કરતાં ખિસ્સામાં બે-ચાર રૂપિયા ભેગા થયા. એ વખતે દૂરના એક કાકા પ્રસ્તાવ લઈ આવ્યા. છોકરીની ઉંમર ચૌદ વર્ષની. હૃષ્ટપુષ્ટ તો નહોતી. પણ ચાર-પાંચ મહિના વીતતાં છોકરી એકદમ બદલાઈ ગઈ. ચોથા ધોરણ સુધી નિશાળમાં ભણી હતી. ફાધરના પિતા નાનાં બાળકોના શિક્ષક હતા. એમણે બહેનને ઘરમાં જ સારી પેઠે ભણાવી-ગણાવીને હોશિયાર બનાવી હતી. મીઠું ગાતી હતી. વિદાય વખતે મોટા સાળાએ કહ્યું હતું — ભલાઈનું બીજ છે. લેબેનોનની દ્રાક્ષાની વેલની જેમ તે ફૂલતી-ફળતી રહેશે.

એમ જ બન્યું. એણે જેને સ્પર્શ કર્યો તે દસ-ગણા સો-ગણા ફૂલ્યા-ફળ્યા. તે ચતુર હતી. બધું સહન કરતી હતી. તોપણ છેલ્લા દિવસોમાં એવો બનાવ બની ગયો કે તે બરદાસ્ત કરી શકી નહીં.

ઈશોભાઈ સાથે ભાગીદારીમાં દુકાન ચાલતી હતી. તે દિવસે રાતે જરા મોડેથી ઘેર આવ્યો. હાથમાં સળગતી મશાલ હતી. ખૂબ ગુસ્સામાં હતો, કારણ કે ઈશોભાઈએ સો-બસો રૂપિયાની છેતરપિંડી કરી હતી. આથી થોડી બોલા-બોલી થઈ હતી. અક્કામ્મા નિયમ અનુસાર પરસાળમાં ચીમની રાખીને મારી રાહ જોતી બેઠી હતી. કંઈ બોલી નહીં. થોડી વાર પછી એણે પૂછ્યું : "બહુ વાર લાગી?"

"ઈશોભાઈ સાથે ઝઘડો થઈ ગયો."

"કેમ?"

"ભાગીદારીમાં એણે કપટ કર્યું."

થોડી વાર મૌન. પછી બોલી : "કહેનાર પોતે પણ દગાબાજ છે ને!"

"હેં?"

"આપણે બન્નેએ વચન આપેલું ને કે વફાદાર રહીશું?"

એના ચહેરા તરફ ધ્યાનથી જોયું. એનો શો અર્થ થતો હતો?

"તમે પણ વચન તોડયું. એ પણ આ બુઢાપામાં."

"તું શું કહે છે?"

"મને ખબર પડી ગઈ છે કે એક નવી 'બહેન' મને મળી છે."

"... ... ..."

"વારંવાર દુકાને જવાનું રહસ્ય હવે સમજાયું."

"ધત્ તેરી. . . . . . . ની બચ્ચી!"

એક લાત. પડીને બેભાન થઈ ગઈ. ડરી ગયો. ત્યાર પછી. . .

"મામા!"

ફાધરે સાદ કર્યો. હલ્યા નહીં.

"મામા, સૂઈ ગયા કે?"

દીનામ્માએ કહ્યું : "વાતચીત કરતાં કરતાં આંખ મીંચાઈ જાય છે. જગાડીએ તો ઢંગધડા વગરની બકવાસ જેવી વાતો કરે છે."

"હા, નેવું વરસના થઈ ગયા ને! મગજ પર કાબૂ રહેતો નથી."

"બીજું કોઈ ન મળે તો સિસિલીને બોલાવીને તેની સાથે વાતો કર્યા કરશે."

"બાળકો અને બૂઢાં સરખાં જ હોય છે. એમનું મન ન દૂભવવું જોઈએ."

"બાપુજીની આવી તબિયતને કારણે હું દેવળમાં પણ જઈ શકતી નથી."

"આ સેવા જ સૌથી મોટું પુણ્ય છે, દીકરી! મસીહાએ કહ્યું છે ને? મને ભૂખ લાગી હતી, તમે મને ભોજન આપ્યું નહીં. તરસ લાગી હતી, તમે પાણી પાયું નહીં. મારા શરીર પર કપડાં નહોતાં, તમે મને કપડાં પહેરાવ્યાં નહીં. હું માંદો હતો, તમે ખબર કાઢવા આવ્યા નહીં. હું તમને સત્ય જ કહું છું કે નાનામાં નાના માણસ માટે તમે જે કાંઈ કરો છો, તે મારે માટે કરો છો. . . ."

એવામાં આંગણામાં પગલાંનો અવાજ સંભળાયો. સાથે જ નળકથાનું ગીત પણ. . .

શિવરામકુરુપે પગથિયાં ચડતાં જ ફાધરને જોયા. ધ્યાનથી નિહાળ્યા. કુરુપનું ચંદનનું તિલક, તુલસીદલ વગેરે ફાધરે પણ ધ્યાનથી નીરખ્યું.

"કુંચેનામાપ્પિલા સૂઈ ગયા છે?"

"હા, આવો ને!"

કુરુપ આવીને ટિપાઈ પર બેસી ગયો. ફાધરે કહ્યું : "આપનો પરિચય?"

દીનામ્માએ કહ્યું : "બાપુજીના મિત્ર છે."

કુરુપે વાકચ પૂરું કર્યું : "નામ શિવરામકુરુપ."

"અચ્છા!"

દીનામ્માએ ફાધરની ઓળખાણ આપી : "કાર્તિકપ્પલિના ફાધર. . . ."

"સમજી ગયો, સમજી ગયો. સિસિલી બેબીએ કહ્યું છે. કચારેક કચારેક કુંચેનામાપ્પિલાને મળવા આવતો હોઉં છું. એમનું વેદજ્ઞાન ઊંડું છે. જ્ઞાનનો વિશાળ સાગર જ જાણે! મને પણ આધ્યાત્મિક બાબતોમાં રસ છે. ઝીણવટથી વિચારીએ તો બધું એક જ છે. ઈસાઈઓનો વેદ કહે છે કે અધર્મગ્રસ્ત માનવજાતનો ઉદ્ધાર કરવા ઈશ્વરે પોતાના પ્રિય પુત્રને પૃથ્વી પર મોકલ્યો. હિંદુઓનાં પુરાણ પણ એ જ કહે છે. . . ગીતાનો શ્લોક તો સાંભળ્યો હશે – 'ધર્મસંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે.' વિચાર કરીએ તો બધું એક જ છે."

"એક નથી. બધું એક નથી. ઈસુને છોડીને, ઈસુએ બતાવેલો માર્ગ છોડીને બીજા કોઈ માર્ગ પર ચાલવાથી મુક્તિ નથી મળતી."

"મુક્તિ એટલે?"

"મુક્તિ."

"મુક્તિ મળવાનો આધાર કર્મ ઉપર છે. ભગવાન શ્રીકૃષ્ણે ઈશ્વરના સાક્ષાત્કાર માટે જ્ઞાનયોગ અને કર્મયોગનો ઉપદેશ આપ્યો છે. લોકેઽસ્મિન. . . યોગિનામ."

"અમને લોકોને આ બાબતોમાં વિશ્વાસ નથી."

"તો શું માણસ સારામાં સારું કામ કરે, પણ તે ખ્રિસ્તી ન હોય તો તેને મુક્તિ ન મળે?"

"ના, જે પરમ પિતા ઈશ્વરના નામ પર અને પવિત્ર આત્માના નામ પર સ્નાન સ્વીકાર ન કરે અને પુત્રની સંપત્તિ, શરીર અને રક્તનો ભોગ કરી પાપમોચન ન કરે તે બચી શકતા નથી."

"ફાધર, એમ કહો કે આ તમારા લોકોની માન્યતા છે!"

"હા, બધી માન્યતાની જ વાત છે ને!"

"પણ અમે લોકો જુદું માનીએ છીએ. અમારા મત પ્રમાણે જે કોઈ સંસારમાં પેદા થાય તે સહુને મુક્તિ મળી શકે છે. ધર્મ ભલે ગમે તે હોય! અમારો ધર્મ એક વિશાળ ભવન જેવો છે, જેની બધી બારીઓ ખુલ્લી છે. જે ઇચ્છે તે આવીને વિશ્રાંતિ લે. ભૂખ, તરસ, થાક મટાડે. કામ, ક્રોધ વગેરેથી મનને છોડાવીને આત્મતત્ત્વ ગ્રહણ કરવાથી મુક્તિ અવશ્ય મળશે જ. 'કામ-ક્રોધ વિયુક્તાનાં. . . વિદિતાત્મનામ.'"

ફાધરના મોં પર ઉપહાસના ભાવ છવાઈ ગયા. એક સંસ્કૃત શ્લોક ટાંકીને ખ્રિસ્તી મતને પરાસ્ત કરવા નીકળ્યો છે?

"આ બધી લોકોને છેતરવાની ચાલ છે, કુરુપજી! મુક્તિદાતા ઈસુ જેવું બલિદાન શું તમારા ધર્મની કોઈ વ્યક્તિએ આપ્યું છે? મસીહા જેવો ચમત્કાર કોઈએ કર્યો?"

"કયો ચમત્કાર?"

"ચમત્કાર. ઈસુ પ્રભુનો તો જન્મ જ અદ્ભુત છે ને! કુંવારી કન્યાને પેટે જન્મ!"

"કોણે કહ્યું?"

"હેં, કોણે કહ્યું?"

"હા, આ તો તમે લોકો માનો છો ને? તમે તમારી એ માન્યતામાં દૃઢ અને અટલ રહી શકો છો. એ જ રીતે એનો સ્વીકાર ન કરવાનો અને જુદી બાબતમાં વિશ્વાસ રાખવાનો અમને પણ હક છે."

"હા, હા, રાખો વિશ્વાસ!"

પોતાના બચાવ માટે આમ કહ્યું તો ખરું, પણ ખરું જોતાં ફાધર પાસે આ વાતનો જવાબ નહોતો. કુરુપ પ્રત્યે મનમાં શ્રદ્ધા જન્મી.

દીનામ્મા બોલી: "કુરુપભાઈ સાથે વાદવિવાદ કર્યા કરશો તો ભૂખ્યા રહેવું પડશે. હાથ ધોઈ લો ને!"

ફાધર હસી પડયા. "ખરી વાત છે. વાદવિવાદ કરતાં સમય ક્યાં વીતી જાય છે, ખબર નથી પડતી."

"બાપુજી ભલેને ગમે તેટલા થાકી ગયા હોય, કુરુપભાઈ આવે છે કે તાજા થઈ જાય છે."

"મામા શાસ્ત્રાર્થ પણ કરે છે!"

"જ્ઞાનસાગર છે ને! ભલે તો, હું જાઉં. ફાધરનું જમવાનું નહીં બગાડું."

ફાધરે કહ્યું: "વાહ, આ પણ કમાલ વાત છે. કુરુપભાઈ પણ ભલે અહીં જમી લે!"

દીનામ્માએ કહ્યું : "બન્નેના હાથ ધોવડાવવાનું મેં કહ્યું હતું."

"કશો વાંધો નથી, પણ અત્યારે જરૂર નથી. કુંયેનામાપ્પિલા તો ઊંઘી ગયા છે. ફરી ક્યારેક આવીશ."

કુરુપના ગયા પછી ફાધર બોલ્યા : "સમજદાર માણસ છે."

"બાપુજીને કુરુપભાઈ જીવ કરતાંય વહાલા છે. તે જ બાપુજીને અફીણ લાવી આપે છે."

"એમ!"

"કુંચુચેરુક્કનભાઈની ને એમની વચ્ચે કટ્ટર દુશ્મનાવટ છે. કોઈક બાબત વિશે બન્ને વચ્ચે ઝઘડો થઈ ગયો હતો. આથી કુરુપ અહીં આવે તે ભાઈને પસંદ નથી."

"એ તો કોની સાથે ઝઘડો નથી કરતો?"

જમ્યા પછી ફાધરે કુંયેનાચ્ચનના ખાટલા પાસે જઈને સાદ પાડયો. ચાર-પાંચ વખત બોલાવ્યા ત્યારે જાગ્યા.

"હું જાઉં છું, મામા!"

"બસ, જાઓ છો?"

"હા, જાઉં."

"સ્વર્ગના દૂત ગ્રેબ્રિયલ તારી સાથે હતા."

"શું?"

"કહે – મારી પાંખ પર બેસી જાઓ. મેં કહ્યું – ના, હું તો પગે જ ચાલીશ."

દીનામ્માએ ધીરેથી કહ્યું : "કોઈ સપનું આવેલું?"

"આપણે પ્રાર્થના કરીએ, મામા!"

"બેઠો થાઉં?"

"ના, ના, સૂતા રહો."

દીનામ્માએ દુપટ્ટાથી માથું ઢાંકયું અને પ્રાર્થના કરવા માટે તૈયાર થઈ. ફાધરે એક ગીતની ચાર પંક્તિઓ સંભળાવી.

" 'મારી સંપત્તિ' કહી શકાય એવું કાંઈ નથી. ઈસુ જ માત્ર મારી સંપત્તિ છે."

કુંયેનાચ્ચન માટે વિશેષ પ્રાર્થના પણ કરી.

દીનામ્મા ફાધરને વિદાય આપવા ફાટક સુધી ગઈ. પાછા આવી કુંયે-નાચ્ચનને કહ્યું : "બાપુજી, બહુ ગાઢ ઊંઘ આવી ગઈ? કુરુપભાઈ પણ આવીને ચાલ્યા ગયા"

"મને બોલાવ્યો કેમ નહીં?"

"બોલાવેલા, પણ ઊંઘ ઊડે તો ને? કસમયે દવા ખાવાથી જ આવી લાંબી ઊંઘ આવે છે."

"હવે એના વિના કોઈ આરો નથી, બેટી!"

"ખોટી ટેવ પાડી, એટલે ને?"

"શું કરું?"

"ઊઠીને હાથ ધોઈ લો. કાંજી લાવું છું."

"અચ્ચનને જમાડયા ને?"

"હા."

નારિયેળનું ટોપરું અને પાપડીનું સૂકું શાક, સાથે લીંબુનું અથાણું કાંજી સાથે મળતાં તરાવટ લાગી. દુ:ખ થયું કે લાંબા વખતે ફાધર આવ્યા પણ હું ઊંઘી ગયો. ફાધર જે વાત લાવ્યા છે તેની અવજ્ઞા નથી કરવી. છોકરો હજી નાનો છે એમ કહેવું એ મૂર્ખાઈ છે. સરખી ઉંમર છે. હૃષ્ટપુષ્ટ પણ છે. છોકરી સુંદર છે. ચાલવા દો. . . ."

"બાપુજી!"

"શું?"

મનમાં થયું કે દીનામ્મા હશે. મોં ફેરવીને જોયું તો—

"કોણ?"

"હું છું, અન્નામ્મા."

ફિલિપ્પોસની પત્ની.

"બાપુજી, અમારે ત્યાં ચાલો."

"મારાથી ચલાશે નહીં."

"બહુ જરૂરી બાબત છે. મોટર લઈ આવીશ. તમે નહીં આવો તો ખૂન થઈ જશે."

જેઠાણીનો ગભરાટ જોઈ દીનામ્મા દોડી આવી. પૂછયું : "શી વાત છે, ભાભી?"

"વાત? વાત એ છે કે અમારા પાડોશીની નોકરાણી હવે તમારા જેઠની હૃદયરાણી છે: આથી એ વાતનો ફેંસલો થવો જોઈએ કે ઘરમાં તે રહેશે કે હું."

"ધીમે બોલો, ભાભીજી!"

"વાહ, જાણે કોઈને ખબર જ ન હોય! દીકરો બાપ પર છરી ઉગામવા તૈયાર થયો છે. વાત આટલે સુધી પહોંચી ગઈ છે."

"હાય મારા રક્ષક!"

કુંયેનાચ્ચને પૂછયું : "તું જે કહે છે તે શંકાને આધારે કહે છે ને? કયાંક છોકરા સાથે અમસ્તો ઝઘડો નથી કરાવ્યો ને?"

"નજરે જોયેલી વાત હોય પછી શંકા શાની?"

"હેં? જોયું, સાંભળ્યું. . ."

"બાપુજી આવીને જોઈ લે, હું પુરાવો આપીશ."

દીનામ્મા દ્વિધામાં પડી. થોડી વારે કુંયેનાચ્ચને પૂછયું : "મારા આવવાથી શું વળશે? એ તે શું બાપના હુકમ પ્રમાણે ચાલે એવું નાનું બચ્ચું છે? આખા દેશનો રાજા! ગૃહસ્થ! ધનવાન! દીકરો આપણી સમાન બની ગયો હોય તો સમાનતાનો વ્યવહાર કરવો જોઈએ. નેવું વરસનો તાકાત વગરનો બાપ કંઈ કહે, એની શી કિંમત?"

"તો મને કહો કે હું શું કરું? કોને કહું? મારાં મા-બાપ, ભાઈ કોઈ નથી. નહીં તો એમને બોલાવી લાવત." અન્નામ્મા રડવા લાગી. ગલીમાંથી જતી સ્ત્રીઓ પોતાની તરફ જોતી હતી એ જોઈ દીનામ્મા જેઠાણીનો હાથ પોતાના હાથમાં લઈ બોલી : "આવો ભાભી, અંદર જઈને વાતો કરીએ."

બન્ને અંદર ગયાં. કુંયેનાચ્ચને થયું — અન્ના દીકરીએ જે કહ્યું તે સાચું છે. આ જાતની વાતો પહેલાં પણ સાંભળી હતી. કોઝંચેરી પર રસ્તાના સમારકામનો ઈજારો લીધો હતો તેનું કામ ચાલતું હતું. તે વખતે એક વિધવા શિક્ષિકા સાથે ઘનિષ્ટતાની વાત સાંભળી હતી. શંકા કે વહેમની વાત નહોતી. દુ:ખ બહુ વધી ગયું ત્યારે અન્ના દોડી આવી. આવે વખતે કોની પાસે જવું તે કોઈને કયાંથી સૂઝે?

માની લો કે એની વાત સાંભળીને એને ઘરે જાઉં. તે આરામખુરસીમાં લંબાઈને પડયો હશે. આંગણામાં જઈને બૂમ પાડીને બોલાવવો પડશે — "અહીં આવ."

ઊભો થઈને આવશે. "શું બાપા?"

"અન્ના દીકરી શું કહે છે?"

"એની ઊલટીસૂલટી વાતો સાંભળીને શું મારી જોડે તકરાર કરવા આવ્યા છો?"

"અરે એ. . . . . ."

"કંઈ બોલતા નહીં. બુઢાપામાં તો લૂખું-સૂકું ખાઈને કયાંક ચુપચાપ રહેવું જોઈએ, બસ! —"

આવાજ સાંભળીને એનો મોટો દીકરો બહાર આવશે.

"એ સ્રીઓ હવે આ ફાટક અંદર પગ મૂક્યો છે તો માથું ધડથી છૂટું થઈ જશે."

"જા જા, હવે!"

"એને ભગાડી શકે છે. મને ભગાડ. આવ બેટા, દીકરાને ત્યાં દીકરો સુધ્ધાં આવ્યો."

". . . . . . અન્ના દીકરી!"

"આટલું સાંભળ્યા પછી સમાધાન કરવાનું છે ને!"

"અન્ના દીકરી અંદર જા."

"છો ન જાય! એ પણ ઊભી રહે. બાપાએ જ બધો ઝઘડો કરાવ્યો છે. બધાની ખાનદાની જાણીતી છે. કંઈ કહેવાની જરૂર નથી. મારી માને અંગારા ખવડાવીને મારી નાખી. સમજાવવા આવ્યા છે મોટા. . ."

શું જવાબ આપીશ? માથું ઝુકાવી ચુપચાપ પાછા આવવું પડશે. લેવા ગયા પણ ઊલટાનું આપીને આવવું પડશે. એવી શી જરૂર છે?

આક્કામ્માએ પણ એક વાર કહેલું : "હવેથી બેમાંથી એક જણ રહેશે એ વાત નક્કી છે. જુવાનીમાં દાસીની જેમ આજ્ઞાંકિત બનીને તમારાં સુખ-સગવડ સાચવ્યાં. મનથી પણ ક્યારેય પાપ નથી કર્યું. હવે મારાથી સહન નહીં થાય. . . . . ."

હકીકતમાં એની સાથે કેવો સુક્કો વર્તાવ કરેલો! જિંદગીનું સુકાન એના હાથમાં હતું. વિવેકી અને ચતુર. જન્મથી જ તે ખૂબ નેક હતી. નેક થઈને રહી અને નેક થઈને મરી. દાઊદે કહ્યું હતું તેમ — હવે યાદ કરવાથી શો લાભ? એને પાછી થોડી જ લાવી શકીશ? હું તો એની સાથે જઈ શકું, પણ એ હવે પાછી ન આવી શકે.

અંદર અન્નામ્મા ને દીનામ્મા વાતો કરતાં હતાં.

અન્નામ્માએ કહ્યું : "દીનામ્મા, એનાં સાજ-શણગાર ને નાચ-નખરાં તરફ થોડા દિવસથી મારું ધ્યાન ગયું હતું. પણ આપણને આવી શંકા તો ક્યાંથી આવે? જયારથી મારા હાથ ને પગ દુખવા શરૂ થયા છે, ત્યારથી સવારે વહેલા મારાથી ઉઠાતું નથી. તડકો થતાં પહેલાં ઊઠું તો પગમાં ચેતન જ હોતું નથી. એટલે વહેલી સવારે તો કૉફી બનાવતી ને આપતી. મારા પતિને સવારે પાંચ વાગ્યે જાગે કે તરત કૉફી પીવાની ટેવ છે. એક દિવસ તે કૉફી લઈને ગઈ તો ક્યાંય સુધી પાછી ન આવી. મારે માટે ખાટલા પરથી ઊઠવાનું મુશ્કેલ હતું. તોપણ જાગી તો હતી. કંઈક અવાજ સંભળાતો હતો. . ."

"હું!"

એ પાછી આવી ત્યારે એનો ચહેરો-મહોરો જરા બદલાયેલો હતો. એ દિવસથી મારા મનમાં શંકા પેઠી હતી. નિયમ અનુસાર આજે પણ તે એમના ઓરડામાં ગઈ. થોડી વાર પછી પગ ઘસડતી હું પણ ગઈ. મારી વહાલી દીનામ્મા, બંધ બારણાં ઉઘાડયાં ત્યારે મેં શું જોયું?"

"હે પરમાત્મા. . . !"

"બાકીની વાતો હું કહી શકું એમ નથી. અવાજ-ધાંધલ સાંભળી મારો દીકરો જોણિકુટિ ઊઠીને આવ્યો. બાપ ને દીકરો સામસામા ઊભા રહ્યા."

"અન્ના બેટી!"

"શું?"

"તું જા, આનો ઉપાય અમે કરીશું."

"તમે આવશો? ગાડી મોકલું?"

"કીવરીત સાથે કહેવડાવીશ."

"કીવરીતભાઈની વાત એ નહીં માને."

"નહીં માને તો હું જાતે આવીશ. તું જા."

દીનામ્માએ પણ કહ્યું: "કોઈ વાતે દુ:ખી ન થતાં, ભાભી! બધી વાતનો રસ્તો નીકળી આવશે."

કુંયેનાચ્ચને કહ્યું: "ધરતી જેવા ક્ષમાશીલ થવું જોઈએ. કોઈ અવિવેકી ન કહે, તે જોવું જોઈએ. સોલોમને શું કહેલું? બેટી, તારી પૂરી કમાઈથી વિવેક પ્રાપ્ત કર. એમાં વધારો કર. એ તને ઉન્નતિના પગથિયે પહોંચાડશે. એનું આલિંગન કર, એ તારી ભલાઈ કરશે. તે તારા મસ્તક પર શોભાયમાન આભૂષણ બાંધશે."

અન્નામ્મા ગઈ. પણ એને કહેલી વાતો આંખો સામે તરવરી રહી. માત્ર પૈસા ભેગા કરવાથી શું વળે? મૂરખ માણસને ખાંડણીમાં નાખીને સાંબેલાથી કૂટીએ તોયે એની મૂર્ખતા દૂર થાય નહીં.

માત્તુક્કુટ્ટિ આવ્યો ત્યારે રાત ઘણી વીતી ગઈ હતી. એ આવ્યો તેની ખબર તો પડી. એને જમાડયા પછી દીનામ્માએ એને બધા સમાચાર પણ આપ્યા. વહેલી સવારે દીનામ્માએ આવીને એમને જગાડયા.

"બાપુજી. . . . . ."

"શું?"

"રાહેલમ્મા મરી ગઈ."

"કોણે કહ્યું?"

"હમણાં માણસ આવ્યો."

"હા, કાલે જ મેં. . . . . . એ વાત વિચારેલી."

"મસીહા! પ્રભુ! પ્રાણપંખી ઊડી જાય તે પહેલાં શું શું જોવું-સાંભળવું પડશે!"

"હા, શું શું?"

"બાપુજી, તમે આવો છો?"

"ના, તમે લોકો જાઓ."

"ગાડી મોકલાવું?"

"ના બેટા, તું ભલે જા."

ન જવા છતાંય આખું દૃશ્ય અહીંથી જોઈ, સાંભળી શકાય એમ હતું. બંધન-માંથી તે મુક્ત થઈ ગઈ. સ્થાયી મુક્તિ. યહોવાના નામનો જય થાઓ. તું અનાદિ અને સનાતન પ્રભુ છે. માણસને ધૂળમાં મેળવી દે છે. આદેશ આપ-વાનો છે — માનવપુત્રો, પાછા આવો. હજાર વર્ષ તારી નજરમાં કાલના એક દિવસ જેવા, રાતના એક પહોર જેવા લાગે છે. તું એમને વહાવી દે છે. તે નિદ્રા જેવા છે. તે સવારે ઊગતા ઘાસ જેવા છે. લહેરાય છે. સાંજે સુકાઈને કરમાઈ જાય છે. અમે તારા ક્રોધથી ક્ષીણ થઈએ છીએ, ક્રોધથી ભ્રમમાં પડીએ છીએ. અમારી આવરદા રહી સિત્તેર વર્ષની, બહુ બહુ તો એંસી વરસની. એ ઝટ સમાપ્ત થઈ જાય છે અને અમે ઊડી જઈએ છીએ.

વરંડામાં ચટાઈ બિછાવી એને નવડાવીને સુવાડી હશે. એને લગ્નનાં કપડાં પહેરાવ્યાં હશે. ધૂપ સળગતો હશે. માથા પર સળગતી મીણબત્તી રાખી હશે. એની મા ચોકની પરસાળમાં કાથીના ખાટલા પર પડી હૈયાફાટ રડતી હશે. પહેલું સંતાન. માને જ સૌથી સાચું, ઊંડું દુ:ખ હોય છે. બાકી બધાનો તો માત્ર દેખાવ હોય છે. નાની બહેનો, કાકીઓ, ભાભીઓ – કુલ વીસ સ્ત્રીઓ ખાટલાની ચારે તરફ ઊભી છે. કોઈ નવું માણસ શોક કરવા આવે કે બધી સ્ત્રીઓ સાથે મળીને રોવા માંડે છે.

શાંતિગાંવની કાકી આવે છે. "લાડલી દીકરી, તેં ઘણું કષ્ટ વેઠયું. પ્રભુએ તારું દુ:ખ જોઈને તને બોલાવી લીધી. . ."

કફનપેટી તૈયાર થઈ ગઈ છે. એના પર કાળું કપડું અને સફેદ પટ્ટી જડવામાં આવી રહી છે.

"બધી જગ્યાએ ખબર આપાઈ ગઈ?"

"હા હા, વહેલી સવારથી લોકો ગયા છે. મોટા ભાગના લોકો આવી ગયા છે."

"કુંયેનાચ્ચન નથી આવ્યા ને?"

"ચલાતું નથી."

"મૃત્યુ ક્યારે થયું?"

"કાલે રાતે જમીને સૂઈ ગઈ હતી. કોઈ ખાસ માંદગી નહોતી."

"વખત પાકી ગયો."

"હા, એમ જ."

"કોઝંચેરી ગામવાળા આવ્યા?"

"ના, કોઈ નથી આવ્યું."

"એ શાના આવે?"

"લો, પાદરી આવી ગયા. હવે મોડું કરવાની જરૂર નથી, કેમ કીવરીતભાઈ?"

"ખાડો તૈયાર થઈ ગયો?"

"હા, હા, ક્યારનો તૈયાર થઈ ગયો."

"કશી ઉતાવળ નથી. હજુ કોઈ હોય તો આવવા દો. કુંયેનાચ્ચન?"

"બહુ અશક્ત છે."

"નેવું વરસ થયાં હશે."

"અમારા મુલમૂટ કુટુંબના ઈડિક્કુલા ભાઈની ઉંમરના છે. એમને મર્યાને દસ વરસ થઈ ગયાં."

પાદરી ઊઠ્યા, "તો આપણે પ્રાર્થના કરીએ."

બધાં ઊઠે છે. ઘરની અંદરથી રુદનના ઊંચા સ્વર સંભળાય છે. પાદરી પ્રાર્થના બોલે છે. ભીડમાંથી કોઈ પ્રાર્થનાના શબ્દો દોહરાવે છે. ચાર-પાંચ માણસો લાશને ઊંચકીને પેટીમાં મૂકવા લાગે છે. બધાં એકસાથે રડી ઊઠે છે. મા લાશ પર પછાડ ખાઈને પડે છે.

"લાડલી દીકરી મારી, મને અહીં જ છોડીને તું ચાલી જાય છે?"

કફનપેટી લઈને સ્મશાનયાત્રા આગળ ચાલી રહી છે. ક્રૉસ નથી, છત્રી નથી, બૅન્ડ નથી, વાજાં નથી—

"સમયના રથમાં બેસી હું સ્વર્ગની યાત્રા કરું છું. મારું વતન જોવા હું ઉતાવળથી જાઉં છું."

દેવળના ઘંટ વાગે છે. દેવળની અંદર અખંડ દીપની પાસે કફનપેટી મૂકે છે. માથું પૂર્વ દિશામાં છે. પાદરી અંતિમ વિધિ શરૂ કરે છે.

"પ્રભુ! આ સાંસારમાંથી નીકળીને તારી પાસે આવતી દાસીના આત્માને સૌભાગ્યપૂર્ણ શૃંગાર, આનંદ આપનાર ષડ્રસ ભોજન અને હર્ષપૂર્ણ નિવાસ આપજે."

મૃત શરીરને ખાડાની કિનાર પાસે લઈ જાય છે. અત્તર છાંટે છે. ખાડામાં ઉતારતી વખતે ફરી બધાં લોકો એકસાથે રડે છે. પાદરી માટી લઈને ક્રૉસના આકારમાં ખાડામાં નાખે છે.

"વહાલા સત્પુત્ર, મૃત્યુને વરેલા પ્રભુ, અમને બીજા મૃત્યુથી, દયાથી બચાવો."

બધા માણસો ચપટી ચપટી ધૂળ લઈને ખાડામાં નાખે છે. પછી કોદાળીથી માટી લઈને ખાડો ભરી દે છે. માથા પાસે લાકડીનો ક્રૉસ ખોદે છે. બધું ખતમ.

૭

રાજન નહાઈને આવ્યો તો કાંસકો ગુમ. બારસાખ પર, બારણાં પર, દરેક ઠેકાણે જોયું.

"એક્કે વસ્તુ ઠેકાણે ન હોય!"

દીનામ્મા રસોડામાંથી દોડી આવી, "શું છે બેટા?"

"કાંસકો."

"પેલી નાલાયક છોકરીએ ક્યાંક લઈને મૂકી દીધો હશે."

દીનામ્મા શોધીને કાંસકો લઈ આવી. ગુસ્સો બહુ જલદી આવે છે. મનમાં કંઈક આવે કે તરત કામ થવું જોઈએ. વાળ ઓળીને તે કપડાં બદલવા લાગ્યો તો દીનામ્માએ પૂછયું : "રાજન દીકરા, ક્યાં જાય છે?"

"નાકા સુધી."

"કાલે પુત્તનાટ્ટુકરા જવાની વાત થઈ હતી ને?"

"હું ક્યાંયે જવાનો નથી."

"વાહ, છોકરીના ઘરવાળા બધી વ્યવસ્થા કરીને છોકરાની રાહ જોતા બેસે, અને આપણે જઈએ નહીં?"

"મને પૂછયાગાછયા વિના તમે લોકોએ આ વાત શા માટે નક્કી કરી?"

"વાહ રે, શું છોકરા-છોકરીને પૂછીને લગ્નની બાબત વિચારવાની હોય છે? કમાલ મજાક કરે છે. વખતસર બધાં કામ થતાં રહે, એમાં જ મજા છે."

"વખતસર કામ થાય! આ ઘરમાં શું એક છોકરીને રહેવાની સગવડ છે? સૂશે ક્યાં?"

દીનામ્માને આ પ્રશ્નની અપેક્ષા નહોતી. તે જરા અચકાઈ. જરા વાર વિચાર કરીને બોલી: "બધી સગવડો એકઠી કરીને પછી લગ્ન કરવાં એ શું શક્ય છે? સગવડ એની મેળે થઈ જશે."

"પણ થોડીક સગવડ તો હોવી જોઈએ ને? આપણે લોકો કોઈ ને કોઈ રીતે ચલાવી લઈએ. પારકી છોકરીને ઘેર લાવી શું કામ હેરાન કરવી?"

"વહુ સારા સ્વભાવની હશે તો સગવડ-અગવડની પરવા નહીં કરે. નહીં તો ઘરની સરખી મરામત થઈ જાય ત્યાં સુધી તારી નોકરીની જગ્યાએ એને સાથે રાખજે."

આ બધા તર્ક-વિતર્ક તો ચાલ્યા, પણ દીનામ્માને યાદ આવ્યું કે ખરું જુઓ તો સગવડો છે નહીં. લગ્ન પછી વર-વધૂને મનપસંદ રીતે મળવા-હળવા માટે એક ઓરડો તો જોઈએ. અહીં તો કોઠાર જેવા બે ઓરડા છે. એ માણસને કામના નથી. બાકીની જગ્યા તો એકદમ ખુલ્લી છે. ખેર, ફાધર પ્રસ્તાવ લાવ્યા છે તો જઈને છોકરીને જોવી તો પડશે. અને પસંદ પડે તો લગ્ન પણ કરવાં પડશે. દખાણાદા વરંડામાં પાતળાં પાટિયાં વડે એક ઓરડો એમને બનાવી આપીશું....

રાજન ઉંબરો ઓળંગતો હતો ત્યાં કુંયેનાચ્ચને એને જોયો. સાદ પાડયો: "અહીં આવ તો!"

રાજન પાસે આવ્યો.

"શીદ જાય છે?"

"નાકા સુધી."

"હેં?"

"નાકા સુધી જાઉં છું."

"મોટેથી બોલ. કાને ઓછું સંભળાય છે."

"હું—"

"આંખે પણ ઓછું દેખાય છે."

"... ... ..."

"આવ્યા પછી તારા કાકાઓને ત્યાં જઈ આવ્યો?"

"જઈ આવ્યો."

"શું કહ્યું?"

"શું કહે?"

"મારા વિશે. હું અહીં ખાટલા પર પડયો છું એ કોઈને યાદ નથી. કદાચ કોઈને વિચાર કરવાની ફુરસદ પણ નથી. કીવરીતને હંમેશાં આર્થિક તકલીફ હોય છે. એની મોટી દીકરી મરી ગઈ. એક રીતે એ સારું જ થયું. નહીં તો એ છોકરી માટે તો નરક જેવું હતું. બીજાને માટેય દુ:ખ. એક માસ્તરાણી દીકરી કુંવારી બેઠી છે. એ જતી રહે તો એના રોટલા-પાણીનું શું થાય? એ છોકરી તો મનમાં મનમાં ઈચ્છે છે કે આ દોજખમાંથી છુટાય તો સારું. છોકરીને ઘરમાં બાંધી રાખવાનો ખ્યાલ કીવરીત રાખે છે તે ખોટો છે. તે, પોતાની પાસે જે માણસ આવે તેના ખભા પર હાથ મૂકીને ચાલી જાય, તો તે શું કરે?"

રાજન ધીરેથી બોલ્યો : "મને ખબર નથી."

"શું?"

રાજન ચૂપ રહ્યો.

"હા, તો એની આ પરિસ્થિતિ છે. હવે વચલાની વાત. તે જેમતેમ કરીને દિવસો ગાળે છે. પા ભાગનું મગજ અને પોણો ભાગ દગાબાજી લઈને જીવે છે. તે પોતાનું કામ કઢાવી લેવામાં હોશિયાર છે. પણ કંઈ દહાડો વળે એવું દેખાતું નથી."

"દાદાજી, આ બધું મને શા માટે કહો છો? બધા લોકોની વાત મને ખબર છે."

"શું?"

"—"

"તેં શું કહ્યું?"

ત્રણ-ચાર વરસથી આખીયે કમાણી બાપાને મોકલી આપું છું. પણ કંઈ બચ્યું છે? કંઈ ન કર્યું તો ઓછામાં ઓછું ઘરની મરામત તો થઈ શકતી હતી? પણ એ શી રીતે બને? જે કંઈ મળે તે ગાડીભાડામાં વપરાઈ જાય છે. આખા મહોલ્લાની દીવાનગીરી કરે છે ને!

દીનામ્મા બહાર આવી, "વહાલા દીકરા, આ વિશે રોજેરોજ ઝઘડો થાય છે. પણ એ કોઈનું સાંભળે તો ને!"

"મેં એનો ઉપાય વિચારી લીધો છે."

"શું?"

"મેં એનો ઉપાય વિચારી લીધો છે, દાદાજી!"

કુંયેનાચ્ચને જરા ગભરાઈને દીનામ્મા તરફ જોયું. દીનામ્મા તો વધારે ગભરાઈ. છોકરો નારાજ થયો તો તો બધું ખલાસ!

"અરે, એ ગાંઠના પૈસે પ્રવાસ નથી કરતો. પ્રવાસ માટેના પૈસા એને મળે છે."

"મળે છે? ક્યાંથી? મળતા પણ હોય, તોપણ લોકો પાસે કહેવડાવવા માટે ધાંધાવાંધા થઈને શું કામ ફરે છે?"

આ વખતે કુંયેનાચ્ચને પોતાના પુત્રનો પક્ષ લીધો. એ જ નિયમ છે. ભલે ને ગમે તે હોય, પોતાના દીકરાઓ પર કોઈ જોરદાર પ્રહાર કરે તો કુંયે-નાચ્ચન એ સાંભળી લેવા તૈયાર નથી હોતા.

"અરે, એમાં પણ કંઈક વજૂદ છે. જરા બહાર ફરીને પૂછપરછ કર જોઈએ! મેલોઝત્તુ માત્તુક્કુટ્ટિના દીકરા તરીકે ઓળખાવું એ ગૌરવની વાત છે."

દીનામ્માએ કહ્યું : "બાપુજી હંમેશાં પોતાના દીકરાનું ઉપરાણું લે છે."

"ઉપરાણું શાનું? બિશપે શું એને માટે મોટર નહોતી મોકલી?"

"એ ઠીક છે."

"તો પછી? એ થોડાક પૈસા મોકલે છે એનાથી શું અહીંનું ગાડું ચાલે છે? ચાર-પાંચ મહિના સુધી ચોખા પહોંચે છે. આંગણામાંથી વર્ષ દરમ્યાન કંઈ ને કંઈ મળી રહે છે. એટલાથી શું ઘર ચાલે કે?"

હવે દીનામ્મા કુંયેનાચ્ચનના પક્ષમાં આવી. "બાપુજી અહીં રહે છે, એથી મહેમાનની આવરજવર પણ અહીં જ વધારે હોય છે."

થોડી ક્ષણો સુધી કોઈ કંઈ બોલ્યું નહીં. ઘણી વારે દીનામ્માએ કહ્યું : "બાપુજી, રાજન કાલે પુત્તનાટ્ટુકરા છોકરીને જોવા જવાનો છે."

"કાલે?"

"હા."

"પહેલી વાત કુટુંબની છે. સ્ત્રી હોય કે પુરુષ, કુટુંબનો મોભો બધા જુએ છે. પછી એ જોવાનું કે છોકરી સાથે રહેવાને લાયક છે કે નહીં. ત્રીજી વાત છે..."

રાજન કાંઈ જવાબ આપ્યા વિના ચાલ્યો ગયો. ન જાય તો દાદાજીની રેકર્ડ ચાલ્યા જ કરે.

રાજને કહી તો નાખ્યું હતું કે નહીં જાઉં. પણ તે જવા માટે તૈયાર થઈ ગયો હતો. કીવરીતની નાની દીકરી લીલામ્માના પતિ બેબીને સાથે લેવાની વ્યવસ્થા પણ કરી હતી. બેબી તાલુકા કચેરીમાં કારકુન હતો. હસમુખો સરસ

માણસ. રાજનનો ખાસ દોસ્ત હતો. રજા પર આવતાં જ બેબીએ કહેલું : "આ વખતે રાજનનું ક્યાંક ચોકઠું ગોઠવી દેવું છે." સડક પરથી ચાલતી વખતે છોકરીઓ પર ટીકા-ટિપ્પણીઓ ચાલતી હતી. એ દિવસોમાં જ આ કહેણ આવ્યું હતું.

રાજન અને બેબી વહેલી સવારે નીકળ્યા. ગામ ત્રીસ માઈલ દૂર હતું. પાકો રસ્તો સત્તાવીસ માઈલનો હતો. ત્રણ માઈલ પગે ચાલીને. વચમાં બે ઘાટ આવતા હતા. બીજા ઘાટ પછી એક દેવળ હતું. દેવળની પડોશમાં જ એ લોકોનું ઘર હતું. બે-ચાર માણસોને ઘરનું ઠેકાણું પૂછવું પડયું. ફાટક પર પહોંચ્યા ત્યાં ઘરમાંથી એક આધેડ, જાજરમાન માણસ બહાર આવ્યો અને પૂછયું : "રસ્તામાં ક્યાંય ભૂલા તો નહોતા પડયા ને?"

બેબીએ કહ્યું : "જી ના."

ઘર અધૂરું બાંધેલું હતું; તોપણ સારું હતું. લીંપવાનું કામ બાકી હતું. સ્વાગત-ખંડના બારણે એક સ્ત્રી આવીને ઊભી રહી. રાજને મનોમન કહ્યું — છોકરીની મા હશે. સ્ત્રીએ વારાફરતી બંને તરફ જોયું કે આ બેમાંથી મુરતિયો કોણ? બેબી સમજી ગયો અને બોલ્યો : "હું સાથે આવ્યો છું. મારું નામ બેબી. છોકરો આ છે."

જાજરમાન દેખાતો આધેડ માણસ અને મા જરા મરકયાં. માને મનમાં થયું હશે કે સાથે આવનાર ઘણો મિલનસાર માણસ છે.

જાજરમાન માણસે કહ્યું : "હું આમનો ભાઈ છું. મારું ઘર અહીંથી આઠ-દસ માઈલ દૂર છે. આ દેવળની શાળામાં જ મારા બનેવી કામ કરતા હતા. જમીન ખરીદી ઘર બંધાવવા માંડયું, પણ પૂરું ન કરી શકયા."

બેબીએ પૂછયું : "આપ શું કરો છો?"

"હું? હું પણ અધ્યાપક છું."

"હં, એવું લાગ્યું જ હતું."

"શાથી?"

"વાતચીત પરથી ખબર પડી જતી હોય છે." જાજરમાન માણસ હસી પડયો. તરત જ શાલીનતાથી રાજનને પૂછયું : "કેટલા દિવસની રજા છે?"

"બે મહિનાની."

"સાઠ દિવસની?"

"ના, છપ્પન દિવસની રજા અને જતાં-આવતાં જેટલા દિવસ લાગે તે."

"એ બરોબર છે. જવા-આવવાના કેટલા દિવસ?"

"આમ તો છ દિવસ લાગતા હોય છે. પણ પાંચ દિવસ પણ પૂરતા છે."

"બેબીભાઈ, કંઈ કહેવા જતા હતા?"

"હા."

"શું?"

"આ ભાઈ પણ પલટનમાં રહ્યા હોવા જોઈએ."

ખડખડાટ હાસ્યથી ઓરડો ભરાઈ ગયો. રાજન પણ એમાં જોડાયો.

"ખરી વાત છે. 1943માં ભરતી થયો હતો. 47માં ડિસ્ચાર્જ થયો."

મા બોલી : "હાથ ધોઈ લો. જરા કૉફી —" સાંભળતાં જ બેબી ઊભો થઈને બોલ્યો : "હા, હા, કશો વાંધો નથી."

ચા-નાસ્તાની વ્યવસ્થા બીજા ઓરડામાં હતી. બન્ને હાથ ધોઈને ટેબલ પાસે બેઠા. અંદરના દરવાજાનાં કમાડ ખૂલ્યાં. એક ચમક. લેંઘો અને ઓઢણી. હાથમાં મીઠાઈનું વાસણ. નમેલો ચહેરો. આંજણ આંજેલી મોટી મોટી આંખો. પાંપણ જરા ફડફડી ઊઠી. હાથ કંપ્યો. આંખની આભા ઓછી થઈ ગઈ.

ફરીથી મીઠાઈની તાસકો આવી રહી છે. કૉફીના પ્યાલાથી ભરેલી ટ્રે. હવે પાતળી નાજુક આંગળીઓ કંપતી નથી. ગભરામણ લગભગ દૂર થઈ ગઈ છે.

"કૉફી લો ને!" – મા.

"હા."

"આ દીકરીના પિતા હવે નથી. ખબર છે ને?"

"ખબર છે."

"એ પેટમાં ચાર મહિનાની હતી ત્યારે એના બાપા મરણ પામ્યા."

"હું."

"ત્રણ છોકરીઓ છે. મોટીને બન્નેને પરણાવી દીધી છે."

"હું."

"એના બાપ અત્યારે જીવતા હોત તો. . ." માએ આંસુ લૂછયાં.

કૉફી પીધા પછી ઊઠીને હાથ ધોયા. માના આગ્રહથી પેલી પ્રકાશરેખા ફરી બારણામાં આવીને ઊભી. હવે ઓરડામાં રાજન એકલો હતો.

ઓઢણીના છેડાને આંગળી પર વીંટાળતી તે ઊભી હતી. ચહેરા પર આવી દીનતા! જાણે હમણાં રડી પડશે. . . .

"નામ શું?"

"... ..."

"હું?"

"શાંતમ્મા." જાણે મંત્રજાપ કરતી હોય!

"કયા ધોરણમાં ભણે છે?"

"સિક્સ્થમાં."

"હવે તો સિક્સ્થ નામનું કોઈ ધોરણ નથી."

"દસમા સ્ટેન્ડર્ડમાં."

"અચ્છા. સ્કૂલ કેટલી દૂર છે?"

"એક માઈલ."

"હવે માઈલ નથી ને?"

તેણે જરા ગભરાઈને પૂછયું : "તો પછી?"

"કિલોમીટર."

છોકરીના હોઠ પર એક ભીનું સ્મિત ખીલી ઊઠયું, પણ તરત જ ગાયબ થઈ ગયું. ટપકતી ઝાકળની ક્ષણિક ચમક જેવું.

મા બારણામાં આવી. "બેટા, અમે કોઈ મોટી ધન-સંપત્તિ ભેટ ધરી શકીએ એમ નથી. ત્રણ દીકરીઓ જ અમારી સંપત્તિ છે."

"હા."

"એને માટે પાછળથી પસ્તાવું નહીં પડે. મેં એને ઘણી કાળજીથી મોટી કરી છે."

માની આંખો ભરાઈ આવી. છોકરીની આંખો પણ ભીની થઈ.

રાજનને ગૂંગળામણ થવા લાગી. એણે હાથ લાંબો કરીને શાંતમ્માનો હાથ પોતાના હાથમાં લીધો. તે ધ્રૂજી ઊઠી. ગભરાઈને તેણે મા ભણી જોયું. માના મોં પર આ પ્રતિક્રિયાનો સ્વીકૃતિનો ભાવ હતો.

"શાંતમ્મા!"

"શું?"

"તું મને પસંદ કરે છે?"

શાંતમ્મા અચકાઈ. પસંદ છે એમ કેમ કહેવાય?

"કહે."

એણે ધીરેથી કહ્યું : "રાજનભાઈને . . ."

માનું મન પ્રસન્ન થયું. આ માર્મિક પળે 'રાજનભાઈ' કહેવાનું તને સૂઝયું ખરું. બોલી : "રાજનભાઈ જ છે, બેટી!"

"હું પસંદ પડી?"

હથેળી જોરથી દબાવીને રાજને કહ્યું : "હા."

"બેટા, એને પસંદ નહીં પડે શું? કહેતાં સંકોચ પામે છે. પરમેશ્વરની સામે તમે બંને એકબીજા સાથે બંધાઈ ચૂકયાં છો. હવે માત્ર વિધિ પૂરી કરવાની છે."

વિદાય વખતે બેબીએ કહ્યું : "આગલા આઠવાડિયે કોઈ અમારે ત્યાં આવે. તે પછી તારીખ નક્કી કરવા અને કાગળની અદલાબદલી કરવા અહીં આવીશું, તે પૂરતું છે ને?"

"ભલે."

રાજન પાછો જતો હતો ત્યારે એક નવો જ માણસ હતો. એક જાતની મીઠી બેચેની હતી. મનમાં એક નવું રૂપ, નવો અવાજ, નવી સુગંધ.—રાજનભાઈને શું હું પસંદ પડી?

દીનામ્માએ પૂછયું તો વગર સંકોચે કહી દીધું : "પસંદ પડી."

દીનામ્માએ ઘણા લોકોને કહ્યું કે રાજન તો એ છોકરી પર લટ્ટુ થઈ ગયો છે.

કહ્યા પ્રમાણે રવિવારે પુત્તનાટ્ટુકરાથી ચાર માણસો આવ્યા. છોકરીના મામા, બે કાકા, ધર્મપ્રદેશથી એક જણ. દહેજ વિશે કશું નક્કી કર્યા વિના જ સગાઈ માટે જવાનો નિર્ણય લેવાયો. છોકરીવાળાની જમીનનો ત્રીજો ભાગ, એટલે કે 40 સેન્ટ જમીન અને ઘર મળશે. લગ્નના ખર્ચ માટે અમુક રૂપિયા પણ . . . આવી મોટી મોટી વાતો તો થઈ છે. માત્તુકુટ્ટિએ આ બધાથી સંતુષ્ટ ન થવાનો પ્રયત્ન કર્યો. પણ કન્યા પોતાના દીકરાને ગમતી હતી આથી માની ગયો.

એ દિવસોમાં એક ખાસ ઘટના બની. બીજા આઠવાડિયાના રવિવારે પ્રાર્થના પછી સૌ પોતપોતાને ઘેર પાછા ફર્યા હતા. એ વખતે એક વૃદ્ધ મેલોઝત્તુને ઘેર આવ્યો. સિત્તેર-પંચોતેર વર્ષની ઉંમર. તડકામાં ચાલતાં ચાલતાં થાકી ગયો હતો. આંગણામાંથી જ સાદ પાડયો : "કુંયેનાચ્ચન છે?"

રાજન ઘેર નહોતો. તે એને મોસાળ ગયો હતો. દીનામ્માએ બહાર આવીને સ્વાગત કર્યું : "આવો."

તે આવીને ખુરસી પર બેઠો. "ઊંઘી ગયા છે?"

"હા, થાકને કારણે સૂઈ ગયા છે."

"નેવું થયાં ને?"

"હં."

"હું પહેલાં આલપ્પુઝામાં કાળાં મરીનો વેપાર કરતો હતો. કુંયેનાચ્ચન કાળાં મરી વેચવા આવતા હતા. એ દિવસોમાં અમારી ઓળખાણ થઈ. ઘણી વાર અહીં પણ આવ્યો છું . . . બહુ સમય પહેલાં."

"હં."

"તમે એમની પૌત્રી છો?"

દીનામ્મા જરા શરમાઈ, "ના, નાના દીકરાની વહુ છું."

"એમ! તો લગ્ન કોનાં થઈ રહ્યાં છે?"

"દીકરાનાં. એની મા મરી ગઈ છે."

"તું બીજી વારની છે?"

"હા."

"મારી એક દીકરીને અહીં વેલંકાવના ઘેર પરણાવી છે, ત્યાં જતો હતો તો કુંયેનાચ્ચનને એક વાત કહેવાનું મન થયું."

"બાપુજીને ઉઠાડું?"

"ઉઠાડો, મારે જવું છે."

"બાપુજી!"

કુંયેનાચ્ચન ગુમસુમ. ખભા પર હાથ મૂકી હલબલાવ્યા.

"જરા આમ જુઓ તો! કોઈ મળવા આવ્યું છે."

"કોણ?"

"આંખ ઉઘાડીને જુઓ તો!"

"ઓળખાણ પડી? કોનચ્ચિરાનો લોનાન."

"કાળાં મરી લોનાન."

લોનાન હસી પડયો. "હા."

"કાંજી આપ, દીકરી!"

થોડીક ગરમ કાંજી પીધા પછી લોનાનને ધ્યાનથી નીરખ્યો.

"ઓળખ્યો મને?"

"હા, હા!"

"બહુ લાંબા વખતથી આપણે મળ્યા નથી."

"તબિયત સારી નથી. થાક પણ છે."

"તો શું હવે થાકથી બચી શકાય કે?"

"તમારી એક દીકરીને વેલંકાવને ત્યાં પરણાવી છે ને?"

"હા, ત્યાં જ જતો હતો, ત્યાં સાંભળ્યું કે કુંયેનાચ્ચન અમારા ગામના સંબંધી થવાના છે."

"કેમ ખબર પડી?"

"કોતચ્ચિરાથી પુત્તનાટ્ટુકરા માત્ર ચાર માઈલ દૂર છે. લગ્નની વાત. એક કાનથી બીજે કાન ખબર આવી. અમે લોકો અને છોકરીના ઘરવાળા એક ધર્મપ્રદેશના હતા. ત્યાર પછી જુદું દેવળ બન્યું અને ધર્મપ્રદેશ પણ જુદા થઈ ગયા."

"સારા છે ને?"

લોનાને જરા વાર વિચાર કર્યો. હસીને પૂછ્યું : "સારા છે એટલે?"

"છોકરી, ઘરના લોકો."

"હા, હા, છોકરી સારી છે. ઘર પણ સારું છે. જૂનું સંસ્કારી કુટુંબ છે."

"બાપ નથી, ખરું? કહે છે આ પેટમાં ત્રણ-ચાર મહિનાની હતી ત્યારે બાપ મરી ગયો."

થોડી વારે લોનાન બોલ્યો : "બાપ છે."

"શું?"

"બાપ છે. એક પાદરી છે."

દીનામ્માને થયું, જાણે એકાએક કોઈએ ડોક મરડી નાખી હોય. "હેં?"

"દસ-વીસ વર્ષ પહેલાં પુત્તનાટ્ટુકરાના દેવળમાં કાર્સિકપલ્લના એક પાદરીની નિમણૂક થઈ હતી. એની દીકરી છે."

સ્તબ્ધ થઈને કુંયેનાચ્ચને દીનામ્માના ચહેરા તરફ જોયું. ઈશારાથી ઊઠવાની ઈચ્છા જણાવી. દીનામ્માએ ટેકો દઈને બેઠા કર્યા.

"આ તમે શું વાત કરો છો?"

"સાચું કહું છું, કુંયેનાચ્ચન! પાદરીને ઓળખો છો ને?"

દીનામ્માને કહેવાનું મન થયું કે એ પાદરી મારા બનેવી છે – મોટી બહેનના પતિ. પણ એના મોંમાંથી શબ્દો આ નીકળ્યા – "ઘડપણમાં આવી ફાલતુ વાતો બકતા ફરવાનું છોડી દો."

લોનાનનું મોં ફીકું પડી ગયું. "દીકરી, તું મારી બેટી જેવડી છો. લગ્નમાં વાંધા નાખવાનું કામ હું નથી કરતો. તપાસ કરી જોજો. કુંયેનાચ્ચનની દોસ્તીને કારણે એક સાચી વાત કહેવા આવ્યો. એ માસ્ટરના મર્યા પછી એક વર્ષ વીત્યા કેડે એ સ્ત્રીએ આ બાળકીને જન્મ આપ્યો. પાદરી એ દિવસોમાં એમને ઘેર જ રહેતા હતા. એ સ્ત્રીને ગર્ભ રહ્યાની વાત સાંભળી પાદરીએ પોતાની

બદલી કરાવી નાખી. બધાં જ આ વાત જાણે છે. લોકોએ બિશપ પાસે ફરિયાદ કરી હતી કે આ પાદરીને સજા કરવી જોઈએ. ઘણો ઊહાપોહ થયેલો. પણ એ સ્ત્રીએ જ પાદરીને બચાવ્યો.''

કુંયેનાચ્ચનના મોં પરની વ્યગ્રતા જોઈ લોનાને કહ્યું : ''આ તો દસ-વીસ વર્ષ પહેલાંની વાત છે. એને સહેલાઈથી ભૂલી જઈ શકાય. પણ હું એમ નહીં કહું કે આ બાબતોને કારણે છોકરી આપણા ઘરને લાયક નથી. તોપણ આ વાત જાણું છું એટલે તમને કરી.''

ચુપકીદી, દીનામ્માના હૃદયે કહ્યું – કદાચ વાત સાચી હોય. નહીં તો ફાધર આટલો રસ લઈને . . . હે પરમેશ્વર!

લોનાને ત્યાંથી કોઈક રીતે સરકી જવાનું પસંદ કર્યું.

''તો હું જાઉં, કુંયેનાચ્ચન!''

જવાબ ન મળ્યો.

''જાઉં, દીકરી?''

તે પણ ચૂપ.

લોનાનના ગયા પછી કુંયેનાચ્ચને બૂમ પાડી : ''વહુ!''

''શું?''

''કદાચ સાચુંયે હોય!''

દીનામ્માએ જવાબ આપ્યો નહીં. કુંયેનાચ્ચને વિચાર્યું, વાત ''સાચી હોય તો બંને ભાઈ-બહેન થયાં. ફાધરની રખાતની દીકરી. નાના ભાઈનો દીકરો વર. મામીનો દીકરો નાનો ભાઈ જ થાય ને? પહેલાં આવું સાંભળ્યું નથી. જૂના નિયમો હતા તે દિવસોની વાત છે. દાઊદનો પુત્ર અમ્નોન આબશોલોમની બહેન તામાર પર મુગ્ધ થઈ ગયો. ચતુર યોનાદાબના સૂચવ્યા પ્રમાણે તે માંદો થઈને ખાટલા પર સૂઈ ગયો. એનો પિતા એને જોવા આવ્યો ત્યારે અમ્નોને કહ્યું કે મારી બહેન તામાર આવીને મારા દેખતાં બે પૂરી બનાવે તો હું એના હાથથી એ ખાઉં. તામાર આવી અને એણે પૂરી બનાવી. અમ્નોને કહ્યું કે તું એ પૂરી ઓરડીમાં લઈ આવ, જેથી કોઈ મારું આ રીતનું ખાવાનું જુએ નહીં. તે પૂરી લઈને ઓરડીમાં ગઈ. તામાર ઓરડીમાં આવતાં અમ્નોને જબરદસ્તીથી એની સાથે દુષ્કર્મ કર્યું. બે વર્ષ પછી ભલે, પણ આબશોલોમે પોતાની બહેનના અપમાનનો બદલો જરૂર વાળ્યો. એફ્રેમ નજીક બાલ્હાસોરમાં, ઘેટાંના વાળ કાતરવાના પર્વ વખતે અમ્નોન જ્યારે દ્રાક્ષનો મધુ પીને નશામાં આવી ગયો ત્યારે આબશોલોમના સેવકોએ એને મારી નાખ્યો.''

"લાત મારી મારીને મારી નાખવો જોઈએ."

"બાપુજી!"

"શું?"

"કોને મારવાની વાત કરતા હતા?"

"હં... સાચું હશે. હશે જ ને?"

"... ..."

"એ ઝભ્ભો પહેરેલો આખલા જેવો પાદરી હશે."

"મને ખબર નથી, બાપુજી! મને કંઈ પૂછતા નહીં. મને કંઈ ન પૂછતા . . ." દીનામ્મા ડૂસકાં ભરી ભરીને રડવા લાગી.

"આ લગ્ન નહીં થાય. કાગળ લખો કે છોકરાને પોતાના કામ પર પાછા જવું પડયું છે, અને આપણે સાથે મળીને કરેલા નિર્ણય અનુસાર—"

"એના બાપને આવવા દો, બાપુજી!"

"શું?"

"મહોલ્લાવાળા સાંભળશે તો આપણી આબરૂ ખરાબ થશે."

"શાની ખરાબ થાય? એ લંપટ પાદરીએ બદમાશી જ કરી ને? એ તારો બનેવી છે તો મારા સાળાનો દીકરો પણ છે જ ને! તારા પતિના મામાનો દીકરો. આબરૂ બધાની જશે. મોટાને બોલાવો. આજે જ કાગળ લખવો છે. મેલોઝત્તુ કુંયુનૈના પૌત્રનાં લગ્ન પિતૃહીન કન્યા સાથે કરવાનું કબૂલ નથી. . . ."

"શાંત થાઓ, બાપુજી!"

સાંજે માત્તુક્કુટ્ટિ આવ્યો. ત્રણે કાકાઓ અને કુંયપ્પિપને બોલાવવામાં આવ્યા. કીવરીત અને કુંયપ્પિ જ ફક્ત આવ્યા. વાત સાંભળીને કીવરીતે દલીલ કરી: "લગ્નમાં ભાંગ પાડનારા થોડા લોકો હોય જ છે; એટલે સાવધ રહેવું જોઈએ. એમ પણ બને કે એણે એના દીકરા માટે આ કન્યા માગી હોય અને પેલાં લોકો તૈયાર ન થયાં હોય!"

"ગમે તેમ પણ જરા વધારે તપાસ કરવી જોઈશે." માત્તુક્કુટિ બોલ્યો: "દાળમાં કંઈક કાળું લાગે છે. નહીં તો ફાધર આટલે દૂરથી લગ્નની વાત લઈને શા માટે આવે?"

કુંયેનાચ્ચને કહ્યું: "એ જ વાત છે. એ ફાધરના મોં પર એક ફટકારવી જોઈતી હતી."

કીવરીતે અટકાવ્યા: "બાપુજી, ફાલતુ બકવાદ કર્યા વિના છાના રહો."

બીજે દિવસે માણસ મોકલવામાં આવ્યો. પૂછપરછ થઈ. સીધો સવાલ તો કેમ પુછાય? કેટલાક લોકોએ ચતુરાઈથી પ્રશ્ન કર્યા. હવે તો શંકા પહેલાં કરતાં પણ વધી. દગો થયો. કાગળ લખવાનું નક્કી કરવામાં આવ્યું. એવામાં રાજન મોસાળથી આવ્યો. ઘેર પહોંચતાં પહેલાં જ એણે બધી વાત સાંભળી હતી. બેબીએ એને બધું જ જણાવ્યું હતું. તે ચોંકી ઊઠયો. ખૂબ આશાથી, પ્રેમથી બનાવેલી કલ્પનામૂર્તિ આંખોની સામે જ નીચે પડી ભાંગીને ભુક્કો થઈ રહી હતી. અનામતનો ખજાનો બરોબર જરૂરને વખતે જ જાણે સંતાડી દેવામાં આવ્યો. ખાવાપીવાનું અકારું લાગવા માંડયું. મનની અંદર સંઘર્ષ ચાલતો હતો. મર્મભેદી સંઘર્ષ. ભીતર એક અસ્તવ્યસ્ત ભવન હતું. હવે તે સાફ-સુઘડ છે. બારણે કોઈક મંગળ મીણબત્તી લઈને ઊભું છે. કાજળ આંજેલી મોટી મોટી શ્યામલ આંખો. પ્રકાશના પરિવેશથી આવૃત સુંદર મુખ! મનમાં ગુપ્ત પ્રેમના આસવથી ભીનું સુરાલય...

"કેમ મોડું કર્યું?"

"શું?"

"કયારની રાહ જોઉં છું. તમને ખબર નથી કે તમે નહીં આવો ત્યાં સુધી જમીશ નહીં?"

"તું તો કાંઈક જુદી જ છો. જેવી માની હતી તેવી તો નથી."

"શું?"

"જેવો વિચાર કર્યો હતો તેવી નથી. પહેલી મુલાકાત વખતે તેં મહોરું પહેર્યું હતું."

"કયારેય નહીં, રાજન! કયારેય નહીં! મને અડી જુઓ."

"તારા પિતા કોણ છે?"

ચોંકી જાય છે. ફિક્કી પડી જાય છે. આંખો ભરાઈ આવે છે. "પિતા?"

"હા, મારે જાણવું છે. કાર્તિકપ્પલ્લિના . . ."

હાથ વડે મોં ઢાંકી દે છે. આંખો અનુનય કરે છે કે આવી વાતો ન કરો. . . .

"રાજન?"

"હું."

"આ રોશની જુઓ છો ને?"

"હું."

"એમાં કંઈ અપવિત્રતા છે?"

"ના."

"આ મીણબત્તી શું નાપાક છે?"

"ખબર નથી."

"તો હું આ રેશની છું. મારો હાથ પકડીને વચન આપ્યું હતું ને?"

"... ..."

"બોલો, રાજન! કહ્યું હતું ને કે હું ગમું છું?"

માત્તુક્કુટિ કુંયેનાચ્ચનને કાગળ વાંચીને સંભળાવી રહ્યો હતો કે નક્કી કર્યા પ્રમાણે સગાઈ માટે હમણાં આવવાની જરૂર નથી. રાજને જઈને પૂછયું : "કાગળ લખી નાખ્યો?"

કુંયેનાચ્ચને કહ્યું : "બરોબર છે, આજે જ મોકલી આપો."

"જરા જોઉં તો!"

અચકાવા છતાં માત્તુક્કુટિએ પત્ર રાજનના હાથમાં આપ્યો. પત્ર વાંચી જોયો. રાજને કહ્યું : "આ નહીં મોકલાય, બાપા! અહીં જ લગ્ન કરવાં છે. આપણે છોકરી સાથે જ સંબંધ છે. મને એ સારી લાગી છે."

"છિ : માન-અપમાન ન સમજનાર મૂર્ખ! તું શું કહેતો હતો? લાવ કાગળ!"

"નથી મોકલવો."

એણે કાગળના ટુકડા કરીને દૂર ફેંકી દીધા. સાથે જ માત્તુક્કુટિએ દીકરાના ગાલ પર થપ્પડ જડી દીધી. "આ બસ છે ને તારે માટે? બસ છે?" ... માત્તુક્કુટ્ટિ ગુસ્સાથી કાંપતો હતો. ચાર-પાંચ ક્ષણ સુધી રાજન પિતાની આંખોમાં અપલક જોઈ રહ્યો. પછી બોલ્યો :

"એમાં શંકા શા માટે? મને જે છોકરી પસંદ પડી તેની સાથે જ હું લગ્ન કરીશ."

"લગ્ન કરીશ—" માત્તુક્કુટ્ટિ એક ગંદી ગાળ દઈને રાજન તરફ ફરી આગળ વધ્યો. રાજને પોતે જ એના હાથ પકડી લીધા. "શા માટે? મેં શું કોઈનું કાંઈ ચોર્યું-લૂંટયું છે કે મને મારવા ઊઠયા છો?"

દીનામ્મા વચ્ચે પડી અને દીકરાની પકડમાંથી પતિનો હાથ અલગ કરતી બોલી : "આ શું કરો છો? બાપ-દીકરા બન્નેએ સૂધબૂધ ગુમાવી છે કે શું?"

કુંયેનાચ્ચન ખાટલા પર વ્યાકુળ થઈ ગયા. "છોકરાને મારતા નહીં. એણે અવિવેકની તો કોઈ વાત કરી નહોતી. તું એને મારી નાખવા ઇચ્છે છે?"

સિસિલી માને વળગી મોટેથી રડી પડી.

"નીકળી જા. તું મારો કોઈ નથી, જા."

"બાપા, તમારી કમાઈ ભલે મને ન આપતા, આ મારા દાદાનું ઘર છે."

દીનામ્મા ચીસ પાડી ઊઠી : "રાજન! ચૂપ રહે, ગમે તેમ પણ એ તારા બાપ છે!"

"તો બાપ શું દીકરાને આ રીતે મારે? શું દીકરાને કહેવાય એવી ગાળ એમણે દીધી હતી?"

કુંયેનાચ્ચને કહ્યું : "મારે પણ ખરો. ગાળ પણ દે, હા! પિતાની નિંદા કરનારને પરમેશ્વર સજા કરશે. મારું ઘર મારા દીકરાનું છે. તું જા, જતો રહે!" કુંયેનાચ્ચન હાંફતા હતા. રાજન વધુ રોકાયો નહીં. ઝડપથી નીકળીને બહાર ચાલ્યો ગયો. હવે માત્તુકુટ્ટિનો બધો ગુસ્સો દીનામ્મા પર ઠલવાયો.

"તું જ છોકરાને માથે ચડાવે છે, માત્ર તું જ."

દીનામ્માએ જવાબ આપ્યો નહીં. આગ ઠંડી પડવા દો. દીનામ્માને ડર હતો કે એ એમ ઝટ ખત્મ નહીં થાય. જે વાત પર દિલ ચોંટયું એને માટે જીવ સુધ્ધાં આપી દેશે.

"એ છોકરીએ એને કાંઈ આપ્યું હશે."

કુંયેનાચ્ચને પૂછયું : "શું છે? શું છે?"

કોઈએ જવાબ આપ્યો નહીં. ઉદ્વેગજનક મૌન. ફેલાતી આગની જાણ થતાં જાણે એક તક મળતાં એને બુઝાવી દેવામાં આવી હોય અને શાંતિ સ્થાપી શકાઈ હોય. . . .

કીવરીત અને કુંયપિપ ફરીથી આવ્યા. આ વખતે કુંયુચેરુક્કન પણ આવ્યો હતો. ખુદ દીનામ્મા પોતે જ જઈને કુંયુચેરુક્કન અને ફિલિપ્યોસને બોલાવી લાવી. ફિલિપ્યોસ બાગ ખરીદવા મલબાર ગયો હતો.

નવી પરિસ્થિતિ પર વિચારમંત્રણા થઈ. ફાડી નાખેલા પત્રની જગ્યાએ નવો પત્ર લખવા પર માત્તુકુટ્ટિ ભાર દઈ રહ્યો હતો. કુંયેચેરુક્કને ના પાડી. ચાર માણસોની વાતનું તે ખંડન ન કરે તો એને કેમ ચાલે?

"ના, ના, ફાધર વિશે કોઈના મોંએ ખોટી વાત સાંભળી આવી અપ્રામાણિકતા ન આચરી શકાય."

કીવરીતે પૂછયું : "તું આ શું કહે છે?"

"જે કહ્યું તે જ."

"ફાધર કહેણ લાવ્યા એટલે શું પસંદ ન હોય તેવાં લગ્ન પણ આપણે કરવાં?"

"નાપસંદ બાબત શી છે? કહો તો!"

"બાબત શી છે! હં! ધૂળ ને પથરા."

કુંયપ્પિએ વચ્ચે દખલ કરી : "ખેર, કાકા! માનો કે આપણે સગાઈ ફોક કરી. પણ રાજન હઠ પકડે કે આ જ છોકરી સાથે લગ્ન કરીશ તો? છોકરીને લઈ જઈને રજિસ્ટ્રારની ઑફિસમાં લગ્ન કરી લે તો? તો શું કરશો?"

"નહીં માને તો પછી જેમ કરે તેમ કરવા દઈશું."

"વાહ! જાણે એને બહુ મોટું નુકસાન થવાનું હોય! એને સરકારી વેતન મળે છે. તમારી મહેરબાનીની એને જરૂર નથી."

"તો? એનાથી શું હું ડરું?"

"ડરવું પડે. જમાનો એવો છે."

બધા લોકો કોઈ નિર્ણય પર આવ્યા વિના જ પોતપોતાને ઘેર ગયા.

રાજન ફરી તેને મોસાળ ગયો. એને ચાર મામા હતા. ચારેય લેવડ-દેવડનો ધંધો કરી કમાતા હતા. લગ્ન પછી પણ બધાં સાથે રહેતાં હતાં. બૅન્ક, ચીટફંડ વગેરેનો ધંધો હતો. સંયુક્ત કમાણી અને ગાઢ દોસ્તી. રાજન ત્યાં પહોંચ્યો ત્યારે એનું મોં સાવ પડી ગયું હતું. મામાઓ અને મામીઓને મન રાજન આંખની કીકી સમાન હતો. દરેક જણે અલગ અલગ ઉદાસીનું કારણ પૂછ્યું.

"શું થયું છે રે?"

"શું થયું રાજન દીકરા?"

રાજન પોતાને રોકી શક્યો નહીં. તે રડી પડ્યો. ત્યારે જ એને ખ્યાલ આવ્યો કે પોતે કેટલો કમજોર છે. ચોખ્ખી વાત પણ કરી શક્યો નહીં. ગાલ પરનો સોજો જોઈ મોટા મામા કોચ્ચુકુટ્ટિ બોલ્યા : "ચાલ, હું પણ સાથે આવું છું. આનો અર્થ આપણે સમજી લઈશું."

મામા અને ભાણેજ સાથે આવ્યા. સાંજ સુધી વાટ જોઈ ત્યારે છેક માત્તુકુટ્ટિ સાથે મુલાકાત થઈ શકી. ત્યાં સુધી કોચ્ચુકુટ્ટિએ કુંયેનાચ્ચન કે દીનામ્મા આગળ પોતાના દિલની વાત કહી નહીં. દીનામ્માએ મનાવવા-સમજાવવા ઘણા પ્રયત્ન કર્યા પણ વ્યર્થ. માત્તુકુટ્ટિ તેને ઘરના વરંડામાં જોઈ જરા દ્વિધામાં પડ્યો.

"અચ્છા, ક્યારે આવ્યા?"

"બપોરે."

માત્તુકુટ્ટિ ચુપચાપ રસોડામાં ગયો. ચતુરાઈથી પત્નીને પૂછી લીધું કે કંઈ વાતચીત તો થઈ નથી ને? બન્ને સરખી ઉંમરના હતા અને પહેલાં ઘનિષ્ટ મિત્રતા પણ તેમની વચ્ચે હતી. માત્તુકુટ્ટિ બહાર આવ્યો.

"કોઈ ખાસ સમાચાર તો નથી ને?"

"સાંભળ્યું કે અહીં કોઈ ખાસ સમાચાર છે. એ જાણવા માટે જ આવ્યો."

"હં, એણે કાંઈ કહ્યું નહીં?"

"બરોબર નથી કહ્યું. ગાલ સૂજી ગયેલો દેખાયો."

"ઓહ, શું પૂછવા આવ્યા છો?"

"કંઈ નહીં. તમારો દીકરો છે. મારીને ભોંયમાં દાટી દો તોયે તમને કોણ પૂછવાનું હતું?"

"તો પછી?"

"કંઈ નહીં. સગાંસંબંધીઓ છીએ ને! સાંભળ્યું કે તમે લોકોએ લગ્નનું વિચાર્યું હતું. સાંભળ્યું કે હવે મારપીટ સુધી વાત વધી છે."

"તો શું બધી જ વખત સૂચન કર્યા પ્રમાણે લગ્ન થાય જ છે?"

"ના ના. તમારા કહ્યા પ્રમાણે તે ગયો અને છોકરી જોઈ. છોકરી પસંદ પડી. હવે શું બખડજંતર ઊભું થયું?"

કુંયેનાચ્ચને કહ્યું : "અરે કોચ્ચુકુટ્ટિ, સાંભળ્યું છે કે માનું ચારિત્ર્ય સારું નથી."

"ખરાબ ચારિત્ર્ય શાનું? આપણે મા સાથે નહીં, દીકરી સાથે રાજનનાં લગ્ન કરવાનાં છે."

માત્તુકુટ્ટિએ મુત્સદ્દીગીરી વાપરીને આ સમસ્યાને ઉકેલવાનો પ્રયત્ન કર્યો : "સાળાસાહેબ, મનમાં કાંઈ ગેરસમજ રાખીને વાત કરતા નહીં. આપણે શું લગ્ન નક્કી કરતાં પહેલાં બધી જ વાતો જાણી લઈએ છીએ? પૂછીએ-કરીએ છીએ, પછી ઠીક લાગે તો લગ્ન કરીએ છીએ. તમારી બાબતમાં પણ આ જ વાત લાગુ પડે છે ને?"

અનુકૂળ મોકો જોઈને દીનામ્માએ પણ માત્તુકુટ્ટિનો પક્ષ લીધો : "રાજન દીકરો ફસાઈ જાય એવું કશું અમે શા માટે કરીએ?"

"એ બધું ઠીક છે. તમારા મામાના દીકરા ભાઈ કાર્તિકપ્પલ્લિવાળા ફાધર જ એક કહેણ લાવ્યા હતા. જે વાતને એક પાદરીએ જોઈ કરીને અનુકૂળ ગણી હોય એ વાત માનવી જોઈએ. તમે લોકોએ જઈને જોયું.

સંબંધ તમને પણ પસંદ પડયો. હવે કયાંથી સૂઝયું કે માનું ચારિત્ર્ય કલંકિત છે? ચોખ્ખી વાત કરો."

માત્તુકુટ્ટિ હવે મૂંઝાઈ ગયો. દીનામ્મા પણ અસમંજસમાં પડી. કેમ કહેવાય કે છોકરી ફાધરની જ દીકરી છે? કહેતાંયે શરમ લાગે. અને વાતનો કાંઈ પાયો? નરી સાંભળેલ વાત. આથી તેણે ગોળ ગોળ વાત કરી: "જુવાનીમાં પતિ મરી ગયો. ઘેર કોઈ દેખવાવાળું નહીં. આવી સ્થિતિમાં સહેલાઈથી આડા માર્ગે જઈ શકે ને?"

"છી: એવી વાત કરો છો? . . . એ ધર્મપ્રદેશના દેવળના પાદરી – તમારા મામાના દીકરા – જે સાક્ષી આપે છે તે શું એ સ્ત્રીના ચારિત્ર્યની સ્વચ્છતા માટે પૂરતી નથી?"

"ફાધરને શું બધી ખબર હશે?"

"રાજનને આ જગ્યા પસંદ છે એટલું જાણવું પૂરતું છે. એ જ કરો."

માત્તુકટ્ટિએ કોચ્ચુકટ્ટિના મોં તરફ ધ્યાનથી જોયું. આ તો લડવા માટે તૈયાર થઈને આવ્યો છે. હવે મનવવા-રીઝવવાથી કશો ફાયદો નથી.

કુંયેનાચ્ચને પૂછયું : "કોચ્ચુટ્ટિએ શું કહ્યું ?"

"ત્યાં જ લગ્ન કરવાં, એમ."

"અશકય."

માત્તુકુટ્ટિએ કહ્યું : "એ વાત પડતી મૂકો, સાળાસાહેબ! એની ઉંમર અઠ્ઠાવીસ-ત્રીસની તો નથી થઈ ગઈ ને?"

"પણ કંઈ કારણ તો કહો, બનેવી!"

દીનામ્માએ કહ્યું : "કોચ્ચુકુટ્ટિભાઈ, એ તો રાજનના કાકા પણ . . ."

"તું અંદર જા."

"રાજનની ઇચ્છા અહીં જ સંબંધ કરવાની છે."

માત્તુકટ્ટિના હોઠ પર કટાક્ષપૂર્ણ હાસ્ય ફેલાયું : "માણસની બધી ઇચ્છાઓ શું પૂરી થાય છે? એવું જ થતું હોય તો તો કશી ઝંઝટ જ ન રહે."

"ખેર, અને કયાંકથી તે એકાદ છોકરી લઈ આવશે તો તમે શું કરશો?"

"એ જ તો હઠ છે. એવું થશે તો જોયું જશે. કોઈ પણ હાલતમાં તે મારા કાબૂમાંથી બહાર છટકી નહીં જઈ શકે. હું મારા બાપના ઈશારે જ જીવું છું."

"એ વાત છોડો. એ તો બધા જાણે છે."

"શું જાણે છે?"

"કહેવું ઠીક નહીં થાય."

"કહો તો ખરા, સાંભળીએ!"

"તો તમે શું પિતાજીના આદેશથી સાડત્રીસ વર્ષની ઉંમરે એક વયસ્ક છોકરાના બાપ થયા પછી અઢાર વર્ષની છોકરી સાથે પ્રેમ કરીને લગ્ન કર્યાં હતાં?"

"તો તમારી બહેન મરી જતાં મારે શું સંન્યાસ લેવો જોઈતો હતો?"

એવામાં દીનામ્મા દરવાજાની આડશમાંથી બહાર આવી. "દરેક જણ પોતાની સગવડ અનુસાર વર્તે છે. આ સજ્જનની કોઈ દીકરી ભણવા ગઈ અને કોઈકને લઈને આવી ને? એના વિશે શું કહો છો?"

માત્તુકુટ્ટિએ વળીને પત્નીને એક તમાચો માર્યો : "કુલક્ષણી! અંદર જા."

"વાહ, આ ફળિયામાં આવીને મારા મોં પર જેમતેમ બોલે તો શું હું ચૂપ રહું?"

"જેમતેમ એટલે?"

"વાત આગળ ન વધે તે જ સારું છે."

"નહીં વધારીએ."

કુંયેનાચ્ચન લાકડીનો ટેકો લઈને ઊઠયા : "મારે માટે ગરમ પાણી કરી આપનાર છોકરીને ગાળ દેવા તમે આવ્યા છો?"

કોચ્ચુકુટિએ ઊઠીને પગ ઉપાડયા. કહ્યું : "શિષ્ટતાની કોઈ વાત હોત તો બધા માટે સારું હતું. ખાનદાની છોડી દેવાની વાત હોય તોપણ કશો ડર નથી."

ફરીથી વિચારમંત્રણા, ચર્ચા, દલીલો, ફાલતુ વાતો – બધું ચાલ્યું. રાજન આખું અઠવાડિયું ઘેર જમ્યો નહીં. એણે બધાને જણાવી દીધું કે આ લગ્ન નહીં થાય તો આ જીવનમાં તે બીજાં લગ્ન નહીં કરે. માતૃહીન પુત્ર હોવાને લીધે બધા એની વાતોને ચુપચાપ માનતા આવ્યા હતા. પણ આ મુદ્દા પર માત્તુકુટ્ટિ સમાધાન કરવા તૈયાર નહોતો.

એક દિવસ સવાર સવારમાં કીવરીતે મેલોઝત્તુ ઘેર આવીને માત્તુકુટ્ટિને જગાડયો. કુંયેનાચ્ચન જાગતા પડયા હતા. લગ્નનો સવાલ ઊભો થયા પછી ઊંઘ હરામ થઈ ગઈ હતી. કુંયેનાચ્ચન એક એવા સત્તાધીશની જેમ થાકેલા, માંદા, ઉદાસ હતા, જે સત્તાધીશના શાસિત દેશને બીજા લોકો કબજે કરી લઈને વહેંચવા બેઠા હોય. એમના શય્યાગ્રસ્ત હોવાને લીધે આવું બધું થતું હતું. એમના સત્તાના દિવસોમાં આવો દગો કરવાની કોઈની હિંમત ન ચાલી હોત.

કીવરીતે કહ્યું : "હું તમારો સૌથી મોટો દીકરો છું. તમારી માંદગીના કારણે તમારી જવાબદારીઓ નિભાવવાનો ભાર હવે મારી ઉપર છે. મારો નિર્ણય તમારે માનવો પડશે. માત્તુકુટ્ટિ પણ એને સ્વીકારી લે."

"શું છે ભાઈ?"

"રાજનનાં લગ્ન એ જ છોકરી સાથે કરો. સ્વપ્નમાં પરમેશ્વરે મને આ નિર્ણય સંભળાવ્યો છે."

કુંયેનાચ્ચને કહ્યું : "ભાઈ-બહેન છે."

"ચૂપ રહો. બકવાદ ન કરો. કદાચ એવું હોય તોપણ એવું નિકટનું એ સગપણ નથી કે લગ્ન ન થાય."

દીનામ્મા બોલી : "રાજનના મામાએ અહીં આવીને જે કાંઈ કહ્યું તે ભાઈએ સાંભળ્યું?"

"બધું સાંભળ્યું. પોતાની બૂરાઈનો ઢંઢેરો શું પીટવો? બીજી એક વાત પણ વિચારી લો. એ જે ચાળીસ-પચાસ મોકલે છે એના લીધે જ તમે લોકો સરખી રીતે દિવસો ગાળી શકો છો. જોહુકમી ચલાવીને આ વ્યવસ્થા બગાડી મૂકશો તો પછી તમે શું કરશો?"

માત્તુકુટ્ટિ ગોઠણ નીચે માથું નાખીને બેઠો હતો. મોં ઊંચું કર્યું નહીં. કુંયેનાચ્ચન ઉઘાડી આંખે, મોં અડધું ઉઘાડું રાખીને એવી રીતે સૂતા હતા, જાણે આ આખીયે વાત એમની સમજમાં ન આવતી હોય. ઉંબરા પર ઊભી રહેલી દીનામ્મા નખ કરડતી કોઈક અજ્ઞાત દિશા ભણી જોઈ રહી હતી.

"બાપા!"

"હં."

"મેં સાચી વાત નથી કહી?"

"હું એ માની શકતો નથી."

"કેમ?"

માત્તુકુટ્ટિએ કહ્યું : "ભાઈના આ પ્રશ્નનો કશો અર્થ નથી. ભાઈને એમ ઠીક લાગતું હોય તો કરો."

કુંયેનાચ્ચને કશું કહ્યું નહીં. દીનામ્માએ પણ. તેમણે ચુપચાપ હાર માની લીધી.

સાત

લગ્નની ધમાલ ચાલે છે, પણ કોઈ બહુ આનંદમાં હોય એમ દેખાતું નથી. આનંદમાં કોઈ હોય તો તે ફક્ત નાનકડી સિસિલી. તેને બેત્રણ નવા સાથીદાર મળી ગયા છે. રાજનનાં ત્રીજાં મામીની દીકરી સૂસન, એલ્લુપરંપની એલુક્કુટ્ટિની દીકરી કોચ્ચુમોલ, કુંયપ્પિનો દીકરો અજયન. ચારે જણ મળીને મંડપમાં, ફળિયામાં, ઘરમાં – બધે દોડાદોડ કરી મૂકે છે. લગ્નના કામકાજ માટે કુંયપ્પિની મા તથા કીવરીત અને કુંયુચેરુક્કનની પત્નીઓ પણ આવી છે. ચારે ઘરની બીજી સ્ત્રીઓ આવતી-જતી રહે છે. આજે મંગળ છે, કાલે બુધ અને પરમ દિવસે સવારે લગ્ન.

બુધવારે સાંજે આમંત્રિત લોકો માટે નાસ્તા-પાણી. લગ્નમાં કન્યાપક્ષ તરફથી ઓછામાં ઓછા પચાસ માણસો હશે. એમને જમાડવા પડશે. સગાઈ અને ચિઠ્ઠીની અદલાબદલી માટે બે મોટરોમાં અગિયાર માણસો ગયા હતા. ધર્મપ્રદેશના પાદરી, ઘરમાંથી કીવરીત, ફિલિપ્પોસ, કુંયપ્પિ અને કોચ્ચુક્કુટ્ટિ. ધર્મપ્રદેશના બીજા છ માણસો. કાર્તિકપ્પલ્લિના ફાધરને લગ્નનું આમંત્રણ આપવામાં નથી આવ્યું. કુંયુચેરુક્કને એનો પૂરા જોરથી વિરોધ કર્યો. પણ બીજા લોકોએ એની પરવા કરી નહીં.

સગાઈને દિવસે પણ ધાંધલ થવાની હતી. કીવરીતે જ શરૂ કર્યું: "ખાનદાન ઘરનો છોકરો છે. સરકારી નોકર છે. એમ ન માનતા કે છોકરીઓ મળતી નથી એટલે અહીં આવ્યા છીએ."

"આ પણ ખાનદાનનું જ ઘર છે. પૂછપરછ કરી લેજો."

"પૂછી લીધું."

"તો શું જાણવા મળ્યું?"

"કંઈ નહીં. અમારે ફક્ત છોકરી સાથે સંબંધ છે."

હવે કુંયપ્પિ વચ્ચે પડયો. "નકામી વાતો શા માટે કરો છો? આપણે જે કામ માટે આવ્યા છીએ એ પૂરું કરીને જઈશું."

"ગોળ ગોળ વાતો ન કરો. મનમાં કોઈ પણ પ્રકારનો વાંધો હોય તો રહેવા દો. અમારો કોઈ આગ્રહ નથી."

"એની તરકીબ તો પહેલેથી કરી હતી."

"તરકીબ કેવી?"

ગુસપુસ શરૂ થઈ. લોકો ધીરે ધીરે એકબીજાને વાત કરવા લાગ્યા. દલીલબાજી જામી પડી. પણ પુરોહિતે બધાંનાં મન બહેલાવવાના પ્રયત્નો કર્યા તેને લીધે બાજી બહુ ન બગડી. ચિઠ્ઠીની આપ-લે થઈ. નાસ્તાપાણી અને ભોજન પછી પાછા ફર્યા.

ઉગમણી તરફના આંગણામાં મંડપ બાંધ્યો છે. ફિલિપ્પોસના ઘેરથી લાવવામાં આવેલાં સેટી-ખુરશી વ. મંડપમાં ગોઠવ્યાં છે. કુંયેનાચ્ચન આરામ-ખુરશી પર સૂતા છે. દખણાદી ઓસરીમાં સ્ત્રીઓ રાંધવાની તૈયારી કરે છે. ભંડારની ચાવી દીનામ્માના જ હાથમાં છે. બધા પર દેખરેખ રાખતી, સાંભળતી, બતાવતી ફરે છે.

"સિસિલી દીકરી, કહ્યું ને કે ધમાલ નહીં કરવાની! ફણસના ઝાડ નીચે જઈને રમ – જા!"

"વરિયાળી ક્યાં છે, દીનામ્મા?"

"હમણાં લાવી આપું, કાકી! વાહ, અંપાટ ઘરનાં માસી ઊભાં જ છે. બેસોને!"

"અરે, મુલ્લત્તારા ઘેરથી તાવેથો મગાવ્યો?"

"માણસ ગયો છે."

માત્તુકકુટ્ટિ અમસ્તો જ ઉપર ઉપરથી લહેરમાં દેખાય છે. કશામાં મન લાગતું નથી. સગાઈ પછી એણે પિતા સાથે કે પત્ની સાથે મન ખોલીને વાત સુધ્ધાં નથી કરી. બાપ ને દીકરો એકબીજાની સામે બેસીને બોલ્યા નથી. મોટાભાઈની વાત તો માની લીધી, પણ પાછળથી જણાયું કે એ પરાજયનો સ્વીકાર હતો. દીકરો જે પૈસા મોકલતો હતો એનો ખ્યાલ કરીને તે આવી લાચારીમાં મુકાવા નહોતો માગતો. એની માનું મરણ થતાં બીજાં લગ્ન જરૂર કર્યાં હતાં. પણ એના માટેની લાગણી જરાયે ઓછી નહોતી થઈ. ઘણી મુશ્કેલીઓ વેઠીને, દેવું કરીને એણે ભણાવ્યો હતો. તોપણ ખરા મોકે એણે એને પડતો મૂક્યો. એ વાત વિચારતાં હૃદય રડે છે. દુ:ખ, લાચારી બધું મળીને પત્ની પ્રત્યે ક્રોધનું રૂપ ધારણ કરે છે.

"બાપુજી!"

"હં."

"કાંજી કે કૉફી, કાંઈ જોઈએ તો કહેજો."

"હમણાં નહીં. છોકરો ક્યાં છે?"

"રાજન? મોસાળ ગયો છે. હજી આવ્યો નથી."

"છેલ્લી ઘડીએ એને ત્યાં જઈને લઈ આવવો તો નહીં પડે ને!"

દીનામ્માએ કશો જવાબ ન આપ્યો. લગ્નની વાત શરૂ થઈ ત્યારથી રાજન મોટા ભાગનો વખત એની માના પિયર જ વિતાવતો હતો. જે દિવસથી તે નોકરી પરથી ઘેર આવ્યો છે તે દિવસથી દીનામ્મા જ એની દેખરેખ રાખે છે, એને પૂછે છે—ઠંડું પાણી જોઈએ કે ગરમ પાણી, ચા પીવી છે કે કૉફી? અને હવે એ દીનામ્મા એની કોઈ નથી. આખરે આ સ્ત્રી એની કોઈ નથી! એની ઉંમર બાર-તેર વરસની હતી ત્યારે એના બાપા ક્યાંકથી બીજી પત્ની તરીકે આ સ્ત્રીને લઈ આવ્યા હતા. ત્યાર પછી ઘરમાં જે આત્મીયતા વધી . . . બસ એ જ.

બધી આપત્તિઓનું મૂળ છે લગનનો આ પ્રસ્તાવ. પોતાને આશ્વાસન આપવું પડે છે કે જેવી પરમેશ્વરની ઇચ્છા. એને માટે પ્રભુએ આ વહુને સજાવી છે. પ્રભુની ઇચ્છાનું ખંડન કરનારા આપણે કોણ? અય્યૂબના ગ્રંથમાં લખ્યું છે કે મારા પગ તેં બંધનમાં જકડી દીધા છે. મારી ગતિની બધી વિગતો તેં લખી રાખી છે. મારાં પદચિહ્નોની ચારે તરફ તેં રેખાઓ આંકી છે. સ્ત્રીની કૂખેથી જન્મેલો મનુષ્ય અલ્પાયુ અને દુ:ખી હોય છે.

પેટ્રોમેક્સ આવી ગયું. અવરાન લઈ આવ્યો હતો. એની સાથે કીવરીતનો દીકરો અચ્ચનકુંયુ, કુંયુચેરુક્કનનો દીકરો સણ્ણિ અને ફિલિપ્પોસનો દીકરો સાંક્કુટ્ટિ આવ્યા. સણ્ણિએ પૂછ્યું : "રાજનભાઈ ક્યાં છે, દાદાજી?"

"એ અહીં નથી."

"ક્યાં ગયા છે?"

"મને શી ખબર? તારો બાપ ક્યાં છે?"

"વાછરડું કાપવાનું છે તે જગ્યાએ."

"શું?"

"વાછરડું કાપવાની જગ્યાએ."

"હા, પંદર-વીસ મરઘાં પણ છે. મહેમાનોને મરઘાં ને વાછરડું બન્ને ખવડાવાશે."

"હં."

"મારા લગ્નના દિવસે ત્રીસ બતક અને વીસ મરઘાં હતાં. વાછરડું નહોતું માર્યું. એ દિવસોમાં મરઘાંનો ભાવ શું હતો? ખાલી બે આના."

"બસ?"

"હા, મેં જ મના કરી હતી કે વાછરડું નહીં જોઈએ. એ દિવસોમાં કિરિયનકાકા જ ઘરના વડીલ હતા. મરી ગયા. ઘણા કાનૂનબાજ હતા. લગ્ન હોય કે મરણ, તરત પહોંચી જતા અને આદેશ આપતા : ચોખા આટલા લેજો. વાછરડાં આટલાં લેજો, વગેરે. મેં કહ્યું : 'કાકા, શું કામ તકલીફ લો છો? વખત થાય ત્યારે આવી જજો.' તો એમણે કહ્યું : 'હું શું પારકો છું કે ખાવા વખતે જ આવું? આવું કરે એ બીજો.' 'તો ભલે, કાકા!' પછી તે આવ્યા નહીં. બીજે ક્યાંય ગયા નહીં. વધારે દિવસ દુનિયામાં રહ્યા પણ નહીં."

ચાર વૃદ્ધ વડીલો મંડપમાં આવ્યા. સણ્ણિ અને તેના દોસ્તદારો ચાલ્યા ગયા.

"શું? આંગણ સુધી આવી ગયા કે?"

ધ્યાનથી જોયું તો ઓળખાણ પડી. કોચ્ચુપાપ્પિ. અને? કુંયુમ્મન, પેણ્ણુક્કરાવાળો સાળો, કોયામ્પિ મત્તાયિ.

"હવે રસ્તા પર જશે."

"આગળ યાત્રા."

"વખત થઈ ગયો?"

"હા, હા, સાંજ પડી ગઈ છે. હવે બહુ બહુ તો અડધી ઘડી." વૃદ્ધો હસી પડયાં. સાચી વાત છે, પા કે અડધી ઘડી બાકી છે."

"બેસો! . . . અરે છોકરાઓ!"

"શું છે, દાદાજી?"

"પાનદાની લઈ આવ તો!"

પાનદાની આવી. મત્તાયિએ પાનદાની પોતાની પાસે ખેંચી લીધી અને પાન બનાવવા લાગ્યા. મત્તાયિને મન ભોજન કરતાં પાનનું વધારે મહત્ત્વ છે. સૂતી વખતેય મોંમાં પાન રાખતા. પહેલાં ભેંસનો વેપાર કરતા હતા. આલપ્પુઝા જઈ ઓછી કિંમતે ભેંસો લઈ આવતા. ખવડાવી-પિવડાવીને ગાભણી ભેંસોને સારી કિંમતે વેચી દેતા. ક્યારેક ક્યારેક સો-બસો રૂપિયા મળતા. હવે શરીર કામ નથી આપતું. . . . બીજી પત્નીની છત્રછાયામાં ગુજારો કરે છે.

કોચ્ચુપાપ્પિએ પૂછયું : "લગ્નની તૈયારી ક્યાં સુધી પહોંચી?

"શું?"

"લગ્નની તૈયારી કેટલે આવી? સાંભળાતું નથી કે શું?"

તાડીની દુર્ગંધ આવી. કુંયુમ્મન બધામાં સૌથી વધુ વૃદ્ધ છે. પંચ્યાસી થયાં હશે, પણ હજુયે તબિયત સારી છે. મશ્કરા છે. સાંજે થોડોક પી લે છે. ત્યાર પછી માથે અંગૂછાની પાઘડી બાંધી દુકાન આગળથી ઘર સુધી ગ્રામ્ય ગીતો ગાતા ગાતા જાય છે.

"અમે નાકે ઊભા હતા ત્યારે કુંયુમ્મન આથમણી બાજુએથી ગાતા ગાતા આવી રહ્યા હતા. બધાએ મળીને નક્કી કર્યું કે કુંયેનાચ્ચનને મળીએ. લગ્ન છે ને?"

સાળાસાહેબ દબાયેલા સ્વભાવના છે. શાંતિવાદી. ક્યાંક કંઈ ટંટો-તકરાર થાય તો તેમની મારફત જ સમાધાન થાય છે. સાળાસાહેબ એટલે આખા ગામના સાળા.

સાળા બોલ્યા: "મારા મોટાભાઈની એક છોકરીનાં લગ્ન પુત્તનટ્ટ-કરામાં થયાં છે. આ ઘરની વહુ અને એની મા વગેરેને ઓળખે છે."

"ઓળખે છે?"

"હા, હા, એ લોકોનું ઘર પણ દેવળ નજીક છે."

"કેવા છે?"

"એણે કહ્યું કે ખૂબ આસ્તિક છે."

"તો છોકરી નરમ હશે."

"આપણે તો એ જ જોઈએ."

અફવા સાચી હોય કે જૂઠી, પણ હવે દાટેલાં મુડદાંને ખોદી કાઢવાની વાત ખોટી છે એમ તે જાણતા હતા. શંકા ન હોવી જોઈએ. ભલેને ગમે તેટલી ઘનિષ્ટતા હોય, આવી વાતો સાવધતાથી કરવી જોઈએ. નહીં તો જંગલમાં દવ લાગવા જેવી બાબત થઈ જશે . . . .

"કુંયુનૈનાએ સાંભળ્યું કે?"

"શું. . . "

"મુલ્લત્તારાના નાના સાહેબ મરી ગયા."

"નાના સાહેબ . . ."

"મરી ગયા."

"ક્યારે?"

"આજે સવારે તાર આવ્યો. વેલ્લોરની ઈસ્પિતાલમાં હતા ત્યાં જ મરી ગયા."

"ઘણા દિવસથી માંદા હતા."

"ધારું હતું . . ."

"ના, કંઠમાળ હતી."

"બન્ને એક જ છે."

"ખાસ્સા જુવાન હતા. પિસ્તાળીસના લગભગ હતા. મોટા સાહેબના અવસાન પછી એ જ આખો ઘરસંસાર સંભાળતા હતા."

"માંદગી સારા-ખરાબનો ભેદ નથી કરતી. પહેલાં સારા લોકોને ખાઈ જાય છે."

"માત્તુક્કુટ્ટિ ક્યાં છે?"

"અહીં જ હતો. અંદર ક્યાંક હશે."

એવામાં બે સ્ત્રીઓ આવી. વૃદ્ધ લોકો ઊઠ્યા. કુંયુમ્મન બોલ્યો: "જઈએ છીએ. નકામી શી તકલીફ આપવી? જુવાન હોત તો કંઈ નહીં તો કશુંક કામ તો કરી આપત."

દીનામ્મા મંડપમાં આવીને બોલી : "થોડી કૉફી પીને જજો, દાદાજી!"

"ના, કસમયે કૉફી નથી પીતો."

કોલામ્પિ બોલ્યો : "કાલે આવીશું."

"અમે જઈએ છીએ, કુંયેનાચ્ચન!"

"અચ્છા."

બન્ને સ્ત્રીઓ કુંયેનાચ્ચન પાસે આવી. "બાપુજી આને નથી ઓળખતા?"

કુંયેનાચ્ચને માથું હલાવી જણાવ્યું—"ના."

"રાજન દીકરાનાં માસી છે."

"પત્તાનંત્તિટામાં લગ્ન કર્યાં છે, તે?"

"હા, આ મોટી માસી."

"કોચ્ચુકુટ્ટિની પત્ની?"

"હા."

"ભલે, અંદર જાઓ."

"બાપુજીની તબિયત કેમ છે? ખાસ કોઈ તકલીફ નથી ને?"

"ચાલે છે."

સ્ત્રીઓ ચાલી ગઈ. ખાસ કોઈ તકલીફ નથી ને? કંઈક ને કંઈક તો પૂછવું પડે ને? એટલે એક સવાલ પૂછી લીધો.

"બાપા!"

"કોણ?"

"હું છું. કુંયુચેરુક્કન."

"શું છે રે?"

"બાપાએ કૉફી, કાંજી કાંઈ પીધું?"

"કૉફી પીધી."

"લગ્નનાં આમંત્રણ બધાંને મોકલાવ્યાં?"

"તો શું? ગયાં હશે."

"કાંતિકપ્પલ્લિના ફાધરને કહ્યું?"

"ના."

"કેમ એમ?"

"કેમ તે કોણ જાણે!"

"લો, આ જ મને ખૂંચે છે. મોટાંઓને પૂછું છું તો કહે છે, એમને ખબર નથી. છોકરાના બાપને પૂછયું તો તે કહે છે મને ખબર નથી. છેવટે, જવાબદારી કોની છે? કુટુંબના એક પાદરીને લગ્નમાં નોતરું ન આપો, એનો શો અર્થ છે? દરેક ભાઈની છોકરીના લગ્નમાં તે આવ્યા છે અને ચાળીસ-પચાસ રૂપિયાની ભેટ પણ આપી છે. મારી બન્ને દીકરીઓનાં લગ્નમાં આવેલા. . . ."

"તો શું થયું? ભાઈના દીકરાના લગ્નમાં બોલાવજો."

કુંયુચેરુક્કને પાછળ વળીને જોયું. ફિલિપ્પોસ હતો. જરા થંભી જઈને વિચાર કર્યો. એની સાથે વાત કરતાં સાવધ રહેવું જોઈશે—

"તો શું આપણે જુદા છીએ?"

"તો શું એક છીએ?"

"શું છે, બાપા?"

"બાપા થાકયાપાકયા ખાટમાં પડયા છે. એમની પાસેથી શું જોઈએ છે? જયાં સુધી તે જીવતા છે ત્યાં સુધી જુદાપણાનો ખ્યાલ મારા મનમાં નહીં રહે. મોટાભાઈઓ પણ ન કરવો જોઈએ."

"શું કરવા આ રામકહાણી સાંભળાવે છે? સો વાર સાંભળી છે. લોકો કાંઈ કહે તો સાંભળી શકે છે? બધું જાણવા છતાં મને શું કરવા ગૂંચવણમાં મૂકે છે?"

કુંયેનાચ્ચને કહ્યું : "બસ બસ હવે, જાઓ! જઈને પોતપોતાનું કામ સાંભાળો."

"જાઉં છું. પણ અચ્ચનને નિમંત્રણ નહીં આપો તો લગ્ન પૂરાં થતાં સુધી હું આ ફળિયામાં પગ નહીં મૂકું. પાણી પણ નહીં પીઉં."

એવામાં માત્તુક્કુટ્ટિ આવી પહોંચ્યો. "પગ મૂકવો ન મૂકવો પોત-પોતાની મરજીની વાત છે. એક ઊંઘથી રાત થોડી જ પૂરી થઈ જાય છે? કમાલ વાત કરે છે!"

ચર્ચા વધી જાત પણ પુરોહિત ને એનો મદદનીશ આવી પહોંચ્યા. માત્તુક્કુટ્ટિએ કહ્યું : "સવારે શોધ્યા તો પુરોહિત ત્યાં નહોતા."

"હા, કાયંકુલમ સુધી ગયો હતો. . . હં, લગ્નની તૈયારી કેમ ચાલે છે?"

"અરે, એમાં કરવાનું જ શું છે? થોડા લોકો માટે જમણ તૈયાર કરવાનું છે."

સહાયકે પ્રશ્ન કર્યો : "અ . . . અ . . . અને બીજું કંઈ નહીં?"

"અને. . . છોકરાએ છોકરીના ગળામાં મંગળસૂત્ર પહેરાવવાનું છે."

"વાહ . . . એ એ . . . એમ . . . કહો."

બધા હસ્યા. પુરોહિત પણ એ હાસ્યમાં જોડાયા.

"કુયેનાચ્ચન કેમ ચુપચાપ સૂતા છે?"

"શું છે?"

"અમારી વાતો સાંભળી કે નહીં?"

"નથી સાંભળી.'

"લગ્નની વાત કરતા હતા. કાલે આવીશું. આ તો જરા, શું ચાલે છે તેની ખબર કાઢવા આવ્યા હતા."

પુરોહિત અને સહાયક ચાલ્યા ગયા. માંસ કાપવા માટે ચાર-પાંચ જુવાનો મંડપમાં આવ્યા. ટોપલામાં નાળિયેર લઈને ચાર-પાંચ લોકો બીજા આવ્યા. નાળિયેર ખમણવા લાગ્યા. એમના હાસ્ય-મજાકથી મંડપ ગુંજી ઊઠયો. જ્યારે કંઈક કહેતા કહેતા મોટેથી હસી પડતા ત્યારે કુંયેનાચ્ચન પૂછતા : "શું – શું?"

જવાબ મળતો : "કંઈ નહીં, કંઈ નહીં, દાદાજી!"

પછી ધીમા અવાજે કહેતા : "ડોસો છાનોમાનો પડયો રહી શકતો નથી?"

નવ વાગ્યે ફિલિપ્પોસની પત્ની અન્નામ્માએ સાદ કર્યો : "બાપુજી!"

"હં."

"આવો, જમીને આથમણી બાજુના વરંડામાં સૂઈ જાઓ. ખાટલો ત્યાં પાથર્યો છે."

"અહીં જ સૂઈશ, દીકરી!"

"આ પ્રકાશમાં કેમ ઊંઘ આવશે? આવો."

ઊઠયા. અન્નામ્મા હાથનો ટેકો આપી એમને ધીરેથી લઈ આવી અને આથમણી બાજુના વરંડાના ખાટલા પર બેસાડયા. પછી થાળીમાં ભાત પીરસી લાવી. . . .

"તું ક્યારે આવી?"

"થોડી વાર થઈ."

"તારી દીકરીઓમાંથી કોઈ આવી છે?"

"રોસામ્મા આવી છે."

"મોટીને ત્રણ છોકરાં છે ને?"

"હા, પત્ર આવેલો કે કલકત્તાથી પતિ અને છોકરાંની સાથે આ મહિનામા આવવાની છે, પણ હજુ આવી નથી."

"પતિ સાથેનો તારો ઝઘડો હવે પૂરો થઈ ગયો ને?"

"... ..."

"કેમ, બેટી?"

"એ તો આ દુનિયામાં પૂરો નહીં થાય."

"મસીહાએ કહ્યું છે કે એક-બે વાર નહીં, સાઠ-સિત્તેર વાર ક્ષમા કરવી જોઈએ."

"સાતસો વાર ક્ષમા આપી. પણ હવે શક્ય નથી, બાપુજી! હું માફ કરું ન કરું, એથી એમનું કાંઈ બગડતું નથી." રહી મસીહાની માફ કરવાની વાત. લાગે છે, હવે એમને એનો પણ ભય નથી."

"પેલી સ્રી જતી રહી?"

"જતી રહી. સાંભળ્યું છે કે હવે ત્યાં જઈને મળે છે."

"મોટી ઉંમરના દીકરા. બેત્રણ છોકરાંવાળી દીકરીઓ. તોપણ માને છે કે પોતે નવજુવાન છે." કુંયેનાચ્ચને કહ્યું. અને કહેતાંવેંત તરત થયું કે મોટી ભૂલ થઈ. જાણે અચાનક કાંટા પર પગ પડયો. . . .

મેં પણ દગો કર્યો હતો ને!

"જાઉં બાપુજી, બધી સ્રીઓ અંદર કંઈ કંઈ કામ કરે છે. માત્ર હું અહીં બેસી રહું એ સારું લાગે?"

"જા."

"તમે સૂઈ જાઓ. નહીં સૂઓ તો થાક લાગશે."

"હું."

સૂઈ ગયા. મંડપનું અજવાળું ચળાઈને આવે છે. ભોંય પર ચટાઈઓ બિછાવેલી છે. ચાર-પાંચ છોકરાંને ચટાઈ પર સુવડાવ્યાં છે. ખાટલાની નીચે કડાઈ, તાવેથો, હાંડી – બધું ક્યાંકથી લાવીને મૂક્યું છે.

ઊંઘ નથી આવતી. દિવસે સૂઈ જવાને લીધે, રાતે તો એક ઝોકું આવે તોયે ઘણું. . . .

શ્રાવણનો મહિનો હતો. મોસમના વરસાદ પછી નદી-નાળાંમાં ખૂબ પાણી ચડયાં હતાં. તે દિવસે વરસાદ નહોતો. બે મોટા તગડા બળદ લઈ પંપા નદી પાર કરી હતી. તે દિવસે બજારેથી આવ્યો હતો. એક લાલ અને બીજો ટપકી-વાળો. બેવડી રાશ. ઘાટ પર પહોંચ્યો તો નૌકા સામા કાંઠે હતી. એની રાહ જોવા જેટલી ધીરજ રહી નહીં. બળદને દોરડાથી બાંધી ઘાટની હોડીમાં ચડી ગયો. હોડી લોકોથી ખચાખચ ભરેલી હતી. નદીની વચ્ચોવચ્ચ પહોંચ્યા કે બંને બળદ હોડીને ખેંચતા, વહેણની તરફ તરવા લાગ્યા. રાશ પકડીને કાબૂમાં લેવાની કોશિશ કરી પણ બળદ અટક્યા નહીં. નાવ નીચાણ તરફ વહેવા લાગી. ઉતારુ-ઓએ ધાંધલ મચાવી મૂકી. બળદની રસ્સી છોડી નાખો. શી રીતે છોડે? નદીમાં કૂદી પડયો ને તરવા લાગ્યો. અંગ ચીરી નાખે એવી ધાર અને ઠંડી. જેમતેમ કરી કિનારે પહોંચ્યો. ક્યાં? ઘાટથી બે-ત્રણ માઈલ નીચ વાસમાં. આજે યાદ આવે છે તો ભય લાગે છે. કપડાં નિચોવીને પહેરી લીધાં. તદ્દન નવી જગ્યા હતી. કોઈને પૂછયું તો એક ગલી દેખાડી. તે તરફથી ચાલ્યો. લાલ રંગની માટી હતી. ચારે બાજુ છવાયેલાં કાજુનાં વૃક્ષ. નાની ટેકરીઓ અને ઝાડ. . . .

ચાલ્યા કર્યું. મુખ્ય રસ્તા પર પહોંચવા માટે છ-સાત માઈલ ચાલવાનું હતું. સાંજ થવાને હવે બહુ વાર નહોતી. શું કરવું? સાંજ થતાં એક ઘરના ફાટક પર પહોંચ્યો. નળિયાંવાળું સારું મકાન હતું. વાડો હતો. આંગણામાં મોટું ફણસીનું ઝાડ પણ હતું. બૂમ પાડી : "કોઈ છે?"

કોઈ જવાબ મળ્યો નહીં.

હિંમત કરીને બળદને ફણસના ઝાડ સાથે બાંધી દીધા. એવામાં એક સ્ત્રી પગથિયાં ચડીને આવી. નહાઈને આવી રહી હતી. બાલદીમાં ધોયેલાં કપડાં. ભીનો ગમછો ઓઢયો હતો. લગભગ પાંત્રીસ વર્ષની હશે. નહીં તો આડત્રીસની. ચાળીસથી તો ચોક્કસ ઓછી જ હતી. ગુલાબી ગાલ. લાંબા લાંબા વાળ છેક ઘૂંટી પર વીંટળાયા હતા. સ્ત્રી થોડી વાર એની તરફ જોઈ રહી. તે પણ એને જોઈ રહ્યો. . . .

"કોણ છો? શું જોઈએ છે?"

વાત કહી. રાતે સૂવું છે. બળદને રાત પૂરતા બાંધવા છે.

"વરંડામાં બેસો."

"ઘરના માલિક નથી ?"

કંઈ બોલી નહીં. અંદર ગઈ. ધોયેલાં કપડાં સૂકવ્યાં. પછી કપડાં બદલીને બહાર આવી.

બળદને વાડામાં બાંધ્યા. પાસે જ ઘાસનો ઢગલો હતો. બળદને બાંધી તેમને ઘાસનો પૂળો નીર્યો. પાછો આવ્યો ત્યારે ટેબલ પર એક પ્યાલામાં કૉફી હતી.

વરંડામાં એક બીજી સ્ત્રી પણ હતી. એણે પૂછયું : "આ જ પેણ્ણમ્મા, તારા મોટાભાઈ કે ?"

"હા, મામી ! ભાઈ ઘણા દિવસથી બહાર હતા."

"અચ્છા, બજાર જઈને પાછા આવતાં બહેનની યાદ આવી કે? એટલું ઘણું. કેટલાં બાળકો છે ?"

"છ."

"છોકરી કેટલી ? છોકરા કેટલા ?"

"પાંચ છોકરા અને એક છોકરી."

"નાના ભાઈને તો ઓળખું છું. અહીં આવતા જોયા છે."

"હા."

"કાપડની દુકાન છે ને ?"

પરસેવાથી રેબઝેબ થઈ ગયો. આ શી માયાજાળ છે?

"ઓહ, ભાઈને કોઈ એક કામને વળગી રહેવાની ટેવ નથી. હવે પહાડો પર થોડી જમીન સરકાર તરફથી મળી છે, ત્યાં ખેતી કરવા ગયા છે."

બચી ગયો.

"જાઉં પેણ્ણમ્મા ?"

"અંધારું થતાં પહેલાં ઘેર પહોંચી જાઓ."

તે ગઈ.

"નાહવું નથી ?"

"હું ?"

મલકાટ. જાણે ચંદ્ર ઊગી રહ્યો છે. ત્યારે પોતે પિસ્તાળીસનો હતો. ઉંમર ઓછી દેખાતી. સહુથી મોટા દીકરાનાં લગ્ન થયાં હતાં. એને બાળકો હતાં? યાદ નથી. પણ જુદો રહેતો હતો. . .

"જૂઠું કેમ કહ્યું ?"

હસી પડી. "જૂઠું શાનું? માત્ર ભાઈ જ બનાવ્યા ને? એ કોઈ ગુનો છે?"

મનમાં કહ્યું — ગુનો નથી, પણ તારી દશા તો મૂર્તિમંત પ્રથમ પાપ જેવી છે.

"પાણી ગરમ કરી રાખ્યું છે, નહાઈ આવો."

સ્નાન કરીને આવ્યો. બંને વાતો કરતાં રહ્યાં. પતિ કોઈકની જાગીર પર મિસ્ત્રી તરીકે કામ કરે છે. મહિનામાં એક વાર આવે છે. બાળકો નથી. ભાત પીરસ્યા. સરસ જમવાનું છે. જાણે સમજી-વિચારીને તૈયાર કર્યું છે. એકેએક વસ્તુ પ્રેમથી, આગ્રહથી ખવડાવી. બધું સ્વપ્ન જેવું લાગતું હતું. દિવસોના વિયોગ પછી ફરી મળતાં હોય એવી અનુભૂતિ થતી હતી. ભોજન પછી પણ વાતચીત ચાલુ રહી. મનની વાત બહાર આવતી નહોતી. જે વાત બોલાતી હતી તેના પર મગજનો વિચાર નહોતો ચાલતો. એક જાતની બેચેની લાગતી હતી. જોખમનો ભય. . .

રાત ઠીક ઠીક વીતી. પછી અંદરના ઓરડામાં પથારી પાથરી.

"હવે સૂઈ જાઓ."

"એક ચટાઈ વરંડામાં પાથરી આપો તો બસ!"

ઠંડી? ઠંડી શાની? અંદર ગરમી છે. પરસેવો. હાંફે છે. આટલા લાંબા પ્રવાસમાં ક્યારેય આવો અનુભવ નથી થયો. જોયું પણ નથી. . .

બે વ્યક્તિઓને સૂવા માટે તૈયાર વેલ-બૂટાથી સજેલો પલંગ. જાડાં ગાદલાં. મુલાયમ રંગીન ચાદર.

સોલોમને ગાયું હતું તેમ : હે પ્રભુ કુમારી! તારા પગ કેટલા સુંદર છે! તારી જાંઘની ગોળાઈ કોઈ નિપુણ કારીગરે રચેલા ઘરેણા સમી છે. તારું પેટ ઘઉંના ઢગલા જેવું છે, જેની ચારે તરફ જાણે કમળનાં ફૂલ છે! તારા બંને સ્તન હરણીના બે જોડિયાં બચ્ચાં જેવા છે. તારું ગળું હાથીદાંતનો ઘુમ્મટ છે. તારી આંખો બતન્નીમના ફાટક પાસે આવેલા હેશબોનના કુંડ સમાન છે. તારું નાક લોવાનોવના ઘુમ્મટ જેવું છે, જેનું મુખ દમિષ્ક ભણી છે.

હે પ્રિયે, પ્રેમભોગમાં તું કેટલી સુંદર છે! તારું શરીર ખજૂર જેવું છે અને તારા વાળ તાડના ગુચ્છા સમાન છે.

નેવું વરસની અવસ્થાએ પણ એ વિચારતાં નશો ચડે છે.

ચખસાલેમની દીકરીની જેમ ઉષ:કાળે ઠંડી વધતાં છાતીની ગરમીથી તારા દિલે કહ્યું હશે —

મારો ઝભ્ભો મેં ઉતારી નાખ્યો છે.

ફરી એ શી રીતે પહેરું?

પગ ધોયા છે.

એમને ગંદા શી રીતે કરું?

દિવસ ઊગતાં પહેલાં ઊઠી. કાળી કૉફી તૈયાર કરી આપી. એક મામી જોઈ ગઈ. હવે બીજા કોઈની નજર પડે તે પહેલાં જતા રહો. ચૂમી કરી.

"પેણ્ણમ્મા, તને કંઈ આપી નથી શકયો."

"વાહ, સરસ વાત કહી. હમણાં જે આપ્યું તે? આજ સુધી મેં જાણ્યું નહોતું, ભોગવ્યું નહોતું –"

ગળામાં હાથ પરોવી બાળકની જેમ રડી પડી.

સાંજ સુધીમાં ઘેર પહોંચ્યો. ઘેર લોકો છાતી કૂટતાં રડતાં હતાં. એમણે સાંભળેલું કે પાણીમાં ડૂબીને મરી ગયો. લોકો જુદી જુદી દિશામાં શોધવા નીકળ્યા હતા.

શરૂઆત આ રીતે થઈ. સફરમાં તરસ લાગી હતી. પહેરેદાર વગરના આંગણમાં ઘૂસી એક નાળિયેર તોડી લીધું હતું. એ વાત ત્યાં જ ભૂલી જવી જોઈતી હતી. પણ ભૂલી શકાઈ નહીં. ફરી મળવાની ઇચ્છા થઈ. કેટલાંય બહાનાં કાઢયાં. તિજોરીનું વજન ઓછું થતું ગયું. તબિયત પણ બગડતી ગઈ.

એકાદ મહિના પછી એક દિવસ ગયો તો પ્રસન્નતાયુક્ત સંકોચથી કહ્યું : "જેનો વિચાર કર્યો હતો તે બન્યું છે."

"શું?"

"ડરવાની જરૂર નથી. આ દરમ્યાન બે-ત્રણ વખત પુરુષ આવ્યો હતો."

"ઓહ!"

દિલ હળવું થયું. થોડા દિવસ પછી, દિવસના સમયે પહોંચવાની મનાઈ કરવામાં આવી. પડોશીઓને શંકા પડવા લાગી હતી. રાતે ચોરની જેમ જતો. પરોઢિયે પાછો આવતો.

એક દિવસ પત્નીએ કહ્યું : "આ કહેનાર પોતે પણ દગાબાજ છે."

"... ..."

"હું જાણું છું કે એક નવી બહેન મળી છે!"

જે ડોસીને તે મ'મી કહેતી હતી તેણે જ બધો ગોટો વાળ્યો. પૂછતી પૂછતી આવી અને કાન ભરીને ચાલી ગઈ.

વાત ત્યાં પૂરી ન થઈ. ચુંબક જેવી બાબત હતી. મન પર કાબૂ નહોતો રહ્યો. ગાંડપણ જેવું હતું. એક વાર ત્યાં ગયો ત્યારે 'એ' હાજર હતા. એમની

સામે જ પહોંચ્યો. એ વખતે એની ચતુરાઈનું બીજું પાસું જોયું. એણે સાવ અજાણ્યા જેવા થઈને પૂછ્યું : "કોણ છે? શું જોઈએ છે?"

"ચેંપઝંયિ ઘર ક્યાં છે?"

એ વખતે એ જ નામ સૂઝયું હતું.

પતિ-પત્નીએ એકબીજાની આંખોમાં આંખો પરોવી. ચેંપઝંયિ ઘર વળી કયું? એમને પહેલેથી જ શંકા હતી. કોઈક રીતે બચી ગયો પણ ઘેર પાછો ન આવી શકયો. ન આવી શકયો એનો અર્થ એ કે આવવાનું સૂઝયું નહીં. ત્યાંથી બે માઈલ દક્ષિણમાં એક પીઠું હતું. ત્યાં ઘૂસીને ખૂબ પીધો. પીધા પછી હિંમત આવી. તાડીનો આ જ મહિમા છે. એના હાથમાંથી ઝૂંટવીને ભોગવવાની વાત સૂઝી, લાચારી તો હતી જ. તોપણ એ સ્ત્રીએ પૂછ્યું કે કોણ છે? મારું બીજ ઉદરમાં લઈને ફરતી સ્ત્રી. નીતિ-વચનોમાં જે કહ્યું છે તે સાચું નીકળ્યું. પારકી સ્ત્રીના હોઠ પરથી મધ ટપકે છે. એની વાતો તેલથી પણ વધુ સુંવાળી છે. પણ એનું પરિણામ કડવી લીંબોડી જેવું કડવું અને બેધારી તલવાર જેવું તીક્ષ્ણ હોય છે.

નશામાં હતો, ત્યાં પાંદડાંની વચ્ચેની તિરાડમાંથી જોયું કે પીઠાની આગળની સડક પરથી ચાર-પાંચ માણસો દોડતા આવી રહ્યા છે. પાનવાળાને પૂછે છે : "દક્ષિણનો એક બળદવાળો તો અહીં આવ્યો નથી ને?"

"તગડો છે?"

"હા."

"પીઠાની અંદર છે."

પીઠાના દરવાજે આવ્યા. એને જોયો. "એય, બહાર આવ."

હાથમાં છરો લીધો. છરો હંમેશાં સાથે જ રાખતો. પાનવાળાએ કહ્યું : "બહાર જઈને મળ."

પેટમાં તાડી જરૂર હતી. તોપણ ડર લાગ્યો. નવી અજાણી જગ્યા. દુશ્મનો કમર કસીને આવ્યા છે. કયાંક ફસાવશે તો નહીં? પણ ભય પ્રગટ થવા દીધો નહીં.

"હં . . . શું વાત છે?"

જવાબમાં એક થપ્પડ પડી. એને અટકાવ્યો. છરો ઉઘાડ્યો. છરો ઝૂંટવવાનો જેણે પ્રયત્ન કર્યો એનો હાથ ચીરી નાખ્યો. પણ બીજાએ ડંડો મારતાં છરો હાથમાંથી ઊછળીને કયાંક દૂર પડ્યો. પછી શું બન્યું, યાદ નથી. માર્યું, માર ખાધો. જયારે લાગ્યું કે ચીત થઈ જવાશે, ત્યારે અંધારાની આડશમાં ભાગી ગયો. જીવ બચ્યો.

સાત-આઠ દિવસ પછી સાંજ વખતે ઘેર આવ્યો તો વરંડામાં પેણમ્મા બેઠી હતી. બારણે લોકોની ભીડ હતી. પેણમ્માના પતિએ લાતો મારી મારીને એનો ગર્ભ પાડી નાખ્યો હતો. હવે ઘરમાંથી પણ કાઢી મૂકી. આ દુનિયામાં હવે બીજો કોઈ આશ્રય નથી. આથી બચાવવી જોઈએ. ખબર સાંભળી મોટો દીકરો આવ્યો અને તેણે જે કહ્યું તે હજી પણ યાદ છે—

"બાપા દીકરાઓને બહુ સારી ધનદોલત વારસામાં આપી રહ્યા છે." બસ!

કોચ્ચુપાપ્પિ અને મત્તાયિ જ એને ઘેર લઈ ગયા હતા. તે દિવસે ક્યાંક આરામ કરાવી બીજા દિવસે રવાના કરી દીધી. થોડા પૈસા પણ આપ્યા. ત્યાર પછી કદી દેખાઈ નહીં. આઠ-દસ વર્ષ પછી સાંભળ્યું કે તે મરી ગઈ છે. . . .

કૂકડાએ બાંગ પોકારી. અડધી રાતનો કૂકડો હશે. પ્યાસ. તરસ. ગભરામણ.

"દીકરી!"

કશો અવાજ નથી. બધા સૂઈ તો નથી ગયા ને? મંડપમાં દીવા સળગી રહ્યા છે.

"દાદાજી!"

"કોણ?"

"હું છું, કુટ્ટિયામ્મા."

"તું ક્યારે આવી?"

"થોડી વાર થઈ. માને ફેર આવ્યા હતા. એટલે બધાંને જમાડીને પછી જ આવી શકી."

"તરસ લાગી છે. કાંજી ચાલશે."

કુટ્ટિયામ્મા ઓસરીમાં ગઈ. દીવો સળગાવ્યો. દીવો લઈને આવી.

"કાંજી ગરમ નથી. કૉફી બનાવી લાવું?"

"કૉફી, સાકર બધું ક્યાં રાખ્યું છે, તને ખબર છે?"

"શોધી કાઢીશ."

કુટ્ટિયામ્મા ફરી ઓસરીમાં ગઈ. વાસણ ખખડવાનો અવાજ આવ્યો. ચૂલાની આગની લાલ જવાળા. બિચારી એક વાર સાદ કરતાં જ જાગી ગઈ. વરરાજા થનાર છોકરો એના કરતાં સાત-આઠ વર્ષ નાનો છે. પોતાના જ કુટુંબમાં દસ-બાર નાની બહેનોનાં લગ્નમાં એણે ભાગ લીધો હશે. એનો વાંક બસ એટલો જ ને કે તે ફળ આપતું ઝાડ છે! કેટલો બધો સ્વાર્થ! કામ કરીને તે દસ પૈસા લાવે છે, એટલે ખેરિયત છે. દસ દિવસ તે હાલીચાલી ન શકે તો કોણ એને ગરમ પાણીનુંયે પૂછવાનું હતું? માની લો કે નાના ભાઈની સાથે રહે છે. દિવસો વીતી

જશે ત્યારે એની દીકરી જેવડી ઉંમરની નાની ભાભી પતિના કાન ભંભેરશે: એક બહેન માથે પડી છે; કોઈ પૂછતું નથી કે મરણ પણ આવતું નથી.

ભાઈ કહે છે : "એવું ન કહે. આ બહેન ન હોત તો અમારા ઘરના લોકો રસ્તા પરના ભિખારી બની જાત."

"હું કંઈ નથી કહેતી. તમને યાદ છે કે અહીં મહેનતની કમાણીથી કેટલી મુશ્કેલીઓ ગુજારો થાય છે?"

રડવાનું શરૂ થાય છે. પતિદેવનું દિલ દયાર્દ્ર બની જાય છે. નાનપણમાં હોશિયાર હતો, પણ હવે શાંત છે. એની વાત પણ ખરી જ છે તો! બહેન હવે શું કોઈની સાથે ન રહી શકે? મનમાં આ ખ્યાલ વસી જતાં, વર્તાવમાં નફરતનો રંગ. વાતચીતમાં નફરત. મા-બાપ પાસેથી છોકરાં પણ નફરતનો પાઠ શીખે છે. ઘણા દિવસ સહન કર્યા પછી હારી જઈને તે એક નાની બહેનને ત્યાં જવા તૈયાર થાય છે. પોતાથી નાની ઉંમરની એક સ્ત્રીને રસ્તા પર જુએ છે, જે હવે દાદીમા બની ગઈ છે.

"કુટ્ટિયામ્મા, કઈ તરફ ચાલી?"

"તંકમ્માને ત્યાં જાઉં છું."

"એકાદ વર્ષથી નાના ભાઈની સાથે હતી ને?"

"હા."

વાતો ઓછી કરે છે. થાકને બહાર પ્રગટ કર્યા વિના જ ચાલ્યા કરે છે. તારી બહેનપણીના બે દીકરા હજાર હજાર રૂપિયાનો પગાર મેળવે છે. પણ એ સખીની હમદર્દીથી તને શો ફાયદો? . . .

"દાદાજી, કૉફી."

"હં."

"જુઓ તો, બહુ ગરમ નથી ને?"

આંગળીથી અડીને જોયું. "ઠંડી કર."

થોડી થોડી કરી, ઠંડી કરીને પિવડાવી. હોંશથી પીધી. ગરમી ધીમે ધીમે પેટમાં પહોંચે છે તો જરા રાહત મળે છે.

"તું કેમ સૂતી નથી?"

"મને ઊંઘ જરા મોડી આવે છે."

"તું પણ સાવ મારા જેવી જ છો."

"તમારી ઊંઘ તો ઉંમરને કારણે ઓછી છે. સાંભળ્યું છે કે વૃદ્ધાવસ્થામાં ઊંઘ ઓછી થઈ જાય છે."

"બેસ, ખાટલા પર બેસ."

"પગને માલિશ કરું?"

"કર."

"પહેલાં હું નાની હતી ત્યારે માલિશ કરવા માટે તમે અમને પૈસા આપતા હતા, દાદાજી! એ માટે દાનિકુટ્ટિ, જોણિકુટ્ટિ અને હું લડતાં. જીત મારી જ થતી."

"દાનિ સીધો છે. કાલાયિનો જોણિ બહુ તોફાની હતો, નહીં?"

"એ તો નાનપણની વાત હતી, દાદાજી! હવે તો તે પણ શાંત થઈ ગયો છે."

"તારે માટે બીજું કોઈ કહેણ આવ્યું?"

"... ... ..."

"બોલ દીકરી?"

"હં."

"ક્યાંથી?"

કુટ્ટિયામ્મા જવાબ આપ્યા વિના માલિશ કરતી રહી.

"કેમ બોલતી નથી?"

"કહેણની વાત નથી, દાદાજી! મારી સાથે સ્કૂલમાં શિક્ષક છે."

"કોણ? ક્યાંના છે?"

"માત્ર કહ્યું કે એવી ઇચ્છા છે."

"શું કહ્યું?"

કુટ્ટિયામ્મા મૂંઝવણમાં પડી; જાણે આ કહેવું જોઈતું નહોતું.

"બેટી!"

"શું?"

"કહેને વાત શી છે?"

હિંમત એકઠી કરીને બોલી: "તોટ્ટુપુજાના છે. નામ છે થૉમસ. બીજવર છે, પણ છોકરાં નથી..."

"બીજું શું?"

"મેં માને વાત કરી. મા મારી તરફ જોઈને રોઈ પડી. એ સજજને ગોપાલન નાયર માસ્ટર મારફત બાપા પાસે દરખાસ્ત મૂકી. બાપાએ એ માસ્ટર પર ગાળોનો વરસાદ વરસાવ્યો."

"તારા બાપ પાસે પૈસા નથી, એટલા માટે?"

"પૈસાની જરૂર નથી. દહેજ આપવાનો નથી. લગ્નનું ખર્ચ હું આપીશ."

"તું આપીશ?"

"હા."

"કઈ સભાના છે?"

"એ તો નથી પૂછયું."

કુંયેનાચ્ચને મનોમન કહ્યું – 'સભા' પૂછવાની શી જરૂર છે? ઘર, કુટુંબ, ઉંમર, સભા – બધું જોઈને સારો વર શોધવાની ફરજ પિતાની હતી. એણે એ બજાવી નહીં. હવે જે આને પસંદ કરીને જાતે આવ્યો છે તે જ લાયક છે. . .

"મેં એક વાત નક્કી કરી છે, દાદાજી!"

"હું?"

આંસુનાં બે ગરમ બુંદ કુંયેનાચ્ચનના પગ પર ટપક્યાં.

"દીકરી!"

"શું?"

"રડે છે?"

"એ આવીને બોલાવશે તો એમની સાથે જઈશ, દાદાજી!"

"હું?"

"... ... ..."

"એવી જરૂર નહીં પડે, દીકરી! તારો બાપ આવશે એટલે એને કહીશ. રસ્તો નીકળી આવશે."

"અત્યાર સુધી જે રસ્તો નથી ખૂલ્યો તે હવે શી રીતે ખૂલશે? નાની બહેનો એમના પતિઓ સાથે આવે છે ત્યારે મારે સૂવા માટે જગ્યા નથી રહેતી. પછી બકરી બાંધવાની નાની પરસાળમાં સૂવું પડે છે. વરસાદમાં છાંટા પણ આવે છે. એ લોકોને ખ્યાલ પણ નથી રહેતો કે ત્યાં આવું કોઈ છે."

કુટ્ટિયામ્માએ દાદાના પગ પર પડેલાં આંસુનાં ટીપાં પાલવથી લૂછી નાખ્યાં.

"જા, સૂઈ જા, સવાર પડવાને હવે વાર નથી."

દાદાજીને લીલી ચાદર ઓઢાડીને કુટ્ટિયામ્મા ગઈ. તરત પાછી આવી અને પૂછયું : "દાદાજી, થોડી બીજી કૉફી લાવું?"

"ના, તું સૂઈ જા."

તે તો ગઈ. પણ એની મૂર્તિ સામે છે. એણે કહેલી વાતો હૃદયમાં અટવાઈ ગઈ છે. એણે કહ્યું કે એ બોલાવશે તો જઈશ. સાંભળનારાઓને લાગે કે ઉદ્ધત છોકરી છે. પણ ખરેખર તો લાચાર છે. હંમેશાં આવું જ થતું આવ્યું છે.

યહૂદાની વહુ તામારે શું કર્યું? યહૂદાનો જ્યેષ્ઠ પુત્ર 'પર' જ્યારે મરી ગયો ત્યારે યહૂદાએ બીજા પુત્ર ઓનાનને કહ્યું – તારી ભાભી પાસે જા અને એની સાથે દિયરનો ધર્મ બજાવી તારા ભાઈ માટે સંતાન ઉત્પન્ન કર. ઓનાને એનું પાલન ન કર્યું. યહોવાએ નારાજ થઈને એને મારી નાખ્યો. પછી યહૂદાએ તામારને કહ્યું – મારો પુત્ર શેલા જ્યાં સુધી પુખ્ત ઉંમરનો ન થાય ત્યાં સુધી તું તારા પિતાને ઘેર વિધવાની જેમ રહે. તામાર પોતાના પિતાને ઘેર જઈને રહી. પણ શેલા પુખ્ત ઉંમરનો થયો ત્યાર પછી પણ યહૂદાએ તામારને બોલાવી નહીં. એ દિવસોમાં યહૂદા ઘેટાં-બકરાંનું ઊન કતરાવવાના ઉત્સવ માટે તિમ્ના ગયો. તામારે આ સમાચાર સાંભળ્યા. તેણે પોતાનો વિધવાપણાનો પોશાક ઉતાર્યો અને ઘૂંઘટ વડે પોતાનું મોં ઢાંકી દીધું. પછી તે એનેમ નગરના ફાટક પાસે જઈને બેઠી. આ ફાટક તિમ્ના જવાના રસ્તે આવતું હતું. યહૂદાએ એને જોઈ તો એને થયું કે વેશ્યા બેઠી છે. એને ઓળખ ન પડી કે એ પોતાની પત્ની છે. આથી એણે કહ્યું કે મને તારી પાસે આવવા દે. તેણે કહ્યું, હું તને જો મારી પાસે આવવા દઉં તો તું મને શું આપીશ? એણે કહ્યું, હું મારી બકરીઓ-માંથી એક સરસ બચ્ચું તને મોકલી આપીશ. ત્યારે એણે કહ્યું, એ મોકલ ત્યાં સુધી તું મારી પાસે બાનું શું મૂકી જઈશ? તેણે કહ્યું, હું તારી પાસે શું ગીરવે મૂકું? એણે કહ્યું – તારી મહોર, બાજુબંધ અને હાથની લાકડી. એણે એ વસ્તુઓ તામારને આપી અને એની પાસે ગયો અને તે એના થકી ગર્ભવતી થઈ. પછી તે ઊઠીને ચાલી ગઈ અને ઘૂમટો કાઢી નાખી તેણે ફરી વિધવાનાં કપડાં પહેરી લીધાં. યહૂદાએ ગીરવે મૂકેલી વસ્તુઓ પાછી મેળવવા માટે બકરીનું બચ્ચું મોકલાવ્યું. પણ એ સ્ત્રી મળી નહીં. લગભગ ત્રણ મહિના વીત્યા તો યહૂદાએ કહ્યું, એને બહાર લાવ કે સળગાવી મૂકું. ત્યારે તામારે સઘળો ભેદ પ્રગટ કર્યો. યહૂદા પસ્તાયો. એણે કહ્યું કે તામારનો મારા કરતાં ઓછો દોષ છે. તામારે જોડકાં બાળકોને જન્મ આપ્યો. એમનાં નામ હતાં 'પેરેસ' અને 'જેરહ'. . . .

મનમાં આવી વાતો ચાલતી હતી ત્યાં આકાશમાં એક પ્રકાશ દેખાયો. આકાશનાં દ્વાર ખૂલ્યાં છે. સુવર્ણના ચાંદ્રકોથી જડેલું આકાશનું ગોપુર. ગોપુરના દ્વાર પર દ્વારપાલક દેવદૂત ગેબ્રિયેલ અને મિખાએલ. સોનેરી સીડી પર પગ મૂકતા ધરતી પર ઊતરી રહ્યા છે. સૂર્યનાં કિરણોનો બનેલો ઝભ્ભો હિમ જેવા સ્વચ્છ ધવલ શ્વેત કેશ. પાસે આવે છે. સ્મિત કરે છે. જાણે જૂના ગોઠિયા હોય! મધ્ય આકાશમાં ઊભા રહી ગયા. પૂછવાની ઇચ્છા થઈ કે આપ કોણ

છો? પણ જીભ ઊપડી નહીં. દિલનો ભાવ જાણે કળી ગયા હોય તેમ તે બોલ્યા,

"ઓળખાણ ન પડી?"

સંકોચપૂર્વક કહ્યું, "ના."

"સોલોમન, દાઊદનો પુત્ર."

અંગૂછો કેડ પર બાંધી, હાથ મોં પર મૂકી વિનીતપણે ઊભા થઈ ગયા. જ્ઞાનીઓના રાજા.

"આવો છો? લઈ જઈએ."

"જી હજૂર."

"શું?"

"દીકરાના દીકરાનાં લગ્ન છે."

હસે છે. હાસ્ય ગુંજી ઊઠયું.

"લગ્નો તો બીજાં પણ થશે. બધાં લગ્નોમાં હાજર રહી શકશો?"

"જી."

આ ખુશી અને ઉત્સવ-ભોજનમાં શું બળ્યું છે? જલસો મનાવતા લોકોના ઘેર જવાને બદલે શોકવાળા ઘેર જવાનું વધારે સારું છે. એ જ બધા લોકોનો અંત છે. મોં જ્યારે કરમાયેલું હોય છે ત્યારે મન સુખી રહે છે. જ્ઞાનીઓનું હૃદય વિલાપ-ભવનમાં હોય છે, મૂર્ખાઓનું હૃદય સંતોષ-ભવનમાં...

"દાદાજી!"

"હેં, હેં!"

"ઊંઘમાં હતા?"

"હા, જરા ઊંઘમાં પડી રહ્યો હતો."

"સવાર પડી ગઈ છે. થોડી કૉફી લાવું?"

"લાવ."

હજુ અજવાળું થઈ રહ્યું છે. પ્રકાશ ને અંધકાર મળેલાં છે. અજવાળું વધી રહ્યું છે એ કળી શકાય છે.

કુટ્ટિયામ્મા કૉફી લાવી. પીધી. બાળકો અને સ્ત્રીઓ પહેલાં જ ઊઠી ગયાં છે. મંડપમાં જે જુવાનો માંસ કાપતા હતા તે અત્યારે ઘસઘસાટ ઊંઘે છે. સવાર પડવાની બે ઘડી પહેલાં જ તેઓ સૂતા હશે.

તડકો થયો ત્યારે કુંયેનાચ્ચન ફરી મંડપમાં ખુરસીમાં આવીને સૂતા. સગાં-સંબંધી અને જ્ઞાતિબંધુઓ આવવા લાગ્યાં. ખૂબ કોલાહલ મચી રહ્યો હતો. દેવળના મેળા જેવો. જોતાં જોતાં સૂઈ રહ્યા. તંદુરસ્ત જુવાનોને કામ કરતા

જોઈ મનમાં કુતૂહલ થાય છે. દોડધામ કરીને કંઈક કંઈક કરવાની ઈચ્છા મનમાં થાય છે. પણ જેનાથી ઉઠાતું જ નથી, તેની ઈચ્છાઓનો અર્થ શો છે?

બપોર પછી આમંત્રિત મહેમાનો આવવા લાગ્યા. મોટા ભાગના બીજા ધર્મના હતા. જે કોઈ આવે એ કુશળ સમાચાર પૂછતા. વચમાં એક અવાજ—
"અચ્છા! કુંયેનામાપ્પિલા અહીં બેઠા છે?"

શિવરામકુરુપ. બે અઠવાડિયાંથી મુલાકાત થઈ નથી.

"આવો કુરુપભાઈ!"

કુરુપ બાજુની ખુરશી પર બેઠો.

"દેખાતા નથી!"

"એર્નાકુલમ જવાનું હતું. ચોપડા ઠીકઠાક કરવાના હતા. દવા તમને પહોંચાડવાની વ્યવસ્થા કરી હતી. નથી મળી?"

"મળી હતી, મળી હતી."

"તબિયત સારી છે ને? આવી નહોતો શક્યો પણ મન તો અહીં જ હતું."

"બધું ઠીક ચાલે છે."

આ કંઈ સવાલનો જવાબ નહોતો, પણ કુરુપે ત્યાર પછી આગળ પૂછ્યું નહીં. ટાણું પણ જોવું જોઈએ ને! લગ્નની ધમાલ વચ્ચે ખબરઅંતર પૂછવાની કોને ફુરસદ છે? બધા કામમાં છે. મહેમાનોની અવરજવર. મંડપની સજાવટ. રસોઈની તૈયારીઓ. . . .

કુંચપ્પિ કુરુપ પાસે આવીને બોલ્યો : "આવો, કૉફી પીઓ."

"હાં, જાઓ."

"હા, હા, કશો વાંધો નથી."

પઝેકુલત્તિલ રામકૃષ્ણન અને પન્નચ્ચવિલા ઘરના વાસુકુરુપના ભાણેજ શ્રીધરનપિલ્લા સાથે શિવરામકુરુપ કૉફી પીવા બેઠો. વાસુકુરુપ સાથે દુશ્મનાવટ હતી. પણ એનો ભાણેજ રાજનનો દોસ્ત હતો. પિરસનારાઓમાં મુખ્ય અવરાન હતો. તે પરોઢ થતાં જ આવી ગયો હતો. પોતે સાચો હિતૈષી છે એ પુરવાર કર્યું. કુશળ રસોયાની જેમ કમર પર અંગૂછો બાંધી દોડાદોડ કરે છે. કુંયેનાચ્ચનને પસ્તાવો થયો કે આ સારા છોકરાને કઠોર શબ્દો સંભળાવ્યા. બિચારાનું એ કલંક છે કે એનો બાપ કસાઈ હતો. દ્રાક્ષવાડી માટે નોકરોને બોલાવવા જતા માલિકવાળી ઉપમામાં પ્રભુએ કહ્યું છે તેમ— આગળવાળા લોકો પાછળ રહી જાય છે, પાછળ રહી જનારા આગળ થાય છે. રાજા અને સેનાપતિ પળવારમાં ભોંયે પડે છે.

મંદબુદ્ધિ મનુષ્ય આ સમજતો નથી. . . .

કૉફી પીધા પછી કુરુપ અને મિત્રો વિદાય લઈને ચાલ્યા ગયા. રાતના ભોજનની તૈયારીઓ શરૂ થઈ.

"માત્તુક્કુટ્ટિ!"

"શું બાપા?"

"કુંચુચેરુક્કન નથી આવ્યો?"

માત્તુક્કુટ્ટિ જવાબ આપ્યા વિના બીજા કોઈ કામમાં લાગી ગયો.

"બેટી! દીનામ્મા!"

કીવરીતની પત્ની કુંચુમરિયામ્માએ આવીને પૂછયું : "બાપુજીને શું જોઈએ છે? દીનામ્મા કોઠારમાં છે."

"કલ્લુવિલ્પાની દીકરી અને છોકરાં નથી આવ્યાં?"

આ સવાલનો જવાબ ફિલિપ્પોસે આપ્યો : "આવે કે ન આવે, બાપા, તમારે શું? જેમને આવવાનું મન હશે તે આવશે. ફલાણા નથી આવ્યા? ઢીંકણા નથી આવ્યા?"

રાતનું ભોજન પૂરું થયું. માગ્યા વગર ઉપદેશ–આદેશ આપતા, ટીકા–ટિપ્પણી કરતા કુંચેનાચ્ચન ખુરસી પર બેસી રહ્યા. અંધારું ગાઢ થઈ જતાં આથમણી તરફના વરંડામાં જઈને ખાટલા પર સૂઈ ગયા. સવાર થવા આવી ત્યારે છેક આંખ જરા મીંચાઈ. રસોયાઓ ત્યારે પણ કામ કરતા હતા.

નવ વાગ્યે દેવળ જવાની તૈયારીઓ થઈ. બાળકો, સ્ત્રીઓ સૌએ મંડપમાં બેસીને કૉફી પીધી. ત્રણ બહેનો, કુંચુમરિયા, રાજનની મોટી મામી, એક કાકી – એટલી સ્ત્રીઓ વરરાજા સાથે જવા માટે તૈયાર થઈ. પુરોહિત પાદરી અને સહાયક આવી ગયા.

"બેસો, ફાધર!"

"કન્યા અને એના ઘરવાળા ક્યારે આવશે?"

"સવારે નીકળશે. અગિયાર વાગ્યા પહેલાં પહોંચશે."

"રાહુકાળ ક્યારે છે?"

"ગુરુવાર છે ને? બપોર પછી જ પડે છે."

"તો પ્રાર્થના કરીને નીકળવાનો વખત થઈ ગયો છે."

"દેવળમાં એ લોકો પહોંચે પછી આપણે નીકળીએ તો નહીં ચાલે?"

"ચાલશે. તૈયાર થઈ રહીશું."

"હાથ ધોવડાવો. થોડું પાણી પીશું."

"માત્ર કૉફી જ જોઈએ. કુંયેનાચ્ચન દેવળમાં આવવાના છે?"

"આવી શકું એમ નથી, અચ્ચન!"

"ઓહ, બાપા દેવળમાં આવીને ઊભા રહી શકે તેમ નથી."

"કંઈ નહીં, અમસ્તું જ પૂછેલું."

બેબી રાજનને મંડપમાં લઈ આવ્યો. પ્રાર્થના પછી, સજાવેલી ખુરસી પર બેસાડયો.

અચ્ચને કહ્યું : "હવે દક્ષિણા આપવાનો અને આશીર્વાદ લેવાનો ક્રમ શરૂ થશે. સૌ પહેલાં કુંયેનાચ્ચન પાસે જા."

"બાપા!"

"હું."

"દક્ષિણા લો."

અવરાને કુંયેનાચ્ચનના હાથને ટેકો દઈને ઊભા કર્યા. રાજને દાદાના હાથમાં પાન-સોપારી આપ્યાં. એ લઈને એને પોતાની છાતી સરસો ઊભો રાખ્યો ને માથું ચૂમ્યું. માથા પર હાથ મૂકયો, આંખો આકાશ તરફ કરીને પ્રાર્થના કરી.

"હે ઈશો! તારી કરુણા અનુસાર મારા પર અનુગ્રહ કર. તારી મોટી દયાથી એના અપરાધ મિટાવી દે. આ મારા બીજમાંથી નીકળેલો નાનો સરખો અંકુર છે. એને તું વરસાદ અને વંટોળથી બચાવજે. તારા આદેશ અનુસાર એ પરસેવાની રોટી ખાય! તારી આપેલી છોકરીને લઈને તે એની શોધમાં નીકળવા ઇચ્છે છે. તે આનાં બાવડાંની તાકાત બને."

આંસુનું એક ટીપું રાજનના માથા પર પડયું.

"હં, કુંયેનાચ્ચન બેસી જાય."

બીજાઓને પણ દક્ષિણા આપી. એવામાં સાંકુટિએ સાઇકલ પર આવીને સમાચાર આપ્યા : "એ બધાં આવી ગયાં છે. ત્રણ મોટર છે."

"તો ચાલો."

એ વખતે દીનામ્મા બહાર આવી. કોઠારમાં હતી, આથી નહાઈને કપડાં બદલતાં જરા વાર લાગી.

"આજ્ઞા આપો, કાકી!"

માના વહાલથી દીનામ્મા રાજનને ભેટીને રડી પડી.

"વાહ, રડવાનો વખત છે?"

કુંયેનાચ્ચને કહ્યું : "એને જઈ આવવા દે, દીકરી!"

આનંદની ઘડી છે. તોપણ મા માટે આ શંકા અને વ્યગ્રતાની પણ ઘડી છે. આ એક વળાંક છે. લાડ લડાવી-ફોસલાવી, મહેનત-પરિશ્રમ કરી એક બાળકને ઉંમરલાયક કર્યો. હવે કયાંકની એક છોકરી એના પર હક જમાવવા માટે આવે છે. હવેથી એ બન્ને એક બનશે. એમનો સૂવાનો ઓરડો જુદો. કમાણી જુદી. આગળ ઉપર શું તેની અવજ્ઞા નહીં થાય? છેલ્લી ઘડીએ શું તે એને પાવલું પાણી પિવડાવશે?

દીનામ્મા અને બીજા લોકો બધાંને ફાટકમાંથી જતાં જોઈ રહ્યાં. ઘણી વાર પછી દેવળમાંથી ઘંટીનો અવાજ આવ્યો. રસોયામાંથી કોઈએ કહ્યું: "ઘંટી વાગી રહી છે. લગ્નબંધનનો આ આરંભ છે. જલદી કરો. અડધી ઘડીમાં એ અહીં પહોંચી જશે."

કુંયેનાચ્ચને વિચાર કર્યો. વરરાજા અને નવવધૂની બે પડખે અણવર અને બહેનપણી હશે. અસલમાં વરરાજા તો ઈશ્વર છે. સભા નવવધૂ છે.

તેં એને મહત્ત્વનાં વસ્ત્રો પહેરાવ્યાં. લખ્યું છે કે જળ અને આત્મા વચ્ચે લગ્નનો નિર્ણય કરવામાં આવ્યો.

"કોણ છે? ચેરિયાન કે?"

"શું છે ભાઈ?"

"સફેદ કાપડ અને ગરમ ચાદર બિછાવો. ઊભા છો શું જોઈને? એ લોકો હમણાં આવશે."

વીંટી પહેરાવવાની વિધિ શરૂ થઈ. વીંટી પર હાથ મૂકીને 'વિશુદ્ધ સભા-સંતાનોની પ્રસન્નતા માટે'વાળો આશીર્વાદ આપતા પુરોહિત વરરાજાના જમણા હાથની અનામિકા પર વીંટી પહેરાવે છે. સ્ત્રીઓ, તમે પતિઓને ઈશ્વર સમાન માનો અને એમની આજ્ઞાનું પાલન કરો. મસીહા સભાનું મસ્તક અને શરીરના રક્ષક છે, એ જ રીતે પતિ પત્નીનું મસ્તક છે. સત્તા જેવી રીતે મસીહાની આજ્ઞાને આધીન છે, તે રીતે પત્નીએ દરેક બાબતમાં પતિને આધીન રહેવું જોઈએ. . . .

"દીનામ્મા!"

"જી."

"કોઠારમાં બધું બરોબર છે?"

"પૂવનકેળાં કદાચ ઓછાં પડશે."

"તો?"

"સણ્ણિને સાઈકલ પર બજારમાં મોકલ્યો છે."

"હા, એ લઈ આવશે, બાપા!"

"શું છે રે?"

"થોડી કૉફી પીશો?"

"ના."

"જમવાના સમયનું કાંઈ ઠેકાણું નથી."

"ભલે."

કુંયેનાચ્ચને વિચાર્યું : "કિરીટ-સેવા થશે. વરરાજા માથું નમાવી ઊભા રહેશે. સોનાની સેરવાળો ક્રૉસ ડાબા હાથમાં લઈ, જમણો હાથ માથા પર મૂકી પુરોહિત 'કલીલોર્બા દેતું મોરોન' પારાયણ કરતા હશે.

મંગળસૂત્ર બાંધવા માટે વરરાજાને વધૂની પાછળ ઊભા રાખવામાં આવે છે. ગાંઠ બરોબર પડવી જોઈએ. નહીં તો પુરોહિત ફરી વાર બંધાવશે. શરમિંદા બનવું પડશે. પછી લગ્નનું મંગળ વસ્ત્ર ઓઢાડવામાં આવે છે. પછી વધૂ પર વરની બહેનોનો જ હક હોય છે તે એને અડે છે, ઠીકઠાક કરે છે, મંગળ-વસ્ત્ર સરખું કરી આપે છે.

"આ અમને વિશુદ્ધ પિતાઓ પાસેથી મળ્યું છે. આદરણીય પૂર્વજોએ અમને આ સોંપણી કરી છે. યાદ રાખો કે હવે તમે પ્રભુની સામે, અમારા પ્રભુ ઈસા મસીહની ગાદી જીવનેશ અને ખલીબાની—સ્વચ્છ એવન ગલીઓ અને આ પ્રજાની મધ્યમાં છો. હવે આ ક્ષણથી માંડીને તમારા બન્નેની જવાબ-દારી હું તમને સોંપું છું. મારી અને તમારી વચ્ચે ઈશ્વર મધ્યવર્તી રહે. તમે નિયમ વિરુદ્ધ જે કંઈ કરો તે સંબંધમાં હું બેકસૂર રહીશ. . . ."

"ગુલાબજળ છાંટવા માટે બે છોકરીઓ જોઈએ."

"એક કુંયપ્પિની છોકરી."

"હું પણ છાંટીશ, બાપા!"

"શાબાશ, એમના આવવાની વખતે બન્ને અહીં બારણા પાસે જ ઊભી રહેજો."

"લીંબુ, અગરબત્તી, ચંદન—બધું લઈ રાખો."

પરસેવાથી રેબઝેબ થયેલો અચ્ચનકુંયુ દેવળેથી દોડતો આવ્યો.

"શું છે બેટા?"

"લગ્નની વિધિ હમણાં પૂરી થઈ જશે."

"તું આવ્યો ત્યારે શું ચાલતું હતું?"

"રાજનભાઈ અને પેલી છોકરીના હાથ મેળવતા હતા."

"ભલે, ભલે. બરોબર છે."

કુંયેનાચ્ચનને પૂછ્યું : "શું? શું?"

"હથેવાળો થઈ ગયો."

"હા, હવે એક જ ઉપદેશ બાકી છે."

આને તેના લોકોથી વિખૂટી કરીને પતિ સાથે જોડવામાં આવી છે. આથી પતિએ તેને રાજી રાખવી જોઈએ. એના પર દયા કરવી જોઈએ. એણે પોતાની પત્નીને પ્રાણથી પણ વધારે પ્રેમ કરવો જોઈએ. જાતે ભૂખ્યા રહીને પણ પત્નીને ખવડાવવું જોઈએ. જાતે તરસ્યા રહીને પણ તેની તરસ છિપાવવી જોઈએ. આ છોકરીએ પણ ન્યાયોચિતપણે પતિની સેવા કરવી જોઈએ. . . .

એક ગાડી ફાટક પર આવી. છોકરાંઓ ફાટક ભણી દોડયાં. સ્ત્રીઓએ પણ ડોક લંબાવીને જોયું, "એ લોકો જ છે."

કુંયેનાચ્ચન ખુરશી પરથી ઊભા થયા. જોયું કે ટેકો આપવા માટે કોઈ પાસે તો નથી. એકેએક જણ નવવધૂને જોવા દોડી ગયું છે. ઘડિયાળ પણ દેખાતી નથી. કન્યાના પક્ષમાં મુખ્ય માણસ કોણ છે? સફેદ દાઢીમૂછવાળો કે પેલો જરીદાર ખેસવાળો? જમીન નક્કર નથી લાગતી કે પગ સ્થિર કરી શકાય. માંડપ ડોલી રહ્યો છે.

"છોકરાઓ!"

... ...

"કોઈ પકડો તો!"

એક જણ કોઈક દોડી આવ્યું. ત્યાં સુધીમાં કુંયેનાચ્ચન પડી ગયા હતા.

આઠ

હવે અજવાળું પથરાવા લાગ્યું છે. વહેલી પરોઢે ફાનસ સળગાવેલું તે હજી પણ ધુમાડાથી ભરેલું બળી રહ્યું છે. રાજને ફરીથી પેટી ખોલીને જોયું. કશું ભૂલી તો નથી ગયો ને! પે-બુક, રેલ વૉરંટ, લીવ સર્ટિફિકેટ—બધું છે. પેટી બંધ કરી દરવાજા ભણી જોયું. બેબી હજી નથી આવ્યો. કહેલું કે એના આવ્યા પછી જ નીકળીશું. પેટી-બિસ્રો ઊંચકીને જવા માટે ચાત્તન આંગણામાં હાજર થઈ ગયો છે. . . .

ઘડિયાળ જોઈ. સાડા પાંચ વાગ્યા છે. રેલગાડી છ ને ચાળીસ મિનિટે આવે છે.

દીનામ્માએ કહ્યું : "પ્રાર્થના કરીએ, દીકરા! ત્યાં સુધીમાં બેબી આવશે."

કુંયેનાચ્ચને ખાટલા પર સૂતાં સૂતાં પૂછ્યું : "માત્તુક્કુટ્ટિ હજી નથી આવ્યો?"

"કહી ગયા હતા કે ભલે મોડે પણ રાતે જરૂર પહોંચી જઈશ. એમની વાટ જોઈએ તો રાજન અત્યારે કેવી રીતે જઈ શકે?"

"હા નાની વહુ, જરા ગ્રંથ વાંચ — ભજનસંહિતા."

શાંતામ્માએ મોં લૂછી નાખ્યું. ભરાઈ આવેલી આંખો અને ગાલ પર સુકાયેલાં આંસુ પર કોઈની નજર પડે તેવું તે ઇચ્છતી નહોતી. રાતે એક ક્ષણ માટેય ઊંઘ આવી નથી.

"જે પાનું ઊઘડે તે વાંચ — ફળ જણાશે."

ધર્મગ્રંથ ખોલતાં આંખો ફરી છલકાઈ આવી, પણ એ પ્રગટ ન થવા દીધું. વાંચ્યું — "હે યહોવા ઈશ્વર, મારી રક્ષા કર, કારણ કે હું તારે શરણે છું. મને કોઈયે દિવસ લજ્જિત ન થવા દઈશ. તારી નીતિના બળથી મને છોડાવ. તું મારો મજબૂત ખડક અને મારું રક્ષા-કેન્દ્ર બની રહે. . . ."

હવે તો પોતાનાં આંસુ છુપાવી ન શકી. ધર્મગ્રંથનાં પૃષ્ઠો પર આંસુનું એકાદ બુંદ ટપક્યું. અક્ષર ચોખ્ખા દેખાતા નહોતા.

કુંયેનાચ્ચને કહ્યું : "ડરવાની જરૂર નથી. યહોવા સાથે છે. તારા હાથમાં મારા આત્માને હું સોંપું છું. ઈશ્વર યહોવા, તેં મને અપનાવ્યો છે. . . ."

"પ્રાર્થના કરીએ બાપુજી?"

પ્રાર્થના પૂરી થતા સુધીમાં બેબી આવી ગયો. પેટી અને બિસ્રો ચાત્તનને આપી તેને સ્ટેશને મોકલ્યો.

"રજા આપો, દાદાજી!"

"જા, યહોવા તને સલામત રાખે."

"જાઉં તો, કાકી?"

"જા બેટા, પહોંચીને તરત કાગળ લખજે."

શાંતમ્મા હજુ કમાડ પકડીને ઊભી હતી. રાજન પાસે પહોંચ્યો તો તે ઓરડાની જરા અંદર ખસી ગઈ. બન્નેએ એકબીજાના ચહેરા તરફ જોયું. એકબીજાને આલિંગન કર્યું. રાજને એના ભીના ગાલને ચૂમી લીધા. એ જાણે આ આલિંગનમાંથી છૂટવા જ ન માગતી હોય એમ લાગતું હતું.

સિસિલી ઊંઘતી હતી. દીનામ્માએ એને જગાડીને કહ્યું : "રાજનભાઈ જાય છે, સિસિલી!"

"રાજનભાઈ, જઈને જલદી પાછા આવજો."

દીનામ્માએ કહ્યું : "કાગળ લખવાનું ભૂલતો નહીં."

"હું."

ફાટક પાર કરતાં જ શાંતમ્મા ડૂસકે ડૂસકે રડી પડી.

કુંયેનાચ્ચન બોલ્યા : "રડીશ નહીં, દીકરી."

દીનામ્માએ સમજાવી : "છ મહિના પછી રજા લઈને આવશે ને! ત્યાં સુધી પ્રાર્થના કરજે અને રાહ જોજે."

કહેવાનું તો સાવ સહેલું છે પણ મન કબૂલ કરે તો ને! કહેલું : જંગલમાં જાઓ કે રણમાં જાઓ, મને પણ સાથે લઈ જજો. હવે મારે માટે ફક્ત રાજન જ છે, માત્ર રાજન. વિનંતી કરી નિવેદન કર્યું હતું. ખરી જ વાત છે ને! હવે એનું બીજું કોણ છે? ઘેર જશે તોયે મહેમાન બનીને રહેશે. પડોશીઓ, સગાંસંબંધીઓ કહેશે : "પનચ્ચિમૂટથી શાંતામ્મા આવી છે." મળવા આવનારા લોકો કુશળ સમાચાર પૂછીને પછી પૂછશે: "ક્યારે જવાની છે?" અહીં આવતાં તે છે રાજનની પત્ની. આ સંબંધ એને આ ઘર સાથે બાંધી રાખે છે. રાજન! માણસની ઇચ્છા શી છે, તેને શું ગમે છે—એ જાણવાનો, તેને નજીકથી કંઈક સમજવાનો મોકો સુધ્ધાં મળ્યો નહીં. નવ દિવસ અને નવ રાત તો ઘડીક વારમાં વીતી ગયાં.

દીનામ્માએ કહ્યું : "સૂઈ જા હવે, મધરાત વીતી ગઈ છે."

"ઊંઘ નથી આવતી."

"આખી રાત જાગતી રહીશ?"

"આજની જ વાત છે."

"કહ્યું ને કે રડીશ નહીં; સૂઈ જા."

પોતાની ભુજાઓમાં લઈ છાતી સરસી જોરથી ચાંપી દીધી, જાણે એ જણાવવા માગતી હોય કે કોઈ પણ તોફાન કે આગથી તને બચાવવાની તાકાત મારા હાથમાં છે. તોપણ એક પળ પણ આંખ ન મીંચાઈ.

"શાંતમ્મા!"

"જી."

"આવ, થોડી કૉફી પી."

"નથી પીવી."

"કેમ? મેં કહ્યું ને, દુ:ખ મનમાં સંતાડી રાખવું જોઈએ. સ્ત્રીનું નસીબ છે—લે પી. એક પ્યાલો બાપુજીને પણ આપી આવ."

હવે પ્રતિવાદ કર્યો નહીં. એક ઘૂંટડો કૉફી પીધી. ત્યાર પછી કૉફીનો પ્યાલો લઈ દાદાજી પાસે ગઈ.

"દાદાજી!"

"હું!"

"કૉફી."

કુંયેનાચ્ચને જોયું કે અવાજ તરડાઈ ગયેલો છે. ઊઠીને પ્યાલો લીધો અને કહ્યું : "દુઃખ ન લગાડીશ, બેટી! વિવેકી સ્ત્રી પોતાના પતિનો મુકુટ છે. વિવેકથી તે પતિનું ઘર વસાવે છે. જે સુંદર સ્ત્રી વિવેકથી નથી વર્તતી તે થોબડામા સોનાની નથ પહેરેલા સૂવર જેવી છે."

"હા."

"કયાં?"

"નીતિવચનમાં."

"બરોબર, એમાં જ છે."

"આખો ધર્મગ્રંથ બે વાર વાંચ્યો છે, દાદાજી! સન્ડે સ્કૂલમાં ભણાવતી હતી."

"અચ્છા!"

"મારાં મા મહિલા સમાજનાં કાર્યકર્તા છે. એક દિવસ પણ સવાર કે સાંજની પ્રાર્થના પડવા નહોતાં દેતાં."

"કાર્તિકપ્પલ્લિવાળા ફાધર તમારે ત્યાં આવતા કે?"

"ક્યારેક ક્યારેક આવતા."

"ફાધરને તારે માટે મમતા હતી?"

"હા, મને બેટી કહીને બોલાવતા હતા. ફાધર અમારે ઘેર થોડા દિવસ રહ્યા છે. પણ યાદ નથી ખાસ. હું નાની હતી."

એ જ વાત છે ને! માત્ર રહેતા જ હતા ત્યાં? તું ફાધરની દીકરી છે. ધ્યાનથી જોતાં જણાઈ આવે છે. અણિયાળું નાક. વાંકડિયા વાળ. ચહેરોમહોરો ઝીણવટથી જોતાં, ચોરી કરેલો માલ ત્યાં ને ત્યાં જ પકડાઈ ગયો હોય તેવી લાગે છે. પણ અહીં તો આ જ ખુદ ચોરના પક્ષમાં છે. આથી કાંઈ બોલાય તેમ નથી. જવા દો. નુકસાન કોને છે? ફાધરને જ. પહેલાં તે આ કુટુંબના સભ્ય પુરોહિત હતા. દીનામ્મા વહુના આદરનું પાત્ર હતા. વાતચીત દરમ્યાન તે કહી શકતી કે મારા બનેવી એક પાદરી છે. પણ આજે? તે ઊગેલા મોલવાળા ખેતરની વાડ પર કે અધૂરા મકાનની આગળ, નજર ન લાગે તે માટે ઊભું કરેલું દાઢી ને પૂંછવાળું પૂતળું છે. ચાઢિયાને પહેરાવેલાં ચીંથરાંનો એનો પોશાક

છે. જમીનની ધૂળ. વિવેકનું ફળ ખાધેલો આદમ યહોવાની સામે પકડાઈ ગયેલા ચોરની જેમ ઊભો હતો, તે જ રીતે આજે તે સામે ઊભો છે. પોતાનું અને દીકરાઓનું તો કોઈ નુકસાન નથી. વહાલી લાગે તેવી સુંદર છોકરી. વિવેકી છે અને ઈશ્વરથી ડરે છે. છોકરાની સાથે ઊભી રહેવાને લાયક....

"દાદાજી!"

"હં."

"કૉફી પીઓ, ઠંડી થઈ જશે."

"કુંયેનાચ્ચન સિવાયના બધાને ત્યાં જમવા માટે જઈ આવી ને?"

"હા, એક કાકીને ત્યાં નથી ગયાં."

"હા, એ જ, તારા સસરાનો બીજો મોટો ભાઈ."

"ત્યાંની કાકી વગેરે અહીં આવીને મળી ગયાં."

એના દિલમાં હજી એક ગાંઠ છે. લગ્નમાં આવ્યો તો કશાને મળ્યો સુધ્ધાં નહીં. એટલું જ નહીં, ચાર પૈસા ખર્ચવાના આવે તો હાથ પાછો ખેંચી લે છે. કોઈ કહે તો જવાબ દેશે કે હું ગરીબ છું. પાંચ સારા માણસો વચ્ચે બેસવા લાયક કોઈ પાકું મકાન પણ નથી. વાત પણ સાચી જ છે ને? હરિજનની ઝૂંપડીથીયે ઊતરતી સ્થિતિ છે....

"રેયિન (ટ્રેન) છે ને દીકરી?"

"હા."

"છોકરો એમાં હશે."

એક એક કરીને વાતો યાદ કરવાની. કાલે સવારે મદ્રાસ. ત્યાંથી ટ્રેન બદલીને અડતાળીસ કલાક પછી દિલ્હી અને એક દિવસ પછી અમૃતસર. બધા મિત્રો મળીને મજાક કરશે. ફોટો જોઈને અભિપ્રાય આપશે....

"શાંતમ્મા!"

"જી!"

"પહેલી મુલાકાત વખતે મને રાજનભાઈ કહીને કેમ બોલાવ્યો?"

"મારા હૃદયે કહ્યું કે પહેલાં પણ મેં આને જોયો છે. આવા જ માણસનો ખ્યાલ મારા મનમાં હતો."

"ખોટું."

"સાચે જ, રાજનભાઈ!"

આગળ કશું કહેવા દીધું નહીં. જ્યારે જુઓ ત્યારે મસ્તી, મજાક. સરખી રીતે કામ કરવા દે તો ને! ગંભીરતાનો ડોળ કર્યો. રિસાવાનો અભિનય કર્યો.

તો કોઈ ટુચકો સંભળાવી કે તોફાન કરી હસાવતો. એ બધી વાતો અત્યારે યાદ આવતી હશે. . . .

ખાલી પ્યાલો લઈને શાંતમ્મા રસોડામાં પાછી જતી હતી. એક માણસ ફાટકમાંથી આવી રહ્યો હતો. જુવાન. શાંતમ્માને ધ્યાનથી જોઈ. હસ્યો. શાંતમ્મા માથું નમાવી રસોડામાં ગઈ. . . .

"દાદાજી!"

"કોણ છે?"

"હું."

"હું એટલે?"

દીનામ્મા બહાર આવી. "અચ્છા, આ કોણ છે? બાપુજીને ખબર ન પડી?"

"કોણ છે, દીકરી?"

"કાલાયિનો જોણિક્કુટ્ટિ છે, બાપુજી!"

"રાજન તો ગયો, ખરું ને?"

"સવારે ગયો."

"કાલે સવારે મને ચોકમાં મળ્યો હતો."

"અહીં નજીક આવ તો!"

"દાદાજી, હું આજ વયનાડ જાઉં છું."

"વલાંયવટ્ટમ જાય છે?"

દીનામ્મા હસી પડી. "ઓછું સાંભળે છે બાપુજી. વલાંયવટ્ટમ નહીં, વયનાડ. મલબારમાં છે."

"ત્યાં કેમ જાય છે?"

"સો એકરનો બાગ ખરીદ્યો છે."

"કેમ?"

"હવેથી ત્યાં રહીશ. ત્યાં ગયા પછી જલદી પાછો નહીં આવું." દીનામ્માએ પૂછયું : "કેમ એમ, જોણિક્કુટ્ટિ! ત્યાં તું એકલો રહીશ?"

"એકલા રહેવું જ વધારે સારું છે. એક નોકર રાખી લઈશ."

"વાત શી છે? કહે ને જોણિક્કુટ્ટિ?"

"વાત એ છે કે હું ને બાપા હવે એક ઘરમાં રહી શકીએ એમ નથી."

"ઝઘડો થયો?"

"કાકીને તો બધી વાતની ખબર છે. હવે માત્ર ખૂન થવાનું બાકી છે. એ પહેલાં ચાલ્યો જઈશ."

કુંયેનાચ્ચને પૂછયું : "શું . . . શું છે રે?"

"ઓહ, કાંઈ નહીં, બાપુજી . . . અન્નામ્મા કાકીએ શું કહ્યું?"

"મા શું કહે? કંઈ કહેવા દે ત્યારે ને? માની તબિયત પણ ઠીક નથી."

કુંયેનાચ્ચને આગળ કહ્યું : "તારા બાપની વાત છે ને? એનો ચુકાદો તોળવાનો તને શો હક છે?"

"ચુકાદો નથી તોળતો. પણ આ મહોલ્લામાં જીવવું તો છે ને, દાદાજી!"

"કયો મહોલ્લો? કયો દેશ? કયો એવો દેશ છે, જે તેં નથી જોયો? એટલું પ્રામાણિક કોણ છે?"

"ધીમે બોલો. . . વહુ પેલી તરફ ઊભી છે ને? બાપુજી માટે આજના દિવસે આટલું પૂરતું છે."

કુંયેનાચ્ચને એ તરફ ધ્યાન ન આપ્યું. "રહી જાતે સમજીબુઝીને કામ કરવાની વાત. એની સજા તો ઈશ્વર કરશે."

"તોપણ લોકોથી ડરવું તો જોઈએ ને, દાદાજી?"

"ઓહ, આ જમાનામાં પાદરી પણ ઈમાનદાર નથી હોતા. બીજાની તો વાત જ ક્યાં? . . ."

દીનામ્માએ હાંફળાંફાફળાં થઈને કહ્યું : "શાંત થાઓ, બાપુજી!"

"રજા આપો, દાદાજી!"

"જા."

"જાઉં તો, કાકી?"

"હા, જા, જોણિક્કુટ્ટિ!"

જોણિક્કુટ્ટિના ગયા પછી દીનામ્મા બોલી : "બાપુજી?"

"હું."

"શું બોલતા હતા, યાદ છે?"

"શું?"

"ભૂલી ગયા કે વહુ અંદર છે? પાદરી-પુરોહિત વગેરેની વાત સાંભળી હું ગભરાઈ ગઈ."

"અંદર વહુ ઊભી છે એ વાત હું ભૂલી જ ગયો."

"આ શું? આમ સમજ્યા-કર્યા વિના વાત કરો તે . . . ઘણી શરમની વાત કહેવાય."

"શું?"

"જોણિક્કુટ્ટિના બાપની વાત."

"સહી લેવી પડશે. આપણા શરીરમાં ઘાવ થયો હોય તો આપણે જ સહેવું પડે. બીજો કોઈ ઉપાય નથી."

"જવા દો, બાપુજી! આલતુફાલતુ વાતો વિચારીને બડબડતા નહીં."

દીનામ્માના અંદર ગયા પછી કુંયેનાચ્ચને વિચાર્યું – હવેથી કોઈને કશું નહીં કહું. મારું શું જાય છે? જે મીઠું ખાય તે પાણી પણ પીએ. કયામતને દિવસે તે હિસાબ માગશે. ત્યારે, ખબર નહોતી — સાંભળ્યું નહોતું — એવાં બહાનાં કરીને એ બચી શકશે નહીં. પ્રભુના ગ્રંથમાં બધું કહ્યું છે. મેં એક દિવસ મારા ઘરના ઝરૂખામાંથી જોયું ત્યારે મેં ભોળા લોકોમાં એક જુવાન જોયો. તે એ સ્ત્રીના ઘરના દાદરા પાસેની સડક પરથી ચાલ્યો જતો હતો. એકાએક એને એક સ્ત્રી મળી, જેનો વેશ વેશ્યાના જેવો હતો. તે ઘણી સ્વાર્થી હતી, અને ચંચળ પણ. અને તેણે નિર્લજ્જતાથી એને કહ્યું – મારે યજ્ઞ કરવાનો હતો. આજે મેં મારી માનતા પૂરી કરી છે. આથી હું તને મળવા નીકળી છું. મેં મારા પલંગ પર વેલબુટ્ટાવાળી ચાદર પાથરી છે. મારો પતિ ઘરમાં નથી, તે દૂર દેશ ગયો છે . . . આવ."

એની પાછળ જનારને . . . કયામતને દિવસે હિસાબ ચૂકવવો જ પડશે.

બહાર હરિજન સ્ત્રીઓનો અવાજ.

સિસિલી દોડતી આવી. બોલી : "શાંતામણિને જોવા માટે ચાત્તપ્પુલયનની મા વગેરે આવ્યાં છે."

"ચાત્તપ્પુલયનની મા?"

"હા, મને મોટી મેમસા'બ કરીને બોલાવતી અઝકિ."

"હં."

"અઝકિ કહે છે કે શાંતાભાભી સારી છે."

"તો તારી નજરે ખરાબ છે?"

"સારી છે. શાંતાભાભી સોનાની છે. શાંતાભાભીને ઘણાં ગીત આવડે છે."

"ગાતાં આવડે છે?"

"હા, દાદાજી કહે તો ગાશે."

"મોટા સાહેબ?"

"કોણ અઝકિ કે?"

"જી હજૂર! છોટી મેમસા'બને જરા જોવા આવી હતી. હું કાપણી માટે ગઈ હતી. ગુજરી ગયાં તે બહેન જેવી જ આ સુંદર છે."

"કુંયમ્મા જેવી નહીં?"

"હા, મોં જોઈએ તો એવી જ લાગે છે, સાહેબ!"

"હં."

"આપણી છોટી મેમસા'બની યાદ આવતાં બહુ દુ:ખ થાય છે. હું આંગણામાં કેળને ખાતર નાખવા આવતી ત્યારે તે કહેતાં — અઝકિ, આટલી વહેલી કેમ આવી? કેટલા છોડને ખાતર નાખ્યું? જોયા પછી જ મજૂરી આપીશ. . . ."

"એ મારા ઘરનો દીવો હતી. એ જીવતી હતી ત્યારે મેં જે મેળવ્યું — કમાણી કરી — બસ એ જ. દીવો સળગાવીને દેખાડયો, મોહ પમાડયો અને પછી ઓલવી નાખ્યો. . . ."

"હા, મોટા સાહેબ!"

"તારો દીકરો તારી કંઈ ખરખબર લે છે? કંઈ આપે છે?"

"એને એક બૈરી ને ચાર છોકરાં છે, સરકાર! એમને જ ખવડાવવા-પિવડાવવાની ભારે મુશ્કેલી છે."

"ભલે જા, ચાત્તનને મોકલ અહીં."

કુંયેનાચ્ચનને યાદ આવ્યું — વેવન અઝકિને લઈને આવ્યો ત્યારે અઝકિની ઉંમર તેર-ચૌદ વર્ષની હતી. હોશિયાર હરિજન છોકરી હતી. રોપવું, ખોદવું, કાપવું, ખાતર નાખવું, ખુરપી ચલાવવી — દરેક કામમાં હોશિયાર. દેખાવમાં પણ સારી. ખૂબ મહેનત કરી. પણ હવે કોઈ એ કામને યાદ નથી કરતું. આજ-કાલના જુવાનિયા કામના હિસાબે પૈસા માગે છે, તો એમાં દોષ કોનો? દિવસ-રાત ખેતરની વાડ પર અને કેળનાં મૂળિયાંમાં મહેનત કરી એથી એમને શું મળ્યું? ભૂખ્યા રહીને, કમરતોડ મહેનત કરીને આવરદા પૂરી થાય તે પહેલાં જ તેઓ ચાલી નીકળે છે. ખાતરનો બોજો માથે ઊંચકીને આવતાં આવતાં તેવન-નો નાનો ભાઈ કંટનકાલિ રસ્તામાં પગ લપસી જતાં ગબડી પડયો અને મરી પણ ગયો. એ લોકોએ લોહી-પરસેવો પાડીને મહેનત કરી, અને એની મજા લૂંટે છે બીજા લોકો. આ હડહડતો અન્યાય છે. પણ ધર્મગ્રંથમાં એનોયે ખુલાસો છે. પુરાણા નિયમો અનુસાર જ, દુ:ખ વેઠનારા અને સુખ ભોગવ-નારા લોકો હોય છે. પ્રભુવાણીમાં કહ્યું છે કે તે નિર્ધનના પૈસા લઈને ધનિકને આપશે. અને વળી, હાથની દસે આંગળીઓ શું સરખી હોય છે? કેળના દસ રોપા વાવીએ તો શું દસેદસ એકસરખા વિકસે છે? એક જ ઈશ્વરે નાના-મોટાની રચના કરી છે. . . .

"બાપુજી, દાતણ કરી લો, કૉફી પીઓ."

કુંયેનાચ્ચને જોયું. શાંતમ્માના ચહેરા પર દુ:ખનાં નિશાન છે. પણ એણે દુ:ખને મનમાં જ છુપાવી દીધું છે.

કૉફી પીતી વખતે શાંતમ્મા બારણામાં રાહ જોઈને ઊભી હતી કે બીજું કંઈ જોઈતું-કરતું તો નથી! કુંયેનાચ્ચનને યાદ આવ્યું કે કુરુપ થોડા દિવસોથી દેખાયો નથી. લગ્ન પછી માત્ર એક વાર જોયો હતો. કદાચ આજ બપોરે આવશે.

એ દિવસે બપોરે પણ કુરુપ આવ્યો નહીં. વાતચીત કરવા માટે કોઈ ન મળ્યું તો મનમાં મનમાં વાતો વાગોળીને સમય વિતાવ્યો. અડધી રાત પછી આંખ મીંચાઈ; એવી તંદ્રાભરી અવસ્થામાં હતા ત્યાં કોઈએ ખાટલા પાસે આવીને સાદ કર્યો : "કાકા નથી?"

"કોણ?"

"હું છું, દાદાજી!"

"વહુ!"

"દીવો પેટાવ."

શાંતમ્મા અને દીનામ્મા એક સાથે જાગી ગયાં. દીનામ્મા દીવો સળગાવી વરંડામાં લઈ આવી. ડરી ગઈ. ઘાટાં દાઢી-મૂછવાળો કોઈ માણસ ઊભો હતો.

"કાકીએ મને ઓળખ્યો નથી લાગતો!"

ધ્યાનથી જોયું. "દાનિક્કુટ્ટિ?"

"હા."

"હે ભગવાન! મને તો ખબર જ ન પડી. ઓળખુંયે શી રીતે? આ ગીચ દાઢી-મૂછ જોઈને લોકો ડરી જાય."

દાનિક્કુટ્ટિ હસી પડયો : "નાના કાકા કયાં ગયા છે?"

"કોલ્લમ ગયા છે. બાપુજી, તમે ઓળખ્યો નહીં? કલ્લુવિલાનો દાનિક્કુટ્ટિ."

"કોણ?"

"કુંયુચેરુક્કનભાઈનો દીકરો."

"દીવો ઊંચો કર તો!"

દીનામ્માએ દીવો પાસે લઈ જઈને ઊંચો કર્યો. પગથી માથા સુધી એને જોયો. શીશમની જેમ માથું છતને આંબે એવો લાંબો માણસ, કોટ, પૅન્ટ, પટ્ટો...

"અત્યારે કયાંથી આવ્યો, રે?"

"મુંબઈથી આવું છું, દાદાજી!"

"ક્યાંથી?"

દીનામ્માએ મોટેથી કહ્યું : "મુંબઈથી."

"સાંજ પછી નીકળ્યો હતો?"

દાનિક્કુટ્ટિએ હસતાં હસતાં કહ્યું : "નીકળ્યાને બે દિવસ થઈ ગયા, દાદાજી! મુંબઈ જવા માટે બે દિવસની મુસાફરી કરવી પડે છે."

"અચ્છા, આટલા દિવસે આવ્યો ને બસ બે જ દિવસમાં જતો રહેવાનો છે?"

દાનિક્કુટ્ટિને કંઈ સમજાયું નહીં. તાકી રહ્યો. દીનામ્મા બોલી : "કાનથી સાવ ઓછું સાંભળાય છે, દાનિક્કુટ્ટિ! અને હજુ ઊંઘની પણ અસર છે."

"તારા બાપને તું કંઈ મોકલતો નથી?"

"એવું કોણે કહ્યું, દાદાજી?"

"તે હંમેશાં ભીડમાં રહે છે. કેવી કેવી ચાલાકીથી, છળકપટથી તમને લોકોને એણે પાળીપોષીને મોટા કર્યા ને એ હંમેશાં ઠણઠણ ગોપાલ હોય છે. હવે ઉંમર પણ થઈ. ખુરપી-કોદાળી ચલાવવા કે ભાર ઊંચકવા શી રીતે જાય?"

"આ બધાં બહાનાં છે, દાદાજી! તમારી આંખમાં ધૂળ નાખવા માગે છે."

"હેં?"

"દર મહિને અઢીસો રૂપિયા ખર્ચ માટે મોકલું છું. એટલા શું પૂરતા નથી?"

કુંયેનાચ્ચન તાકી રહ્યા.

"દસ-પંદર હજારના મકાનની ડિઝાઇન માટે પણ લખ્યું હતું."

દીનામ્મા બોલી : "મેં બાપુજી, તે દિવસે જ કહેલું ને, કે કલ્લુવિલા પર ઘર બાંધવાના છે!"

દાનિક્કુટ્ટિએ આગળ કહ્યું : "પાસે ભલેને ગમે તેટલા પૈસા હોય, હંમેશાં નથી એમ જ કહે છે. એવું જ શીખ્યા છે."

"તો એણે મને આ વાતો કહી નથી."

"એ કોઈનેય સાચું નથી કહેતા."

દીનામ્મા બોલી : "મળે ત્યારે નારાજ થાય છે, ગુસ્સો કરે છે. પણ બાપુજીના દિલમાં બધાં સંતાનો માટે ખૂબ મમતા છે. . . ."

"થોડા દિવસથી દાદાજીને મળવાનું મન થતું હતું. એક વાર સ્વપ્નમાં જોયું કે બાપા ખૂબ માંદા છે."

"નબળાઈ છે. દિવસે દિવસે નબળાઈ વધતી જાય છે."

દાનિક્કુટ્ટિએ પૅન્ટના ખીસામાંથી સો સો રૂપિયાની નોટની એક થોકડી કાઢી. તેમાંથી પાંચ નોટ દીનામ્માના હાથમાં આપી કહ્યું: "લો કાકી, દાદાજીને કંઈ જોઈતું-કરતું હોય તે માટે વાપરજો."

"નહીં જોઈએ, બેટા!"

"કેમ? હું શું કોઈ પારકો છું? ઘરડા દાદાજીના પગમાં બેસીને એમની સેવા કરવાની જવાબદારી મારી પણ છે. એ તો કરી નથી શકતો, એટલે મારી કમાણીનો એક ભાગ આપું છું, બસ."

દીનામ્માને તોપણ લેતાં સંકોચ થયો.

"કાકી, અચકાવ નહીં. મારી પાસે પૈસા હોત તો પાંચસો શું, પાંચ હજાર ખર્ચવામાં પાછી પાની ન કરત."

દીનામ્માએ નોટો હાથમાં લીધી.

"દાદાજી!"

"હું."

"જાઉં?" દાનિક્કુટ્ટિના ગોઠણભેર થઈ દાદાજીના પગ પાસે બેઠો. "દાદાજી, મને આશીર્વાદ આપો."

કુંયેનાચ્ચને દાનિક્કુટ્ટિના માથા પર હાથ મૂક્યો. નજર આકાશ ભણી કરી. દીકરાઓ અને પૌત્રોએ આજ સુધી જે નથી માગ્યું તે આણે માગ્યું છે. હૃદયપૂર્વક પ્રાર્થના કરી: "સેનાઓના પ્રભુ યહોવા, આની પર કૃપા કર. દુષ્કર્મ કરનારાઓના ષડ્યંત્રથી અને અન્યાયીઓના ઝઘડાથી એને બચાવ. નદીકાંઠાના ઉપવનની જેમ, યહોવાએ વાવેલા ચંદનવૃક્ષની જેમ, જળને કાંઠે ઊગેલા દેવદારની જેમ એનું પાલન કર...."

"તને કોઈ તકલીફ નહીં થાય, જા!"

દાનિક્કુટ્ટિ દાદાજીના પગને ચૂમીને ચાલ્યો ગયો. દીનામ્માએ હથેળી ઉઘાડીને નોટો ગણી. ક્યાંક સ્વપ્નું તો નથી જોઈ રહી ને! આશ્ચર્યની વાત હતી. આટલી મોટી રકમ પહેલાં હાથથી કદી અડી નથી. સિસિલીના બાપાને કહું? ના, દાદાજી ને હું, બે જ જણ જાણીશું. કપડાંની પેટીમાં સંતાડીને રાખીશ. સખત જરૂર પડે ત્યારે દેખાડીને અચરજમાં મૂકી દઈશ.

દાનિક્કુટ્ટિનું ખીસું સો સો રૂપિયાની નોટોથી ભરેલું છે. તો જે સાંભળ્યું તે સાચું જ હશે. નૌકાઓમાં આવતી વસ્તુઓ સરકારની જાણ બહાર ખરીદે ને વેચે છે. મહિનામાં એકાદ વાર કોઈને ખબર ન હોય એમ રાતોરાત કલ્લુવિલા આવે છે. ખેર, આ બધું જાણવાથી મને શો ફાયદો કે નુકસાન છે?

જે હોય તે, સ્નેહ તો છે. અડધી રાતે આવીને આ રકમ દાદાજીને આપવાનું મન તો થયું!

"બેટી!"

"શું?"

"કેટલા છે?"

"પાંચસો."

"પાંચસો છે?"

"હા, કોઈક તો એવું છે, જેને પ્રેમ છે... દીકરાને કહેવું છે?"

"હેં?"

"બાપુજી, તમારા દીકરાને કહું?"

"ના, કહીશ તો તને ફોસલાવીને પૈસા લઈ જશે અને ઉડાડી નાખશે."

"કપડાંની પેટીમાં મૂકું છું. ખૂબ જરૂર પડશે ત્યારે આપીશું."

"હા, એ બરોબર છે. મોટી જરૂર પડવાની છે."

"કઈ રીતે?"

"કબર બનાવવાની છે, જમણ દેવાનું છે."

"તમને આવું જ બધું યાદ આવે છે. એનો ખર્ચ તો સો લોકો કરશે."

"તોપણ ચાર પૈસા હાથમાં રાખવા એ બુદ્ધિમાની છે, બેટા! કોઈ પણ હિસાબે મકબરો બનાવી લેવો જોઈએ. મોટા મોટા લોકોની બાજુમાં ન જોઈએ, જરા દૂર બનાવવાનું પૂરતું છે. એકલો ઊભો રહીશ. ઈશુના જન્મોત્સવ અને પુનરુત્થાનના દિવસે મીણબત્તી સળગાવવી જોઈએ. ઈશ્વરના બીજા આગમન વખતે – બંદો હાજર છે, કહીને ઊભા થઈને ચાલતા થવું જોઈએ."

"બાપુજી, જરા સૂઈ જાઓ. સવાર પડવા આવી છે."

દીનામ્મા અંદર ગઈ. કપડાંની પેટી ઉઘાડવાનો અવાજ કુંયેનાચ્ચને સાંભળ્યો. ઘંટડી વાગે તેવું તાળું છે. ઉઘાડતી વખતે ઘંટડી વાગે છે. બંધ કરતી વખતે ફરી ઘંટડી વાગે છે. આણામાં લાવી હતી એ પેટી છે....

ઈશ્વરની લીલા અદ્‌ભુત છે. એના માર્ગની કોને જાણ છે? અફીણના પૈસા માટે ફાંફાં મારતો હતો તો પાંચસો રૂપિયા મળ્યા. પ્રભુ હેરાન નહીં કરે. આજ સુધી કષ્ટ નથી આપ્યું. કેટકેટલા અનુભવ! દાઊદના બાસઠમા ભજનમાં કહ્યું છે કે મેં ચુપચાપ ઈશ્વરમાં મન પરોવ્યું છે. મારો ઉદ્ધાર એમાં જ છે. એ જ મારો કિલ્લો છે. હું બહુ ડગમગી નહીં જાઉં....

"બત્તી ઓલવીને સૂઈ જા, દીકરી!"

"... ..."

"સાંભળ્યું નહીં?"

"... ..."

"હસે છે? કોણ?"

"હું છું પિતાજી, કુંયમ્મા."

સરસ કપડાં, કચ્ચયુરિ, ચટ્ટા, કવણિ* – બધું છે.

"આટલા દિવસ તું ક્યાં સંતાઈ રહી હતી?"

"નિત્ય રાજ્યમાં. મારી સાથે બીજું પણ કોઈ છે."

"ક્યાં?"

"આંગણામાં."

"કોણ?"

"મા."

"તારી મા?"

"હા, અમે તમને લેવા આવ્યાં છીએ. અહીં તમારી દેખભાળ કોણ કરે? મીઠી મીઠી વાતોનો ભરોસો ન કરતા. ઊભા થઈને આવો, આપણે ઘેર જઈએ."

"કયું ઘર?"

"અમર ઘર."

"તારી મા બહાર કેમ ઊભી છે? બોલાવ એને."

"કહે છે કે અંદર નહીં આવે."

"કેમ?"

"એ વિશે રસ્તામાં તમે પોતે જ માને પૂછી લેજો."

"કયો રસ્તો? બહુ દૂર છે?"

"પાસે જ છે, પિતાજી! લો, જુઓ, સ્વર્ગદૂત ગેબ્રિયલ પાંખો પર બેસાડીને લઈ જશે. પહેરેદાર દેવદૂતો પ્રકાશનાં વસ્ત્રો પહેરીને ઊભા છે."

કુંયેનાચ્ચને જોયું. આકાશમાં એક દરવાજો ખૂલ્યો છે. શેતરંજી બિછાવેલી છે. પથ્થરનાં પગથિયાં. . . .

"તમારે પહેરવા માટે ઝભ્ભો લાવી છું."

વાતો કરતાં કરતાં જ એણે નવો ઝભ્ભો પહેરાવી દીધો. નવી સ્ફૂર્તિ. ઊભા થઈને ચાલવામાં કશી તકલીફ નથી પડતી.

"લાકડી જોઈએ?"

* કેરળની ખ્રિસ્તી સ્ત્રીઓનો ખાસ પોશાક.

"ના."

ઊભા થઈને ચાલવામાં લાકડીની જરૂર નથી. નાના છોકરાની જેમ દોડવાનું જોશ છે. તોપણ એણે ખભા પર હાથ મૂકયા. આંગણામાં પહોંચીને પૂછયું : "તારી મા કયાં છે?"

આજુબાજુ ડોક લંબાવીને જોયું. નથી.

"જતી રહી એ?"

કુંયમ્મા ચૂપ. એના મોં ભણી નજર નાખી. આ તો કુંયમ્મા નથી, પૅણ્ણમ્મા છે, જેણે પ્રેમવિલાસથી એને ચકચૂર બનાવી દીધો હતો.

"હું જયાં હોઉં ત્યાં શું તે આવે કે?"

"તું . . ."

"કેટલા દિવસોથી તમારી રાહ જોઈ રહી છું! બીજું કોઈ સાથ નથી આપતું. આપણી પહેલી મુલાકાત યાદ છે?"

"હા."

"હે મારા પ્રેમી, આવ! આપણે ખેતરોમાં જઈએ અને ગામડાંમાં રાત વિતાવીએ. પછી સવારે ઊઠીને દ્રાક્ષની કયારીઓમાં જઈશું અને જોઈશું, દ્રાક્ષની વેલીઓમાં કળીઓ ખીલી છે કે નહીં! દાડમને ફૂલ લાગ્યાં છે કે નહીં! ત્યાં હું તને મારો પ્રેમ આપીશ. . . ."

"પૅણ્ણમ્મા, તું જોતી નથી કે હું વૃદ્ધ થઈ ગયો છું!"

"કોણે કહ્યું? નિત્ય યૌવન આપણને પાછું મળ્યું છે. મારી તરફ જો. મારા ગાલ જો. આંખો જો. સાઠ રાણીઓ, એંશી રખાતો અને અનેક કન્યાઓ મને 'ભાગ્યવતી' કહીને પુકારે છે. હે પ્રિય, મને ચૂમી લે. . . ."

ચૂમવા માટે પાસે ઊભો રાખ્યો . . . ના, કંઈ નહીં. . . .

ધુમાડાની જેમ, વાદળની લહેરની જેમ, હાથમાંથી એ ગાયબ થઈ ગઈ.

સૂનાપણું!

... ...

"બાપુજી, ઊઠો!"

ચોંકી ગયા. ગભરાઈને જોયું. ઘણા લોકો ઊભા છે. કુંયમ્મા નથી, પૅણ્ણમ્મા નથી. . . .

કોઇક હૈયાફાટ રડે છે.

હવે લોકોને ઓળખી શકાય છે. દીનામ્મા, શાંતમ્મા, નાનકી . . . પછી?

કુંયુચેરુક્કનની પત્ની, એનો નાનો દીકરો. . . .

"બાપુજી!"

"હું!"

"દાનિક્કુટ્ટિને પોલીસના માણસો હાથકડી પહેરાવીને લઈ ગયા. કુંચુચેરુક્કન-ભાઈને પણ લઈ ગયા."

"હાથકડી?"

"મારા દીકરાને લઈ જઈને મારી નાખશે, દાદાજી! હવે મારે કોનો આશરો છે, દીનામ્મા . . .!"

"રડો નહીં, ભાભી!"

દીનામ્મા એનો હાથ પકડીને અંદર લઈ ગઈ. કુંયેનાચ્ચન આંખો ઉઘાડી રાખીને પડી રહ્યા. અજવાળું આવતું હતું. સ્વપ્ન અને સત્ય એકબીજામાં મળી ગયાં હતાં. ખબર નહોતી પડતી કે સાચું શું ને ખોટું શું! વિચાર કરતા પડયા હતા, ત્યાં બારણા પાસે એક મોટર અટકવાનો અવાજ સાંભળાયો. ચારે ભાઈ ગાડીમાંથી ઊતરીને આવ્યા. આગળ કીવરીત. એની પાછળ પકડાઈ ગયેલા ચોર જેવો કંચુચેરુક્કન.

કીવરીતે કહ્યું : "જે તેના પૈસા તારે શા માટે જોઈએ? લઈ જાય. જે મીઠું ખાય તે પાણી પીએ. પછી એ દીકરો હોય કે ભત્રીજો. . . ."

ફિલિપ્પોસે કહ્યું : "ચાલાકી ને બુદ્ધિમત્તા બહુ વધી જાય ત્યારે આવું જ થાય. વિચાર્યું હશે કે જલદી ઘર બાંધીને ઘરસંસાર જમાવીશું. . . ."

કીવરીતે ફરી કહ્યું : "મરેલાને ન મારો."

એનો ઉત્તર માત્તુક્કુટ્ટિએ આપ્યો : "મરેલાને મારીએ છીએ? ડી.એસ.પી. ચીફ એન્જિનિયરના મિત્ર છે. ચીફ એન્જિનિયર સાથે ફિલિપ્પોસભાઈની ઓળખાણ-પિછાણ હતી. તેથી તો જામીન પર છોડાવી શકયા, નહીં તો દીકરાની ચોરી માટે બાપને પણ થાણાની હવા મળત."

કંચુચેરુક્કને કશો જવાબ આપ્યો નહીં. ખભા પરનો અંગૂછો કુંયેનાચ્ચનના ખાટલા પાસે ભોંય પર પાથર્યો અને સૂઈ ગયો. કંચુચેરુક્કનની પત્ની શોશામ્માએ પૂછ્યું : "દાનિક્કુટ્ટિ કયાં છે, કીવરીતભાઈ?"

"એને મુંબઈ લઈ ગયા છે. મુકદ્દમા પછી છોડશે."

"હે ભગવાન!"

કુંયેનાચ્ચને દીનામ્મા અને શાંતમ્મા પાસેથી બધા સમાચાર સમજી લીધા પછી પૂછ્યું : "એને પણ શું ન છોડાવી શકાત?"

ફિલિપ્પોસે કહ્યું : "બાપા, તમે ત્યાં જાઓ, છોડાવી લાવો. હવે રડવાથી શો ફાયદો? ચોરી-લૂંટ કરીને મધરાતે-પરોઢિયે જે લાવતો હતો તે લઈને જમા કરતા હતા. એ વખતે વિચારવું હતું ને! પાંચ હજાર રૂપિયાનો ચોરીનો માલ ઘરમાંથી એકઠો કરી લઈ ગયા છે."

કીવરીતે શાંતિથી કહ્યું : "એ બધું શું જાણીજોઈને રાખ્યું હતું? એણે શું એમ વિચાર્યું હતું કે બધું આ પ્રમાણે થશે?"

ફિલિપ્પોસ ચુપચાપ મોટરમાં બેસી ગયો.

અત્યંત દીન વાણીમાં કુંચુચેરુક્કને કહ્યું : "મેં શું ગુનો કર્યો છે, પિતાજી! કે આવી હાલત થઈ ગઈ?"

"હા, ગુનો! શાંત રહે, એને કોઈક રીતે છોડાવી લાવીશું." આમ સમજાવીને કીવરીત ચાલ્યો ગયો. . . .

કુંચેનાચ્ચન લાઠી ટેકવતા ઊઠયા. શાંતમ્માના હાથનો ટેકો લઈ આંગણામાં ઊતર્યા. લાકડીના આધારે માંડ બે ડગલાં આગળ ભર્યાં. દીનામ્માને પાસે બોલાવી કાનમાં કહ્યું : "કપડાંની પેટીમાં મૂકેલા પૈસા કુંચુચેરુક્કનને આપી દે દીકરી, એની પાસે કંઈ નહીં તો એટલા તો રહે!"

નવ

શાંતમ્માએ સ્લેટ પર દસ લીટીઓ દોરી. પછી સિસિલીને પૂછ્યું : "કેટલી છે?"

સિસિલીએ વિચાર કર્યો, આંગળાંથી ગણતરી કરી, મનમાં ને મનમાં ગુસ-પુસ બોલી, પછી કહ્યું : "દસ."

શાંતમ્માએ ચાર લીટીઓ ભૂંસી નાખી : "હવે?"

સિસિલીએ ફરી આંગળીઓ વડે ગણીને કહ્યું : "છ."

"હોશિયાર. હવ એકથી સો સુધી લખીને દેખાડ જોઈએ! સ્પષ્ટ લખજે."

સિસિલી નાના છોકરાની જેમ સ્લેટને છાતીસરસી રાખી લખવા લાગી. શાંતમ્માએ ફરી કાગળ ખોલીને વાંચ્યો. ચોથી વાર. કાગળ, એક અઠવાડિયા સુધી રાહ જોયા પછી મળતો અણમૂલ ખજાનો છે. એ ખજાનાથી મળતી સાંત્વનાના તંબૂમાં બે દિવસ વીતી જતા. પછીના કાગળ માટે દિવસો ગણીને પ્રતીક્ષા કરવી પડતી.

સિસિલી મંત્રની જેમ રટતી: "એક, બે, ત્રણ, ચાર, પાંચ..."

એકલા રહેવું પડતું – એ દુ:ખને શમાવવા માટે ચાર-પાંચ પાનાં આખાં ભરીને પત્ર લખતો. રોજ સાંજે જમીને સૂતા પહેલાં, ડાયરીની જેમ એને પાઠવવા માટે કંઈક લખી રાખતો. ચારેક દિવસ થઈ જાય એટલે બધું સાથે મોકલતો.

"...કશી વાતે દુ:ખી ન થઈશ..." એ વાત પત્રમાં ફરી ફરી ચાર-પાંચ વાર લખી છે.

બિચારો! ખબર પડી હોત તો સહન કરી ન શકત! "સત્તાર, અઢાર, ઓગણીસ...."

કોઈ ધીરજ ન રાખી શકે. એક માણસના સંબંધમાં આથી વધારે બેઇજ્જતીની વાત હોઈ પણ શું શકે?

પહેલાં માનેલું કે કાર્તિકપ્પલ્લિના ફાધર લગ્નમાં કોઈક અગવડને કારણે નહીં આવ્યા હોય. શંકાનું કોઈ કારણ પણ નહોતું.

પણ ખબર પડી....

આજ સુધી તે જેને પિતા માનીને પૂજા કરતી હતી તે એના પિતા નહોતા? પતિના દેહાંત પછી એની મા આડા માર્ગે ગઈ અને એનું નિશાન ખુદ પોતે જ છે. એના ખરા પિતા કાર્તિકપ્પલ્લિના ફાધર છે. આ રહસ્ય છૂપું રાખીને ફાધરે લગ્નનું કહેણ મૂક્યું. વાત ખુલ્લી પડી જતાં છટકવા લાગ્યા હતા. ના, ના, એ વાતો યાદ કરતાં ડર લાગે છે....

દુ:ખ રોકી ન શકાતાં આખી રાત રડયા કર્યું. સાસુએ ખાટલા પર બેસી વાંસો પંપાળતાં આશ્વાસન આપ્યા કર્યું. જેમણે આવી વાતો કરી તેમને ફિટકાર દીધો. એ વખતે વિચારેલું કે બધું લખીશ. પણ સાસુએ શિખામણ દીધી: "લખતી નહીં બેટી, રાજન કોઈ સમાધાન માટે કબૂલ નહીં થાય. ખબર પડશે કે તને તકલીફ આપી તો ખૂન કરવા તૈયાર થઈ જશે."

"આગલા મહિને 'સ્કીમ' પર જવાનું છે. કહ્યું છે કે એ પછી જુલાઈમાં રજા આપશે. નીલગિરિ બદલી થાય એવો પણ પ્રયત્ન કરું છું. ત્યાં ક્વાર્ટર કદાચ મળે. બધું તારા નસીબ પર નિર્ભર છે. પ્રાર્થના કર...."

અચ્છા! એ સિવાય મારા મનમાં પણ બીજી કોઈ ઇચ્છા છે? બીજું શું માગું? સાથે રહેવું છે, સેવા કરવી છે....

"શાંતાભાભી!"

"હં."

"શું વિચાર કરો છો?"
"કંઈ નહીં. તેં લખ્યું?"
"ક્યારનુંયે લખ્યું."
સ્લેટ લઈને જોયું. "તું હોશિયાર છોકરી છે."
"હવે શબ્દોમાં લખું?"
"હા."
"કાલે માસ્તરે શબ્દ બોલીને લખાવ્યા તો સિરદેવીના બધા શબ્દ ખોટા પડયા."
"સિરદેવી નહીં, બેટી – શ્રીદેવી."
"શિરદેવી."
એટલામાં આંગણામાં કોઈકનો ગીત ગણગણવાનો અવાજ આવ્યો. ધીમો પગધ્વનિ પણ સંભળાતો હતો.
"મેઘધનુષનો નિતારેલો સાર,
હે સુંદરતા! ધીરે ધીરે તું દૂર થતી ગઈ.
મને દુ:ખ ન દઈશ, સુકુમારતાની નદીની નાનકડી લહર, હે કપોત!" થોડી વારે શિવરામકુરુપ અંદર આવ્યો. શાંતમ્મા ઊભી થઈ.
"બેસ, બેસ, સિસિલી દીકરીને ભણાવે છે કે?"
શાંતમ્માએ કોઈ જવાબ આપ્યો નહીં.
સિસિલી બોલી: "હું એક-બેથી શરૂ કરી સો સુધી લખી રહી હતી, કરુપ-મામા!"
"શાબાશ. સિસિલી દીકરીની મા ક્યાં છે?"
જવાબ શાંતમ્માએ આપ્યો: "ચેન્નિત્તલા ગયાં છે. તેમની મામાની દીકરી-બહેનનાં ત્યાં લગ્ન થયાં છે. હમણાં આવશે."
"ભલે, અમસ્તું જ પૂછયું હતું. હું કુંયેનામાપ્પિલા પાસે બેસીશ. સિસિલી, હોશિયારીથી ભણજે. પછી કૉલેજમાં જજે. એમ.બી.બી.એસ. પાસ કરીને ડૉકટર બનજે."
"શાંતાભાભી જેવડી થઈશ ત્યારે કૉલેજ જઈશ. ત્યારે સાડી પણ પહેરીશ."
કુરુપ મોટેથી હસ્યો. શાંતમ્માએ સ્મિત કર્યું.
હાસ્ય સાંભળીને કુંયેનાચ્ચને દૂરથી બૂમ પાડી: "કોણ છે? કુરુપ છે ને?"
"હા, કુંયેનામાપિલ્લા, એકાદ વાર સાદ કર્યો, પણ તમે જાગ્યા નહીં. ઊંઘતા જોઈને અહીં આવ્યો. . . ."

"જાગેલો જ છું, આવો."

કુરુપ કુંયેનાચ્ચન પાસે ગયો: "વાતો કરનારું કોઈ નહોતું. ખૂબ મૂંઝાતો હતો."

"દીકરાના સમાચાર સાંભળ્યા. કળજુગ છે ને?"

"શું?"

"કુંયુચેરુક્કન અને એના દીકરાની ગિરફતારીની વાત...."

"ઓહ!"

"આથી વધુ મોટી બેઈજ્જતી ઘરની શી હોઈ શકે, કુંયેનામાપ્પિલા?"

"... ... ..."

"હું કહું તેનું માઠું ન લગાડતા. કુંયેનામાપિલ્લાના ચાર દીકરાઓમાં બીજા કોઈમાં આટલી ઈર્ષ્યા, ઘૃણા, બીજાઓ પ્રત્યે વિદ્વેષ નથી. ખરું ને? બોલો."

કુંયેનાચ્ચને એનો કોઈ જવાબ આપ્યો નહીં. કુરુપ ભણી ધ્યાનથી જોયું.

"થોડા દિવસ જેલમાં રાખવો જોઈતો હતો."

"કુરુપને કોઈ સંતાન નથી, નહીં?"

"ના, કેમ, તમને ખબર નથી?"

"હોત તો મારી પાસે આવી વાત ન કરત...."

"એટલે...."

"પિતા માટે બધા પુત્રો સમાન હોય છે. કદાચ લંગડા બકરા તરફ વધારે પ્રેમ હોય છે. ઈશ્વરે જેમ કહ્યું છે કે સો બકરાંવાળો ભરવાડ એક બકરાને ન જુએ તો બાકીનાં નવ્વાણુંને રણમાં છોડી ખોવાયેલા બકરાની શોધ કરે છે. પિતા પોતાના પુત્રને દોષી ઠરાવી શકતો નથી, કુરુપભાઈ! એ દુશ્ચરિત્ર હોય, શરાબી હોય, બધું હોય પણ છેવટ તે પુત્ર તો છે જ. ક્યારેક કહે છે – અરેરે, તું મારો દીકરો ન હોત તો કેટલું સારું હતું! ખોટી વાત. ઉડાઉ દીકરો પાછો આવતાં ખુશ થનાર પિતા માટે પ્રભુએ એક ઉપમા આપી છે. ઝઘડો કરીને નાનો દીકરો ઘરનો ભાગ લઈને પરદેશ ગયો. મોટા પુત્રે પિતાની સાથે રહીને કુટુંબની સેવા કરી. પિતાની ચાકરી કરી. થોડા દિવસો વીત્યા પછી પોતાનું બધું ધન ઉડાવી દઈને નિરાશ અને અપમાનિત નાનો પુત્ર પાછો આવ્યો. એણે કહ્યું: 'પિતા, મેં તમારા પ્રત્યે અને સ્વર્ગ પ્રત્યે અપરાધ કર્યો છે. હવે હું 'પુત્ર' નામને યોગ્ય નથી. તમારા મજદૂરોમાં મને પણ જગ્યા આપજો.'

"એનો પિતા દોડીને એની પાસે ગયો, એને ચૂમ્યો. ઊંચા પ્રકારનો ઝભ્ભો લાવીને એને પહેરાવ્યો. પાળેલું વાછરડું કપાવ્યું."

"પિતાનું દિલ આવું હોય છે, કુરુપભાઈ!"

કુરુપ ફિક્કું હસ્યો. "ના, ના, બધી વાતોની મને પણ ખબર છે. પણ કુટુંબની આબરૂ. . . ."

દીનામ્મા આવી ગઈ. એના મોં પર કોઈ માઠી ઘટના બન્યાની વ્યાકુળતા હતી. તે ચેન્નિત્તલાથી આવી રહી હતી. "બાપુજી!"

"હું!"

"સાંભળ્યું કે?"

"શું?"

"ઓલ્લુપરંપની કુટ્ટિયામ્મા કાલે સ્કૂલે ગઈ પછી પાછી આવી જ નથી."

"સ્કૂલેથી પાછી નથી આવી?"

"ના."

"ક્યાં છે? અરે – એ તો આવશે."

"હા, હા, ગામમાં લોકો કહે છે કે સહ-અધ્યાપક સાથે ભાગી ગઈ. એમ પણ કહે છે કે રજિસ્ટર લગ્ન કર્યાં છે."

કુરુપે પૂછ્યું : "કુટ્ટિયામ્મા એટલે કીવરીતમાપ્પિલાની દીકરી ને?"

દીનામ્માએ બેદરકારીથી કહ્યું : "હા, હા."

કુંયેનાચ્ચને કહ્યું : "એ એક કૅથલિક છે."

"તમને ખબર છે?"

"જોયા નથી. બીજવર છે. પહેલી પત્નીથી કોઈ બાળક નથી."

"તમને આ બધી વાતોની કેમ ખબર પડી?"

"કેમ ખબર પડી?"

"હા."

"એણે મને બધું જ કહ્યું છે, દીકરી. એમ પણ કહ્યું કે એ બોલાવશે તો હું જઈશ એમની સાથે."

"હે મુક્તિદાતા! તો તમે આ વાત કોઈને કહી કેમ નહીં?"

"કોને કહેવું? શું કહેવું? છોકરી ઉંમરલાયક થઈ જાય ત્યારે લગ્ન કરાવી દેવાં એ બાપની ફરજ છે. ખરુંને કુરુપભાઈ?"

"હા, હા, અમારા સમાજમાં છોકરી માગવામાં આવે છે. આપવી ન આપવી એ કન્યાના ઘરના લોકો પર આધાર રાખે છે."

"હા, અહીં પણ ઘણાં કહેણ આવ્યાં હતાં. પણ કોઈને પાસે ફરકવા દે તો ને! પૂછીએ તો કહે : જોઈશું બાપા, વિચાર કરીશું. ક્યારે વિચાર કરશે? કોણ

જાણે! કદાચ આ રીતે જ આવે. જવા દો. એક પુરુષની સાથે ગઈ છે ને? તે એને સાચવશે."

દીનામ્મા બોલી : "આંખ મીંચતાં સુધીમાં આમને શું શું જોવું પડશે! મને તો કાંઈ સમજાતું નથી!"

"બધું જોવું પડશે. નેવું વરસથી હું શું શું જોતો આવ્યો છું! સહન કરતો આવ્યો છું! પત્ની ચાલી ગઈ. લાડલી દીકરી ચાલી ગઈ. આધારસ્તંભ બનેલો મોટો દીકરો પણ ગયો. પાંખ કપાયેલા પંખીની જેમ, પાણીથી ચારે તરફ ઘેરાયેલા ટાપુની જેમ બધું જોતો-સાંભળતો શરણ વગરનો હું બેઠો છું. દેવા-લેવાવાળો ઉપર બેઠો છે. નીતિમાન અય્યૂબે પૂછયું હતું કે –

"નિર્જન દેશ અને જંગલમાં, જયાં કોઈ માણસનો રહેવાસ નથી, ત્યાં વાદળ વરસાવીને ઉજ્જડ ધરતીને પણ કોણ સીંચીને હરિયાળું ઘાસ ઉગાડે છે? કોના ગર્ભમાંથી બરફ નીકળે છે ને આકાશમાંથી પડેલા હિમને કોણ ઉત્પન્ન કરે છે? આપણે કાંઈ જાણતા નથી, કુરુપભાઈ!"

"બરોબર છે. આપણે તો ઘાસ અને જંતુ જેવાં છીએ. બધો પરમ શક્તિનો જ મહિમા છે. બધાનો નાશ કરનાર મૃત્યુ અને ભાવિ જીવોનો ઉદ્ભવ – બધું જ જગદીશ્વર પોતે જ છે –

> મૃત્યુ: સર્વહરશ્ચાહમુદ્ભવશ્ચ ભવિષ્યતામ્
> કીર્તિ: શ્રી વાક્ ચ નારીણામ્ સ્મૃતિર્મેધા ધૃતિ: ક્ષમા
> બૃહત્સામ તથા સામ્નામ્ ગાયત્રી છન્દસામહમ્
> માસાનાં માર્ગશીર્ષોऽહમ્ ઋતૂનાં કુસુમાકર: "

"દાઊદે પોતાના પ્રાયશ્ચિત્તની પ્રાર્થનામાં નિવેદન કર્યું છે – હે ઈશ્વર, યહોવા, તું સહુથી મહાન છે. તેં વૈભવ, મહત્ત્વ અને ઐશ્વર્યનાં વસ્ત્રો પહેર્યાં છે. તું અજવાળાને ચાદરની જેમ ઓઢી રહે છે. આકાશને તંબૂની જેમ તાણે છે. . . ."

"બાપા!"

"કોણ?"

કીવરીત બાપાનું મોં જોતો ખાટલાની પાસે ઊભો રહ્યો.

કુરુપને લાગ્યું કે પોતે હવે અહીં વધારાનો માણસ છે. ચાલ્યા જવાનું નક્કી કરીને બોલ્યો : "હું જાઉં છું, કુંયેનામાપ્પિલા!"

કોઈએ જવાબ આપ્યો નહીં. કુરુપે ચાલવા માંડયું. દીનામ્મા બારણા પાસે આવી. કીવરીતે પૂછયું : "બાપાએ સાંભળ્યું નથી?"

કુંયેનાચ્ચને કશું કહ્યું નહીં.

"છોકરી કાલે સવારે સ્કૂલે ગઈ ત્યાર પછી હજી સુધી આવી જ નથી, બાપા!"

"હં."

"શું કરું હવે?"

"હેં?"

"હું શું કરું?"

"આ બધું પહેલાં વિચારવું જોઈતું હતું. મેં તને કેટલી વાર કહ્યું કે એ છોકરીને ગળે મંગળસૂત્ર બાંધીને વિદાય કર. પણ જ્યારે કહેતો ત્યારે તું મારા પર તૂટી પડતો હતો."

દીનામ્માએ કહ્યું: "હવે અત્યારે એ બધી વાતો શું કામ કરવી, બાપુજી?"

"તો પછી ક્યારે કરવી? જે કાંઈ કરવું હોય તે સમયસર કરવું સારું."

"બાપાની નજરે વાંક મારો જ છે, એમ જ ને? છોકરા તરફ માયામમતા વગરનો. મને થયું, મારે માટે એ એક આશરો રહેશે. આટલી અમથી વાત છે. ભૂખ્યા રહીને પણ હું એના પગારનો એક ભાગ બચાવીને ચિટના પૈસા જમા કરતો હતો. એના પૈસા લઈને એને વિદાય કરવાનું વિચાર્યું હતું."

"નોટુપુઝા કે એની આસપાસના પેલા માસ્તરે શું ગોપાલન નાયર માસ્તર દ્વારા તને કહેવડાવેલું કે તેની સાથે તે લગ્ન કરવા ઇચ્છે છે? કહ્યું ત્યારે તેં એને ફિટકાર દીધેલો, ખરું ને?"

"બીજવર છે, કૅથલિક છે. શું આપણને લાયક છે?"

"અરે, તો પછી એ વાત શિષ્ટતાથી કહેવી જોઈતી હતી. તને હજી સુધી શિષ્ટતાથી વાત કરતાં આવડ્યું નથી. દીકરીઓને ઘેર બાંધી રાખી મૂકીશ એવા વિચાર ન કરતો. દીકરાઓ પણ મોટા થઈ જાય તો તેમને 'તમે' કહીને બોલાવવા જોઈશે. શું દીકરો, શું પત્ની, શું પિતા—વાત કરતાં એકાએક તૂટી પડે છે!"

કીવરીત માથું નમાવીને ઊભો રહ્યો.

"એની નાની બહેનોને બબ્બે-ત્રણ-ત્રણ બાળકો થઈ ગયાં. બધાંને ધણી છે. માત્ર તે જ એકલી રહી. તારી આંખો મીંચાઈ જાય તે દિવસે એનું કોણ? જરા વિચાર કર."

દીનામ્માને મનમાં થયું કે બાપુજીની વાત સાવ સાચી છે. કુટ્ટિયામ્માએ એને એક દિવસ કહ્યું પણ હતું. સૌથી નાની બહેન લીલામ્માનાં લગ્ન થયાં હતાં. પહેલી વાર પતિ સાથે આવી હતી. બીજી બહેનો અને એના પતિઓ

પણ હતા. બધાં લોકોને સરખી રીતે સૂવાની પણ સગવડ નહોતી. જેટલી જગ્યા મળી શકે એમ હતી તે વહેંચી લીધી. છેવટ કુટ્ટિયમ્માને રસોડામાં જગ્યા મળી. વહેલી સવારે એણે કૉફી બનાવી. કીવરીતને ઊઠતાંવેંત કૉફી પીવાની આદત છે. કૉફી લઈને વરંડામાં આવી તો શું જોયું? એનાથી દસ વરસ નાની બહેન વરંડાના ખાટલા પર ઉઘાડી પડી નસકોરાં બોલાવતી ઊંઘે છે. સાથે સૂતેલા પુરુષની પણ એ જ સ્થિતિ હતી. ઊભી ઊભી ઓગળી ગઈ. શું કરવું? કોને ક્હેવું? બારણાની આડશે ઊભા રહીને સાદ દીધો. પણ સાંભળે તો ને! ક્યાંક કીવરીત કે માએ જોઈ લીધાં તો? પછી જે થાય તે એમ વિચારી ખાટલા પાસે ગઈ અને પગમાં એક ચૂંટી ખણી...

કીવરીતે કહ્યું: "મારી બધી ભૂલો માટે પ્રભુ મને સજા કરે! હવે શું કરું? એના રસ્તે એને છોડી દઉં?"

આ શબ્દ સાંભળતાં માત્તુક્કુટ્ટિ આવ્યો. એણે કહ્યું: "મુકદ્દમો માંડવો પડશે. આમાં ઝાઝું વળી વિચારવાનું શું? અને કોઈના પર આરોપ મૂકવાથી કશો લાભ નથી. કીવરીતભાઈ અને ભાભી જ જવાબદાર છે. છોકરીઓને ભોજન આપવા સાથે શિસ્તની કેળવણી પણ આપવી જોઈએ. જે છોકરી નાલાયક નીકળે એના ટાંટિયા તોડી ઓરડામાં પૂરી તાળું વાસી દેવું જોઈએ. આખા ગામને ગંદું કર્યું ને?"

માત્તુક્કુટ્ટિની સાથે કુંચપ્પિ પણ હતો. "મુકદ્દમો શાનો? ઉંમરલાયક છોકરી પોતાની પસંદગીના માણસ સાથે ગઈ હોય તો એમાં મુકદ્દમો નકામો છે. એક રજિસ્ટ્રાર પાસે જઈને, તે લોકો હમેશાં પતિ-પત્ની તરીકે રહી શકે છે."

"મુકદ્દમો નહીં હોય તો ઘડી કાઢવો પડશે. છોકરીના ગળાનો પાંચ-છ ગિનીનો હાર ચોર્યો. પરાણે એને ઉઠાવી ગયો તો?"

કુંચપ્પિએ શાંતિથી કહ્યું: "હા, હા, પરાણે ઉઠાવી જવાની વાત છોકરીએ પણ કોર્ટમાં ક્હેવી પડશે. એ કાંઈ નાની કીકી તો નથી!"

"નહીં માને તો મનાવીશું. તું એની ચિંતા ન કર. ઉમ્મન વકીલ પાસે સલાહ લઈને આવ્યો છું. એને માટે કાયદા-કાનૂન છે. સાક્ષીઓની વ્યવસ્થા હું કરી લઈશ."

"જૂઠો મુકદ્દમો ચલાવવાનો પ્રયત્ન શું કામ કરવો, કાકા?"

"કેમ, ગામમાં માથું ઊંચું લઈને ફરવું નથી? હજુ ચોકમાં લોકો ગાય છે. આબરૂ ન હોય તો જીવતા રહેવાથી શું?"

કુંયેનાચ્ચને કહ્યું : "કોર્ટ-મુકદ્દમા માટે ઘણા બધા પૈસા જોઈએ. એના હાથમાં કંઈ છે કે?"

"ન હોય તો ભીખ માગે. પૈસા નથી."

કુંયપ્પિએ સમજાવવાનો પ્રયત્ન કર્યા કર્યો : "સમજ્યા-વિચાર્યા વિના કંઈ કરી નાખવામાં ફાયદો નથી, કાકા! જે થયું તે થઈ ગયું."

"તું ચૂપ રહે, કુંયપ્પિ! મારું તો લોહી ઊકળી ઊઠ્યું છે. મારા ઘરની સ્ત્રીઓ આવું કરે તો ગમે ત્યાંથી એમને ઘસડી લાવું અને આ વરંડામાં જ છરી હુલાવી દઉં, હા!"

ચુપકીદી. દીનામ્મા હાથમાં હડપચી ટેકવી ઉંબરા પર ઊભી છે. કુંયેનાચ્ચન ઊઠીને બેઠા થયા છે. ખાટલા પાસે હથેળીમાં મેં સંતાડી કીવરીત બેઠો છે.

"કીવરીતભાઈ, કેમ ચુપ છે?"

"મુકદ્દમો કરવો હોય તો કરીએ."

"કરવો છે? કોને માટે? મારે માટે ન કરતા."

"ફક્ત તારે માટે નહીં. તારા મોટા ભાઈ ફિલિપ્પોસે ચોકમાં જ મને એવો ધમકાવ્યો! ખાલી મારવાનું બાકી રહેલું. તેં કહ્યું તેમ તે પણ કહે છે કે લોકો આગળ નીકળવાનું મુશ્કેલ થઈ ગયું છે. તો બોલો, શું કરવું છે? એ પ્રમાણે કરીશ. હું કમજોર અને નિરાશ્રિત થઈ ગયો છું. મને આધાર આપવા કોઈ ઉંમરલાયક માણસ રહ્યું નહીં."

કુંયેનાચ્ચને કહ્યું : "વાહ! એની ઈજ્જત! પોતાના જેવડો છોકરો છે ને નોકરાણીને રખાત બનાવી છે. એનો છોકરો શરમને લઈને શું ગામ નથી છોડી ગયો?"

દીનામ્મા ઠપકો આપતી હોય એમ બોલી : "છાના રહો. કોઈએ એ વાત શું પૂછી હતી? આ દિવસોમાં બાપુજી, તમને યાદ નથી રહેતું કે શું કહેવું જોઈએ, શું ન કહેવું જોઈએ."

"આવું સાંભળું પછી જવાબ દીધા વિના કેમ રહેવાય?"

"હા, મોટાં કામોની વચ્ચે નાની વાતો," માત્તુક્કુટ્ટિએ કહ્યું. કુંયેપ્પિએ આગળ કહ્યું : "દાદાજી ખરી વાત કહે છે. આ જવા દો. પણ કુંચુચેરુક્કન કાકાના દીકરાને ચોરી માટે થઈને પોલીસ લઈ ગઈ. એ શું આબરૂવાળી વાત હતી?"

"અરે, એ તો ઠીક છે. પણ ઘરની સ્ત્રીઓની ખરાબ ચાલચલગત તો એવી બેઈજ્જતી છે કે સહન ન થાય. તું સવારથી સાંજ સુધી ઑફિસમાં ભરાઈ રહે છે. હું મોડે સુધી ફરનારો માણસ છું."

એ લોકો આ વાત કરતા જ હતા ત્યાં એક ટૅક્સી ફાટક પાસે આવીને ઊભી રહી. ટૅક્સીનું બારણું ઉઘાડી બે જણ બહાર નીકળ્યા. બધાં દંગ થઈ ગયાં. કુટ્ટિયામ્મા અને નોટપુઆવાળા તોમસ માસ્ટર!

કીવરીત ઊઠયો. દીનામ્મા અને કુંયેપ્પિપએ એકબીજાની આંખોમાં જોયું. માત્તુક્કુટ્ટિએ કીવરીત ભણી જોયું. કોને ખબર કયાંથી એક એક કરીને આંગણામાં વીસ-ત્રીસ માણસો જમા થઈ ગયા. જોખમના ખ્યાલથી ડરતી કુટ્ટિયામ્મા એક એક પગલું સંભાળતી ઘરમાં પ્રવેશી, પાછળ તોમસ માસ્ટર પણ હતા. કોઈ કશું બોલ્યું નહીં. કુટ્ટિયામ્મા કુંયેનાચ્ચનના ખાટલા પાસે આવીને ઊભી રહી અને ભયભીત નજરે બધાંનાં મોં તરફ તેણે જોયું. હત્યારાને જોઈ રહેલી આંખો. કુટ્ટિયામ્મા કીવરીતના પગને વળગીને રડી પડી.

"મારાથી આ સહેવાતું નથી, બાપા! નથી સહેવાતું. . ."

કીવરીતે ચુપચાપ દીકરીને ઊભી કરી.

માત્તુક્કુટ્ટિ તોમસ માસ્તર પાસે જઈને બોલ્યો: "તમે ખાનદાન ઘરના માણસને લાયક કામ કર્યું છે? કોણે તમને આ ફળિયામાં પગ મૂકવાની રજા આપી? નીકળો બહાર. . ."

કુંયપ્પિપએ આગળ આવીને કહ્યું: "કંઈ બોલતા નહીં કાકા, એક હરફ પણ કાઢતા નહીં."

તોમસ માસ્તરે કહ્યું: "ગાળ દેવી હોય તો ગાળ દો, મારવો હોય તો મારો. હું કુટ્ટિયામ્મા માટે બધું સહન કરી લેવાની તૈયારી કરીને આવ્યો છું. સ્કૂલેથી કુટ્ટિયામ્માને હું ઘેર લઈ ગયો એ વાત સાચી છે. મારી માંદી માને દેખાડવા માટે લઈ ગયો હતો. બીજો કશો અવિવેક કર્યો નથી. પણ એક વાત છે. અમે સાથે જીવવાનું નક્કી કર્યું છે. એ માટે અનુમતિ આપવાનો અમારા પર અનુગ્રહ કરો."

લાંબી વાર સુધી ચુપકીદી છવાઈ રહી. વેદનાથી શ્વાસ ગૂંગળાતો હતો. કેટલીયે વાર પછી કીવરીતે કહ્યું: "બાપા પાસે માફી માગ, છોકરી!"

કુટ્ટિયામ્મા ઘૂંટણભેર બેઠો. દાદાજીના ચરણ ચૂમ્યા. એ ચરણોને એણે આંસુથી ભીંજવી દીધા. પછી મોં ઊંચું કરી દાદાજી ભણી જોયું. મારા અંતરતમ મનને દાદાજી સૌથી વધારે ઓળખે છે. મેં અપરાધ નથી કર્યો. ઊડતાં ઊડતાં થાકી ગઈ હતી. પાછા વળતાં કયાંક સૂઈને જરા આંખ મીંચવા માટે એક માળો શોધવા ગઈ હતી. ન શોધું તો રસ્તા પર જ

સળગીને ખાખ ન થઈ જાત? એના દુ:ખભર્યા વદન પર આવા અનેક ભાવ આલેખાયેલા હતા. કુંયેનાચ્ચને એ વાંચી લીધા અને કહ્યું : "કીવરીત!"

"શું બાપા?"

"સગાંવહાલાં ને મિત્રો-સંબંધીઓને બોલાવી આ છોકરીને આ માસ્ટર સાથે સન્માનપૂર્વક વળાવ."

માત્તુક્કુટ્ટિએ વ્યંગભર્યા શબ્દોમાં કહ્યું : "હવે વળાવવાનું શું બાકી રહ્યું છે? એ તો જઈને જ આવ્યાં છે ને?"

"ચૂપ રહે, બદતમીજ! દીકરી, તું ઘેર જા."

પિતાની સાથે કુટ્ટિયામ્મા ગઈ. ટૅક્સીમાં તોમસ માસ્તર પાછા ગયા. ધીરે ધીરે ભીડ પણ વિખરાઈ ગઈ. કુંયેનાચ્ચન એમ ને એમ બેસી રહ્યા. મન પર બહુ વજન લાગતું હતું. જાણે કોઈ ભારે વસ્તુ તેના પર મૂકી હોય!

"દીકરી, થોડી કાંજી આપજે."

"દવા સાથે લેવા માટે?"

"હં."

એક ગોળી ગળીને થોડી કાંજી પીધી. આરામ મળ્યો. થોડી વારે નસો પરની તાણ ઓછી થઈ. અંદરનો ભાગ ઓગળતો જાય છે. વીતી ગયેલાં દૃશ્યો ઘણાં સ્પષ્ટ દેખાય છે. ભયભીત થઈને શરણ માગવા આવેલી દૃષ્ટિ . . . જે હોય તે, પણ આ જરાક વધારે પડતું થયું, બેટી! . . . ભવિષ્યમાં આ તને નુકસાન કરશે. તારા દીકરાઓને નુકસાન કરશે. પડોશનો મરઘો દાણા ખાઈ જાય ત્યારે પડોશણ સાથે તારે ઝઘડો થશે. તેવે વખતે એ કહેશે : "હું ચાર લોકોના આશીર્વાદ લઈને કોઈનું ઘર માંડવા આવી છું, કોઈની સાથે ભાગીને નથી આવી."

તારી દીકરી ઉંમરલાયક થયા પછી કોઈની સામે જોઈને હસી પડે તો કોઈ કૂથલીખોર સ્ત્રી કહેશે : "કેવી માની દીકરી છે એ પહેલાં સમજી લો!"

તારી દીકરીઓનાં માગાંની વાત આવશે ત્યારે પણ કોઈ આ કલંક ભણી ઈશારો કરશે. તેં મનમાં મનમાં કેટલી તકલીફ ભોગવી હતી એ વિશે કોઈ નહીં વિચારે. કોઈ એ વાત યાદ નહીં રાખે કે તું એક જ પુરુષની રહી હતી અને તું શુદ્ધ અને પવિત્ર છે. દુનિયાની આ જ રીત છે. કહેવા દો. તારો અંતરાત્મા સ્વચ્છ હોય તો એટલું પૂરતું છે. અને વળી જીવનમાં કોઈક ને કોઈક ટીલી જેને ન લાગી હોય એવું તો કોણ હશે?

બિચારા કીવરીતે આટલી હદ સુધી વિચાર્યું નહોતું. એ વાત ખરી છે કે કોઈ દીકરાના ખભે તે પોતાનો બોજો હળવો કરી શકયો નહોતો. બાકીના ચારેયને જુવાનીમાં દીકરા મળ્યા—માત્ર એને ત્યાં જ દીકરી જન્મી.

"ઈશ્વરની ઇચ્છા છે, રે!"

રૂ જેવી સફેદ દાઢી અને મૂછને સરખી કરતો એક વૃદ્ધ સામે ઊભો છે. હસે છે. સાંકોચ વગર બાજુમાં પડેલી ખુરસી પર બેસે છે.

"મારે બાર બાળકો છે."

"બાર?"

"હા, તને તો ખબર છે. સૌથી મોટો રૂબેન. સૌથી નાનો બૅન્જામીન."

કુંયેનાચ્ચને હથેળીથી મોં ઢાંકયું. ઊભા ઊભા પૂછયું : "તો એ બારેય ઇઝ-રાયલીઓના પિતા યાકૂબ છે?"

"હા, હા."

"આપ કયાંથી પધાર્યા છો?"

"તારી ખબર કાઢવા આવ્યો છું. તું વૃદ્ધ, અશક્ત છે અને છોકરા તથા છોકરાના છોકરા પાછળ જીવ બાળે છે એ જોઈને આવ્યો છું."

"છોકરાઓમાંથી દરેકને અલગ અલગ પ્રકારનું દુ:ખ છે, પિતા!"

"તો તું શું કરી શકે? તું ખાલી હાથે લડાઈના મેદાન પર આવેલો ને? તેં દુશ્મનના હાથમાંથી ભાલા-તલવાર છીનવીને યુદ્ધ કર્યું. જીવલેણ પ્રહારો ખમવા છતાં પડયા વિના લડાઈ કરી. હવે તારાં છોકરાં લડશે. તાકાતવાન હશે તે ટકી રહેશે. નહીં હોય તો પડશે. એમાં તને શું?"

"જી."

"ઉત્પત્તિગ્રંથ—ઓગણપચાસમો ગ્રંથ તેં શું નથી વાંચ્યો? મારાં બાર સંતાનો બાર પ્રકારનાં હતાં. સૌથી મોટો રૂબેન મારી શક્તિનું પ્રથમ ફળ હતો. પણ એણે મારા બિછાના પર ચડી એને અપવિત્ર કરી મૂકયું. વાત ખબર છે ને?"

"હા, ખબર છે."

"બીજો શિમઓન અને ત્રીજો લેવી. ખૂબ હિંમતવાળા અને આંખ મીંચીને કામમાં ઝંપલાવી દેનારા હતા. ચોથો યહૂદા. બાલસિંહ હતો એને મેં રાજદંડ અને રાજચિહ્ન સોંપ્યાં. સેબલૂન વહાણનો ખલાસી હતો. ચિસ્સાખાન ખૂબ બળવાન હતો, જેસિન ગધેડા જેવો. અક્કલ નહોતી પણ કામ ખૂબ કરતો હતો. દાન ઈમાનદાર હતો. લૂંટારુઓની ટોળીએ ગાદોને ખૂબ કચડી નાખ્યો

હતો. આશેર રાજકીય વૈભવને અનુરૂપ સ્વાદિષ્ટ ભોજન કરતો હતો. આમ, બારેય જણ પોતપોતાની રુચિ અને શક્તિ અનુસાર જીવ્યા. ગોત્રોની સ્થાપના કરી. એમનાં વૃદ્ધિ અને વિકાસ થતાં ગયાં."

"આ બધી વાતો હું જાણું છું."

"હા, તો તૈયાર રહે. હવે સંસાર સાથે તારે શું લેવાદેવા?"

"તૈયાર છું."

રૂ જેવાં સફેદ થઈ ગયેલાં દાઢી-મૂછ પંપાળતાં તે હસ્યા. જાણે કહેતા હોય – મૂર્ખા, તું ક્યાં તૈયાર છે? મને છેતરવા માગે છે?

"અરે આ કોણ, કોઈ પુરોહિત આવે છે."

"મારા સાળાનો દીકરો છે. પણ નીચ છે. પુરોહિતનાં પવિત્ર વસ્ત્રોને કલંકિત કર્યાં છે. વિધવા સાથે આડો સંબંધ રાખી છોકરીને જન્મ આપ્યો છે."

"અચ્છા! તો એને અહીં કેમ આવવા દીધો?"

"જતો રહે આખલા! પાદરી! કીવરીત, કુંયુચેરુક્કન. . . બધા આવો. . . . આ બદમાશને પકડીને બાંધો. . . મેલોઝત્તિલ કુંયુનૈનાના. . . ."

ફાધરના મુખમંડળ પર એ જ સહજ વ્યંગપૂર્ણ હાસ્ય. એ જોઈને ક્રોધ ભભૂકી ઊઠયો. હાથ લાંબો કરી ગાલ પર તમાચો જડી દીધો—

"હાય!"

દીનામ્મા ને શાંતમ્મા દોડી આવ્યાં. ખાટલા નીચે પડવા જતા હતા. ખાટલો પકડીને ઊંધા પડયા હતા. બન્ને પગ જમીન પર. . .

પકડીને ખાટલા પર સુવડાવ્યા.

"બાપુજી, આ શું કરો છો?"

"... ..."

"દાદાજી!"

"હેં?"

"સપનું આવ્યું?"

"ના, ના, કાર્તિકપ્પલીના પાદરી અહીં આવીને ગયા?"

દીનામ્માએ કહ્યું : "અહીં કોઈ પાદરી કે સહાયક આવ્યા નથી!"

દસ

માત્તુક્કુટ્ટિએ દીનામ્માના વાળ જોરથી મુઠ્ઠીમાં પકડયા હતા: "હરામજાદી! બોલ, મારી જાણ બહાર કોઈની પાસેથી પૈસા કેમ લીધા?"

અચકાયા વિના દીનામ્માએ કહ્યું: "મેં કોઈની પાસેથી પૈસા લીધા નથી."

"તો તારી કપડાંની પેટીમાં પૈસા આવ્યા કયાંથી?"

"મેં કહ્યું ને કે બાપુજીએ લીધા ને એમણે જ રાખવા આપ્યા."

"તો હું આવ્યો ત્યારે મને કેમ કહ્યું નહીં?"

હવે દીનામ્મા પાસે જવાબ નહોતો. આવી પરિસ્થિતિ આવશે એવો એને ખ્યાલ નહોતો. પૈસાની તંગી પડે ત્યારે મોટી રકમ પેટીમાંથી કાઢી, દેખાડીને ચકિત કરી દેવાનો ખ્યાલ હતો....

માત્તુક્કુટ્ટિ ગુસ્સાથી કંપતો હતો. આથી વધારે બેઇજ્જતી વળી કઈ? એવો ગુસ્સો આવ્યો કે જાણે ડોક મરડી નાખું! કુંયેનાચ્ચન ભયભીત થઈ ગયા. ખાટલા પર બેઠા થયા. ઘણી વાતો કરી. દુ:ખ ગાયું. બબડાટ કર્યો. "વહુની ભૂલ નથી રે! એને વઢીશ નહીં."

"ચૂપ રહો... મારા... નેવું વરસના થયા તોય હજી ભાન નથી! બેભાન છો કે શું?... રે, મારા સવાલનો જવાબ આપ!"

વાત એટલી વધી ગઈ કે હમણાં થપ્પડ પડશે એમ લાગ્યું. બારણાની આડશમાં ઊભેલી શાંતમ્મા આગળ આવી અને દૃઢ સ્વરમાં કહ્યું: "એમને શું કરવા મારો છો, કાકા? રૂપિયા લેવા-દેવાની બાબત મેં જોઈ હતી. કલ્લુ-વિલાના દાનિક્કુટ્ટિભાઈએ બાપુજીને રૂપિયા આપ્યા. કાકીએ એ પૈસા પેટીમાં સાચવીને મૂકયા. બસ, આટલી જ વાત છે."

માત્તુક્કુટ્ટિનો હાથ અટકી ગયો. આજ સુધી જે છોકરીએ આંખ ઊંચકીને સીધું જોયું નથી, જેણે મોટેથી વાત કરી નથી, એ...

"અરે પણ તો મને વાત ન કરવી જોઈએ?"

"ન કહેવાની ભૂલ જરૂર કરી હતી. બહુ જરૂર પડે ત્યારે આપવા માટે સાચવી રાખ્યા હતા."

માત્તુક્કુટ્ટિએ વાળ છોડયા. પાછો વળીને ચાર ડગલાં ચાલ્યો. બીજું કરે પણ શું? અત્યાર સુધીમાં એણે પત્નીના શરીરને આંગળીયે અડાડી નથી. કપરામાં કપરી મુશ્કેલી વખતે પણ પૈસાની વાતને લઈને ઝઘડો કર્યો નથી. ઘરની બાબતોની આખીયે વ્યવસ્થા લગભગ તે જ કરતી હતી. પણ આટલી બેવકૂફી કરે ત્યારે?

કુંયેનાચ્ચને કહ્યું : "તો હું શું કરું, કહે જોઉં? છોકરાં ચાર પૈસા આપે તો તે લઈને મારે માટે ખર્ચ ન કરી શકું?"

"જરૂર કરી શકો. પણ એવા લોકો પાસેથી જ લેવા જોઈએ. એણે નાકા પર કરેલી એ ગંદી વાતો બાપાએ સાંભળી હતી કે? કહેતા હતા કે અત્યાર સુધી આપણે એના ચિરંજીવીના પૈસા ઝૂંટવી લેતા રહ્યા છીએ. આ જેવો-તેવો આરોપ છે?"

"એની જીભમાં તો હાડકું જ નથી. મા-બાપ માટે પ્રેમ નથી."

"એ બધી વાતો અહીં બેઠા બેઠા કહેજો. સારું. છોકરાએ આપ્યા. તમે લીધા. તો પાછા શું કરવા આપ્યા?"

"મારા કહેવાથી, પોલીસ જયારે એને પકડીને લઈ ગઈ ત્યારે કુંયુચેક્કન આ વરંડામાં ઊંધો પડીને ખૂબ રડતો હતો. એનું દુ:ખ જોઈને રહેવાયું નહીં. મનમાં દયા આવી ગઈ. એટલે આપી દીધા."

"બાપાની દયાળુતાને લીધે જ આ બધાંની આ દશા થઈ છે." દીનામ્મા બોલી : "કંઈ નહીં. મારું જ કરમ ફૂટેલું છે. બધી તકલીફો વેઠી એની મજૂરી મળી રહી છે!"

"મારું જ ભાગ્ય અવળું છે, દીકરી! ગુનેગાર તો હું છું કે દિવસ-રાત આ ઘરનું કામકાજ સંભાળનાર તારા જેવી વહુ પર આ બદનામી આવી પડી! પરમાત્મા મારાં પાપોની મને શિક્ષા દઈ રહ્યા છે. અય્યૂબે વિલાપ કર્યો હતો ને — કે મારો વૈભવ એમણે લઈ લીધો છે અને મારા માથા પરથી મુગટ ઉતારી લીધો છે. મારો આશરો એણે વૃક્ષની માફક ઉખાડી નાખ્યો છે. મારા વહાલા દોસ્તો અજાણ્યા બની ગયા છે. મારા ઘરમાં રહેતા લોકોની નજરમાં હું પરદેશી બની ગયો છું."

"બાપુજી, છાના રહો."

માની વઢ સાંભળી ચમકી ઊઠેલા બાળકની જેમ કુંયેનાચ્ચન તરત ચૂપ થઈ ગયા. સંકોચાયેલી દૃષ્ટિએ ચારે તરફ જોયું. માત્તુક્કુટ્ટિએ કહેલું એમ, પોતે શું બેસૂધ છે? પોતાનું મનોબળ શું તૂટી ગયું છે? પોતે શું એવા અનાથ થઈ ગયા છે કે સરકારી જમીનની જેમ કોઈ પોતાનો કબજો લઈ લે? પોતાના જ તંબૂમાં પોતાના દુશ્મનો છળકપટ રમી રહ્યા છે. . . .

"આગળ ઉપર હવે કોઈ મારી જાણ વિના આ ફળિયામાં પગ પણ ન મૂકે, કહી દઉં છું."

માત્તુક્કુટ્ટિ બહાર ચાલ્યો ગયો. દલીલ તો કરી હતી પણ દીનામ્માને લાગ્યું કે ભૂલ તો મારી પણ છે. જાણીજોઈને કાંઈ કર્યું નહોતું. પણ ભૂલ છેવટે ભૂલ જ કહેવાય, કોઈ મરદ માણસ એ ચલાવી ન લે. માગ્યા વગર પાંચસો રૂપિયા મળ્યા તો કુંયુચેરુક્કનને પોતાનેય થોડી નવાઈ લાગેલી. બે દિવસ પછી સ્ત્રી-સમાજમાં ગુસપુસ વાતો થવા લાગી. હજાર આપ્યા હશે. કોને ખબર છે? કેટલીયે વાર આપ્યા હશે. દીનામ્માને થયું – વાત સાવ સરળ નથી. આખી વાત કહી દેવી જોઈએ, નહીં તો મનમાં કંઈક ખૂંચ્યા કરશે. દીનામ્મા કલ્લુવિલા ઘેર ગઈ. તેને જોઈને શોશમ્માએ મોં ચડાવ્યું. મોટી દીકરી ચેલમ્માએ પણ. તે જ્યારે વાત કહેવા લાગી ત્યારે મા-દીકરીના મોં પર અવિશ્વાસ અને વ્યંગની રેખાઓ દોરાઈ.

"કાકી, અડધી રાતે દાદાજીના નામની બૂમ મારતો દાનિક્કુટ્ટિ આવ્યો. હું તો ઊંઘતી હતી. અવાજ સાંભળીને ઊઠી, અને મેં જોયું તો પહેલાં ઓળખી જ ન શકી. . . ."

ચેલ્લમ્માએ પૂછ્યું : "ઓળખવાનો પ્રશ્ન કેમ આવ્યો? કાકીએ દાનિક્કુટ્ટિ-ભાઈને જોયા નથી?"

"મારી ચેલ્લમ્મા, ત્રણ-ચાર વર્ષ પછી એ વખતે પહેલી વાર દાનિક્કુટ્ટિને જોયો."

શોશામ્મા ઝટ દઈને બોલી: "ચૂપ રહે દીના. કહે છે કે ગઈ વખતે પણ ત્યાં આવ્યો હતો."

"કોણ, દાનિક્કુટ્ટિ !"

"ગયો તો શું થયું, મા? કંઈ પારકું ઘર છે?"

"પણ જૂઠું શું કામ બોલે છે?"

પોતાને સંભાળતી તે બોલી : "અહીં કોઈ જૂઠું બોલતું નથી. જૂઠું બોલવા પાછળ કોઈ હેતુ પણ હોવો જોઈએ ને?"

"હેતુ તો તું જાણે. સાચું કહે તો શું બધાને ખબર નહીં પડી જાય કે ઘરની અંદર બોલાવીને કેટલા પડાવ્યા હતા?"

હવે તે પોતાની જાત પર કાબૂ ન રાખી શકી : "આ તો તારો ધંધો જ છે."

"છી : જા . . . જા . . . બાપ અને ભાઈ વચ્ચેનો ફરક ન સમજનારી. . . ."

આગળ શું બોલાચાલી થઈ, યાદ નથી, ખૂબ સંભળાવ્યું. વાત આટલી વધી ગઈ હોય પછી ચૂપ કેમ રહેવાય?

ઘેર પાછી આવી ત્યારે કુંયેનાચ્ચનને પણ રોષભર્યા અવાજમાં જ બધી વાતો કહી સંભળાવી.

કુંયેનાચ્ચન આ સાંભળીને ચોંકી ઊઠ્યા. અંગેઅંગ શિથિલ થઈ ગયાં. "આ તો લાકડી આપીને માર ખાવાની વાત થઈ, દીકરી!"

"બધું સહન કરી લઈશું. સિસિલી દીકરીના બાપા આ બધું જાણશે ત્યારે ખૂન પર વાત પહોંચી જશે. આ લોકોની વચ્ચે તો નિરાંતે રહેવાનું પણ મુશ્કેલ થઈ ગયું છે. . . ."

વિચારેલું કે સાંજે મામ્મુકુટ્ટિ ઘેર આવશે ત્યારે વિસ્તારથી બધું કહી સંભળાવીશ. પણ શી રીતે કહેવું? ઘેર એક ઘડીવાર રહે તો કંઈક કહી શકાય ને? આવે ત્યારે ચાર ખુશામતિયાઓ પાછળ લાગેલા હોય છે. ગમે ત્યાં જાય, ચાર-પાંચ માણસ તો સાથે હોવાના. રાજન દીકરો કહે છે એમ, હકૂમત ચલાવતા ફરે છે. એર્નાકુલમ કે તિરુવનંતપુરમ જવાની તૈયારીમાં કપડાં બદલવા માટે જ આવે. અડધા કલાકમાં ચાલ્યા પણ જાય. એટલામાં આખીયે વાત કઈ રીતે કહેવી?

શાંતમ્માએ કહ્યું : "આને એક પાઠ ગણવો, કાકી! હવે પસ્તાવાથી કે જીવ બાળવાથી શો લાભ? ઈશ્વર બધું જાણે છે."

"તોપણ, કંઈ કર્યા-કારવ્યા વિના આ બદનામી સહેવી પડી ને, દીકરી!"

"જાણ્યા-સમજ્યા વગર, આનાથીયે આકરાં અપમાન સહેનારા લોકો પણ છે, કાકી! એ તો પોતાની ઉપર આવી પડે ત્યારે ખબર પડે."

શાંતમ્માનો આશય શું છે તે દીનામ્માને સમજાઈ ગયું, પણ તેણે કશો ઉત્તર આપ્યો નહીં. જઈને ખાટલા પર પડી રહી. ઘણું ઘણું સાંભાળીને જીવવા છતાં, અણધાર્યા વમળમાં ફસાઈ જવાતું હોય છે. દાનિકુટ્ટિના પૈસા લેતી વખતે આવા ખતરાનો સવાલ સપનામાંયે આવ્યો નહોતો. મુશ્કેલીઓનો ઉકેલ આવ્યો જાણી તે વખતે રાહત લાગેલી. તેલ, લેપ, અફીણ વગેરેના પૈસા માટે હવે કોઈને હેરાન નહીં કરવા પડે. વિચારેલું તો એવું, પણ થયું કંઈક જુદું જ.

ક્લ્લુવિલાની કાકીનો આરોપ સાંભળનારા થોડોઘણો વિશ્વાસ પણ કરશે. કહે છે કે માત્ર પાંચસો આપેલા. એના માટે સાક્ષી ક્યાં? કહે છે કે એક જ વાર આવેલો. એનો પણ પુરાવો ક્યાં છે?

શાંતમ્માએ સિસિલીને નવડાવી માત્ર એને માટે બનાવેલું જમવાનું અને કૉફી આપ્યાં. ધોયેલાં કપડાં પહેરાવી નિશાળે મોકલી. ચૂલા પર તૈયાર થઈ રહેલી કાંજી સમયસર ઉતારી લીધી. કેરીની ચટણી વાટી લીધી. પાપડ તળ્યા. દાદાજીને દાતણ-પાણી લાવી આપ્યાં. હાથનો ટેકો દઈને ઉઠાડ્યા. આટલું કર્યા પછી રોજની જેમ સાસુ પાસે જઈને બોલી : "ઊઠીને કાંજી પિવડાવો, કાકી!"

"મારાથી કંઈ થશે નહીં, દીકરી! દાદાજીને પિવડાવીને તું પણ કાંજી પી લે."

"ઊઠો કાકી, બૂઢા દાદાજીનો જીવ વધારે ન દૂભવો."

એણે હઠ પકડી એટલે પછી દીનામ્માએ ઊઠીને હાથ-મોં ધોયાં અને રસોડામાં આવી કાંજી પીરસી.

શાંતમ્મા કાંજી લઈને કુંયેનાચ્ચન પાસે ગઈ ત્યારે તે ખાટલા પર સૂતા હતા. ચહેરા પર દુ:ખનો એક ભાવ હતો. જાણે અચાનક કોઈએ થપ્પડ મારી હોય!

"દાદાજી!"

"હું."

"કાંજી પીવા ઊઠો ને!"

"એને આવવા દે."

"કોને?"

"સહુથી મોટાને. સવારથી કાંઈ ખાધાપીધા વિના ગયો છે ને?"

શાંતમ્મા તાકી રહી.

"કુંયહમ્મદ રાઉત્તાર ગઈ સોળમી તારીખે કોલ્લકટવથી પેલો ટપકીવાળો બળદ લઈ ગયો હતો. હજુ પૈસા નથી આપ્યા."

"દાદાજી!"

કેવી દીનતાભરી દૃષ્ટિ! બંધનમાં પડેલો એક અસહાય વૃદ્ધ બળદ માર પડતાં દોડવાના પ્રયત્નો કરીને હારી ગયો. જાણે સો માઈલ દોડવાના થાકોડાથી હાંફે છે! પરસેવાથી રેબઝેબ છે. શાંતમ્મા ડરી ગઈ.

"દાદાજી!"

કુંયેનાચ્ચનની આંખોમાંથી વાદળ વિના, ગગડાટ વિના પડતા વરસાદની જેમ આંસુ ઊભરાઈ આવ્યાં. એમણે આંખો બંધ કરી દીધી.

શાંતમ્માએ ચીસ પાડી : "કાકી, આ જુઓ..."

દીનામ્મા દોડી આવી : "બાપુજી!"

"દાદાજી!"

હાલતાચાલતા નથી. બેહોશી! આંખ ઉઘાડવાનો પ્રયત્ન તો કરે છે, ઉઘાડી શકતા નથી. બોલવાનો પ્રયત્ન કરે છે, બોલી શકતા નથી.

દીનામ્મા સ્વગત બોલતી હોય તેમ બોલી: 'હે પિતા! આ કેવી શિક્ષા કરી છે!'

ઘણી વારે કુંયેનાચ્ચને આંખો ખોલી – જાણે હમણાં જ ઊંઘ ઊડી હોય.

"દાદાજી, તબિયત સારી નથી?"

"ના રે, કંઈ નથી."

"કંઈ નથી? યાદ છે, શું શું બોલતા હતા?"

"હા."

"આ તકલીફોથી ધરાયા નથી કે દાદાજી પોતાની તરફથી વધુ હેરાનગતિ ઊભી કરે છે?"

"... ..."

"કાંજી લાવું?"

"લાવ."

ઉત્સાહથી કાંજી પીવા માંડી, પણ ચાર ચમચા પીતાં જ પેટ ભરાઈ ગયું. પછી પરસેવો છૂટયો. થાકીને ખાટલા પર સૂઈ ગયા.

દીનામ્મા અને શાંતમ્મા કુંયેનાચ્ચનને લીલી ચાદર ઓઢાડીને રસોડામાં ગયાં. દીનામ્મા બોલી : "મન પર ભાર ખૂબ વધી ગયો. હવે સહન કરવાની શક્તિ રહી નથી."

બપોરનો વખત. શિવરામકુરુપ કુંયેનાચ્ચન સાથે વાતો કરતો હતો ત્યાં ફાટકમાંથી બે જણાં આવ્યાં. એક કાર્તિકપ્પલ્લિના ફાધર, બીજી શાંતમ્માની મા.

"આવો ફાધર! જોયાને બહુ દિવસો થઈ ગયા!"

કુરુપની વાતો સાંભળી દીનામ્મા બહાર આવી અને જોયું તો ડઘાઈ ગઈ. ચહેરો સફેદ થઈ ગયો. બંને સાથે સાથે આવ્યાં છે. ન લાજ, ન સંકોચ. ચાર-પાંચ મહિના પહેલાં જ ફાધરને જોયા હતા. લગ્નનું આમંત્રણ આપવા ગઈ ત્યારે ફક્ત ફાધરને ઘેર નહોતી ગઈ. બાજુમાં રહેતી મોટી બહેનને ત્યાં જઈને એમને આમંત્રણ આપ્યું. ઘરમાંથી સખત તાકીદ હતી કે ફાધરને ઘેર પગ ન મૂકવો. આ ઘટનાને કારણે ઘણો ઠપકો ને વઢ ખાવાં પડયાં હતાં.

કુરુપના આવકારના ઉત્તરમાં ફાધર માત્ર હસ્યા. અંદર આવ્યા અને કુંયેનાચ્ચનના ખાટલા પાસે ઊભા રહી અનિમેષ નેત્રે થોડી વાર જોઈ રહ્યા. લાંબો શ્વાસ લીધો. શાંતમ્માની મા પણ પાસે જ ઊભી હતી.

કુરુપે કહ્યું : "કુંયેનામાપ્પિલાને આજે કંઈક વધારે થાક લાગ્યો લાગે છે."

"મામાએ મને ઓળખ્યો નહીં?"

"કોણ?"

ફાધરે જવાબ ન આપ્યો. દીનામ્માએ કહ્યું : "કાર્તિકપ્પલિના ફાધર છે, બાપુજી!"

"ક્યારે આવ્યા?"

"હમણાં આવ્યો, મામા!"

"અહીં ક્યાંય નહોતા કે શું?"

"ડરીને થોડા જ ક્યાંક ભાગી જઈ શકાય છે?" દુ:ખભીનું હોવા છતાં ફાધરના સહજ હાસ્યે ઓરડો ભરી દીધો.

"બીજું કોણ છે?"

""શાંતમ્માની મા."

કુરુપે કહ્યું : "જોઈને મનમાં શંકા તો આવી હતી. પૂછવા જ જતો હતો. જોઈને ઘણો આનંદ થયો."

દીનામ્મા બોલી : "કુરુપ બાપુજીના મિત્ર છે."

"દીકરી ક્યાં છે, દીનામ્મા?"

"નદીના ઘાટ પર નાહવા ગઈ છે."

શાંતમ્માની માએ જરા વ્યગ્ર થઈને પૂછ્યું : "આ બપોરે?"

"કપડાં ધોવાનાં હતાં. સાથે બીજા લોકો પણ છે." કુરુપે કહ્યું : "ડરવાની કશી જરૂર નથી. આખાયે ઈલાકામાં કુંયેનામાપ્પિલાના ઘરના લોકો જ છે."

"મામા, તમને નબળાઈ લાગે છે?"

"નબળાઈ?"

"હા."

"ખરી પડેલી પેઢીનું છેલ્લું પાંદડું. દાંડી ડાળીએથી છૂટી રહી છે."

"હા મામા, તૈયાર રહેવું જોઈએ."

"ઓહ, કેવી દાર્શનિકતા! આપરંપાર! ફાધર! આસલમાં કુંયેનામાપ્પિલા સાથે ઘનિષ્ઠ સંબંધ થતાં કોઈ પણ ખ્રિસ્તી માન્યતાઓ પર જરૂર વિશ્વાસ કરવા માંડે."

કુંયેનાચ્ચનનું ધ્યાન એમાં નહોતું.

"પણ એક વાત છે...."

"શું?"

"દુષ્ટ લોકો જીવે છે. એમની શક્તિ વધે છે. પ્રભુનો દંડો એમના પર પડતો નથી. એવું કેમ? અય્યૂબે પૂછયું છે તેમ એવું શાથી થાય છે?"

"મામા, અય્યૂબના જ પુસ્તકમાં આનો જવાબ પણ આપ્યો છે. ઈશ્વર મનુષ્યનાં દુષ્કર્મ એનાં સંતાનો માટે જાળવી રાખે છે." કુંયેનાચ્ચનની વાતો ચાલુ હતી–

"યહોવા મૂસાને કહે છે – આહરોનના પુત્ર – પુરોહિતોને આ કહો કે જે પુરોહિતના માથે અભિષેકનું અત્તર રેડવામાં આવ્યું છે, સભાવસ્ત્ર ધારણ કરીને જે પ્રતિષ્ઠિત છે, તે પુરોહિતે કુંવારી છોકરી સાથે જ લગ્ન કરવાં જોઈએ. વિધવા, ત્યક્તા, દુશ્ચરિત્રા કે વેશ્યાને સ્વીકારવી ન જોઈએ."

"ઠીક છે, પણ આ બધું શા માટે કહો છો, મામા?"

"કારણ?"

"હા."

દીનામ્માએ ઉતાવળે કહ્યું: "ચૂપ રહો, બાપુજી! યાદ છે, શું કહી રહ્યા છો?"

ફાધરે રુક્ષતાથી કહ્યું: "તું શું કરવા બીએ છે? મામાનું કહેવું બેહોશી ને બકવાદ ભલેને હોય, હું સાંભળીશ તેથી કોઈ વાંધો નહીં આવે."

દીનામ્માનો ગભરાટ ઓછો ન થયો. "તો કુરુપભાઈ, તમે જાઓ."

હજુ પણ ફાધર હઠ છોડવા તૈયાર નહોતા. "કેમ? કુરુપભાઈ ભલે બેઠા. હું થોડી વાતો કહેવા ઇચ્છું છું. એ મામાના પ્રિય ને ઘનિષ્ઠ મિત્ર કુરુપભાઈ પણ ભલે સાંભળે. દીનામ્મા, તું ગભરાઈશ નહીં. આ મારી ફોઈનું સાસરું છે."

આમ છતાંયે દીનામ્માએ મનાવવાનો પ્રયત્ન છોડયો નહીં, "ફાધરની મામીનું ઘર જ છે, એ તો મને પણ ખબર છે. પણ બાપુજી એમના મગજની ખરાબીને લીધે કંઈનું કંઈ બોલી બેસે તો માઠું ન લગાડતા."

"અચ્છા, એમ વાત છે! મગજની ખરાબી તો મામાને જ છે ને? તારા પતિના બીજા મોટા ભાઈઓના દિમાગ તો સ્વસ્થ છે ને? તો તમારા લોકોની વાતો ને વર્તન શું બરોબર હતાં?"

દીનામ્મામાં ફાધરનો સામનો કરવાની હિંમત ન રહી. શાંતમ્માની મા તરફ આંખ ઊંચી કરીને જોવાની પણ હિંમત નથી. એ લોકોની નજરમાં કેવી નિર્ભયતા છે?

"લગ્ન મારી ફોઈના દીકરાના દીકરાનાં. એ ઉપરાંત એનું કહેણ લાવનાર પુરોહિત હું. અને એ જ લગ્નમાં મને આમંત્રણ નહીં. એનું કારણ શું?"

દીનામ્મા પગના અંગૂઠાથી જમીન ખોતરતી માથું નમાવીને ઊભી રહી.

"તારે કશો જવાબ નથી આપવો, દીનામ્મા?"

"હું શું કહું? લગ્નનું નિમંત્રણ તો પુરુષો જ આપતા હોય છે."

"તારી મોટી બહેન અને બાળકોને તો તેં આમંત્રણ આપ્યું હતું, એ પણ મારી પડોશમાં જ. પછી બીજી મોટી બહેન અને એનાં બાળકોને આમંત્રણ કેમ નહીં?"

દીનામ્મા ચૂપ રહી.

"જવાબ નથી. નથી ને?"

"આમંત્રણ મોકલવાનો નિર્ણય શું મારી ઇચ્છા મુજબ થતો હોય છે?"

"તારી મરજી મુજબ ભલે કાંઈ ન કર. પણ તને ખબર તો છે જ ને, કે કેમ ન બોલાવ્યો. એ કારણ કહે તો!"

દીનામ્મા મૂંઝાઈ ગઈ.

"અચકાય છે શું કરવા? રોગ સંતાડીને દવાદારૂ કરવાની સ્થિતિ વીતી જાય ત્યારે રોગ વિશે બધાને ખબર પડવાની જ."

"જે થઈ ગયું તે થઈ ગયું...હવે એ જૂની વાતો ફરી ઉખેળવાથી..."

"શું થઈ ગયું? મન કે વાચાથી કશો અપરાધ ન કરનારી એક કન્યા તમારા ઘરમાં તરફડે છે. એ કમનસીબ છોકરીને માટે એના પિતાનું મોં જોવાનું પણ લખાયું નહોતું. તોપણ પિતાની એક મૂર્તિ મનમાં રાખીને તે એની પૂજા કરતી હતી. અને પછી નબી એલીસાની જેમ તમને લોકોને પણ એક દિવ્ય સંદેશ સળ્યો કે છોકરીનો બાપ બીજો કોઈ છે, ખરું ને?..."

"આ બધી વાતો તમને કોણે કહી?"

"વાહ, તમે લોકોએ ધર્મપ્રદેશના બધા લોકોઓ બોલાવીને જે વાત પર ચર્ચાવિચારણા કરી તેની શું બીજા લોકોને ખબર ન પડે? કમાલ વાત કરો છો!"

હવે પહેલી વાર શાંતમ્માની મા વચ્ચે પડી: "મારા અપમાનના ખ્યાલથી કોઈએ ચિંતા કરવાની જરૂર નથી. અબળા અને વિધવા સ્ત્રી, ભલે ગમે તેટલી પવિત્રતાથી જીવે, સમાજના અપમાનકારક આક્ષેપોથી તે બચી શકતી નથી. આ મારા અનુભવની વાત છે. મનમાં બસ એટલું છે કે ભગવાન આગળ ગુનેગાર ન બનું. મેં મારી દીકરીને એટલી કાળજીથી ઉછેરી છે કે તે તાપમાં

કરમાશે નહીં, આગમાં દાઝશે નહીં. આ બધી વાતો સાંભળીને તે આત્મહત્યા નહીં કરી નાખે."

કુરુપે કહ્યું : "હું અહીં ફાધરના કહેવાથી જ થોભ્યો છું. તમે લોકો કૌટુંબિક વાતની ચર્ચા કરતા હો ત્યાં મારું કંઈ કામ નથી. તોપણ, જેટલું સાંભળ્યું એના આધારે કહું છું કે આ બધી ગેરસમજ છે. આ બધી વાતોની સિસિલીની મા કે કુંયેનાચ્ચનને ખબર નથી."

ફાધરે કુરુપના મોં ભણી નજર નાખી, ઉપહાસભર્યું સ્મિત કર્યું. "કુરુપ તાજના સાક્ષી બની રહ્યા છે, એમ ને? જ્યારે મેં આની બહેન સાથે લગ્ન કર્યાં ત્યારે આની ઉંમર માત્ર ચાર વરસની હતી. એ મારી નાની બહેન તરીકે મોટી થઈ છે. પણ કોઈ કૂથલીખોરની વાતો સાંભળી એણે ભેદુ જેવું કામ કર્યું."

"એ શું શક્ય છે?"

"થોડી વાર પહેલાં મામાએ એક પુરોહિતનો દાખલો ટાંક્યો હતો ને? એ વાત મને ઉદ્દેશીને કહી હતી. ખોટું હોય તો મામા, તમે કહો."

દીનામ્મા ગભરાઈને બોલી : "નકામી વાતો કરીને શું કરવા આ બધી વાતો બાપુજીને મોંએથી કઢાવો છો?"

"કોનચિચરાના એક માણસે અહીં આવીને કહ્યું હતું."

"હા, શું કહ્યું હતું? જરા સાંભળું તો, મામા!"

પકડાઈ જતાં પોતાનો અપરાધ કબૂલ કરી લેનાર અસહાય બાળકની જેમ કુંયેનાચ્ચને દીન દૃષ્ટિથી ચારે તરફ જોયું. ચુપકીદી. રેતી પણ પડે તો સંભળાય.

સહેજસાજ સફેદ થઈ ગયેલા દાઢી-મૂછવાળા એ મોં પર નિર્ભયતા હતી. વચ્ચે વચ્ચે ઉપહાસની ઝલક પણ દેખાતી હતી.

અચાનક માટીનો ઘડો નીચે પડીને ભાંગી ગયો. આંગણામાંથી મોટા સાદે થતી વાતચીત સંભળાઈ. કીવરીત અને માત્તુક્કુટ્ટિ.

"તું તો એના સ્વભાવને નાનપણથી ઓળખે છે. રેતીમાં ખાતર નાખવાથી થોડો જ પાક સુધરવાનો હતો?"

"અને બીજાનેય શું દોષ દેવો? બાપાની જ ભૂલ છે. બીજો અહીંની ગૃહિણીનો પણ વાંક છે. એ છોકરાએ આપેલા રૂપિયા લઈને મૂકી તો દીધા. પણ એ પાછા આપવાની શી જરૂર હતી? લાકડી આપીને માર ખાવાની વાત થઈ ને?"

"અરે, બાપા આટલા નબળા પડી ગયા છે, પણ કોઈ છોકરાનું દુઃખ જુએ તો તેમનું મન હાથમાં નથી રહેતું."

મહેમાનોને જોઈને બન્ને જરા ખમચાયા. ગભરાટ છુપાવવા કીવરીતે પૂછ્યું : "ફાધર ક્યારે આવ્યા?"

"થોડી વાર પહેલાં."

"બન્ને સાથે આવ્યાં?"

"હા."

આગળ પૂછવા માટે કંઈ રહ્યું નહીં એટલે પિતાને પૂછ્યું : "સાંભળ્યું છે બાપા, કે તમારી તબિયત જરા બગડી ગઈ હતી. હવે કેમ છે?"

"કીવરીત છે કે?"

"હા, બાપા."

"અરે, ફાધર પૂછી રહ્યા છે કે કોનાચ્ચિરાવાળા લોનાને અહીં આવીને શું કહ્યું. તું કહે એમને."

અચાનક બંદૂકની અણી નોંધાઈ હોય એવો અનુભવ થયો. કીવરીત અને માત્તુક્કુટ્ટિએ ચોરનજરે થાંતમ્માની મા તરફ જોયું, દીનામ્મા તરફ પણ.

કીવરીતને લાગ્યું કે આ સંકટમાંથી બધાંને બહાર કાઢવાં એ એની ફરજ છે. આથી કહ્યું : "બાપા વાર્તા કહે છે કે શું? કોણ કોનાચ્ચિરાવાળો? કોણ લોનાન? મગજમાં હજી પણ ખરાબી હોય એમ લાગે છે."

ફાધરે કહ્યું : "ના, કીવરીતભાઈ, મેં પૂછ્યું છે એમ મામાએ કહ્યું તે સાચું છે, એ જાણવા માટે જ હું આવ્યો છું."

છૂટવાનો કોઈ રસ્તો નથી. બંદૂક બરોબર છાતી સામે જ નોંધાઈ છે. છતાં ફરી એક વાર પ્રયત્ન કર્યો. "ઓહ, પૂછ્યું. સાંભળ્યું. ફાધર, હવે શાંત રહો."

"એ તો બરોબર નહીં, કીવરીતભાઈ! હું આ વાત લગ્ન પહેલાંયે પૂછી શકું એમ હતો. પણ લગ્ન અટકી પડત. એમ થાય તો ખોટું, માનીને ન આવ્યો. પણ ભલે. હવે આ વાતનું તથ્ય શું છે, તે તો જાણવું જોઈશે."

તર્ક સાંભળીને માત્તુક્કુટ્ટિને દિલમાં કંઈક ખટક્યું. "સાચુંજૂઠું તો કરનારાંને ખબર. એ બધું હવે અહીં ફરી કહેવાથી ફાયદો?"

ફાધર છોડે તેમ નહોતા. "અરે, એ તો ઘરનાં લોકોની ઉટપટાંગ વાતો છે. સારા લોકો વિશે ભળતી વાતો કરીને હવે કહો છો કે ફરી કહેવી નથી?"

"ભળતી વાત શાની?"

"શું કશું જ કહ્યું નથી?"

થાંતમ્માની માએ કહ્યું : "તમે લોકો ભલે ગમે તે કહો, મારું કશું બગડ-વાનું નથી. પણ મને જો ખબર હોત કે તમારા લોકોનાં દિલમાં જરા સરખીયે

કુંઠા છે તો હું આ લગ્નની હા ન પાડત. ચોવીસ વર્ષની ઉંમરે હું વિધવા બની. મારાં બાળકોને મોટાં કરવા ને ભણાવવા માટે થઈને ભૂખી રહી છું, પણ કોઈનું દિલ દુભાય એવી વેળા આવવા દીધી નથી."

વાતાવરણ હળવું કરવા કીવરીતે ફરી એક વાર કોશિશ કરી: "સો ઘડાનું મોં તો બાંધ કરી શકાય, પણ એક માણસનું મોં શી રીતે બાંધ કરી શકાય?"

શાંતમ્માની મા એ તરફ ધ્યાન ન આપતાં બોલી, "ભાઈની નાની દીકરી જેવડી છું ઉંમરમાં. હવે સંતાડવાનું શું છે? આસ્તિકના ઘરમાં પ્રભુને જીવન સમર્પિત કરતી મોટી થઈ હતી. દિવ્ય સંદેશના પ્રચારના કામમાં બાધા ઊભી થશે એવા ડરે, લગ્ન પછી પણ એક વરસ સુધી ભાઈ-બહેન બનીને રહેવાનું વ્રત લીધું હતું અને પાળ્યું પણ હતું. અને અહીં એવી વાત જોડી કાઢવામાં આવી કે મેં પતિના મરણ પછી એક પુરોહિત સાથે ગુપ્ત સંબંધ રાખેલો."

"કોણે કહ્યું?"

"ખબર નથી કોણે કોણે કહ્યું!"

માત્તુક્કુટ્ટિએ ચિડાઈને કહ્યું: "કોઈએ કંઈ કહ્યું હશે. એનો જવાબ અહીંના લોકો શી રીતે આપી શકે?"

ફાધર કશું જતું કરવા તૈયાર નહોતા. "બેફાટ વાતો ન કર, માત્તુક્કુટ્ટિ! આ કારણ આગળ ધરીને તમે લોકોએ લગ્ન માંડી વાળવાનો પ્રયત્ન નહોતો કર્યો? છોકરાઓ હઠ પકડી એટલે પાછળથી તૈયાર થયા ને? આ સમાચાર સાચા ન હોય તો કહો કે નથી... ઈશ્વરના નામ પર..."

કીવરીતે કહ્યું: "ફાધર કેમ આ રીતે મન પરથી સાવ કાબૂ ગુમાવીને વાત કરવા લાગ્યા છે?"

"બહુ પીડા થાય છે, કીવરીત! ખાટલા પર પડેલી લકવાથી પીડાતી મારી મસ્કિયામ્મા આ ઉપજાવી કાઢેલી વાત સાંભળીને ઝેર ઘોળવા બેઠી હતી – તને ખબર છે?"

પોતાની હાજરીથી ન્યાય કરવા અને પોતાની બુદ્ધિ દેખાડવા કુરુપે કહ્યું: "આ તો તમારા લોકોના ઘરનો અંગત મામલો છે. ફાધરના કહેવાથી જ હું અહીં રોકાયો હતો. આવી અફવા – આરોપોના સમાચાર ફેલાવનાર એક જ માણસ કુંયેનામાપ્પિલાના કુટુંબમાં છે... કુંયુચેરુક્કન માપ્પિલા–"

માત્તુક્કુટ્ટિએ ઠપકો આપતાં કહ્યું: "ચૂપ રહો, કુરુપ, આવી અર્થ વગરની વાત કેમ કરો છો?"

એના પર ધ્યાન આપ્યા વિના ફાધર બોલતા ગયા : "તમને લોકોને શંકા હોય તો ચાલો મારી સાથે. પુત્તનાટ્ટુકરાના દેવળનાં કાગળિયાં દેખાડું."

કીવરીતે શાંતિથી કહ્યું : "કશી શંકા નથી ફાધર! હવે ભવિષ્યમાં આ વાત ફરી કદી ન ઉચ્ચારતા. કોઈ કૂથલીખોરની વાતો સાંભળી મૂર્ખામીની નબળી પળોમાં શંકા થઈ આવી. હવે એ ભૂલી જાઓ."

અને શાંતમ્માની માને પણ કહ્યું : "મને તમારા પિતા સમાન ગણીને ક્ષમા કરજો."

ફાધરે કહ્યું : "હા, ક્ષમા જ કરવાની ને? બીજો ઉપાય શો છે? મનમાં ધીરજ ન રાખી શકાવાથી બોલી નાખ્યું. પીવાના પાણીમાં ઝેર રેડવાની જેમ એક ડોસાએ અહીં આવીને આ અફવા ફેલાવી. તમને કહું એ ડોસો કોણ છે તે! એ પુત્તનાટ્ટુકરાના સૌથી મોટા શ્રીમંત પત્તોસમુતલાલિનો ગુમાસ્તો છે. પત્તોસમુતલાલિએ આ સ્ત્રીને બહુ હેરાન કરી હતી. ખરી વાત એ છે કે એ ધર્મપ્રદેશનો હું પુરોહિત હતો ત્યારે એના ખરાબ વ્યવહારની મેં ભર્ત્સના કરી હતી. આથી, આને ઘેર હું થોડાક દિવસ રહેલો તેના આધારે તેણે અમને બંનેને સાંકળીને અફવાઓ ફેલાવી. ધર્મપ્રદેશમાં ફાટફૂટ પડાવી."

શાંતમ્માની માએ કહ્યું : "બસ, હવે વધારે કંઈ ન બોલશો. એક જ પ્રાર્થના છે. આ વાતને લઈને મારી દીકરીને વધુ દુઃખ ન આપતા. મેં એના આનંદ અને સુખ માટે થઈને આખી જિંદગી કષ્ટ વેઠયું છે. આ અફવાની વેદના ભોગવવાની શક્તિ મારામાં નથી."

એણે પાછળ વળીને જોયું તો બારણામાં શાંતમ્મા ઊભી હતી. માને અપરાધિની ઠરાવતી હોય એમ જોઈ રહી હતી.

"ક્યારે આવી, દીકરી?"

નદીના ઘાટ પરથી ડોલ ભરીને ધોયેલાં ભીનાં લૂગડાં લઈને શાંતમ્મા ઘેર આવતી હતી ત્યાં દાદાના ખાટલા પાસે મોટેથી થતી વાતચીત સાંભળી. મા, કાર્તિકપ્પલ્લિના ફાધર! સીધી આવવાને બદલે પાછળથી આવી અને કપડાં ઝટપટ સૂકવવા નાખ્યાં . . .

માના સવાલનો જવાબ ન આપતાં શાંતમ્માએ પૂછયું :

"મા, આ બધું પૂછવા માટે અહીં આવી?"

"નહીં તો જિંદગી આખી આ કલંક સહીને રહી શકાત?"

દીનામ્માએ પૂછયું : "પૂછી જુઓ એને, શાંતમ્માની મા, મેં એને મારી સગી નાની બહેન જેવી ગણી છે."

શાંતમ્માની માએ કશો જવાબ ન આપ્યો. મનમાં જ વિચાર કર્યો. ખરેખર નાની બહેન માનતી હોત તો એક સ્ત્રીને ઘેર આવીને આવું હલકું લાંછન સંભળાવવા દેત? ધખધખતી બપોરે કપડાંનું પોટલું લઈને નદીને ઘાટ મોકલત?

ફાધર બોલ્યા: "હું જાઉં છું, કીવરીતભાઈ!"

"થોડી કૉફી પીધા વિના..."

"ઓ, બપોરે કૉફી કેવી? હજુ પત્તાનાંતિટ્ટા જવાનું છે."

દીનામ્માએ કહ્યું: "જમીને જજો, ફાધર!"

"તૈયારી વગર બહારથી આવેલા બે માણસોને શી રીતે જમાડી શકીશ?"

"જે છે તે સાથે મળીને ખાઈશું..."

"હમણાં તો ઇચ્છા નથી."

વધુ જીદ ન કરી. એવો અધિકાર હવે રહ્યો નથી. એને યાદ આવ્યું કે પહેલાં તો ફાધરની છત્રી સંતાડી દેતી. સરગવાનાં પાંદડાંનું શાક અને સૂકી ભાજી બનાવવા રસોડામાં જતી. દીનામ્માના મનની વેદના જાણે સમજી જઈને ફાધર બોલ્યા: "મને કોઈ વેર-વિરોધ નથી, દીકરી! તારી સાથે વળી હું દુશ્મની કરી પણ શકું કે?"

શાંતમ્માની માએ કહ્યું: "હું પણ નીકળું છું, ફાધર!"

માત્તુક્કુટ્ટિએ પૂછ્યું: "અત્યારે પુત્તનાટ્ટકરાની મોટર મળશે? ઘાટ વગેરે પાર કરીને ત્યાં ક્યારે પહોંચશો?"

"કુલક્કટાના આલીસુકુટ્ટિને ત્યાં રહીશ."

દીનામ્માએ કહ્યું: "ના, એમ ન થાય. કાલે જજો."

શાંતમ્માએ કહ્યું: "એ બરાબર છે, મા, બસ!"

પછી શાંતમ્માની માએ જીદ ન કરી.

ફાધર કુંયેનાચ્ચન પાસે ગયા. "જાઉં છું, મામા!"

હલ્યા નહીં.

"બાપુજી, સાંભળ્યું? ફાધર જાય છે."

ચોંકીને આંખ ઉઘાડી. "બસ, જાઓ છો?"

"હા."

"ભલે."

માથા પર હાથ મૂકી પ્રાર્થના કરીને ફાધર ચાલ્યા ગયા. થોડો વાર પછી માત્તુક્કુટ્ટિ પણ ગયો.

આંખ તો ઊઘડી, પણ હજુ કુંયેનાચ્ચન ઊંઘના કેફમાંથી છૂટવાનો પ્રયત્ન જ કરતા હતા. "ફાધર ગયા?"

"હા, માથા પર હાથ મૂકી પ્રાર્થના કરીને પછી ગયા."

"એમ? દીનામ્મા બેટી ક્યાં છે?"

"અંદર છે."

"બહુ તકલીફ થાય છે. બે ટીપાં ગરમ પાણી પીવડાવ તો."

દીનામ્માએ કૉફી લાવીને આપી. પીધી તો તાજગી લાગી—ટાઢી ટાઢી રાત પછીના હૂંફાળા પ્રભાત જેવી.

"લગ્ન પછી તારી દીકરી કુટ્ટિયામ્મા અને જમાઈ અહીં જ રહે છે?"

"હા."

"ઘરનો ખર્ચ એ લોકો જ સંભાળે છે?"

"એ લોકો જ હવે બધો ખર્ચ ઉપાડે છે."

"શું?"

"ઘરનો ખર્ચો એ લોકો જ કરે છે."

"હા, હવે તને કશી વાતની ચિંતા નથી રહી. છોકરીઓને વળાવી દીધી. નાના છોકરાને એક ધંધો મળી જાય તો બેડો પાર થઈ જાય. પછી તો તું અને કુંયુમરિયા જ છો ને?"

"અમારે માટે તમે આપેલી માટી પૂરતી છે."

"કુંયુચેરુક્કનની વાત કેવી છે? એ બહુ અભાગિયો છે. આખા તળાવ પર જાળ ફેલાવવા છતાં એની જાળમાં કોઈ માછલી નહીં રહે."

"કશી મુશ્કેલી નથી, બાપા!"

"હેં?"

"છોકરાને પોલીસવાળા લઈ જરૂર ગયા છે પણ બહુ મોટો ગોટાળો નથી: કહે છે કે એણે આપેલી પૂરી રકમ પોલીસના હાથમાં પડી નથી."

"કેટલી?"

"એ તો કોને ખબર. કહે છે કે એનો એક ઉત્તરભારતીય મિત્ર હમણાં જ આવેલો અને થોડા રૂપિયા આપી ગયેલો."

"ફિલિપ્પોસ પૈસાવાળો છે. એનું ચારિત્ર્ય બગડી ગયું."

"હા, હવે એને વઢીને કે ઠપકો દઈને થોડો જ સુધારી શકાય છે?"

"તારી વાત બાકી રહી. મોટી છોકરી માંદી છે. નાની શિક્ષિકા તરીકે કામ કરતી. છોકરીનાં લગ્ન કરવાનાં છે ને?"

"બાપા!"

"હું."

"શી વાત કરો છો? માંદી છોકરી તો મરી ગઈ ને?"

"... ..."

"કુટ્ટિયામ્માનાં લગ્ન ગયા અઠવાડિયે થયાં ને?"

"હજી હમણાં તો કહ્યું હતું. યાદ નથી?"

ઊંડા વમળમાં હાથપગ પટકતા માણસના મોં પરની નિ:સહાયતા. મદદ માગતાં નેત્ર!

"બાપા!"

આંખો ખુલ્લી હતી, પણ બોલ્યા નહીં.

"દીનામ્મા દીકરી, અહીં આવ તો."

દીનામ્મા આવી. ભીનાં કપડાંથી કપાળ પરનો પરસેવો લૂછ્યો. હાથપગ પર માલિશ કર્યું.

"કીવરીત ગયો કે?"

"ના બાપા, અહીં જ છું. બોલો, શું જોઈએ?"

"કબર બનાવવી જોઈશે. પથ્થરમાં કોતરાવી રાખવું–મેલોઝલિલ કુંયુનૈના. પછીની પેઢી એ જોઈને યાદ કરે કે આવો એક માણસ અહીં જીવતો હતો. મારી પાસે બીજું છેયે શું?"

શાંતમ્મા અને એની મા ખાટલા પાસે આવ્યાં. દીનામ્માએ પૂછ્યું: "બાપુજી, આ બધી વાતો અત્યારે કેમ કરો છો?"

"ખરે વખતે એ અહીં ન હોય તો? દિલ કહે છે, વખત હવે નજીક આવ્યો છે."

"તમે આવું બધું વિચાર્યા કરો છો એટલે જ તકલીફ થાય છે."

"કુટુંબમાં તું જ કર્તાહર્તા રહેજે. ટંટો-તકરાર કે વેર-વિરોધ ભલે થાય, પણ એને લીધે ઘર વેરવિખેર ન થઈ જાય તે જોજે. બીજા દેવતાઓની મૂર્તિ બનાવે અને એમને નૈવેદ્ય ચડાવે તોપણ મૂસાએ ઇઝરાયેલના લોકોનું નેતૃત્વ કર્યું, એમને છિન્ન-વિચ્છિન્ન ન થવા દીધા. આ રીતે તારે પણ વિચારશીલ નાયક બનવું પડશે. ગુસ્સો છોડી દેવો જોઈશે."

"બાપા, આ બધું શું તમારે મને શીખવવું પડશે?"

"આપસમાં ભલે પાઈ-પાઈનો હિસાબ જોડે અને ઝઘડોયે ભલે કરે, પણ કુટુંબની કોઈ વ્યક્તિ પર આપત્તિ આવી પડે તો બધાં એક થઈને રહેજો.

બાપતિસ્મા, લગ્ન, અંતિમ સંસ્કાર વગેરે બધાં ક્રિયાકર્મમાં તમે સૌ પહેલેથી છેલ્લે સુધી સાથે રહેજો."

"થોડી કૉફી લેશો, બાપા?"

"પિવડાવ, તરસ છે."

"બહુ વાતચીત ન કરતા."

"શાંતમ્માની માનું નામ સારામ્મા છે ને?"

"ના, મરિયક્કુટ્ટિ."

"મરિયક્કુટ્ટિની દીકરી કુટુંબની પ્રતિષ્ઠા છે. એના પતિનું અહીં ગૌરવ છે. સોલોમન પૂછે છે : દક્ષ પત્ની કોને મળશે? એનું મૂલ્ય મોતીઓથી પણ વધારે છે. પોતાના કૌશલ્યથી તે દ્રાક્ષનો બગીચો ઉગાડે છે. મરિયકુટ્ટિએ શું વાંચ્યું છે?"

"હા પિતાજી, સભોપદેશન વાંચ્યું છે."

"અહીં ચોપડી છે. લાવીને સંભળાવ."

કીવરીતે પૂછ્યું : "હમણાં જ વાંચવું છે, બાપા?"

"ભલે વાંચે. તું પણ સાંભળ. હમણાં પરણી એ શિક્ષિકા–દીકરીને પણ વંચાવવા જેવું છે."

શાંતમ્મા ધર્મગ્રંથ લઈ આવી. મરિયકુટ્ટિએ વાંચ્યું—

"તે સવારમાં જ ઊઠી જાય છે અને પોતાના કુટુંબને જમાડે છે, અને પોતાની નોકરાણીઓને જુદાં જુદાં કામ સોંપે છે. તે કોઈક ખેતર વિશે વિચાર કરે છે અને પોતાની મહેનતથી દ્રાક્ષનો બગીચો ઉગાડે છે. કમર પર તે કસીને કપડું લપેટે છે, પોતાનાં બાવડાં સુદૃઢ બનાવે છે; તે પારખી લે છે કે પોતાનો વેપાર લાભદાયક છે. રાતે એનો દીવો ઓલવાતો નથી. તે ચરખો ચલાવે છે. ગરીબ માટે મુઠ્ઠી ખોલી નાખે છે, અને દરિદ્રને સંભાળવા હાથ લંબાવે છે. પોતાના કુટુંબ માટે, તે હિમથી નથી ડરતી કારણ કે તેના ઘરનાં બધાં લોકો લાલ કપડાં પહેરે છે. તે તકિયા બનાવે છે. તેનાં વસ્ત્ર ઝીણાં, અતલસનાં અને જાંબુડિયા રંગનાં હોય છે. એનો પતિ જ્યારે સભામાં દેશના અગ્રણીઓ સાથે બેસે છે ત્યારે એનું સંમાન થાય છે. તે બધાંનાં વસ્ત્ર બનાવીને વેચે છે અને વેપારીને કમરપટ્ટો આપે છે. તે બળ અને પ્રતાપનો વેશ ઓઢીને રહે છે, અને આવનારી કાલના વિષય પર હસે છે. તે બુદ્ધિપૂર્વક બોલે છે અને એનાં વચન કૃપાના શિક્ષણ અનુસાર હોય છે. પોતાનાં કુટુંબીજનોની ચાલચલગત તે ધ્યાનથી જુએ છે અને પોતાની રોટી પરિશ્રમ કર્યા વિના નથી ખાતી. એના પુત્રો ઊઠી ઊઠીને એને ધન્યવાદ આપે છે. એનો પતિ પણ ઊઠી ઊઠીને

એની પ્રશંસા કરે છે. ઘણી સ્ત્રીઓએ ઘણાં સારાં સારાં કામ કર્યાં છે, પણ તું એ બધામાં શ્રેષ્ઠ છે. શોભા જૂઠી છે અને સુંદરતા વ્યર્થ છે; પણ જે સ્ત્રી યહોવાનો ભય રાખે છે, એમની પ્રશંસા થશે. ઈશ્વર, તારો જય થાઓ—બારકમોર."

ધર્મશાસ્ત્ર બંધ કરીને શાંતમ્માની માએ મોં ફેરવીને જોયું તો કુંયેનાચ્ચન આંખ મીંચીને સૂતા હતા.

દીનામ્મા બોલી : "બાપુજી ફરી બેભાન થઈ ગયા."

કીવરીતે કહ્યું : "ઘણા નબળા પડી ગયા છે."

"આ બે દિવસથી જ આટલી બધી નબળાઈ આવી છે."

"ખાસ ધ્યાન રાખવું. રાતે બત્તી ધીમી કરીને પાસે મૂકવી."

"રોજ એમ કરીએ છીએ, ભાઈ !"

"તો જાઉં, મરિયકુટ્ટિ! કાલે આવીશ."

"હું કાલે સવારે જઈશ."

"એ પહેલાં આવી જઈશ."

કીવરીતને ગયાને એકાદ કલાક થયો હશે, એટલામાં એક મોટરમાં કુટ્ટિયામ્મા અને એના પતિ શહેરના નામી ડૉક્ટર જ્યોર્જને લઈને કુંયેનાચ્ચન પાસે પહોંચ્યાં.

ડૉક્ટર આવ્યા ત્યારે કુંયેનાચ્ચનની મૂર્છા દૂર થઈ ગઈ હતી, પણ શિથિલતા હજુ હતી.

ડૉક્ટર કુંયેનાચ્ચનના ચહેરા તરફ જોઈને હસ્યા. પછી ભૂંગળું કાનમાં ભરાવ્યું.

"દાદાજી, મને ઓળખો છો ને?"

"શું? મોટેથી બોલજો."

"મને ઓળખો છો?"

"યાદ નથી. કોઈ કહે તો યાદ આવે."

કુટ્ટિયામ્માએ કહ્યું : "કોટ્ટારત્તારાના ડૉક્ટર જ્યોર્જ છે, દાદાજી!"

"નોમ્માપણિક્કર આપ્પોત્તિકીરિના દીકરા ને?"

"હા, હા. થાક લાગ્યો છે ને?"

ડૉક્ટરે ભૂંગળું છાતી પર મૂક્યું. "ઉંમર કેટલી?"

"શું?"

"ઉંમર?"

"નેવું પૂરાં થઈ ગયાં."

"હં, આવરદાનો થાક છે."

આંખો જોઈ. નાડી જોઈ. "ખોરાકનું કેમ છે?"

દીનામ્માએ કહ્યું : "ભલે થોડું થોડું, પણ ત્રણ વાર લેતા હતા. બે દિવસથી કાંજી અને પાણી સિવાય કંઈ લેતા નથી."

"હં."

"પણિક્કર અપ્પોત્તિકીરિ મને સારી પેઠે ઓળખતા હતા. ઓળખનું કારણ પણ હતું."

"શું?"

"વીસ વીસ વર્ષ પહેલાંની વાત છે. એરાણિક્કુટ્ટિ પુલની પાસે..."

ડૉક્ટરને આ વાત આગળ ચલાવવાની ઇચ્છા નહોતી; આથી આગળ બોલ્યા : "જરા જીભ દેખાડો તો!"

દીનામ્મા બોલી : "કંઈ યાદ વગર કંઈ ને કંઈ બોલ્યે જાય છે. ક્યારેક વાતચીત કરતાં વચ્ચે બેભાન થઈ જાય છે."

"હં."

"અફીણ ખાવાની ટેવ છે."

"એમ?"

તપાસ્યા પછી ડૉક્ટરે કહ્યું : "શરીરમાં સ્ફૂર્તિ લાવે એવી થોડીક દવાઓ આપવી જોઈએ. ખોરાક અને દિનચર્યામાં સંયમ અને નિયમનું પાલન કરવું પડશે. એ ઉપરાંત સેવા-શુશ્રૂષા પણ જરૂરી વાત છે. ઘરડાઓ માટે સૌથી મહત્ત્વની વાત સેવા છે. કાળજીભરી સેવાથી દિલની કમજોરી દૂર કરવી જોઈએ... મારી સાથે કોણ આવે છે? થોડી દવાઓ આપીશ."

તોમસ માસ્ટરે પ્રશ્ન કર્યો : "અફીણ ખાવાથી નુકસાન થાય, ડૉક્ટર?"

ડૉક્ટર મંદ હસ્યા. "અફીણ ખરાબ વસ્તુ તો જરૂર છે જ. પણ આ સ્થિતિમાં બંધ કરી દઈએ તો વધારે નુકસાન થાય. ઝેર પણ મર્યાદિત માત્રામાં લાંબો સમય સુધી લીધા કરીએ તો પાછળથી તે પણ શરીર માટે અનિવાર્ય બની જાય છે.

"ખરી વાત છે."

"માસ્ટર જ સાથે આવે છે ને?"

"હા."

"આવો."

તોમસ માસ્ટર ડૉક્ટર સાથે ગયા. કુટિયામ્મા શાંતમ્માની માના ખભા પર હાથ મૂકીને બોલી : "ખબર પડી તમે આવ્યાં છો. અમે સ્કૂલે જતાં હતાં ત્યારે બાપાને જોયા. દાદાજીને બહુ બેચેની થતી હતી?"

"બહુ તો નહીં. વાતો કરતાં વચ્ચે જ ભાન ચાલી જાય. ક્યારેક યાદ કંઈ ન હોય ને બબડે. . ."

"દાદાજી!"

"હું."

સરખી રીતે આંખ ઉઘાડીને જોયું : "દીકરી, તું શા માટે અપ્પોત્તિકીરિને લઈ આવી? મને કંઈ ખાસ રોગ તો નથી: બાકી જીવનને કોણ રોકી રાખી શકે છે?"

"પણ જ્યાં સુધી જીવતાં છીએ ત્યાં સુધી આરામથી ન રહેવું જોઈએ, દાદાજી?"

"તું મને હવા પર બેસાડીને દોડાવે છે: તોફાનમાં તું મને વિલીન કરી નાખે છે. હું જાણું છું કે તું મને મૃત્યુને ઘેર, બાકી બધા જ જીવોનું જે અંતિમ લક્ષ્ય છે, ત્યાં લઈ જશે . : . "

"જોયું ને? ડગલે ને પગલે આમ નકામી વાતો વિચાર્યા કરે છે: એટલે તો બેભાન થઈ જાય છે."

"મારા કુટુંબમાં શું હું બીજાં કોઈ લગ્ન જોઈ શકીશ? તારાં લગ્ન જ છેલ્લાં છે, નહીં દીકરી?"

"... ... ..."

"દીકરી!"

"શું?"

"મારી વાત ન સાંભળી?"

"સાંભળી. સાંભળ્યું છે આપણા કુટુંબમાં આપણી જાણ બહાર જ એક લગ્ન થઈ ગયાં?"

"એ ક્યાં?"

"દાદાજીને કંઈ કહેવું એટલે મુસીબત વહોરી લેવી: જે કોઈને જોશે એ બધાને કહેવા માંડશે."

"કોઈને નહીં કહું, દીકરી!"

"નહીં તો એ જ વાગોળતા સૂતા રહેશે."

"તારા પિતાએ મને કંઈ નથી કહ્યું."

"અફવા છે. કહે છે કે કાલાયિના જોણિક્કુટ્ટિએ ઘરની નોકરાણી છોકરીને વયનાડ લઈ જઈ એની સાથે લગ્ન કર્યાં."

"હેં?"

"એ હવે એની સાથે રહે છે."

કુંયેનાચ્ચન કંઈ સમજી શક્યા નહીં. વારંવાર પ્રશ્ન કર્યો. ફેરવી ફેરવીને પૂછ્યું. સમાચાર છે કે જે છોકરી સાથે ફિલિપ્પોસની ઘનિષ્ઠતા હતી એની જ સાથે ફિલિપ્પોસના દીકરાએ લગ્ન કર્યાં છે. કહેતો હતો કે પિતાની ખરાબ ચાલચલગતથી અપમાન અનુભવીને ગામ છોડી જાઉં છું. હવે સાંભળ્યું છે કે એ છોકરીના ગળે એણે મંગળસૂત્ર પહેરાવ્યું છે. કેવી માયા!

"એ ને છોકરી પહેલેથી જ એકબીજાને ચાહતાં હતાં. પાછળથી પૈસાની લાલચે કે બીજા કોઈ કારણે કાકા સાથે. . . કોને ખબર! લોકો કહે છે. સાચું શું છે, કોને ખબર?"

"એવી કોઈ વાત હોત તો તારા બાપા મને ન કહેત?"

"મેં કહ્યું ને દાદાજી, આ બધી અફવાઓ છે. બીજા કોઈને કહેતા નહીં. હમણાં દવા લઈ આવશે. બરોબર સમયસર દવા લેતા રહેજો."

"કદાચ સાચી વાત હોય. એ એ છોકરીને ઉપાડી ગયો હશે."

"જોયું ને! એટલે જ દાદાજી, તમને કંઈ કહેવાનું મુશ્કેલ છે. એ વાત ભૂલી જજો. હું જાઉં છું."

દિલમાંથી એ વાત કેવી રીતે નીકળી જઈ શકે? સમજવા-વિચારવા છતાં, દીકરીએ હમણાં જે વાત કહી તે જ સાચી છે. એ જુવાન છે. વીસ-પચીસ વર્ષનો. એ છોકરી પણ જુવાન. અઢાર-વીસ વર્ષની. છોકરો અમીરનો. ખૂબસૂરત. છોકરી નિર્ધન હોવા છતાં સુંદર. એનો બાપ આ બન્ને માટે આડખીલીરૂપ બન્યો હશે. છોકરીની ખીલેલી યુવાની જોઈ તેણે ભાન ગુમાવ્યું હશે. પસ્તાયો હશે કે ચડતી જુવાનીમાં પોતાની ઇચ્છા અનુસાર સુખભોગ ન માણી શક્યો. ઈશારો કરતાં એ છોકરી કદાચ તૈયાર થઈ હશે. નહીં તો સાંજે કે સવારે, જબરદસ્તી કરતાં, તે પોતાને છોડાવ્યા વિના ચૂપ રહી હશે. બાકીની વાતો સાંભળી તેવી હશે. . .

પહેલેથી જ કાર્યક્રમ નક્કી કરીને એ જુવાન એને લઈ ગયો હશે. જૂઠો આરોપ મૂકીને ફેલાવ્યું હશે કે પિતા ચરિત્રહીન છે. સો એકર રબરનો બાગ અને વચમાં બંગલો. ત્યાં તો કોઈ રાજાના જેવી શાનથી એ છોકરી સાથે તે દિવસો ગાળતો હશે. રાજકુમાર અને રાજકુમારી!

ખબર સાંભળીને બાપ ત્યાં જાય છે. શું થશે?

કંઈક ગરબડનો પહેલેથી જ ખ્યાલ આવી જતાં તે એનો સામનો કરવા નોકરોમાંથી દસ-બાર ગુંડા લોકોનો પ્રબંધ કરી લેત. છોકરો છોકરીને અંદર છુપાવી બહારના દરવાજે ઊભો રહેત. અને બધી જગ્યાએ વિજયી બનેલો પિતા અહીં પરાજયના ભયથી આંખમાં આંખ પરોવ્યા વિના કહેત : "તું ઘેર જા, હું અહીંની વ્યવસ્થા કરી લઈશ."

"હું નહીં જાઉં."

"કેમ?"

"નહીં જાઉં. અહીં જ રહીશ. તમે કાંઈ પણ ભલે ન આપો. આ બાગ મારે માટે પૂરતો છે."

"આ બાગ શું તને તારા સસરાએ દહેજમાં આપ્યો છે?"

"જે માનવું હોય તે માનો."

આ તો પડકાર થયો.

પિતા વિચાર કરે છે : શું કરવું? શારીરિક બળ વાપરવું? પોલીસમાં રિપોર્ટ કરવો? તાકાતથી જીતવાનું તો સંભવિત નથી. બદનામી રહેશે કે બાપ-દીકરા વચ્ચે મારામારી થઈ. જે હોય તે, પેલી વેશ્યા યુવતીને અહીંથી વિદાય કરવી જ પડશે ... ...

"અરે, પેલી ક્યાં છે?"

"પેલી કોણ? અહીં નથી."

"બારણાંમાંથી ખસી જા."

"કહ્યું ને કે અહીં નથી!"

"ખસી જા, કહું છું."

"નહીં ખસું."

"મારો . . ."

તમાચો. એણે પોતાનો બચાવ કર્યો. ફરી મારવા આગળ વધ્યા તો હાથ મરડી નાખ્યો. હવે એ પિતા-પુત્ર નહોતા, એક છોકરી પાછળ દ્વન્દ્વયુદ્ધ કરનારા બે પુરુષ હતા. પિતા પુત્રને પગના દાવથી નીચે પછાડે છે. પુત્રની છાતી પર ચડી બેસી ગળું દબાવે છે. એ વખતે ચારે તરફથી ઝાડીઓમાંથી પુત્રે ગોઠવેલા ગુંડાઓ તૂટી પડે છે. પિતા એકલો. કટાર, ભાલો, તલવાર... એ. . . એ . . . પોતાના પુત્રને થપ્પડ અને ઘૂંસા મારે છે. પહેલેથી જ શ્વાસનો દરદી છે. . .

"છી છી : રોકો. . ."

"બાપા, તમે ખસી જાઓ. હું આ બધાના ગાજરમૂળાની જેમ ટુકડા ટુકડા કરી નાખીશ."

"હાય રે! માથું ફૂટી ગયું કે શું? . . . મારા દીકરાને મારી નાખ્યો?"

"પકડો એને— બદમાશ!"

... .

"બાપુજી!"

"દાદાજી!"

કુંયેનાચ્ચન ચોંકી ઊઠયા. એમની આંખો ખૂલી.

"હેં? શું છે?"

"લોકોને શું કરવાને આમ હેરાન કરો છો?"

"શું છે?"

"કોણ જાણે! પિતાજી જાણે છે."

"મન કહેતું હતું કે મારી નાખ્યો."

"કોને?"

"ફિલિપ્પોસને."

"આ શું વાત કરો છો? મને કશી સમજ પડતી નથી. લો, પૌત્રનો પત્ર આવ્યો છે."

"કોનો?"

"રાજન દીકરાનો."

"શું સમાચાર છે? વાંચ."

"આગલા મહિને પંદર દિવસની રજા લઈને આવે છે. શાંતમ્માને લઈ જવા આવે છે. નીલગિરિમાં બદલી થશે."

"નીલગિરિમાં?"

"હા, ત્યાં સહકુટુંબ રહેવા માટે ઘર મળશે."

"એ છોકરી આપણી સાથે રહી એટલે આપણો આશરો અને તારી એક મદદગાર પણ બની ગઈ હતી, નહીં?"

"પણ આખી જિંદગી એ થોડી જ આપણી સાથે રહી શકે?"

"ના."

શાંતમ્માની માએ કહ્યું : "જવાનું હશે તોયે એક વરસ ત્યાં સાથે રહી આવશે. પછી અહીં જ આવશે."

સૂર્યાસ્ત થઈ ગયો હતો. દીનામ્મા અને શાંતમ્માની મા અંદર ગયાં. શાંતમ્માએ ટિનનું ટમટમિયું સળગાવી કુંયેનાચ્ચનના ખાટલા પાસે મૂક્યું. દીવાનો લાલ પ્રકાશ એના ગાલ પર ઝગી ઊઠયો.

"દીકરી!"

"જી!"

"તું પાછી આવીશ ત્યાં સુધીમાં હું જીવતો હોઈશ?"

"હાસ્તો! કેવી વાત કરો છો!"

"ઇચ્છા તો છે. પણ માંહ્યલો કહે છે—ના. તને મારા નામવાળો મકબરો જ જોવા મળશે—'મેલોઝત્તિલકુંયુનૈના.' એ વખતે તું મા પણ બની હોઈશ. તારો પુત્ર. . . "

"દાદાજી!"

"હું."

"બહુ વિચારવું નહીં. એથીસ્તો ખરાબ સપનાં આવે છે."

કુંયેનાચ્ચનને થયું : વાત તો દીકરીની સાચી છે. મન ખુલ્લી ધર્મશાળા જેવું થઈ ગયું છે. ચિંતાઓ વણબોલાવી આવી દિલ પર કબજો કરે છે. . . .

અગિયાર

સાંજનો વખત હતો. દીનામ્મા શીશીમાંથી દવા લઈ કુંયેનાચ્ચનને પિવડાવતી હતી એટલામાં કુંયુચેરુક્કન આવ્યો. બન્નેએ એકબીજાને જોયાં, પણ દીનામ્મા બોલી નહીં. દવાની શીશી લઈને અંદર ચાલી ગઈ. પીવાની દવા અને ગોળીઓ રોજ ત્રણ વાર આપવાની હતી. દૂધની સાથે ઓવલટિન પણ. શરીર માટે માલિશનું તેલ. બધું તોમસ માસ્ટર જ ખરીદી લાવતા હતા. દવા પીવાથી તબિયત જરા સારી થવા લાગી. હવે બેભાન થઈ જતા નહીં. ભૂખ પણ ઊઘડી. ખાવાની ઇચ્છા થતી. લાકડી ટેકવીને આંગણામાં ચાલવા જેટલી સ્ફૂર્તિ પણ પાછી આવી.

રોજેરોજ તોમસ માસ્ટર સવારે સ્કૂલે જતાં અને સાંજે પાછા ફરતાં અહીં આવતા. જરૂરી વસ્તુઓનું અનુમાન કરીને ખરીદી લાવતા. આગ્રહ કરવા છતાં પૈસા ન લેતા. તોમસ માસ્ટર જ્યારથી જમાઈ બનીને આવ્યા ત્યારથી એલ્લુપરંપ ઘર આબાદ થવા લાગ્યું. ઘર લીંપવામાં આવ્યું. સૂવા માટે એક

ઓરડો જુદો બનાવવામાં આવ્યો. ટેબલ અને ચાર-પાંચ ખુરસીઓ ખરીદવામાં આવ્યાં.

કુંયેનાચ્ચને વિચાર્યું : યહોવાના માર્ગ અદ્‌ભુત છે. આ માર્ગ કોણે જોયો છે? તને ખબર નથી કે હવાની રૂખ કઈ તરફની છે. ગર્ભવતીના ગર્ભમાં હાડકાં કેવી રીતે બંધાય છે! આ રીતે બધું કરનાર પરમેશ્વરનાં કાર્ય તું નથી જાણતો. તને નથી ખબર કે વાવેલાં બીજમાંથી કયું અંકુરિત થશે, કયું ફળશે. તું નથી જાણતો કે પગ લપસવાથી તું પડી જાય છે, ત્યારે કોણ તને ઊભો કરે છે. આવી સ્થિતિ આવશે એમ કોણે વિચારેલું? લગ્નની ઉંમરને પાર કરી ગયેલી કુંવારી કન્યાને કંઈ પણ પરિશ્રમ કર્યા વિના પરણાવી દીધી. હવે તે એને જ નહીં, આખા કુટુંબને સંભાળી રહી છે. એને જ મારવાનું અને કેદ કરવાનું કાવતરું ગોઠવવામાં આવ્યું હતું. ઘણા વખત પહેલાં બુઝાઈ ગયેલી અનુગ્રહની બત્તી એણે ફરી સળગાવી. યહોવાના માર્ગ કેટલા વિચિત્ર છે? એ કોણે જોયા છે?

કુંયુચેરુક્કને સાદ પાડયો : “દીનામ્મા!”

“જી!”

“થોડું ગરમ પાણી પિવડાવ. . . . બાપા!”

“હં.”

“હવે ખાસ તકલીફ નથી ને?”

“ના.”

“પરમ દિવસે નાકા પર એક વૈદ્ય મળ્યા હતા. મનમાં થયું કે એમને લઈ આવું અને તમારી દવા કરાવું. ત્યાં ખબર પડી કે જ્યોર્જ ડૉક્ટરની દવા ચાલે છે.”

દીનામ્માએ રકાબીમાં કાંજી લાવીને આપી.

“માત્તુક્કુટ્ટિ ક્યાં છે?”

“ઓણક્કાટ સુધી ગયા છે.”

“દીકરી પુત્તનાટ્ટુકરા ગઈ છે ને?”

“હા, એની મા સાથે ગઈ છે.”

વધારે વાત કર્યા વિના દીનામ્મા રકાબી લઈને અંદર જવા લાગી તો ફરી તે બોલ્યો : “પાન-સોપારી નથી કે દીનામ્મા?”

પાનદાની સામે મૂકીને દીનામ્મા ચાલી ગઈ. સોપારીની છાલ છોલતાં કુંયુચેરુક્કને પિતાને કહ્યું : “કાલે મુંબઈથી મોટા દીકરાએ મોકલેલો એક માણસ આવ્યો હતો, બાપા!”

"થોડા દિવસ પહેલાં પણ એક હિંદુસ્તાનીવાળો આવેલો ને?"

"તમને કોણે કહ્યું?"

"ભલેને ગમે તેણે કહ્યું હોય! આવેલો ને?"

"હા, તમને જણાવી ન શક્યો. મુકદ્દમો મામૂલી છે. કહે છે કે છૂટી પણ જાય. કોને ખબર!"

"હું."

"બીજાનો પત્ર આવે છે. એ મોટાભાઈને જઈને મળી આવ્યો."

"મળી આવ્યો?"

"હા, એણે તમને આપેલા રૂપિયા મેં લીધા, એ વાતને લઈને મોટાઓ નાનાને થોડી કડવી વાતો સંભળાવી."

"આપણી વચ્ચેની લેણદેણની એને ક્યાંથી ખબર?"

"માએ નાના દીકરાને લખ્યું હશે. એણે મોટાભાઈને ક્યાંક પૂછ્યું હશે."

"હું."

"નાનાએ લખ્યું છે કે મોટો બહુ નારાજ છે. એણે કહ્યું કે એ પૈસા દાદાજીને પાછા નહીં આપો તો પછી ઘર સાથે એનો કોઈ સંબંધ નહીં રહે."

"એમ!"

"એ તો તરત ખરચાઈ ગયા. બાપા, તમને ખબર જ છે. હું તો ખૂબ કરજામાં છું."

"હું."

કુંયુચેરુક્કને કમર પરથી કાળજીથી એક પોટલી કાઢી. પોટલી ખોલીને નોટો ગણી.

"પચાસ છે. નાનાએ મોકલ્યા છે. આ તમારી દવા માટે ભલે રહ્યા."

"ના. ભગવાનની દયાથી કશી તકલીફ નથી. તું મને કંઈ પણ ન આપે, મારા હાથમાં આવેલા પૈસા ભલે લઈ જાય, પણ તોયે તું મારો દીકરો જ છે. મારે માટે બધા સરખા છે. તું જા."

"બાપા, એવું ન કહો. મને ખૂબ દુ:ખ થશે."

"જા, દુખી ન થા. જરૂર પડશે ત્યારે કોઈને મોકલીશ. તારી પાસે જ પૈસા રાખજે."

"લે દીનામ્મા, તું આ લઈને અંદર મૂકી દે."

દીનામ્મા બારણામાં જ ઊભી હતી. બધી વાતચીત સાંભળતી હતી. એને થયું કે કંઈ બોલવું ન જોઈએ, પણ આ વાક્યો સાંભળી એનાથી બોલ્યા વિના રહેવાયું નહીં.

"ભૂલ એક જ વાર થાય, ભાઈ! આપો કે લઈ જાઓ, કંઈ પણ કરો. મને કંઈ ન કહેતા."

"ભૂલ શાની, દીનામ્મા? અમારે ત્યાંની એક મૂર્ખ નાદાન સ્ત્રીએ કંઈક કહ્યું એટલા માટે? એ પડે ખાડમાં."

"અને ભાઈએ અહીં આવી આ ઘરના માણસને જે કહ્યું તે?"

"શું કહ્યું? માત્તુક્કુટ્ટિએ અને મેં કંઈક વાતો સાંભળાવી! વાહ! આ ખરી મજાક છે. આ લઈ જા દીકરી, અંદર મૂકી દે."

"હું નહીં લઉં. ભાઈ ગમે તે કરે, મારે-પીટે, પણ હું નહીં લઉં."

"તું જા રે! મને હજુ થોડું ગરમ પાણી પિવડાવે છે. એ પણ ધૂળમાં ન મેળવી દે."

"બાપા, તમે પણ આમ નિર્દય થઈને વાત કરો છો? મોટો સાંભળશે કે તમે પૈસા પાછા નથી લીધા, તો મારી રોટી ધૂળમાં મળશે. હું શું કરું?"

"કહેવું કે આપી દીધા છે. કોને ખબર પડવાની હતી?"

"અહીં આવીને પછી એ પૂછે તો?"

"ત્યારે હું નહીં હોઉં. હોઈશ તો એને કહીશ કે તેં રૂપિયા મને પાછા આપેલા, બસ?"

કંચુચેરુક્કનને થયું કે પિતાની વાત પણ સાચી છે. તેણે નોટો કાગળમાં લપેટી કમરે ફરી બાંધી દીધી.

બચી જવાથી નિરાંત અનુભવીને દીનામ્માએ કુંયેનાચચનને પૂછયું: "ગરમ દૂધ લાવું?"

"હા, લાવ."

કુંયુચેરુક્કન પાછો જવામાં હતો કે ચાર-પાંચ માણસો પગથિયાં ચડીને આવતા દેખાયા. ગોધૂલિનો સમય વીતી ગયો હતો. પૂર્વ તરફના આંગણામાં ફણસના ઝાડ નીચે બે માણસો ઊભા રહ્યા. ત્રણ માણસો વરંડામાં આવ્યા— કીવરીત, બેબી અને કસાઈનો દીકરો અવરાન.

કીવરીતે દબાયેલા અવાજે નાના ભાઈને પૂછયું: "તું ક્યારે આવ્યો?"

"થોડી વાર થઈ."

"માત્તુક્કટ્ટિ ક્યાં છે, દીનામ્મા?"

"સવારે ઓણક્કાટ ગયા છે."

"બાપા?"

"હું."

બધા ચૂપ. છાયામાં ઊભેલા માણસો ધીમે ધીમે વરંડામાં આવ્યા. ત્યાં સુધીમાં દીનામ્માએ ટમટમિયું સળગાવીને વરંડામાં મૂકયું હતું. કુંયપ્પિ-સાંકુટ્ટિ. . . દરેકના મોં પર ગભરાટ છે. કોઈ માથું ઊંચું કરીને જોતું નથી. બેબીના ચહેરા પર કોઈક ભયાનક વસ્તુ જોઈ હોવાનો ભીતિભાવ છે. . .

દીનામ્માએ મૂંઝાઈ જઈને પૂછયું : "શી વાત છે, ભાઈ?"

કોઈએ જવાબ આપ્યો નહીં.

"માત્તુક્કુટ્ટિ કયારે આવવાનું કહી ગયો છે?"

"કંઈ કહ્યું નથી."

"શાંતમ્મા પુત્તનાટ્ટુકરાથી કયારે આવશે?"

"એને તેડવા માટે કોઈકે જવું પડશે."

કુંયેનાચ્ચને પૂછયું : "વાત શી છે રે?"

"કંઈ નહીં, બાપા!"

"શું?"

કીવરીતે કશું કહ્યું નહીં. કુંયુચેરુક્કનને ઇશારાથી જરા દૂર લઈ ગયો અને કાનમાં કંઈક કહ્યું. કુંયુચેરુક્કને દબાયેલા અવાજે કહ્યું : "હાય રે, લૂંટાઈ ગયા."

ત્યાં સુધીમાં ત્રણ-ચાર માણસો આંગણામાં આવી ગયા હતા. દીનામ્માએ વ્યગ્ર થઈને કહ્યું : "પણ વાત શું છે ભાઈ? કહો ને! આમ તો કાળજું ફફડે છે."

કુંયેનાચ્ચને કહ્યું : "બોલો રે!"

કીવરીતની આંખો ભરાઈ આવી. ધીરજનો બંધ તૂટી રહ્યો હતો. એકઠા થયેલા લોકોની તરફ જોયું. શું કહેવું? કેમ કહેવું?

એ જ વખતે કુટ્ટિયામ્મા અને તોમસ માસ્ટર દોડતા આવ્યાં. કુટ્ટિયામ્માએ ચીસ પાડવા જેવા અવાજે બૂમ મારી : "કાકી!"

"શું છે કુટ્ટિયામ્મા? હાય મસીહા, વાત શું છે? કોઈ કંઈ બોલતું કેમ નથી?"

કુંયેનાચ્ચને પણ ચીસ પાડી : "કીવરીત, શું થયું છે?"

"બાપા!"

"કહે જલદી."

"રાજનની પલટણની ઑફિસેથી તાર આવ્યો છે." અવરાને કહ્યું : "કયારેક લોકો ખોટા તાર પણ મોકલે છે. એટલે ચોક્કસ ખબર નથી કે સાચું છે કે ખોટું."

કીવરીતે અવાજ ધીમો કરી કહ્યું : "તારમાં લખ્યું છે કે તે અકસ્માતમાં મરી ગયો."

હાથમાંનો લાલ કાગળ કીવરીતે તોમસ માસ્ટરના હાથમાં આપ્યો.

ક્ષણ વાર ભીષણ મૌન. વીજળી પછી, વાદળની કડેડાટી પહેલાંની ચુપકીદી.

"હે ઈશ્વર, હું આ શું સાંભળું છું?"

દીનામ્માનું આક્રંદ વાદળની કડકડાટીની જેમ પ્રચંડ બની ગયું. સિસિલી માને વળગીને રડી પડી. હાહાકાર મચી ગયો.

કોઈ કોઈની સાંત્વનાની વાત સાંભળવા તૈયાર નહોતું. અને સાંત્વના પણ શી રીતે મળે? હજી બે મહિના પહેલાં આવ્યો. લગ્ન કરીને પાછો ગયો. હવે કહે છે કે મરી ગયો. કેમ ભરોસો કરવો? કેમ ધીરજ ધરવી?

કીવરીતની વાત કુંયેનાચ્ચને બરોબર સાંભળી નહીં. આક્રોશ કરતાં લગાતાર પૂછ્યા કર્યું : "શું છે રે, શું છે બેટા?" કોઈએ ધ્યાન આપ્યું નહીં. કોઈક મોટી ગમખ્વાર ઘટના બની છે એટલું તો સમજાઈ ગયું. બે ડગલાં મૂકતાં મૂકતાં પડી ગયા. તોમસ માસ્ટરે ટેકો આપીને ઊભા કર્યા. વાત જાણ્યા પછી શૂન્ય જેવા તાકી રહ્યા, જાણે કંઈ સમજમાં ન આવતું હોય! આંસુનું ટીપુંયે આવ્યું નહીં. લોકોએ ટેકો આપી ખાટલા પર સુવાડી દીધા. ચારે બાજુથી લોકો ઉતાવળે પગલાં ઉપાડતા આવી રહ્યા હતા. પગલાંનો અવાજ સાંભળી ચોંકી ગયા.

પછીનો દરેક અવાજ ચોંકાવી દેતો હતો...

"રાજા બેટા!"

"મારી કૂખેથી જનમ નહોતો આપ્યો એટલું જ..."

"મારી સિસિલી દીકરી અભાગિયણ થઈ ગઈ..."

"શાંતમ્મા કેવી રીતે સહન કરી શકશે?"

"એની સાથે ત્રીસ દિવસ પણ રહી શકી નહીં."

ખબર સાંભળી ફિલિપ્પોસ મોટરમાં આવ્યો. બધાએ એકબીજાની આંખોમાં જોયું, કોઈએ મોં ઉઘાડયું નહીં. થોડી વાર પછી કીવરીતે પૂછયું : "માત્તુક્કુટ્ટિને બોલાવવો નથી?"

"શી ખબર તે કયાં છે? મેં ડ્રાઈવરને ગાડી આપી ભાળ કાઢવા મોકલ્યો છે."

બસ, વધુ કાંઈ કહ્યું નહીં. સમાચાર સાંભળીને આવેલાં સગાંવહાલાં અને પડોશીઓના ખરખરાના શબ્દો સાંભળતાં, ફણસના ઝાડની નીચે કૂવાના થાળા પર માથું ઢાળી બેસી રહ્યા.

"લાડકો રાજા જેવો દીકરો!"

"મેલોઝત્તુ ઘરમાં એના જેવું ને એટલું સુંદર કોઈ નહોતું."

"માત્તુક્કુટ્ટિ ભાઈના તો પગ કપાઈ ગયા."

"પ્રભુ જે કરે તે સહન કર્યે જ છૂટકો."

"માણસો પુત્તનાટ્ટકરા ગયા છે?"

"ખબર નથી."

"એ છોકરીને શું કહેશે?"

"અરેરે, એ કેવી રીતે આ સહન કરશે?"

"નસીબની વાત છે."

"એક રીતે જોઈએ તો આ એના ફૂટેલા ભાગ્યનું જ પરિણામ છે. જન્મકુંડળી, રાશિનો મેળ એ બધી કાંઈ હસી કાઢવાની બાબતો નથી."

"આ તાર જોઈને ફક્ત નહીં માની લેવું જોઈએ. કદાચ..."

"કદાચની કોઈ વાત નથી. મૃત્યુ થઈ ગયું છે."

કુટ્ટિયામ્મા કુંયેનાચ્ચનના ખાટલા પર આવીને બેઠી.

"દાદાજી!"

હાલ્યા નહીં.

ઢંઢોળ્યા તોપણ ન જાગ્યા. આંખ ઉઘાડી છે. મોં ખુલ્લું છે. મોં તરફ જોતાં બીક લાગે છે.

"દાદાજી!"

ચમકીને આંખો ઉઘાડી. "જા બેટી જા, ફાટેલાં કપડાં પહેરીને ધૂળમાં પડ્યો છું. મારી નગ્નતા જોવા તું શા માટે આવી? જા..."

કુટ્ટિયામ્મા ફાટેલી આંખે ચારે બાજુ તાકતી બેસી રહી.

"હે ભગવાન! ઈશ્વર! તેં મને કેમ છોડી દીધો? મારી પુકારને, મારી પીડાના કણસારને સાંભળ્યા વિના તું દૂર કેમ ઊભો છે? ઇઝરાયેલની સ્તુતિના સિંહાસન પર હે વિરાજમાન! તું તો પવિત્ર છે. અમારા પૂર્વજો તારા પર ભરોસો રાખતા હતા. તું એમને છોડાવતો પણ હતો. હું તો મનુષ્ય નથી, માત્ર એક કીડો છું. મનુષ્યોમાં મારું નામ છે, અને લોકો દ્વારા હું તિરસ્કૃત અને અપમાનિત છું. જે કોઈ મને જુએ છે તે મારો ઉપહાસ કરે છે. તેં તો મને ગર્ભમાંથી જન્માવ્યો!"

"બાપુજી!..."

"બાપા!"

"દાદાજી!"

"આટલાં દુ:ખ શું પૂરતાં નથી?"

"તો હું શું કરું? મને શા માટે ધરતીનો ભાર બનાવી અહીં રાખી મૂક્યો છે? મારો છોકરો ક્યાં છે? જઈને એને લઈ આવો."

"લઈ આવીશું બાપા, ચુપચાપ સૂઈ રહો."

થોડી વારમાં માત્તુક્કુટ્ટિ આવ્યો. પગે ચાલતો જ આવ્યો. સાથે ધર્મપ્રદેશના પાદરી ઉપરાંત સાત-આઠ બીજા માણસો હતા. આંગણામાં કે વરંડામાં એકઠા થયેલા લોકો તરફ જોયું સુધ્ધાં નહીં. પિતાના ખાટલા પાસે જઈ માથું નમાવીને બેઠો. ખાટલા પર માથું ઢાળી ધ્રુસકે ધ્રુસકે રોયો. પણ થોડી જ ક્ષણોમાં દુ:ખ મનમાં દબાવી દીધું. ઊભા થઈને રૂંધાયેલા અવાજે કહ્યું : "આપણે પ્રાર્થના કરીએ, ફાધર!"

ફાધર 'ઈશ્વર, પુત્ર અને પવિત્ર આત્મા માટે'વાળી પ્રાર્થના બોલવા લાગ્યા, પરંતુ ધ્રુસકાં અને નિ:શ્વાસોના અવાજમાં પ્રાર્થનાનો અવાજ ડૂબી ગયો.

પલટણના નિવાસસ્થાનેથી રાજનની પેટી આવી. શાંતમ્માએ જ સહી કરીને એ લીધી. મૃત્યુના સમાચાર આવ્યા પછી દસ દિવસે પેટી આવી ત્યાં સુધીમાં શાંતમ્માએ ઘણી બધી ધીરજ મેળવી લીધી હતી. એ દૃશ્યનો સામનો તે કરી શકી. કુંયેનાચ્ચનના ખાટલા નીચે બીજાની હાજરીમાં જ પેટી ખોલીને એક એક વસ્તુ બહાર કાઢીને જોઈ અને બાજુ પર મૂકતી ગઈ. ત્યાં સુધી તે રુદનને રોકી શકી હતી. સિસિલી શાંતામ્માને વળગીને ઊભી હતી. દીનામ્મા અને કુટ્ટિયામ્મા નજીકમાં હતાં. એકએક ચીજ લઈને તે જોતી તો સિસિલી કહેતી :

"રાજનભાઈનું શેવિંગનું બ્રશ. . ."

"રાજનભાઈના નાક પર રાખવાનાં ચશ્માં."

"રાજનભાઈ. . ."

દીનામ્મા બોલી : "ચૂપ રહે, બેટી!"

પેટીમાં શાંતમ્માને રાજને લખેલો અધૂરો કાગળ પણ હતો. એને હાથમાં લીધો અને પેટી બંધ કરી ખાટલા નીચે મૂકી દીધી. થોડી વાર તકિયામાં મોં સંતાડી પડી રહી. ધીરજ તો ખૂબ રાખે છે, પણ તરત હૃદય નબળું પડી જાય છે.

. . .ખબર આપવા બેબી ગયો હતો. પતિનો સૌથી ઘનિષ્ઠ મિત્ર. છોકરી જોવા માટે સાથે આવેલો માણસ. હર્ષાવેશમાં તે બેબીનું સ્વાગત કરવા બહાર દોડી

આવી. બેબીએ પોતાના ચહેરા પરની વ્યગ્રતા છુપાવવા ઘણા પ્રયત્નો કર્યા. શાંતમ્માનું એ તરફ ધ્યાન ગયું નહીં.

"બેસો બેબીભાઈ, સોમવારે કાગળ આવ્યો છે. 15મીએ સ્કીમ પૂરી થશે. 20મીએ રજા પર આવવા રવાના થશે."

"શાંતમ્મા!"

હસતી હસતી વાત કરતી હતી ત્યાં એકાએક ગાલ પર જાણે તમાચો પડચો. ચમકી ઊઠી. આ શું? બેબીભાઈની આંખો આંસુથી ભરાઈ ગઈ છે.

પછી યાદ નથી બેબીએ શું કહ્યું ને પોતે શું સાંભળ્યું? એકાએક જાણે ધરતી ઊથલપાથલ થઈ ગઈ.

પછી એક જાતનો ઉન્માદ રહ્યો. પહેરેલાં મેલાં કપડાંમાં જ બહાર દોડી ગઈ...

જૂઠું. બધું જ સાંભળ્યું તે જૂઠું છે. પોતાનો રાજન જીવતો છે. પોતે કોઈ પણ જગ્યાએ જઈને તેને શોધી લાવશે. એકલી જ જશે... ખબર નથી, કોણે કોણે પકડીને ગાડીમાં બેસાડી. રસ્તામાં એકાદ વાર ગાડીમાંથી કૂદી પડવા-ની કોશિશ કરી. ગાડી મેલોઝત્તુના બારણે પહોંચી ત્યારે તેમાંથી કૂદી પડી અને ગાંડાની જેમ વરંડામાં ચડી. એનો રાજન અહીં જ ક્યાંક હશે...

જશે ક્યાં.... બસ, બીજું કંઈ યાદ નથી આવતું.

તાર મળ્યા પછી પાંચમા દિવસે વડા પ્રધાન અને ભૂમિદળના સેનાપતિ તરફથી કમાંડિંગ ઑફિસરે મોકલેલો શોકસંદેશ મળ્યો :

'...તમારા પતિના અકાળ મૃત્યુ બદલ અમે હૃદયથી દુ:ખી છીએ. ભગવાન તમને આ અસહ્ય દુ:ખ સહન કરવાની શક્તિ અને હિંમત આપે...'

ગમે તેટલો પ્રયત્ન કરે તોપણ આંખો ભરાઈ જ આવે છે. આંસુ લૂછીને એણે પત્ર વાંચ્યો:

"કાલે તને લખી શકાયું નથી. આખો દિવસ 'સ્ટેન્ડટૂ'. રાતે 'લેટ આઉટ.' ખરેખરની લડાઈ જ જોઈ લો. પહાડીની પેલી તરફ ચૌદમી બટાલિયન પોઝિશન લઈને ઊભી છે. આ તરફ અમારી રેજિમેન્ટ. કાલે સવારે લીલાં પાંદડાં, હેલ-મેટ અને પોશાકમાં ખોસી પડદો બનાવી એની ઓથે આજની પોઝિશનમાં પહોંચ્યા છીએ. ઉપરની પહાડીથી આર્ટિલરી કવરિંગ ફાયર કરતી હતી. જમીન પર બે ફૂટ ઊંચો થયો કે ગોળી લાગી. અનંતનારાયણ રસ્તામાં જ પડી ગયો. એને સ્ટ્રેચર પર લઈ ગયા. બિચારો, શક્તિ નથી. આજે તારો પત્ર મળવાનો દિવસ છે. આવ્યો હશે. પણ મારા હાથમાં તો કાલે જ આવશે...

28 જુલાઈ

આજે પણ તારો પત્ર નથી. શું થયું છે? મને ખબર છે કે તું પત્ર લખ્યા વિના રહે જ નહીં. દર ત્રીજા દિવસે તારો પત્ર ન મળે તો ચેન પડતું નથી. મનમાં થાય છે, દાદાજીની તબિયત તો ખાસ ખરાબ નથી! ખૂબ કાળજીથી એમની સેવા કરજે. બધાને 'એ છોકરી' 'એય છોકરા' કહીને બોલાવે છે. એને હેતની ઓછપ ન માનીશ. પોતાનાં સંતાનો અને પૌત્ર-પૌત્રીઓ માટે દાદાએ જિંદગીભર કષ્ટ વેઠ્યું છે. નાનપણમાં એમનાથી બહુ બીતો હતો...

કાલે અને પરમ દિવસે સ્કીમની સૌથી ખતરનાક તાલીમ છે. અમે દુશ્મનો-ની એક 'ચોકી' કબજે કરવા જવાના છીએ. દુશ્મન એટલે આપણા જ લશ્કરના લોકો. દુશ્મન-સેનાનો તેઓ અભિનય કરે છે. ચોકી કબજે કરવા હું વૉલંટિયર બન્યો છું. પહેલાં લખ્યું હતું તેમ 15મીએ સ્કીમ પૂરી થઈ જાય તો 20મીએ નીકળી શકીશ. સાથે આવવા માટે તૈયાર રહેજે......"

"તૈયાર રહેજે!" એણે પત્ર હથેળીમાં મસળી નાખ્યો.

"બેટી!"

"જી!"

"અહીં આવ."

શાંતમ્મા ઊઠીને દાદા પાસે ગઈ.

"બેસ."

શાંતમ્મા દાદાના ખાટલા પર બેઠી.

"સુકાયેલી ડાળોવાળા, જીર્ણ વંધ્ય વૃક્ષ જેવો હું અહીં ઊભો છું. ઢગલાબંધ ફળ આપનારું ઝાડ ઊખડી ગયું."

શાંતમ્માએ કંઈ કહ્યું નહીં.

"તું ઝાડને વીંટાયેલી દ્રાક્ષાની વેલી છે. ઝાડ પડી ગયું. આખો દિવસ – આખી રાત હું તારા વિશે વિચાર્યા કરું છું."

"......"

"હવે તારો આધાર કોણ?"

"ભગવાન."

"હા, ભગવાન માટે કશું જ અશકય નથી. હે ઈશ્વર, મારો ઉદ્ધાર કર. હું ઊંડા જળમાં સર્યો ને ધારામાં ડૂબવા લાગ્યો છું. હું ઊંડા કળણમાં ગરક થતો જાઉં છું. ઊંડા પાણીમાં હું ડૂબી રહ્યો છું....."

"દાદાજી, આમ દુ:ખી ન થાઓ."

"દુ:ખી કેમ ન થાઉં, દીકરી! જીવનના દુર્ગદ્વાર સુધી લઈ આવીને બહાર તને ઊભી રાખી બારણાં બંધ કરી દીધાં ને? હવે તું કયાં જઈશ?"

"મારો રસ્તો મેં શોધી લીધો છે."

કુંયેનાચ્ચને સાંભળ્યું નહીં. "હું તેલ ખલાસ થઈ જતાં ધૂંધળો પડી ગયેલો દીવો છું. વધુમાં વધુ હવે અડધી ઘડી. મારી પાછળ તારો સસરો પણ આવશે. પછી તારું કોણ? તને એક પુત્ર આપ્યો હોત તોપણ ગળામાં મંગળસૂત્ર પહેરાવનારને યાદ કરતી દુ:ખી થઈને દિવસો વિતાવત."

"દાદાજી!"

"એલીમલેકની પત્ની નેવોમીએ પોતાની બન્ને વહુઓને જે કહ્યું હતું તે જ હું તને કહું છું – તું તારી માને ઘેર જા. મરણ પામેલા માણસ પર અને મારા પર જેમ કરી તેમ યહોવા તારા પર પણ દયા કરે."

"એ નહીં બને, દાદાજી!"

"હેં!"

"એક પુરુષ મારો હાથ પકડી મને આ ઘરમાં લઈ આવ્યો. હવે મારે માટે બીજું કોઈ ઘર નથી."

"આ નાની ઉંમરમાં તને વિધવાના રૂપમાં શી રીતે જોઈ શકીશ, દીકરી?"

વાતો સાંભળી દીનામ્મા આવી : "ભગવાનને ખાતર બાપુજી, તમે ચૂપ રહો. દવા કરવાથી થોડો આરામ મળ્યો હતો. ફરીથી સ્થિતિ વધુ બગડી છે. નાના છોકરાની જેમ બકબક કર્યા જ કરો છો!"

કુંયેનાચ્ચને વિચાર્યું : "મેં શું બકબક કર્યું? સાચી વસ્તુ કોઈને પસંદ પડતી નથી. વિચાર કરો કે ભવિષ્યમાં આ છોકરીની શી દશા થશે? કોટંપલ્લિનાં એક કાકી પહેલાં એના ભાગની ડાંગર વસૂલ કરવા માટે ઘેર ઘેર ભટકતાં ફરતાં હતાં. એ વંધ્ય હતાં. એક કાકાનાં પત્ની, કાકા મરી ગયા તો પોતાના ભાગનું દસ પરા ખેતર નાના દિયરને સોંપી દીધું અને એક નાની બહેન સાથે રહેવા લાગ્યાં. સાથે એક દિવસ પોતાના ભાગની ડાંગરની વસૂલી માટે આવતાં ચાલાક અને ગામનો મુખી દિયર પૂછતો : 'ખેતર? કોનું ખેતર? જોઈએ તો ખાઈ-પીને અહીં રહો.'

"કાકી ઘેર ઘેર ફરિયાદ કરતાં ફરતાં. સૌને એના પ્રત્યે નફરત હતી. તે પિતાજી પાસે ફરિયાદ લઈને આવતાં યાદ છે? ત્યારે પિતાજી પૂછતા : 'નહીં તો શું કોચ્ચુવકી જૂઠું બોલે છે?' કુટુંબના ખેતરમાંથી જે ચોખા મળે છે તે કોટ્ટમ્પલ્લિના લોકોને ખાવા માટે નથી."

"ભટકતાં ભટકતાં એ સ્ત્રી ગલીના કૂતરાના મોતે મરી. કોઈએ લઈ જઈને પન-ચમૂટ્ટુ દેવળના કબ્રસ્તાનમાં દફનાવી દીધી. મેં જાતે જોયું હતું. શી રીતે ચૂપ રહું?"

સત્તર-અઢાર વરસની છોકરી રૂથ સાસુ નોવામીની સાથે ગઈ હતી. એણે સાસુને કહ્યું : "તમે જયાં જશો ત્યાં હું પણ આવીશ. જયાં રહેશો ત્યાં હું રહીશ. તમારા લોકો જ મારા લોકો છે. જયાં તમારું મૃત્યુ થશે ત્યાં હું પણ મરીશ અને ત્યાં જ મને દફનાવવામાં આવશે." એ રૂથની જેમ આ નાની છોકરી તારી સાથે રહે તો એનું ભવિષ્ય શું હશે? રૂથનો જમાનો ઈશ્વરની કૃપાનો જમાનો હતો. પ્રભુ પોતાના માણસ ઈઝરાયલ સાથે હતા. નોવોમીના કુટુંબમાં એક લખપતિ ભાઈ હતો. એનું નામ હતું બોવજ. રૂથે નોવામીને પૂછયું : "હું ખેતરમાં જઈને વેરાયેલું અનાજ વીણું?" એણે કહ્યું : "જા, બેટી." તે ગઈ અને કાપણીવાળાઓની પાછળ જઈ ડાંગરનાં કણસલાં વીણી લીધાં. સદ્ભાગ્યે એ ખેતર બોવજનું હતું. એણે કાપણીવાળાઓના મુખ્ય નોકરને પૂછયું કે આ યુવતી કોણ છે? એણે કહ્યું કે એ નોવોમી સાથે આવેલી મોઆબ દેશની યુવતી છે. આ સાંભળીને બોવજે રૂથને કહ્યું : "દીકરી, કણસલાં વીણવા માટે તું બીજાનાં ખેતરો પર ન જઈશ. અહીં મારી નોકરાણીઓ સાથે રહેજે." આ સાંભળી એણે એને દંડવત્ પ્રણામ કર્યા અને પૂછયું : "તમને મારા પર આટલી દયા કેમ આવી?" બોવજે કહ્યું : "મેં સાંભળ્યું છે કે તેં પતિના મૃત્યુ પછી સાસુની સેવા કરી છે અને પોતાનો મુલક છોડી દઈ અજાણ્યા લોકો વચ્ચે આવીને રહી છે. ઈઝરાયલના દેવતા યહોવાની છત્રછાયાની શરણે આવેલી તને તે પૂર્ણ ફળ આપે." રૂથ નેવોમીના ઉપદેશ અનુસાર સ્નાન કરી સુગંધી અત્તરથી સુવાસિત થયેલાં વસ્ત્ર પહેરી બોવજની પાસે બેઠી. એણે એનો ઉદ્ધાર કર્યો. એણે બોવજ માટે એક બાળકને જન્મ આપ્યો. એ બાળક એટલે દાઊદના દાદા ઓબેદ. આ બધું મસીહાની વંશ-સૂચિમાં છે. દાઊદથી સુલેમાન જન્મ્યો. રહબિયાવથી અબિયાન જન્મ્યો. અબિયાવથી આસ જન્મ્યો. આસથી યહોશાપાદ જન્મ્યો. યહોશાપાદથી યોરામ ઉત્પન્ન થયો. યોરામથી અસિયાવ જન્મ્યો. અસિયાવથી યોથામ ઉત્પન્ન થયો. યોથામથી આહાસ ઉત્પન્ન થયો. આહાસથી હિસ્કિયાવ ઉત્પન્ન થયો. હિસ્કિ-યાવથી મનશ્શે જન્મ્યો. . . . આ ક્રમ પ્રમાણે મંથાનના પુત્ર યાકૂબથી મરિયમનો પતિ જોસેફ ઉત્પન્ન થયો. . . .

માણસ, માત્ર માણસને જન્મ જ આપી શકે છે, પણ પ્રાણ તો યહોવાના હાથમાં હોય છે. એને જયારે જોઈએ ત્યારે તે પાછા લઈ લે છે. મરેલાંને

જીવતા કરવા—હા, પુરાણા નિયમોના* જમાનામાં નબીઓએ એ પણ કર્યું છે: નવા નિયમોના દિવસોમાં પ્રભુએ પણ એ કર્યું છે. લાઝારસને કબરમાંથી જીવતો કર્યો હતો. ઈસુએ માર્થાને કહ્યું : 'હું પુનરુત્થાન છું, હું પ્રાણ છું. મારા પર વિશ્વાસ રાખનારા લોકો મર્યા પછી પણ જીવતા રહે છે.' તે પછી એમણે મકબરા પાસે જઈ આકાશ તરફ જોઈ પ્રાર્થના કરીને ઊંચા અવાજે કહ્યું : 'લાઝારસ, બહાર આવ.' તે કબરમાંથી ઊઠીને બહાર આવ્યો....

ઓહ! પ્રભુનું એ રૂપ! યાદ કરતાં જ ડર લાગે છે. ઝભ્ભો. . . તેજસ્વી ચહેરો. . . નિર્ભય દૃષ્ટિપાત. . . આજ્ઞાશક્તિ. . .

લાઝારસ, બહાર આવ! . . .

"બાપુજી!"

"હં."

"શું કરો છો?"

"થોડી વાતો યાદ આવે છે."

"કાલે રાતે પણ ઊંઘમાં કંઈક કહેતા હતા."

"હા, કાલે આખી રાત તારી સાસુ આ બારણે પહેરો દેતી હતી. પૂછયું: આટલી વાર કેમ? જોતાં નથી કે હું ઝાકળમાં ભીંજાઉં છું. ઘડપણમાં આટલી તૈયારીની શી જરૂર છે?"

મેં કહ્યું : "અહીં આવ તો. . ."

દીનામ્મા હસી પડી. "બાપુજી, કેવી કેવી વાતો કરો છો?"

"નાની વહુ કયાં છે?"

"અહીં જ છે."

"તારો પતિ કયાં છે?"

"નાકા પર ગયા છે. કેમ?"

"લાગે છે કે વખત આવી ગયો છે. સાત તારાઓ જમણા હાથમાં લઈને દેવદૂત સાત સ્વર્ગદ્વીપ વચ્ચે ઊભો છે. મને દેખાય છે."

"બધો તમારો ભ્રમ છે."

"એને પસંદ હોય તો બીજા લગનની સંમતિ આપવી જોઈએ. આપણે દહેજ નથી લીધો. આથી હિસાબ ચૂકવવાની કોઈ વાત રહી નથી. એણે માત્ર એનાં કપડાં-લત્તાં લઈને વિદાય લેવાની છે."

* ઓલ્ડ ટેસ્ટામેન્ટ 24નું.

"બસ, બીજાં લગ્ન તો નામ ખાતર બીજાં છે. બાકી બાળક ન હોવાથી એ જુવાન જ છે; કોઈ પણ એને પસંદ કરવા સામેથી આવશે."

"બાપુજી, તમે છાના રહી શકો એમ નથી?"

"કુંયેનામાપ્પિલા શું કહે છે?"

દીનામ્માએ પાછળ વળીને જોયું. કુરુપ. તે બોલી : "લો, સાથીદાર આવી ગયા. વાતચીત કરવા માટે સાથે કોઈ ન હોવાને કારણે જ આવી નકામી વાતો સૂઝે છે."

દસ દિવસની દોસ્તી. થાકીપાકીને જ્યારે સરાઈમાં બેઠો છે ત્યારે મિત્ર આવે છે. પોટલી ખોલીને પાન સાથે ખાય છે. કેટલીય વાતો કહેતાં કહેતાં સાથે ચાલે છે. આગલા વળાંક પર વિદાય લે છે. . .

"અચ્છા નમસ્કાર. આ જ વાત છે ને કુરુપભાઈ?"

"એ જ ખરી વાત છે. ભગવાન કૃષ્ણ કહે છે – મારી અદ્‌ભુત ત્રિગુણાત્મક માયાનું અતિક્રમણ કરવું ઘણું મુશ્કેલ છે. જે મારા શરણે આવે છે તે આ માયાને ભેદી શકે છે."

"ક્યાં કોણ અતિક્રમણ કરે છે? બાંધે છે? આજ સુધી કોઈ પાર ગયું નથી. અધર્મી હોય કે દુષ્ટ, શુદ્ધ કે અશુદ્ધ, યજ્ઞ કરનાર કે ન કરનાર, બધાની એક જેવી જ દશા હોય છે. સૂર્ય હેઠળ જે કંઈ કરવામાં આવે છે તેને જ્ઞાનપૂર્વક સમજવાનો મેં પ્રયત્ન કર્યો છે. આ મનુષ્યને પરમાત્માએ આપેલું દુ:ખ છે. છે ને, રે?"

" 'રે' સંબોધન સાંભળી કુરુપ ચકિત થઈ ગયો. આજ સુધી આવું સંબોધન કદી કર્યું નથી. પણ એની પરવા કર્યા વિના બોલ્યો : "હા, બધી માયા જ છે."

"આપણને એકબીજાની ઓળખાણ થઈ, એને કેટલાં વર્ષ થયાં હશે?"

"બે વરસ."

વાહ. ઈસુની પચાસમી સાલમાં આપણે બન્નેએ ભાગીદારીમાં ગુલ્લત્તારાના માલિકનું ખેતર ભાડે ખેડયું હતું ને! ઈમાનદાર આદમી! તું તો બધું ભૂલી ગયો છે, નહીં?

કુરુપ સમજી ગયો કે કંઈક ગોટાળો છે. માણસનું મગજ ઠેકાણે નથી. કુંયેનામાપિલ્લાનું મન અહીં ક્યાંય નથી. પણ એને સરખી રીતે જોયો તો હતો, પિછાણ્યો તો હતો!

"તને હું શી રીતે ભૂલી શકું? તારી મોટી દીકરીના લગ્નમાં દહેજ લેવા માટે જ્યારે વરપક્ષવાળા આવવાના હતા ત્યારે તું — હાય પાપ્પી ધરાશાયી થઈ

રહ્યો છે, કહીને ઊંધો સૂઈ ગયો હતો. એ વખતે તારી મદદ કરનાર મેલોઝત્તુનો કુંયુનૈના જ હતો. તું ભૂલી ગયો છે રે!"

"કુંયેનામાપ્પિલા!"

"હું."

"એ તો હું છું, શિવરામ કુરુપ!"

". . . . ."

"કુંયેનામાપ્પિલ્લા!"

ફરી હાલ્યા પણ નહીં.

આંખો બંધ છે. નસકોરાં બોલે છે, જાણે ગાઢ ઊંઘમાં હોય!

કુંયેનાચ્ચને આંખો ઉઘાડીને જોયું ત્યારે ઘરમાં લોકોની ભીડ હતી. કાળા પોશાકમાં પાદરી. અગરબત્તી-ધૂપ લઈને ઊભેલો એમનો સહાયક મત્તાયિ. સ્ત્રીઓ, બાળકો. . .

પાદરીએ મોં નમાવી કુંયેનાચ્ચનને ધ્યાનથી નીરખ્યા અને પછી કહ્યું : "તૈલાભિષેક કરું, કુંયેનાચ્ચન! તૈયાર છો ને?"

માથું હલાવી સંમતિ આપી.

પાદરીએ માથા પર હાથ મૂકી પ્રાર્થના કરી:

"હે પિતૃપુત્રપરિશુદ્ધાત્મા દેવ, તારી સશક્ત અને સહાયયુક્ત ભુજા આ દાસ ઉપર મૂકવા માટે, મારા દુર્બળ હાથ તારા પવિત્ર નામે એના પર મૂકું છું."

પાદરીએ મોં ઝુકાવી કહ્યું: "મોદ્યોન્યુસો, પ્રાર્થના દોહરાવીને પાપોનો સ્વીકાર કરવો જોઈએ."

કુંયેનાચ્ચનના હોઠ ફફડ્યા.

પાદરીએ ફરી પ્રાર્થના કરી: "પિતા, પુત્ર અને પવિત્ર આત્માના નામે તું પવિત્ર થઈ જા. તેં જાણ્યે-અજાણ્યે જે અપરાધ કર્યા હોય તેને માફ કરવામાં આવે. તારા બધા વિકારો અને નિમ્ન વ્યવહારો તારામાંથી મિટાવી દેવામાં આવે."

પોપચાં પર ક્રૉસના આકારમાં અત્તર લગાડતાં પાદરીએ પ્રાર્થના કરી:

"આ વિશુદ્ધ તેલ અને તારી કરુણાને લઈને, આંખો વડે કરેલા સર્વ અપરાધોને ઈશ્વર ક્ષમા કરે."

પછી નાક, હોઠ, કાન, હાથ, પગ અને નાભિ પર ક્રૉસના આકારમાં અત્તર લગાડી એ જ પ્રાર્થના દોહરાવી.

તૈલાભિષેક પછી પાદરી અને સહાયકને દક્ષિણા આપી વિદાય કરવામાં આવ્યા. બધાં સગાં-સંબંધીઓ એકે એકે કરીને ગયાં. પાછળ કીવરીત, કુટ્ટિયામ્મા, તોમસ માસ્ટર અને ઘરના જ થોડા લોકો રહ્યા.

તોમસ માસ્ટરે કહ્યું : "દવા અને ખોરાકનું સેવન બંધ કરવાથી જ રોગ વધ્યો છે."

કીવરીતે કહ્યું : "હવે આ દશામાં ખોરાક કેવો, બેટા?"

"એમ વાત નથી! ડૉક્ટરે કહેલું કે દાદાજીની તબિયતને ઉંમરને કારણે બાધા પહોંચી નથી."

"એ તો બરોબર છે. આ સિત્તેર વરસની ઉંમરે આ ગામમાં એમના જેટલું તંદુરસ્ત બીજું કોણ હતું?"

માત્તુક્કુટ્ટિએ કહ્યું : "ખોરાક લેવાનું આપણે તો કહીએ, પણ બાપા માને નહીં પછી શું કરવું?"

"મારી વાત દાદાજી માનશે. ડૉક્ટરને કહીને દવા લઈ આવીશ."

"ભલે, પ્રયત્ન કરી જો."

કીવરીત માત્તુક્કુટ્ટિને લઈને આંગણામાં આવ્યો. ફણસનાં ફેલાયેલાં મૂળિયાં પર બેઠો. થોડી વાર ચુપચાપ ફણસનાં પાંદડાંની દાંડીથી ભોંય પર લીટીઓ દોરતો રહ્યો.

"જે થવાનું હતું તે થઈ ગયું. બાપાની તબિયત તો એવી છે કે કોને ખબર, કઈ પળે આંખો મીંચાઈ જાય! પછી તારું શું થશે?"

માત્તુક્કુટ્ટિએ કશો જવાબ આપ્યો નહીં; આકાશ ભણી તાકી રહ્યો, જાણે પોતાને યહોવા તરફથી આધાર મળે છે એ વાત પર મક્કમ હોય!

"અત્યાર સુધી તું કશી ફિકર-દરકાર વિના તારી ઇચ્છા પ્રમાણે વર્તતો હતો. દીકરો જે કાંઈ મોકલતો એના વડે દીનામ્મા કામ સંભાળી લેતી. હવે શું કરીશ?"

"કરવાનું શું? જે થશે તે થશે."

"એ જ તો કહું છું. તારામાં હજી પણ જવાબદારીની ભાવના આવી નથી."

"તો હું શું કરું? બધો કિસ્મતનો ખેલ છે."

"કોઈ ધંધો તો કરવો પડશે ને?"

"ધંધા માટે પૈસાની જરૂર નહીં પડે?"

"પૈસાની તજવીજ ક્યાંકથી કરવી પડશે. તેં જ કહેલું કે પલટણની ઑફિસ-માંથી હજાર રૂપિયા મળશે. એમાં થોડા બીજા કોઈ પાસેથી ઉધાર લઈને નાકા પર એક દુકાન શરૂ કર."

"બે હજાર રૂપિયા ઉધાર કોણ આપશે? આપણા બધામાં સારી આર્થિક સ્થિતિ ફિલિપ્પોસની છે. એ શું આપશે?"

"મેં એને આ વાત કરી હતી. એ તો ઘસીને ના પાડે છે. એને હજુ 'ભાઈ'નો સંબંધ સમજાયો નથી."

"એ જ વાત કહું છું ને!"

"સારું, હું એક ભાગીદાર આપીશ. તું જવાબદારીપૂર્વક બધું કામ સંભાળીશ?"

"કોણ?"

"શિવરામ કુરુપ. એણે મને કહેલું. વેપારની આવડત તેનામાં છે. ઘણા દિવસ સુધી તેણે ષણ્મુખમપિલ્લૈની દુકાને મુનીમગીરી કરી છે ને?"

થોડી વાર માત્તુક્કુટ્ટિ ચૂપ રહ્યો. પરચૂરણની દુકાનની વાત તો સારી છે. રામકૃષ્ણનની દુકાન હવે લગભગ બંધ થવા પર જ છે. આ મહોલ્લામાં પરચૂ-રણની બીજી કોઈ દુકાન નથી. ઉધાર માલ ન આપે, તો એમાંથી ગુજારો થઈ શકે. પણ. . .

"એ બેવકૂફ કુરુપ સાથે ભાગીદારીમાં દુકાન કરવી એ બરોબર છે? કોને ખબર!"

"એ છોને રહ્યો બેવકૂફ! કબજો તો તારા હાથમાં રહેશે ને! એનામાં હોશિયારી છે."

બન્ને ભાઈ થોડી વાર ચૂપ રહ્યા. કીવરીતે કહ્યું : "કાલે એની સાથે મળીને ફરી એક વાર વાત કરી જોઈશ. ત્યાર પછી નક્કી કરીશું. અચ્છા, આ છોકરીનું શું થશે?"

"છોકરીની વાત!"

"એની માએ કંઈ કહ્યું ?"

"શું?"

"એ તો નાની છોકરી છે. એને આપણે અહીં રોકી રાખીએ એ તો બરોબર નહીં."

માત્તુક્કુટ્ટિ કંઈ બોલ્યો નહીં.

"મારા ખ્યાલ પ્રમાણે તો તેણે તેને ઘેર જવું જોઈએ. આપણું ઘર તો લૂંટાઈ ગયું. તેણે પોતાની જિંદગી શું કામ બરબાદ કરવી?"

"એ વિશે મેં નક્કી કરી લીધું છે, બાપુજી!"

"હેં?"

પાછળ વળીને જોયું તો શાંતમ્મા કૂવાના થાળા પાસે, લીંબુના છોડ નજીક માથું નમાવીને ઊભી હતી અને એક પાંદડું તોડી આંગળીઓ વડે મસળી રહી હતી.

"હવે આખી જિંદગી મારો કોઈ બીજો સંબંધ નહીં થાય, બીજું કોઈ ઘર નહીં થાય."

"સમજી-વિચારીને બધું નક્કી કરજે, દીકરી!"

"બધું બરોબર વિચારીને જ મેં નક્કી કર્યું છે, પિતાજી!"

એ વખતે એણે માથું ઊંચકીને જરાયે સંકોચ વિના બન્ને તરફ વારાફરતી જોયું. એના મુખમંડળ પર એક ગંભીર તેજ હતું. એક નિર્ણય.

"બેટી, તું અંદર જા."

શાંતમ્મા કૂવાની પાછળથી રસોડામાં ગઈ. અચાનક ફિલિપ્યોસ સાઈકલ પર આવી પહોંચ્યો. ઝડપથી સાઈકલ ચલાવવાને કારણે તે પરસેવાથી રેબઝેબ થઈ ગયો હતો.

"તૈલાભિષેક થઈ ગયો?"

"હા. તું ક્યાં હતો?"

"ક્યાં હતો! પૂંછડેથી દાઝેલા કૂતરાની જેમ કેટલીય બાબતો પાછળ દોડતો રહ્યો છું. ગાડી વર્કશૉપમાં છે. હું તે શું ઊડીને આવું?"

"અરે, અમથું પૂછ્યું કે તું ક્યાં હતો, એમાં આટલો આકળો કેમ થાય છે?"

"હા, આકળો થાઉં છું! બાપાને કેમ છે?"

"પડ્યા છે."

ફિલિપ્યોસે પિતાના ખાટલા ભણી પગલાં માંડ્યાં ત્યાં કીવરીતે બૂમ મારી:

"ફિલિપ્યોસ!"

ફિલિપ્યોસ પાછળ વળીને ઊભો રહ્યો.

"ગયા રવિવારે મેં મામ્મુક્કુટ્ટિને વાત કરી હતી તેનો તેં કંઈ જવાબ ન આપ્યો. કોઈ ધંધા-ધાપા વગર એ જીવશે કેવી રીતે?"

"કોણ જાણે! મને પૂછો છો, પણ હું શું કરું? ત્રીસ હજારનું કામ છે. પોણા ભાગનું થઈ ગયું છે, પણ હજુ સુધી એક દમડીયે મળી નથી. એક બહુ લાલચુ ઇજનેર આવ્યો હતો. લાંચ આપ્યા વિના તે બિલ પસાર નહીં કરે. જ્યાં જયાંથી કરજ મળે ત્યાંથી લઈ લઈને કામ ચલાવું છું."

"આ તો ભાઈ, તારી વાત છે."

"હા, મારી વાત છે."

"ઠીક છે. ત્રીસ હજાર, ચાળીસ હજારનો હિસાબ કોણ માગે છે? ન આપવું હોય કાંઈ તો કહી દે."

"કહ્યું કે ના."

"હા, ભૂલ કીવરીતભાઈની જ છે. નાના ભાઈને મદદ કરવાનો રસ્તો પણ શોધ્યો."

ફિલિપ્પોસ કશો જવાબ આપ્યા વિના કુંયેનાચ્ચનના ખાટલા પાસે ગયો. દીવો પેટાવ્યો હતો. ખાટલા પાસેથી એક સંધ્યાકીર્તન ઊંચા અવાજમાં સંભળાયું. એમ લાગતું હતું કે મરણ બારણે ટકોરા મારે છે. તોપણ કુંયેનાચ્ચનની તબિયતમાં ભલે કામચલાઉ પણ થોડો સુધારો જરૂર થયો. એનું કારણ દવા કે ખોરાક નહીં, પણ શાંતમ્માની સેવા હતી. શાંતમ્માની જિંદગીમાં જે ભીષણ આઘાત આવી પડયો હતો, એમાંથી બહાર નીકળવાનું અશકયવત્ લાગતું હતું. પણ તે તેમાંથી બહાર નીકળી – એક નવા જ્યોતિપુંજની જેમ. એને માટે આ નવો જન્મ હતો. એના અંતરાત્માએ કહ્યું કે જે ગુમાવ્યું છે તે તુચ્છ છે, જે પામવાનું છે તે વધુ ઊંચું છે. શાશ્વત પ્રિયતમ હજુ હવે આવવાનો છે. તેલ પૂરેલો દીવો લઈને એની રાહ જોવાની છે. એ જ એના જીવનની મંજિલ છે. ઈશ્વરે કહ્યું છે કે સ્વર્ગમાં રહેલા પતિના સ્વાગતમાં, દીપક હાથમાં લઈને દસ કુમારિકાઓ ચાલતી હતી. એમાંથી પાંચ હોશિયાર હતી ને પાંચ મૂર્ખ. મૂર્ખ કુમારિકાઓએ હાથમાં દીવો લીધો પણ જુદું તેલ ન લીધું. હોશિયાર કુમારિકાઓએ એક હાથમાં દીવો ને બીજા હાથમાં તેલનું વાસણ લીધું. વરના આગમનમાં જ્યારે વિલંબ થયો ત્યારે બધાને ઊંઘ આવવા લાગી. અડધી રાતે વર આવ્યો. કોલાહલ સંભળાયો કે સ્વાગત કરવા ચાલો. આ સાંભળી બધાએ ઊઠીને દીવા સંકોર્યા. એ વખતે મૂર્ખ કન્યાઓએ હોશિયાર કન્યાઓને કહ્યું – અમારા દીવા ઓલવાઈ જવા આવ્યા છે, તો તમારા તેલમાંથી થોડું અમને આપો. પણ હોશિયાર કન્યાઓએ કહ્યું : "ક્યાંક એમ ન બને કે આપણને બન્નેને તેલ ઓછું પડે. આથી તમે લોકો દુકાનદાર પાસેથી તેલ લઈ આવો." એ છોકરીઓ તેલ ખરીદવા ગઈ તે વખતે વર આવ્યો. જે કુમારિકાઓ તૈયાર હતી તે એની સાથે લગ્નની મહેફિલમાં ભાગ લેવા ગઈ. બારણાં બંધ થયાં. ત્યાર પછી બીજી કન્યાઓ આવી. કહ્યું : "પ્રભુ, પ્રભુ, અમારે માટે બારણાં ખોલો." એ સાંભળી એણે જવાબ આપ્યો કે હું તમને ઓળખતો નથી.

શાંતમ્મા તેલપાત્ર અને દીપકવાળી કન્યા બની. તે જાતે પ્રભુની પ્રતીક્ષા કરતી રહી, બીજાઓને પ્રતીક્ષાનો ઉપદેશ આપતી રહી. ઉપદેશ આપવા માટે તે આસપાસનાં ગામોમાં જતી, વહેલી સવારે ઊઠતી. કુંયેનાચ્ચનના ખાટલા પાસે બેસી પ્રાર્થનાગીત ગાતી. શાંતમ્માનાં ગીત સાંભળતાં સાંભળતાં પનચ્ચિમૂટ ગામ ઊંઘમાંથી જાગ્રત થતું.

પ્રાર્થના પછી તે આખા ઘરનું કામ કરતી. કુંયેનાચ્ચનને દવા, કૉફી વગેરે પિવડાવતી. ત્યાર પછી સુવાર્તાનો પ્રચાર કરવા ગામડાંમાં જતી. પાછા વળતાં વળતાં બપોર પડી જતી. દીનામ્માને ફક્ત એક વાર રાંધવાનું કામ કરવું પડતું. શાંતમ્મા પાછી આવીને કામનો ભાર પોતે ઉપાડી લેતી.

કુંયેનાચ્ચનની તબિયત આ વખતે જે સુધરી તે તો ક્ષણિક હતી. દીવામાં તેલ ખૂટવા આવ્યું હતું. છેલ્લી વાર જ્યોત ટમટમી રહી હતી. દવા બીજા થોડા દિવસ લીધા કરી તો પેટ ખરાબ થઈ ગયું. પાચન થતું નહોતું. અશક્તિ વધી. ઊઠીને ઊભા થતાં ચક્કર આવી જતાં. વચ્ચે વચ્ચે બેહોશ થઈ જતા. બકબકાટ કરતા. કોઈની સાથે વાતો કરતાં એને કોઈ બીજી વ્યક્તિ સમજી બેસતા. નાના બાળકની જેમ હઠ કરતા.

હવે શાંતમ્માની સેવા જ કુંયેનાચ્ચનનો એકમાત્ર આધાર હતી. દર ત્રીજા દિવસે પાણી ગરમ કરી, તેલ ચોળીને નવડાવતી. સવારે ઠંડીના સમયે સગડી પેટાવતી. રાતે ત્રણ-ચાર વાર ગરમ કૉફી પિવડાવતી.

મનમાં જ્યારે સુખ-ચેન જેવું લાગતું ત્યારે કુંયેનાચ્ચન કહેતા : "કોણે વિચારેલું કે છેલ્લા દિવસોમાં તું એકલી મારો આધાર બનશે? તને આપવા માટે મારી પાસે કાંઈ નથી."

"એમ કહો તે ન ચાલે, દાદાજી!"

"કેમ, મારી પાસે શું છે?"

"આશીર્વાદ."

"આશીર્વાદ? મારા આશીર્વાદનું શું મહત્ત્વ છે? મારા આશીર્વાદ હોવા છતાં માલિકે તારી માટીની ઝૂંપડી વેરવિખેર કરી નાખી. 'કાલે નીકળીશ'વાળો પત્ર હાથમાં રાખીને..."

"બસ, દાદાજી, એવી વાત ન કહો. ઈશ્વરનો માર્ગ કોઈ જાણતું નથી. કોણે વિચારેલું કે દાદાજીના ઘરમાં વહુ બનીને આવીશ? લગ્નનો નિર્ણય બદલવાની વાત નક્કી કરવા માટે દાદાજી, તમે જ પત્ર લખાવવા માંડેલો ને?"

"હા."

"તો બસ, બધી પ્રભુની ઈચ્છા છે. એના પવિત્ર નામનો જય થાઓ."

સૂની પગદંડી પરથી શાંતમ્મા અજ્ઞાત અને અદૃશ્ય અભયસંકેતની શોધમાં ચાલી જતી હતી. કોઈ પુરુષની જરૂર પડતી ત્યારે બેબી જ મદદ કરતો. પલટણની ઑફિસ સાથે જરૂરી લખાપટ્ટી કરતો, શહેરમાંથી જરૂરી વસ્તુઓ લાવી આપતો, પુત્તાનાકટ્ટુરા જઈ શાંતમ્માની માના કુશળ સમાચાર પૂછી આવતો. રાજનના મૃત્યુ પછી બેબી ઓછું બોલતો હતો, ગંભીર થઈ ગયો હતો. શાંતમ્માને યાદ આવતું કે લગ્ન પછી રાજન પાછો આવ્યો તે ઘડી સુધી બન્ને કેવાં લહેરથી વાતો કરતાં હસતાં રહેતાં!

બેબી હવે લીલામ્માને લઈને ભાડાના જુદા ઘરમાં રહેતો હતો. મા, બે નાની બહેનો, લીલામ્મા અને બે મહિનાનું બાળક – આટલાં જણ એના કુટુંબમાં હતાં. આવકમાં તો જે પગાર મળતો તે. કુટુંબની ઝંઝટ, પ્રિય મિત્રનું અકાળ મૃત્યુ વગેરે બાબતોઓ આ હસમુખા માણસના હૃદયને ઊંડેથી વ્યથિત કરી દીધું હતું.

એક દિવસની વાત છે. શાંતમ્મા ચાર-પાંચ માઈલ દૂરથી કન્વેન્શન પછી ઘેર પાછી આવી તો જોયું – રસોડામાં લીલામ્મા બાળકને ખોળામાં લઈને બેઠી છે. પાસે જ દીનામ્મા પણ છે. આવતાં જ એણે બાળકને લેવા હાથ લંબાવ્યા. બન્નેના ચહેરા તરફ તેનું ધ્યાન ન ગયું. હાથ લાંબા કરતાં બોલી : "લીલાબહેનને બહુ વખતથી જોઈ નહોતી. બેબીભાઈ પૅન્શનનું ફૉર્મ ભરાવીને લઈ ગયા છે. એક અઠવાડિયું થઈ ગયું."

"બેબીભાઈને જોયા વગર ઊંઘ ન આવતી હોય તો એમને બોલાવીને અહીં જ રાખી લે ને!"

દીનામ્માએ ઊંચા અવાજે કહ્યું : "લીલામ્મા, ફાવે તેમ બોલ નહીં. કોઈ નાલાયકે મનમાં જોડી કાઢેલી વાત છે. મેં તને કહ્યું નહીં?"

"વાહ, જે કરે છે તે શું આબરૂવાળું કામ કરે છે?"

શાંતમ્માએ પૂછ્યું : "આબરૂ જાય એવું કયું કામ કર્યું?"

"એ શું મારે કહેવું પડશે?"

"કહ્યા વિના કેમ ખબર પડે?"

દીનામ્માએ ઉતાવળા અવાજે કહ્યું : "છાની રહે. કહ્યું. કહેવડાવ્યું: જા, લીલામ્મા, બીજું તો ઠીક, જરા વિચાર કર. અંદર બાપુજી માંદા સૂતા છે. મનમાં તે ખૂબ દુ:ખ સહે છે."

"આ બધી બાબતો શું ફક્ત મારે જ યાદ રાખવાની છે?"

"બધાએ યાદ રાખવી જોઈએ, લીલામ્મા! જા. હું તારી કાકી છું ને! મારી વાત માન."

શાંતમ્માને આખી વાતની ખબર તો નહોતી પણ એને સહેજસાજ અણસાર આવી ગયો હતો. એણે દીનામ્મા તરફ જોઈને કહ્યું : "તમે શું કરવા ગભરાવ છો? હું પણ જરા જાણું કે તે શું કહેવા માગે છે!"

લીલામ્મા વિજયના સૂરે બોલી : "જોયું? એને સહેજે ગભરાટ નથી. સાંભળ્યું દીનાકાકી? ખાલી સાંભળેલી વાત નથી. જોયું ને?"

"પૂછયું કે શું જોયું છે?"

"આજકાલ એ ખાતા નથી, સૂતા નથી. મારી તરફ તો નજર પણ નાખતા નથી."

"એમાં બિચારી આ સ્ત્રી શું કરે?"

"ઓહ, એવી જરૂર લાગતી હોય તો ફરી એક વાર લગ્ન કરી લે. ધર્મ-શાસ્ત્ર હાથમાં લઈને આખા મલકમાં બનીઠનીને નીકળે છે તે શું પૂરતું નથી? બીજા લોકોને શું કરવા હેરાન કરે છે?"

દીનામ્માથી રહેવાયું નહીં. "અરે કુલક્ષણી, ઉટપટાંગ વાતો કર્યા વિના મારા ઘરમાંથી બહાર નીકળ, જા!"

"તમે જ શીખવ્યું હશે."

દીનામ્મા સળગી ઊઠી. બોલી : "ઝાડુ ક્યાં છે? એ કમતિયણને ઝાડુ મારીને બહાર કાઢવી જોઈશે."

શાંતમ્માએ દીનામ્માનો હાથ પકડી લઈ કહ્યું : "ના ના, કંઈ કહેતાં નહીં. કંઈ –"

"એમ શું કરવા? ખબર પડે ને કે એ કઈ માની દીકરી છે!"

કુંયેનાચ્ચને સાદ પાડયો : "શું છે દીકરી? – હેં, શું છે રે?"

"કંઈ નહીં બાપુજી, કંઈ નહીં."

"બોલો તો, છે શું?"

"કહ્યું ને કે કાંઈ નથી."

બબડાટ કરતી લીલામ્મા ઊઠીને ચાલતી થઈ. આંગણા ભણી જોયું તો આડોશ-પડોશની સ્ત્રીઓ ઊભી હતી. શાંતમ્મા કુંયેનાચ્ચન પાસે ગઈ. ધર્મશાસ્ત્ર છાતીએ લગાડી થોડી વાર એમની પાંગત પાસે માથું નમાવીને બેસી રહી. મોં ઊંચું કરીને પાલવથી મોં લૂછયું. હસી. કુંયેનાચ્ચન સતત પૂછયા કરતા હતા : "કોણ આવેલું? વાત તો કર!"

શાંતમ્માએ કહ્યું : "ધર્મશાસ્ત્ર વાંચું, દાદાજી! 27વાળું નીતિવચન. . .યહોવા, ન્યાય સાંભળ. મારો પોકાર સાંભળ. નિષ્કપટ અધર પરથી નીકળેલી મારી પ્રાર્થના સાંભળ. . ." શાંતમ્માને વાંચતી સાંભળીને સૂનકારમાં નેત્રો વડે અભય-સંકેત શોધતા કુંયેનાચ્ચન સૂતા રહ્યા. . .

બીજા દિવસે સાંજે બેબી આવ્યો. બે માઈલ દૂર, રાજનની કંપનીનો એક સૈનિક રજા પર આવ્યો હતો. પેન્શન વિશે પૂછવા આવ્યો હતો.

આખી વાત સમજી લીધા પછી કહ્યું : "કોલ્લમથી 'ડિસ્ટ્રિક્ટ સોલ્જર્સ બોર્ડ' પાસેથી એક પ્રમાણપત્ર લેવાનું છે. કાલે બપોર પછી જઈશ."

"નથી જવું, બેબીભાઈ!"

"હેં?"

"પેન્શન ન મળે તો જવા દો. અને મિત્રની પત્ની રાજી રહે એમ ઇચ્છતા હો તો હવેથી. . . ."

"હવેથી?"

"મારી ખબર લેવા ન આવતા." એ પછી શાંતમ્મા ત્યાં ઊભી ન રહી શકી. બેબીના ચહેરા તરફ જોવાની શક્તિ ન રહી. ઓરડામાં જઈ ખાટલા પર પડી ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી.

બાર

પનચ્ચિમૂટ ગામમાં રામકૃષ્ણનની દુકાનની સામે જ માત્તુક્કુટ્ટિની પરચૂરણની દુકાન ખૂલી. પચાસ ટકા ભાગીદારીમાં શિવરામકુરુપે બે હજાર રૂપિયા રોક્યા. માત્તુક્કુટ્ટિ પાસે રાજનનું બાકીનું વેતન અને સંરક્ષણ-કોશમાંથી મળેલા હજાર રૂપિયા જમા હતા. છેલ્લે ટાંકણે ફિલિપ્પોસે પણ હજાર રૂપિયા ઉધાર આપ્યા. કુલ ચાર હજાર રૂપિયા લાગ્યા. કાયંકુલમના ઉણ્ણુણ્ણિની જથ્થાબંધ માલની દુકાનેથી થોડો માલ ઉધાર મળ્યો. એકંદરે એક સારી દુકાન બની ગઈ. રામ-કૃષ્ણનની દુકાનનો એક જૂનો નોકર વેચવામાં મદદનીશ તરીકે કામ કરવા મળી ગયો. આખા મહોલ્લામાં બીજી કોઈ દુકાન નહોતી. માત્તુક્કુટ્ટિ પર લોકોને ભરોસો પણ હતો, આથી વેચાણ સારું થતું.

મેજપોશથી ઢાંકેલા મેજની પાછળ માત્તુક્કુટ્ટિ માલિક બનીને બેસે છે. બિલના પૈસા ગ્રાહકો પાસેથી લઈને તિજોરીમાં નાખે છે. હિસાબ-કિતાબ અને માલની

ખરીદીનું કામ શિવરામકુરુપ કરે છે. દરેક દૃષ્ટિએ મેલોઝત્તુવાળાની દુકાન મહોલ્લામાં ચર્ચાનો વિષય બની ગઈ.

વેપાર શરૂ કર્યા પછી માત્તુક્કુટ્ટિની પ્રતિષ્ઠા વધી. ગામના અગ્રણીઓ મહત્ત્વની બાબતો વિશે ચર્ચા-વિચારણા કરવા દુકાન પર આવવા લાગ્યા. બહુ જરૂરી વાત હોય તો મોટરમાં એને લઈ પણ જતા.

માત્તુક્કુટ્ટિના દુશ્મનોની એવી અટકળ હતી કે દીકરાના મૃત્યુથી માત્તુક્કુટ્ટિનો સર્વનાશ થઈ જશે. તેની કંઈક લાગવગ હતી એ કારણે તેના કેટલાક દુશ્મનો પણ હતા. પણ ભજનસંહિતામાં કહ્યું છે તેમ યહોવાની કરુણાનો દુર્ગ રચાયો. શત્રુઓ અને કુકર્મના કરનારાઓની ઇચ્છા સફળ ન થઈ. યહોવાના મહત્ત્વે એને અસાધારણ ઉન્નતિ આપી. દીકરાનું પેન્શન, ભલે નાની રકમનું, પણ દરેક મહિને આવતું. દુકાનમાંથી સારી આવક થતી હતી. ઝંઝટ નથી. દીનામ્મામાં પણ હવે પહેલાં કરતાં વધારે ઉત્સાહ છે, તેજ પણ છે. ઘરનો કારભાર ખૂબ ઉત્સાહ અને સ્ફૂર્તિથી ચલાવે છે. શાંતમ્મા દુનિયાદારીની વાતોથી અલગ થઈ, હંમેશાં ધર્મશાસ્ત્ર હાથમાં લઈને ચાલે છે. દીનામ્મા એને કોઈ રીતે ચિંતિત થવા નથી દેતી.

એક દિવસ ફિલિપ્પોસ માત્તુક્કુટ્ટિની દુકાને આવ્યો. દુકાનમાં ઠીક ઠીક ભીડ હતી. કુંયુચેરુક્કન પણ ત્યાં હતો. આ તો રોજિંદી બાબત હતી. દુકાન ખૂલતાં જ એણે શિવરામકુરુપ સાથે દોસ્તી કરી લીધી. ચોખા કે મગની ગૂણી પર બેસી જતો. પછી કોઈના કહ્યા વિના જ એનો દોરદમામ શરૂ થઈ જતો. લક્ષ્મી માલ લેવા આવી તો ચાર આના ઓછા લાવી હતી. ચાર આના કાલે આપીશ. મદદનીશ કહેતો કે પૈસા ઓછા હોય તો એટલો ઓછો માલ લે. તે વખતે કુંયુચેરુક્કન પોતાનું ભાષણ શરૂ કરતો – લક્ષ્મી, આ દુકાન એણે બાપના ખજાનાથી ખોલી નથી. કોઈક પરાયા માણસ પાસેથી ઊંચા વ્યાજે કરજ લઈને દુકાન ખોલી છે. ઉધાર નહીં ચાલે.

એકેએક બાબતમાં આ જ રીત. બીજું કાંઈ ન સૂઝે તો કુટુંબની મહત્તા દાખલાઓ આપીને પ્રગટ કરતો :

"બાપા મેચ્ચેરિનાં ખેતરોમાં ખેતી કરતા હતા. કોશિના બારણાથી મોટા તળાવ સુધીની બાવીસ પરાની ખેતી ઊંચા વૃક્ષના થડની જેમ પથરાયેલી હતી. એક વરસે ડાંગરને ખૂબ કણસલાં લાગ્યાં. ડાંગર એવી ગાઢ અને ઊંચી કે અંદર હાથી જાય તો બહારથી દેખાય નહીં. ડાંગર પાકવા આવી હતી ત્યાં એક દિવસ રાતે વાડ તૂટી ગઈ. શું કરવું?"

સાંભળનારાને શું નુકસાન? કુંયુચેરુક્કન એની ચિંતા થોડી જ કરતો હતો? હુકમ કરતાં, ભાષણ આપતાં તે મોડી રાત સુધી ત્યાં બેસી રહેતો અને જ્યારે જવાનો વખત થાય ત્યારે કહેતો : "બશેર ગોળ જોખી આપ."

અને એની પોટલી બનાવીને ઘર તરફ ચાલવા લાગતો. પૈસા માગવાની અનુમતિ નથી. માગ્યા તો મામલો એકદમ વીફરી જાય. માત્તુક્કુટ્ટિ એમ જ વિચારીને ચૂપ રહેતો કે જ્યારે આપશે ત્યારે લઈશું. નહીં તો પછી ભત્રીજાઓ પાસેથી લઈ લઈશું.

કુંયુચેરુક્કન પોતાના ભાષણની પોતે જ મજા માણતો હતો એવામાં ફિલિપ્યોસ આવી ચડયો. એ વખતે શિવરામકુરુપ દુકાને નહોતો. કુંયુચેરુક્કને પૂછયું : "શું ખબર છે?"

ફિલિપ્યોસ એની પરવા ન કરતાં બોલ્યો : "ખાસ કંઈ નહીં. બાપા ખૂબ નબળા પડી ગયા છે. સવારે હું જઈને જોઈ આવ્યો હતો."

"હં. . . માત્તુક્કુટિ, અહીં આવ તો!"

ફિલિપ્યોસ રસ્તા પર પાછો ગયો. માત્તુક્કુટ્ટિ એની પાછળ પાછળ ગયો. એમ હતું કે રસ્તા પરના વડના ઝાડની નીચે ઊભા રહીને વાત કરીશું. પણ ત્યાં વેલારુધન અને બે માણસો મળીને કોઈક ખાનગી વાત કરતા હતા. આથી બંને પૂર્વ દિશામાં થોડે દૂર ગયા, અને એક પગદંડી પર પહોંચ્યા.

માત્તુક્કુટ્ટિએ પૂછયું : "શી વાત છે, ભાઈ?"

ફિલિપ્યોસે તરત કશો ઉત્તર આપ્યો નહીં. છાતી પર હથેલી મૂકી પાસેની માટીની પાળી પર બેસી ગયો.

"બે દિવસ માટે તું શું દુકાન છોડી શકે એમ છે?"

"શી વાત છે?"

"વયનાડ જવું છે."

"હં."

ફિલિપ્યોસ ફરી ચૂપ. ઘણી વાર પછી બોલ્યો: "એ ત્યાં ખોટી રીતે રહે છે. અમારી નોકરાણી એની સાથે છે. તેં શું સાંભળ્યું નથી?"

"હા, છોકરાંઓ કંઈક વાત કરતાં હતાં."

"એની માની માનસિક તકલીફનો પાર નથી. ત્રણ-ચાર દિવસથી એ માંદી છે. મગજની સમતુલા ખોરવાઈ ગઈ છે. એને ઓરડામાં પૂરી રાખી છે."

" ... ... "

"આજે એ ક્હેતી હતી કે મેં એના દીકરાને ક્યાંક લઈ જઈને મારી નાખ્યો છે. શું કરવું? તનતોડ મહેનત કરી હું ચાર પૈસા તો કમાયો છું, પણ સુખે સૂવાનું મારા નસીબમાં નથી."

"કીવરીતભાઈને વાત કરી?"

"શું કરું? કહું તોપણ તે શું કરી શકશે? બીજા દસ માણસો સાંભળશે. અને બેઈજ્જતી થશે. એથી બીજો શો લાભ થવાનો હતો?"

"મારા કહેવાથી શું તે માનશે?"

"તારા કહેવાથી જ માનશે. સીધો લઈ જ આવજે. જો આબરૂ જાય એવી કોઈ ઘટના બનશે તો પછી પાછળથી રોવા-ધોવાથી કંઈ વળશે નહીં."

માત્તુક્કુટ્ટિએ વિચાર કર્યો. અપમાનની વાત તો પૂરેપૂરી થઈ જ ગઈ હતી. હવે કશું બચ્યું નહોતું. તોપણ એણે કહ્યું : "ભલે, કાલે સવારે જઈશ."

"ગાડી પણ લઈ જજે."

"હું."

ફિલિપ્પોસ એ પગદંડી પર જ આગળ ચાલ્યો ગયો. એને જતો જોઈ માત્તુક્કુટ્ટિ ક્ષણવાર ઊભો રહ્યો. કીવરીતભાઈએ ફિલિપ્પોસને ભાઈઓ પર મમતા નથી એમ વાત કરેલી, પણ એ વાત સાચી નહોતી. એવો પ્રસંગ આવે ત્યારે ફિલિપ્પોસભાઈએ ભાઈચારો નિભાવ્યો છે. બીજા સમયે તો એવી રીતે હિસાબ કરી સંભળાવે, જાણે એની પાસે ફૂટી કોડીએ ન હોય! વાત એવી રીતે કરે, જાણે જિંદગીમાં પહેલી વાર મળતો હોય! પણ મનમાં કંઈક જુદી જ વાત છે. ધનવાન અને સુખી ક્હેવાય છે છતાં ફિલિપ્પોસભાઈને બીજા બન્ને ભાઈઓ કરતાં વધારે માનસિક સંતાપ વેઠવો પડે છે...

માત્તુક્કુટ્ટિ દુકાને પાછો આવ્યો ત્યારે શિવરામકુરુપ માલિકની ખુરસી પર બેઠો હતો. કાયંકુલમથી માલ આવ્યો હતો. કુંચુચેરુક્કન અને કુરુપ ખૂબ જોશથી વાતે વળગ્યા હતા.

માત્તુક્કુટ્ટિએ પૂછ્યું : "કેમ વાર લાગી?"

"ઉણ્ણૂણ્ણિ માપ્પિલા કોચિન ગયા હતા. એમના આવ્યા પછી માલ કઢાવ્યો એમાં વાર લાગી."

"હં. હું બે દિવસ અહીં નહીં હોઉં. કાલે તો રવિવાર છે. દુકાન બંધ રહેશે. પરમ દિવસે સાંજ સુધીમાં આવી જવાનો પ્રયત્ન કરીશ."

"ભલે, જઈ આવો."

કુંચુચેરુક્કને પૂછ્યું : "ક્યાં જાઓ છો ?"

"મલબાર જવું છે."

"ફિલિપ્યોસના બાગ પર?"

"હું."

"દીકરાને બોલાવી લાવવા ને? એ કહેવા માટે તને એકાંતમાં લઈ ગયો? હું સાંભળું તેનો વાંધો છે, એમ ને? અરે, વાત સાંભળ . . . છોકરાંને જમવાનું આપવા સાથે શિસ્તનું શિક્ષણ આપવું જોઈએ."

"બસ, બસ, આવી વાતો રસ્તા પર ન થાય."

"ના રે, હું કંઈ નથી કહેતો. પણ લોકો શું જાણતા નથી?"

દુકાનમાં ગ્રાહકોની સંખ્યા વધતી જતી હતી, આથી આગળ વાતચીત અટકી ગઈ. શિવરામકુરુપે ચોપડો ઉઘાડી બધો હિસાબ નોંધ્યો. માત્તુક્કુટ્ટિ બીજાં કામોમાં ગૂંથાઈ ગયો. કુંચુચેરુક્કને જોયું કે હવે બેસી રહેવામાં કંઈ સાર નથી. તે ઘર ભણી ચાલ્યો.

વહેલી સવારે ઊઠી જવાનો ખ્યાલ તો હતો, પણ દીનામ્માએ જગાડયા પછી જ માત્તુક્કુટ્ટિ જાગ્યો.

"કેટલું ઊંઘો છો? ફિલિપ્યોસભાઈની ગાડી પાંચ વાગ્યાની ફાટક પર ઊભી છે."

"કેટલા વાગ્યા?"

"છ વાગ્યા હશે."

"અચ્છા, નાહવા માટે જરા પાણી મૂકજે. . . જલદી."

રાતના બે વાગ્યે તે સૂવા પામ્યો હતો. જે કામ માટે જતો હતો એને પાર પાડવા માટે કેટલીક વ્યવસ્થા કરવાની હતી. સાથે લઈ જવા માટે બે માણસો નક્કી કર્યા – દરેક પરિસ્થિતિમાં કામ આવે એવા. કોલ્લમ જઈને એક માણસને મળ્યો અને ડી.એસ.પી. માટે એક પત્ર લીધો. સાંભળ્યું હતું કે જોણિકુટ્ટિએ પોલીસના નાના દારોગાને પોતાના પક્ષમાં કરી લીધો છે. આ બધી તજવીજ કરવામાં ઠીક ઠીક વખત વીતી ગયો અને રાતના બે વાગી ગયા. દિવસ ક્યારે ઊગ્યો તેની સરત ન રહી.

પ્રવાસ માટે તૈયાર થઈને માત્તુક્કુટ્ટિ કુંચેનાચ્ચન પાસે આવ્યો અને બોલ્યો:

"બાપા, હું જરા મલબાર જાઉં છું."

" ... ... "

"પરમ દિવસે પાછો આવીશ."

કુંયેનાચ્ચને કંઈ સાંભળ્યું નહીં. શાંતમ્મા સગડીમાં કોલસા પેટાવતી હતી. એણે કાન પાસે મોં લઈ જઈ ફરીથી એ વાત કહી ત્યારે સાંભળ્યું.

"કેમ રે?"

"ફિલિપ્પોસભાઈનો બાગ જોવા."

"એ માટે એનો દીકરો તો ત્યાં છે."

ફસાઈ ગયો. હવે શરૂઆતથી બધા સવાલ-જવાબ કર્યા વિના છુટાશે નહીં.

"એ નાનો છોકરો છે ને?"

"હં!"

"એ એકલો છે ને, બાપા?"

"ના, ના, ઘરની નોકરાણીને પણ સાથે રાખી છે."

"બાપાને કોણે આ વાત કહી?"

"ભગવાને. જઈને જો તો!"

શાંતમ્માએ પૂછયું : "તો એમાં દાદાજીને શું?"

"મને કંઈ નથી. અમસ્તુ કહ્યું."

માત્તુક્કુટ્ટિ નીકળવાની તૈયારીમાં હતો એટલામાં આંગણામાં કોલાહલ સંભળાયો. છોકરાંઓનાં હાસ્યો અને ઘોંઘાટ.

ફિલિપ્પોસની પત્ની અન્નામ્મા.

લાલ કિનારવાળી રેશમી સાડી ઢંગધડા વિના પહેરી છે. ગળામાં ચાર-પાંચ હાર. કાનમાં મોટી વાળી.

"અચ્છા ! હજુ તૈયાર નથી થયા? ચાર ઘડીથી હું વધૂ-ગૃહમાં રાહ જોઉં છું. આવો ને!"

"ભાભી!"

"ભાભી? વાહ, શી મજાક છે! મારી ઉંમર કેટલી?"

"ઓગણીસ. જુઓ, હં."

મુખ પર વિચિત્ર ભાવ. નખરાં અને અટ્ટહાસ્ય.

દીનામ્મા બહાર આવી. "અન્નામ્મા ભાભી!"

"અચ્છા ! એમ વાત છે! તેં એને તારી પાસે પરાણે રોકી રાખ્યો છે. ઓછું કાંઈ નહીં—હું છરી મારીને આંતરડાં ખેંચી કાઢીશ. અમને હમણાં જઈ આવવા દે. એટત્વા દેવળના મેળામાં જઈએ છીએ. જલદી ચાલો."

આંગણામાં એકઠા થયેલા છોકરાઓએ સીટી વગાડી કોલાહલ મચાવ્યો.

અન્નામ્માનો હાથ પકડીને એને ખેંચતી શાંતમ્મા બોલી : "કાકી, આવો, અંદર આવો."

હાથ છોડાવતાં અન્નામ્માએ કહ્યું : "હટ, હાથ છોડ. . ." સાથે જ ગંદી ગાળ દીધી. શાંતમ્મા સ્તબ્ધ થઈ ગઈ. એના મોંમાંથી નીકળી ગયું—"હાય, ભાઈ!"

"અરે ડોસલા, છોકરાઓને સરખી રીતે ઉછેર્યા નહીં. તું પણ શું ઈમાનદાર હતો કે? તારે પણ એક રખાત હતી! વિલાસી! . . ."

હવે અચકાયા વિના માત્તુક્કુટ્ટિને દીનામ્માએ એને બળજબરીથી અંદર લઈ આવવા પ્રયત્ન કર્યો. અન્નામ્માએ માત્તુક્કુટ્ટિના હાથ પર જોરથી બચકું ભર્યું. આ ધાંધલ દરમ્યાન ફિલિપ્પોસ અને બીજા આઠ-દસ માણસો દોડતા આવી પહોંચ્યા.

ફિલિપ્પોસે બૂમ મારી : "ક્યાં છે રે . . . ની બચ્ચી? એને પૂરી કરી નાખો."

એક સાથીએ કહ્યું : "એને અડતા નહીં. એનું મગજ ખસી ગયું છે."

એને બહાર લઈ જતાં ઘણી તકલીફ થઈ.

"મોટરમાં બેસાડીને લઈ જઈશું."

"માત્તુક્કુટ્ટિ, તું પણ બેસી જા."

ગાડી ચાલી તો છોકરાંનું ટોળું સીટીઓ વગાડતું એની પાછળ દોડયું.

કુંયેનાચ્ચન જાણે કોઈક સપનું જોઈ રહ્યા.

"આ શું છે દીકરી? કેવી અંધેર નગરી છે? કંઈ સમજ પડી નહીં."

"કંઈ નથી, બાપુજી!"

"કંઈ નહોતું તોપણ શું કાલાયિની વહુ સાડી વીંટાળીને આવી હતી?"

"કાકીની તબિયત ઠીક નથી, બાપુજી!"

"ગાંડી છે?"

દીનામ્માએ કહ્યું : "મનનો સંતાપ બહુ વધી ગયો છે, બાપુજી!"

"ઝેર? કોણે ઝેર આપ્યું?"

"છાના રહો, બાપુજી?"

"એને બોલાવી લાવો તો. . . "

"મોટરમાં લઈ ગયા છે. કશી ચિંતાની વાત નથી. બાપુજી! દીકરા વિશે બહુ વિચાર કર્યા કરવાથી દિલની બળતરા વધી ગઈ છે. દીકરીના બાપા જોણિક્કુટ્ટિને લઈ આવવા ગયા છે. એને જોઈને ભાભી ઠીક થઈ જશે."

"એ નહીં આવે."

"અહીંના લોકોને એ બહુ સ્નેહ કરે છે; એટલે બોલાવીશું તો આવશે."

"સ્નેહ કરે છે? કેવો?"

" ... ... "

"પેલી છોકરીને પ્રેમ કરે છે તેથીયે વધારે? શું કરવા આબરૂ ખોવા નીકળ્યો છે!"

"બાપુજીને તો કંઈ પણ કહેવાનું મુશ્કેલ છે. કંઈ જોયું નથી, કંઈ સાંભળ્યું નથી, એમ માનીને દિવસો વિતાવવા જોઈએ."

"નથી જોયું, નથી સાંભળ્યું. આંખ અને કાન હોય, પછી એ રીતે રહેવાનું શી રીતે બની શકે?"

દીનામ્મા કંઈ બોલ્યા વિના રસોડામાં ગઈ. શાંતમ્માએ કહ્યું : "સિસિલી સાથે હું દેવળે જઈ આવું?"

"આજે રવિવાર છે?"

"હા."

"બાઝપલ્લિના પાદરી હોય તો જલદી મિસ્સા ભોગની પૂજા શરૂ કરશે."

કુંયેનાચ્ચનને ધાર્મિક ગીત ગાતા સાંભળી દીનામ્મા ફરી બહાર આવી. નાક પર આંગળી મૂકી ધીમેકથી બોલી : "હે ઈશ્વર! બાપુજીનું મગજ પણ ખસી ગયું લાગે છે. નહીં તો આ બધું જોયા પછી સૂતાં સૂતાં આમ ગાય ખરા?"

શાંતમ્માએ કહ્યું : "કાલે આખી રાત સાંધ્યા-પ્રણામની પ્રાર્થના ફરી ફરીને ગાતા હતા. શબ્દો ચોખ્ખા સમજાતા નહોતા."

"હવે તો એટલી જ પ્રાર્થના છે કે વધારે તકલીફ ન થાય."

"ના કાકી, દાદાજીને ઈશ્વર વધારે તકલીફ નહીં આપે."

સિસિલી નાહીને ફ્રૉક પહેરી માથા પર રૂમાલ બાંધી નાનકડી પરીની જેમ કૂદતી-ઊછળતી આવી. બોલી : "શાંતાભાભી, જલદી તૈયાર થઈ જાઓ: વખત થઈ ગયો છે."

કુંયેનાચ્ચને પૂછ્યું : "નાનકી છે કે?"

"હા, પિતાજી."

"એ તો હવે મારી પાસે આવતી નથી. મારી સાથે બોલતીયે નથી."

"સાચી વાત છે, દીકરી?"

"મને બીક લાગે છે, મા! તે દિવસે મને કહે — કવણિ અને ચટ્ટા પહેરીને આવ તો — જોઉં!"

"અચ્છા, એટલે નાનકી પાસે નથી આવતી!"

"દેવળમાં જાય ત્યારે છોકરાંઓ સાથે લડતી નહીં. માનો પાલવ પકડી ઊભી ન રહેતી. જમણી તરફ સ્ત્રીઓની આગળ ભક્તિભાવથી હાથ જોડીને ઊભા રહેવાનું. . . . "

નીતિવાન તાઈને જેમ પલ્લવિત થશે.
હલ્લેલુયા.
આ લેબેનોનના ઝાડ જેવો મોટો થશે.
હલ્લેલુયા.
ઘડપણમાં તે પલ્લવિત – વિકસિત થશે.
હલ્લેલુયા.
એમની તૃષ્ટિપુષ્ટિ શ્રીવૃદ્ધિ થશે.
બારકમોર

ફરીથી પ્રાર્થનાની અનુક્રમણિકાના પુસ્તક મિસ્સા પ્રમાણે ગીત અને પ્રાર્થના બોલ્યાં. . . . ભાઈઓ, અમે સહુ ભય, વિનય, સ્વચ્છતા, સ્નેહ, સત્ય, વિશ્વાસ અને ઈશ્વરભક્તિ સહિત ઊભા રહીને આ આદરણીય પાદરીના હાથથી. . . અરે હા, દેવળમાં તો છીએ. બાપતિસ્માના પથ્થરની નીચે ઊભા રહેવાનું અઘરું છે. આજે મિસ્સામાં ભાગ લેવો છે. દેવળની અંદરના બલિસ્થાનની સીડી પર પાદરી હાથમાં પિલાસા લઈને ઊભા છે. એક માણસ હાથનો ટેકો આપી ઊંચકીને ચાલી રહ્યો છે. મિસ્સામાં ભાગ લીધા પછી કહ્યું –

"ચાલો, બાપા!"

એ વખતે હાથનો ટેકો આપનાર માણસના મેં તરફ જોયું. કુંયોમા!

"તું દેવળમાં હતો?"

"હા, દર રવિવારે આવું છું, બાપા!"

"એમ?"

"મને કોઈ જોઈ શકતું નથી. મરણ પછી શરીર રહેતું નથી, એટલે અરૂપી છું. પણ આત્મા દરેક જગ્યાએ જઈ શકે છે. રોજ ઓછામાં ઓછું એક વાર તમારા ખાટલા પાસે આવતો હોઉં છું."

"પણ હું તો તને જોઈ શકું છું."

"એનું કારણ છે. મારી સાથે તમારે આવવાનો વખત થઈ ગયો છે."

"તારી પત્ની અને પુત્ર કાલે મને મળવા આવ્યાં હતાં. મરઘાનું માંસ બરોબર કાપીને, ભૂંજીને લાવ્યાં હતાં. પણ મોંમાં દાંત વગર કેમ ખવાય?"

"હું પણ એમની સાથે હતો. માત્તુક્કુટ્ટિની વહુએ પણ પ્રાર્થના કરી હતી ને?"

"હા, હા, કીવરીતને કશી તકલીફ નથી."

"હું."

"માત્તુક્કુટ્ટિએ નાકા પર એક દુકાન ખોલી છે, જોઈ?"

"હા, હા."

"ભાગીદારીનું કામકાજ છે."

"હા, ભાગમાં."

"ભાગીદારને ઓળખે છે?"

"કેમ ન ઓળખું?

"લગામ માત્તુક્કુટ્ટિના હાથમાં છે."

"કોણે કહ્યું? એના હાથમાં ખાક છે!"

"ઉલ્લુના પઠ્ઠા!"

"એવું કેમ કહ્યું તેં?"

"બાપા, તમે શું જુઓ છો? ચારે તરફ અંધારું છે. એક બત્તી સળગાવીને માને છે કે બધું દેખાઈ ગયું. બાપા, તમે કંઈ જોતા નથી, કંઈ સમજતા નથી. . . . "

"બાપુજી!"

"હેં?"

"જુઓ તો કોણ આવ્યું છે? તમને મળવા માટે ક્યારનો ઊભો છે. કુંયુચેરુક્કનભાઈનો દીકરો કુંયચ્ચન છે."

"મોટો?"

"ના, બીજા નંબરનો. કાલે મુંબઈથી આવ્યો છે."

કુંયચ્ચન કુંયેનાચ્ચનના ખાટલા પર બેઠો. કરચલીવાળી સૂકી હથેળી પોતાના હાથમાં લઈ પંપાળતો રહ્યો.

"તારો મોટોભાઈ ક્યાં છે, રે?"

કુંયચ્ચને દીનામ્મા તરફ જોયું.

દીનામ્માએ ધીરેથી કહ્યું: "બાપુજીને કંઈ કહીશ નહીં." ત્યાર પછી મોટેથી કહ્યું: "મુંબઈમાં છે."

"શું સજા કરી?"

"ઓહ, ના."

"હવે તારે ક્યારે જવાનું છે?"

"એકાદ મહિના પછી જઈશ તો ચાલશે."

"તારા મોટાભાઈ પાસે મેં કંઈ માગ્યું નહોતું. તે પોતે જ અડધી રાતે અહીં આવ્યો હતો."

"કુંયચ્ચને આ વિશે તમને કાંઈ પૂછયું?"

"હા, એણે પૈસા આપ્યા તો મેં નહોતા લીધા, વહુએ જ લીધા હતા."

"છાના રહો, બાપુજી!"

"હું જાઉં, ફરી આવીશ પછી, દાદાજી!"

દીનામ્મા કુંયચ્ચન સાથે બારણા સુધી આવી.

"બેટા, અહીં જ ક્યાંક નોકરી મળે એમ નથી?"

"નોકરી શાની, કાકી? નસીબની વાત છે."

ચાર ડગલાં ચાલીને પાછળ વળી બોલ્યો: "દાદાજી પાસે ખાલી હાથે આવવું પડયું."

"ઓહ, બાપુજીને હવે કશી વાતની ખોટ નથી. એ વિશે ચિંતા કરવાની જરૂર નથી."

દીનામ્મા કુંયચ્ચનને જતો જોતી ક્યાંય સુધી દરવાજે ઊભી રહી. બિચારો! કેટલાય લોકોની મદદ માગીને, કાકલૂદી કરીને નોકરી મેળવી હતી, એ હવે છૂટી ગઈ. ફરીથી નોકરીની શોધમાં આખું મુંબઈ શહેર ખૂંદી વળ્યો. હવે નિરાશ થઈને ગામ પાછો આવ્યો છે. આ તકલીફનું કારણ મોટો ભાઈ હતો. નાના ભાઈની ઓરડીમાં એણે ચોરીનો માલ ભર્યો હતો. પોલીસ-અધિકારીઓએ છાપો મારીને એ લઈ લીધો. મોટાભાઈને ત્રણ વરસનો કારાવાસ મળ્યો. આ કોઈ નવી વાત નહોતી. આ પહેલાં પણ તે ત્રણ-ચાર વાર જેલ જઈ આવ્યો હતો. કેટલાક લોકોની ચોરબજારની એક ટોળકી હતી, તેનો સભ્ય હતો. જે ફસાઈ જાય એના કુટુંબને બીજાઓ ગુપ્ત રીતે આર્થિક સહાય પહોંચાડે છે. કોઈ વાંક-ગુના વિના નાના ભાઈની નોકરી ગઈ. ઉપરથી બદનામી પણ થઈ કે ચોર બજારિયાઓનો સાથી છે....

"વહુ!"

"જી!"

"સાંજ પડવા આવી છે ને?"

"ના, બાપુજી, સવારનો વખત છે, દેવળમાં મિસ્સા શરૂ થયો છે."

"બધું ધૂંધળા જેવું લાગે છે."

"ઊંઘ આવી જવાને લીધે એવું લાગે છે. પ્રાર્થના કરતા સૂતા રહો. હું બપોર માટે થોડી તૈયારી કરું."

મગજ સુસ્ત છે. ભારે ભારે લાગે છે. હાથ-પગ દુ:ખે છે. મનની અંદર ગભરાટ છે. અફીણનો વખત થાય એટલે આવી બધી પ્રતિક્રિયાઓ થાય છે. ઓશીકાની નીચેથી અફીણની પોટલી કાઢી. માત્ર એક ગોળી હતી. ગળી ગયા.

વહુ કહે છે કે પ્રાર્થના કર્યા કરું. પ્રાર્થનાના શબ્દો મનની અંદર રૂના પોલની જેમ ઊડયા કરે છે. કોઈના પર કાબૂ રહ્યો નથી. કોઈ એની પરવા કરતું નથી, ધ્યાન આપતું નથી, પિંજરું હવે જૂનું થઈ ગયું. નાનકી સુધ્ધાં હવે પોતાને ગણતી નથી. સંધ્યા-નમસ્કારમાં કહ્યું છે — વિદ્વેષના દંડાથી, અચાનક મૃત્યુથી, કોપથી મને બચાવી લે. અને બીજી એક જગ્યાએ કહ્યું છે કે જીવતરની વચ્ચેથી મને દુનિયામાંથી ઉપાડી ન લેતો. પણ એવું હોવું જોઈએ? આ રીતે ધૂંધળી પડી જાય તેને બદલે બત્તીમાં હજી તેલ હોય ત્યાં જ તેને હોલવી નાખવી એ વધારે સારું છે. સફેદ થઈ ગયેલા વાળ, ઘરના વડીલ વગેરે શબ્દો તો કેવળ ઔપચારિક છે, દોડધામ છે. દોડતાં દોડતાં થાકીને રસ્તા પર ઝાડની છાયામાં બેસીને હાંફે છે. ભોંય પર પડી આંખ મીંચે છે. થરથરે છે. એને કોણ જોશે? મુખવટો બાંધી ઘોડાની જેમ દોડે છે. ન જમણી તરફ જુએ છે, ન ડાબી તરફ. અજાણી ફળદ્રુપ ભૂમિ પર જઈને ધજા ફરકાવવાની છે. આખી જમીન મારી છે. શેતાને ઈશ્વરને પર્વતના શિખર પર લઈ જઈને ઊભા કર્યા અને કહ્યું — આ બધું મારું છે. પણ એ કેવળ પળભરની વાત છે. એ વખતે એ ઓળખાતા તો નહોતા. પાછળ દોડયા આવતા જોરાવર માણસ વિશે જાણતા નહોતા. એ તારું બધું ઝૂંટવીને લઈ લે છે. તારાં ઢોરઢાંખર, ઘઉંનાં ખેતર, દ્રાક્ષાવાડી... એ શક્તિશાળી, થાકેલા તને કહે છે : "તારી દ્રાક્ષાવાડી મને શાકભાજી ઉગાડવા માટે આપી દે." પુરાણા નિયમોના જમાનામાં સમરિયાના રાજા આહાબે ઈઝરાયલના નાબોનને આ રીતે કહ્યું હતું. ત્યારે નાબોને કહ્યું : "મારા પૂર્વજોની સંપત્તિ તને નહીં આપું." આહાબ આ સાંભળીને નિરાશ થઈ ગયો, ખાધા વિના ખાટલા પર મોં ફેરવીને પડી રહ્યો. ત્યારે આહાબની પત્ની ઇસાબેલ આવી. એણે પત્નીને આખી વાત કહી. એણે એને કહ્યું : "તું તે રાજ કરે છે કે નથી કરતો? ઊઠીને ભોજન કર. ઉપાય હું શોધી કાઢીશ." એણે નાબોનના નગરના અગ્રગણ્ય નાગરિકોને પત્ર લખ્યો — બે સારા માણસ પાસે ખોટી સાક્ષી અપાવડાવો કે નાબોને ઈશ્વરની અને રાજાની નિંદા કરી છે. ત્યાર પછી અને નગરની બહાર લઈ જાઓ અને પથરા મારી મારીને મારી નાખો. આવો પત્ર ઈસાબેલે આહાબ તરફથી લખ્યો અને એની મહોર લગાડીને મોકલ્યો. નગરની મુખ્ય લોકોએ પત્રમાં લખ્યા પ્રમાણે કર્યું. પથ્થર મારીને પ્રાણ લેવાની વાત

કેટલી ભીષણ છે! એક એક પથ્થર વાગે ને મોં ભાંગે, નાક ભાંગે, લોહી ટપકે છે. દરેક પથ્થરના ઘાવથી માણસ થોડે થોડે કરીને મરે છે. ખેર! બે હાથીઓના પગ સાથે માણસના બે પગ બાંધવા અથવા હાથીઓ દ્વારા બન્ને તરફ પગ ચીરાવા દેવા આવું તો જોયું નથી. સાંભળ્યું છે કે વેલુત્તંપિ દલવા આવી સજા કરતા હતા. પણ શ્રીકંઠ હાથીઓ મહાવત પાચ્ચુકુરુપને દાંત ખૂંપાવીને મારી નાખેલો મેં જોયું છે. પાચ્ચુ હાથીને બહુ હેરાન કરતો હતો. સાથે પાચ્ચુનો નાનો ભાઈ પાક્કરન રહેતો હતો. એક દિવસ પાચ્ચુ શ્રીકંઠને તાડનાં પાંદડાં ખવડાવતો હતો. પાક્કરન નજીકમાં હતો. હાથીના મનમાં ખાર હતો. આંખના ખૂણેથી જોયું અને સૂંઢથી પાચ્ચુને ઊંચકયો. પાચ્ચુ સમજી ગયો કે હાથી એને ખતમ કરવા માગે છે. તેણે ચીસ પાડી :–'પાક્કર!' પાક્કરન મોટો છરો લઈને તૈયાર હતો. શ્રીકંઠ જ્યારે પાચ્ચુને ભોંય પર મૂકી દાંતથી પ્રહાર કરવા લાગ્યો ત્યારે પાક્કરને એના પૂંછડા પર જોરથી છરો માર્યો. પાચ્ચુને છોડી શ્રીકંઠ પાક્કરનની પાછળ ભાગ્યો. પાક્કરને બૂમ મારી: 'ભાઈ રે, ભાગો, બચજો.' હાથી સમજી ગયો. તે પાછળ વળીને દોડયો અને તેણે પાચ્ચુને પકડયો. પાક્કરને ફરી એક વાર પૂંછડા પર છરો માર્યો. પણ આ વખતે શ્રીકંઠે એની પરવા ન કરી. એણે સીધા છાતીમાં દાંત ઘોંચી દીધા. 'હાય ભાઈ!...મા... પાણી. . .' તેણે બૂમો પાડી. . .

"થોડી કાંજી મળે તો સારું લાગે. ગળું સુકાય છે."

"વહુ!"

સાંભળ્યું નહીં. નવરાશ નથી. નહીં તો વચ્ચે વચ્ચે આવીને પૂછે કે કાંજી લાવું, કૉફી લાવું! એકલી એ કરે પણ શું? એકેએક કામ એણે જ સંભાળવાનું. માત્તુક્કુટ્ટિ એની હોંશિયારીને લીધે જ તરતો – ગળકાં ખાતો કામ પાર પાડે છે. ઘરની બાબતમાં એને કંઈ ગતાગમ નથી. જેને નાલાયક કર્કશા સ્ત્રી મળી હોય, એ ઉન્નતિ કરી શકતો નથી. વરસાદના દિવસોમાં પાણી સતત પડયા કરે એના જેવું, ઝઘડાખોર પત્નીનું હોવું છે. જે એને કાબૂમાં લેવાની કોશિશ કરે છે તે વાયુને રોકવાનો પ્રયત્ન કરે છે, જમણા હાથે તેલને પકડવાનો પ્રયત્ન કરે છે. નેક સ્ત્રી તો ઘરનું વરદાન છે. પહેલાં તોન્નક્કાટના એક અધ્યાપક અહીં જ સ્કૂલમાં શીખવતા હતા. સાત બાળકો હતાં. સાતેસાત છોકરીઓ. એ તદ્દન નકામો માણસ હતો. પાન ખાઈ, એની ટપકતી લાળ સાથે, દાઢી-મૂછ વધારીને નીકળતો હતો. સાત દિવસ એના ઘેર ચૂલો ન સળગે તોયે

બહાર કોઈને ખબર ન પડતી. એની પત્ની એટલી કુશળ ગૃહિણી હતી. છોકરીઓ રાજકુમારી જેવી...

હાય, ગળું બળે છે!

"બેટી!"

અત્યંત ગભરામણ. જીભ સુકાય છે. વહુ ક્યાં ગઈ? ક્યાંક અને ઠીક ન હોય એમ તો નથી? દિવસે તો એ સૂતી નથી... મોટેથી બૂમ મારી: "વહુ!"

અવાજ નીકળતો નથી. ગમે તેટલું જોર કરે પણ અવાજ બહાર નીકળતો નથી. ગળું સાવ સુકાઈ જવા લાગ્યું. ઊઠીને જોઉં જરા! ચક્કર આવશે ને પડી જઈશ તો? લાકડી ક્યાં? સદ્ભાગ્યે છોકરાં ઉપાડી નથી ગયાં. ખાટલાના માથા પાસે રાખી છે. ધીમેથી ઊઠ્યા. પગ જમીન પર ઠરતા નહોતા. બેઠા.

"વહુ!"

ફરી ઊઠ્યા. ભીંતને ટેકે ધીરે ધીરે ચાલ્યા. બારણાં બંધ હતાં, સાંકળ વાસી નહોતી. બારસાખ પકડી બારણાં ધક્કેલીને ઉઘાડ્યાં.

"વહુ!"

કોણ છે?... હેં! એકબીજાને વળગીને પડ્યાં છે. કાળો જંગલી આખલા જેવો નગ્ન કુરુપ! ગોરી હૃષ્ટપુષ્ટ દીનામ્મા વહુ! બેબાકળી ઊભી થઈ. કપડાં લઈને વીંટાળી લીધાં.

"હે પ્રભુ!"

ઠોકર ખાઈને પડે છે. દોડે છે. લાકડી ક્યાં? હાથમાં જ તો છે. તોફાનની સીટી. જાણે લોકોનું જબરજસ્ત ટોળું ગર્જના કરતું, અટ્ટહાસ્ય કરતું આવી રહ્યું છે. કશુંક મજબૂતીથી પકડવું પડશે, નહીં તો ઊડી જવાશે. શેતાનને શું કેદખાનામાંથી છૂટો કરી દીધો છે? શું તે પૃથ્વીની ચારે તરફની જાતિઓમાં સમુદ્રકાંઠાના રેતીના કણની જેમ અગણિત લોકોને લડાઈ માટે પોતાની સાથે લઈને નીકળ્યો છે? આકાશમાંથી અંગારા કેમ નથી વરસતા?

આ શું? મોટો ગંભીર અવાજ સંભળાય છે. શેતાનનું આગમન? સ્વર્ગમાં યહોવાનું આગમન? 'હલ્લેલુયા' ગામ છે? વેશ્યાવૃત્તિથી પૃથ્વીને કલંકિત કરનાર મહાવેશ્યા પાસેથી તેનું રક્ત માગીને બદલો લેવા આવ્યા છે?

હલ્લેલુયા – ઈશ્વરની સ્તુતિ થાઓ. પૂરનાં પાણીના ગડગડાટ જેવી, ઘેરાયેલાં વાદળાંની ગર્જના જેવી...

હલ્લેલુયા...

આંખો ખૂલી ત્યારે ચારે તરફ લોકોની ભીડ હતી. ઘોંઘાટ મચી ગયો હતો. માણસો ઓળખાતા નહોતા, સ્ત્રી, પુરુષ, બાળકો. . .

"બાપા!"

માથું વાળ્યું. કાન પર સફેદ વાળ. કુંયેનાચ્ચન બબડયા : "કીવરીત."

"હું છું, બાપા! થોડી કૉફી પીશો?"

"માત્તુક્કુટ્ટિ ક્યાં છે?"

"એ તો મલબાર ગયો છે ને? દીનામ્મા, થોડી કૉફી લઈ આવ."

"ચમચાથી પિવડાવજે."

"ટેકો દઈને બેસાડું?"

"માજી, જરા ખસો, હું ટેકો દઉં છું."

"દીનામ્મા જ પિવડાવી દે!"

હવે જોઈ શકું છું. તારું મોં લાલઘૂમ થઈ ગયું છે. શરીર પર કપડાં છે? તારું આપેલું પાણી શી રીતે વિશ્વાસથી પીઉં? હાથ ઊંચકાતો નથી. ઘણી મુશ્કેલીથી હાથ ઊંચો કર્યો. એક ધક્કો. ગ્લાસ અને ચમચો હાથમાંથી છૂટીને નીચે પડયાં. મન રાજી થયું. . .

"હાય! આ શું??"

"બાપુજી, હું છું."

"હા, તું જ છે ને! એટલે સ્તો! ખસી જા મારી આગળથી."

"કદાચ માણસને ઓળખી શકતા નથી."

"કીવરીત!"

"શું છે, બાપા?"

"આ નેવું વર્ષની ઉંમરેય હું આંધળો રહી ગયો."

"બાપા, તમને તો ઘણું દેખાય છે."

"ના રે!"

આગળ કંઈક કહેવા ગયા તો દીનામ્મા ખૂબ મોટા અવાજે બોલી, જેથી એમની વાત સંભળાય નહીં. "બેભાન સ્થિતિમાં બબડાટ કરે છે."

"ખરી વાત છે, નહીં તો કાકીએ આપેલી કૉફી હાથમાંથી કાંઈ પાડી નાખે?"

"પેલો બદમાશ ક્યાં છે?"

"કોણ, બાપા?"

દીનામ્મા ફરીથી ઉતાવળે બોલી : "ભાઈ, આમ કોઈક કોઈક વાત પૂછવા જતાં આવી જ રીતે બબડે છે. કંઈ પૂછતા નહીં. ચુપચાપ સૂઈ રહેવા દો."

"મારે મારા દીકરાને મળવું છે—માત્તુક્કુટ્ટિને. એ ક્યાં છે? મારું જૂનું ચાકુ એના હાથમાં છે ને?"

શાંતમ્મા પાસે જઈને બોલી : "પિતાજી કાલ-પરમ દિવસે આવશે, દાદાજી!"

"કોણ નાની વહુ?"

"હા."

"અહીં પાસે આવ."

એનો હાથ પોતાના હાથમાં લીધો. "ક્યાં હતી તું?"

"દેવળે ગઈ હતી, દાદાજી, તમને કહીને ગઈ હતી ને?"

"હવેથી ક્યાંય જઈશ નહીં."

"કેમ?"

"ચોર."

શાંતમ્માની સમજમાં કંઈ આવ્યું નહીં. ચારે તરફ તે તાકતી રહી.

"સિક્કાને જમીન પર પટકતાં એનું બોદાપણું ઉઘાડું પડે છે. ફણસમાં કાણું પાડીને જોવાથી સડો દેખાય છે. પણ સ્ત્રીનું દિલ શી રીતે સમજી શકાય?" કુંયેનાચ્ચનની આંખો ભરાઈ આવી.

"થોડું પાણી પિવડાવ."

શાંતમ્માએ કૉફી આપી તો પી ગયા. સુક્કી, સંકોચાઈ ગયેલી નળીમાંથી ગરમ કૉફી પસાર થઈ તો રાહત લાગી. આંખોમાં અજવાળું આવ્યું.

ચારે બાજુ જોયું. હવે દરેકનો ચહેરો ઓળખી શકાય છે. દીનામ્માના ચહેરા પર આંખો સ્થિર કરી તો તે અસ્વસ્થ થઈ ગઈ. કુંયેનાચ્ચને એ પણ જોયું.

"કીવરીત!"

"શું?"

"પેલો કુરુપ ક્યાં છે રે?"

"એના ઘેર હશે. આજે રવિવાર છે એટલે દુકાન ઉઘાડવાની નથી."

દીનામ્મા ફરી બોલી : "બાપુજીને શંકા છે કે સિસિલી દીકરીના બાપા જતી વખતે બધી બાબતોની વ્યવસ્થા કરીને ગયા છે કે નહીં! આ ઉંમરે પણ ઘરના કામકાજની અને દીકરાઓની ચિંતા કરે છે."

દીનામ્માની વાત કુંયેનાચ્ચનને બરોબર ચોખ્ખી સાંભળાઈ નહીં. એમણે ફરીથી એના મોં પર આંખો માંડી. મોહક રમણીની આંખો. સાકર જેવી મીઠી

વાતો. માદક રૂપ. તું પરપુરુષોનો શિકાર કરે છે. તારી જાળમાં ફસાયેલા આદમીનો સર્વનાશ થાય છે. કોઈ માણસ કપડાં સળગાવ્યા વિના ખોળામાં આગ લઈ આવી શકતો નથી, પગ દઝાડયા વિના આગ પર ચાલી શકતો નથી. આમ, તારા મોહપાશમાં જે ફસાય તે નષ્ટ થયા વિના બચી શકતો નથી. . . . .

તડકો થયો હતો, ત્યાં વાદળના એક ટુકડાએ આવીને સૂરજને ઢાંકી દીધો. પ્રકાશ ફરી ધૂંધળો પડવા માંડયો. કયાંક સાંજ તો નથી પડવા આવી ને?

કંઈ દેખાતું નથી. તો પોતે શું જોયું? ખરેખર કશું જોયું? ભ્રમ હોઈ શકે કે સપનું હોઈ શકે. ના, એ આવું ન કરે . . .

શંકા હોય તો પરીક્ષા પણ છે.

અજવાળું! માત્ર એક માણસને જોઈ શકાય એટલું અજવાળું.

કોણ?

"હું છું મૂસા. ઈઝરાયલની પ્રજાનો નેતા. તને શી શંકા છે? યહોવાએ સંદેહ દૂર કરવાની પરીક્ષા બતાવી છે. એને બોલાવ."

બોલાવવા માટે જવું ન પડયું. તે જ માથું નમાવી એક એક ડગલું ભરતી આવી.

" . . . કોઈ પુરુષની પત્ની બદચલન થઈને એને દગો દે, કોઈ પુરુષ એ સ્ત્રી સાથે દુરાચાર કરે અને એ વાત ખરા પતિથી છુપાવે, તે અશુદ્ધ થઈ જાય તો પતિનું કર્તવ્ય છે કે પત્નીને પુરોહિતની પાસે લઈ જાય. એને માટે જવના મેંદાનો ચઢાવો કરીને લઈ જવો. એના પર ન તેલ નાખવું, ન ધૂપ રાખવો. એ શંકાનો અજાબલિ છે. યાજકે માટીના એક વાસણમાં ચોખ્ખું પાણી લેવું જોઈએ. ત્યાર પછી એના વાળ છોડી નાખી અપરાધ-જ્ઞાપનનો ભોજનથાળ એની હથેલી પર મૂકવો. પુરોહિતે હાથમાં શાપદાયક કડવું જળ રાખવું. એ જળ એ સ્ત્રીને પિવડાવવું જોઈએ. એ સ્ત્રીએ જો અશુદ્ધ થઈને પતિને છેતર્યો હોય તો કડવું પાણી પીતાં એનું પેટ ફૂલી જશે અને જાંઘ સડી જશે . . . . શું પરીક્ષા કરવી છે?"

"હા, મહારાજ! એની પરીક્ષા કરવી છે."

પરીક્ષા થાય છે. અચરજની વાત છે. જોતજોતામાં પેટ ફૂલે છે, જાંઘ સડે છે, મોં ઠંડું પડી જાય છે.

"એને પથ્થરોથી મારી નાખવી જોઈએ. પથ્થર મારી મારીને મારી નાખવી જોઈએ."

"બાપુજી!"

"બાપા!"

અજવાળું ફરી ધૂંધળું પડવા લાગ્યું છે.

ક્યારેક અજવાળું થાય છે, ક્યારેક ઝાંખું પડી જાય છે.

કુંયેનાચ્ચને આ ધૂપછાયામાં રાત વિતાવી. દીકરાઓ, પૌત્રો, સગાંસંબંધી, પાસપડોશવાળા આવ-જા કરતા રહ્યા.

રાતે શાંતમ્માએ જરા પણ સૂતા વિના કુંયેનાચ્ચનની સેવા કરી. બેહોશી દૂર થતાં સરકી જતી – ફરી પાસે આવતી દીનામ્મા ઘણી ચતુરાઈથી પાસે જ ઊભી રહી. વ્યાકુળ હૃદયથી પ્રાર્થના કરી: 'હે પિતા, કોઈ રીતે કોઈ કંઈ ભડકો ન કરી બેસે.' કીવરીત અને કુટ્ટિયામ્મા અહીં મેલોઝત્તુ ઘેર જ સૂઈ ગયાં.

સવારે કુંયેનાચ્ચનની જરા આંખ મળી. દીનામ્મા કૉફી તૈયાર કરતી હતી. કીવરીત રસોડાના બારણે આવી બોલ્યો: "દીનામ્મા, અહીં આવ તો!"

દીનામ્મા ચોંકી ગઈ. રાતે પોતે સૂઈ ગઈ તે વખતે બાપુજીએ દીકરાને કહી તો નહીં દીધું હોય? ચોરી પકડાઈ ગઈ એ વિશે સવાલ-જવાબ કરવા તો નહીં બોલાવતા હોય? લીંબુના છોડ પાસે પહોંચતાં કીવરીતે પૂછ્યું: "બાપા કેવી રીતે પડી ગયા, કહે તો?"

"હું રસોડામાં કંઈક કામ કરતી હતી, ભાઈ! અવાજ સાંભળીને આવી તો જોયું કે..."

"હં, સાવધ રહેવું જોઈતું હતું. ખેર. આફતનું પણ એક કારણ હોવું જોઈએ ને?"

"જયારે પણ બોલાવે ત્યારે દોડી જતી હોઉં છું. રાતે ચાર-પાંચ વાર જઈને જોઉં છું." દીનામ્માનું ગળું ભરાઈ આવ્યું, આંખો ભરાઈ આવી.

"હા, હા, એમ કોણ કહે છે કે તું ધ્યાન નથી રાખતી? અત્યાર સુધી તેં જ બાપાની સેવાશુશ્રૂષા કરી છે ને!"

કીવરીત ઘર ભણી જતો હતો ત્યાં કુરુપ મળ્યો.

"કેમ છે, કીવરીતમાપ્પિલા?"

"ઉફ, પડી જવાથી અંદર કંઈક ચોટ લાગી હશે. ખેર, જે આવવાનું હતું તે આવી ગયું. હા, અફીણ નથી. ક્યાંકથી લાવી આપજો. એ ન ખાવાથી જ આટલી નબળાઈ લાગે છે."

"ભલે, લઈ આવીશ."

"હું ઘેર જઈ આવું?"

"જઈ આવો."

કીવરીત ગયો. કુરુપે ધીરેથી પૂછયું : "કેમ સુસ્ત લાગે છે? કંઈ ગરબડ થઈ છે?"

દીનામ્માએ જવાબ ન આપ્યો. અપલક આંખે તે કુરુપ ભણી તાકી રહી.

"આમ કેમ જુઓ છે?"

"છેલ્લી વારનું જોઉં છું..."

"છેલ્લી વાર?"

"હા, કાલે મારી લાશ મળશે."

"ગાંડા જેવી વાત ન કર."

"ગાંડપણ? ખસી જા મારી આગળથી. નહીં તો જાતે જ છાતી પર મુક્કા મારી મારીને તારી સામે જીવ દઈ દઈશ. કેટલી ના પાડી હતી? બે વરસથી સંતાડયા કર્યું હતું. હવે જલ્લાદોના હાથમાં મને સોંપી દીધી ને?"

"ચૂપ રહે. ખાલી શંકા જ છે. કુંયેનામાપ્પિલાને કંઈ સમજ પડી નથી. હું જરા જોઈ આવું?"

"જતો રહે પાછો, એ જોઈ જશે તો અત્યારે જ બધું ખતમ થઈ જશે."

કુરુપ થોડી વાર વિચાર કરતો ઊભો રહ્યો. નિરાશ્રિતની જેમ દીનતાભરી દૃષ્ટિએ દીનામ્મા તરફ જોઈ રહ્યો. પછી પાછો વળી ગયો. પાછળ દીનામ્માની ફુસફુસાહટ સંભળાઈ : "જયારે પણ બેહોશીમાંથી બહાર આવે છે, ત્યારે એ જ વાત કહે છે. હે ભગવાન, કોઈ વાત જાણી જાય તે પહેલાં ઝેર ખાઈને મરી જાઉં તો સારું!"

શિવરામકુરુપ ગયો. પગ લથડિયું ખાતા હતા. તાલ બગડી ગયો. ગભરામણ.

એની સજ્જનતાનો પડદો ચિરાઈ ગયો. આજે તે નગ્ન ઊભો છે. ન્યાયાધીશના ખિસ્સામાંથી ચોરીનો માલ મળી આવે છે. હવે શું કરવું?

અત્યંત ચતુરાઈ અને યોજનાથી રચેલો મોરચો તૂટી ગયો. હવે મોરચાની મરામત કરવી પડશે. શી રીતે?

કેટલીયે વાર હિસાબ માંડયો તોયે છેલ્લે એક આંકડાની ભૂલ થઈ જ ગઈ.

એણે વિચાર કર્યો : એ દિવસોમાં કેશવપિલ્લાની દીકરીને છૂટાછેડા આપ્યા હતા. ઘાટ પર નહાઈને બીજા દિવસની રાતે, દુર્યોધનવધનું કથકલીનું ગીત ગણગણતો આવી રહ્યો હતો. ઓણમના દિવસો હતા. એ જે ગીત ગણગણતો હતો તેના જ તાલ પર થોડે દૂર, વાઘના ખેલનું વાજું વાગતું હતું. સાંકડી ગલીમાંથી જતો હતો ત્યારે સામેથી એક જણ... ચોખ્ખી સફેદ લુંગી, ચોળી,

દુપટ્ટો, હાથમાં કાળા પૂંઠાની ચોપડી સાથે પતંગિયા, જેવી સુંદર બાળકી. પાસે આવતાં ઓળખ પડી. કુંયેનામાપ્પિલ્લાના ઘરની વહુ. . . માત્તુક્કુટ્ટિની પત્ની. કુંયેનામાપ્પિલ્લાના સાથે તો પહેલેથી જ ઓળખાણ-પિછાણ હતી. લાકડીના ટેકે જ ચાલતા હતા; તોપણ આખા ગામ પર એમનો પ્રભાવ હતો. . . . .

"મા-દીકરી ક્યાં ચાલ્યાં?"

મોંફાટ જવાબ : "બોલવાથી જ શું ખબર પડે? રવિવારની સવારે પ્રાર્થનાનું પુસ્તક હાથમાં લઈને જતાં જોવા છતાં?"

એમ લાગેલું કે અભિલાષાની કડી તૂટી ગઈ. પણ તે ફરી સાંધાઈ. કુંયેના-ચ્ચનને કારણે. કુંયેનાચ્ચન નહીં, અફીણને કારણે.

એક દિવસ મહોલ્લાના ચોકમાં કુંયેનાચ્ચને અફીણની વાત કરી તો મનમાં હિસાબ માંડયો. કડી મળી ગઈ. થોડી તકલીફ વેઠીને પણ—માલ લાવી આપ્યો. આવવા-જવાનો માર્ગ ખુલ્લો થયો.

પછી નવી નવી ચાલ ચાલ્યો હતો. બધી વાતો યાદ આવી: બાળકોને ભેટ-ઉપહાર. માત્તુક્કુટ્ટિને આર્થિક મદદ . . .

એક દિવસ મનને દૃઢ કરીને પ્રયોગ કરી જોયો. એ દૃશ્ય . . . બપોરે કુંયેનાચ્ચન અફીણ ખાઈને બેહોશ પડયા હતા . . . હાથ પર હાથ મૂકયો.

હાથ ધ્રૂજ્યો.

ધૂમકેતુના તારા સમાન—

અંગારા જેવી આંખો.

ફફડતા હોઠ!

"આ માટે બીજી કોઈ જગ્યા શોધી લો. વાહ, આવા માણસ છો?"

ગાલને હાથ લગાડી રોયો. ખૂબ. "બેઆબરૂ ન કરીશ. ભૂલ થઈ ગઈ. કોઈને કહીશ નહીં."

"કોઈ નહીં જાણે. પણ હવે ફરી વાર આવું ન કરતા." ફરી વાર કર્યું : : : એ તો એક રીતે જબરદસ્તી હતી. છેવટે અધીન થઈ ગઈ : . : માની ગઈ : . .

બધા છેદ બંધ હતા.

બધા સંદેહ દૂર કરી દીધા હતા.

તોપણ ફસાઈ ગયા.

નાવ કિનારે લાંગરવા આવી હતી ત્યાં ડૂબી ગઈ.

હવે રસ્તો કેમ કાઢવો?

હેં?

"લો બાપા, ખાઓ. રાહત થશે."

આંખો ઉઘાડતાં કુંયેનાચ્ચને કીવરીતને જોયો. પોતાની માનીતી રોજની વસ્તુ જોઈ દિલ કોળી ઊઠયું. લઈને ખાધી.

ઘણુંબધું કહી નાખવાની ઇચ્છા થતી હતી, પણ અવાજ નીકળતો નહોતો. અંદર બધું ઊથલપાથલ થઈ ગયું હતું.

માત્તુક્કુટ્ટિ? . . .

"એ ગઈ કાલે જ આવવો જોઈતો હતો. આજ સાંજ સુધી તો જરૂર આવી જશે."

"એ આવે તો મારે એને કંઈક કહેવું છે."

"શું, બાપા?"

'હું."

"મને કહો ને!"

"પાણી પિવડાવ. અંદર બધું બળે છે."

"પેટ ખાલી છે ને?"

શાંતમ્માએ કૉફી પિવડાવી. ચમચે ચમચે કરીને તેણે આપ્યા કર્યું, અને તે માગતા રહ્યા. અંદર ખૂબ બળતરા. હાથેથી માથું સાંભાળી કૉફી હાથમાં પકડાવી. આંતરડાંમાં કોઈ હૂક ભરાવીને જાણે ખેંચે છે. ખૂબ બેચેની થાય છે. બળતરા ઉપર ચડી રહી છે. આંખો આગળ અંધારું . . .

અંધારું કેટલી જલદી ફેલાઈ રહ્યું છે! જલદી જવાનું છે. હાથમાં દીવો નથી, બહાર ચાંદની નથી. ઝડપથી ચાલ્યા.

"થોભી જાઓ."

પાછળથી કોઈ ખેસ પકડીને ખેંચે છે. એક સ્ત્રી અને એક પુરુષ. સ્ત્રીને પહેલાં ક્યાંક જોઈ છે. પેણ્ણમ્મા! અને પુરુષ?

"એમ માન્યું કે ભાગી જશો?"

"હં. શું જોઈએ છે?"

"તું આને ઓળખે છે?"

"ખબર નથી."

"આંખમાં ધૂળ નાખી શકીશ એમ માનીશ મા. હિસાબ ચૂકવવો પડશે. ઘરમાં પુરુષની ગેરહાજરીમાં છાનોમાનો આવ્યો અને ભોળવી-લોભાવીને રસ્તાની ભિખારણ કરી મૂકી."

"એ હું નહીં. ધોતિયું છોડ."

અટ્ટહાસ્ય.

"કોઈક દિવસ તો કરજ ચૂકવવું પડશે. તું નહીં તો તારું સંતાન. સમજ્યો?"

"શું?"

"તેં લીધું, દીકરાએ આપ્યું, બરોબર ને?"

ફરી હાસ્ય.

"અંધારું થઈ ગયું. મારે જવું છે. અજવાળું પણ નથી."

"અજવાળું નથી? ઉપર જો!"

આ શું? આકાશમાં એક સફેદ ઘોડો ઝડપથી દોડ્યો આવે છે. એના પર સવાર વ્યક્તિની આંખો આગની જ્વાળા જેવી છે. માથા પર રાજમુકુટ છે. એનો ઝભ્ભો લોહીના છાંટાથી લાલ છે. એના મોંમાંથી ધારદાર તલવાર જાતિઓને મારી નાખવા માટે નીકળી છે. એક જ પ્રહારમાં હજારો માથાં કપાઈને નીચે પડ્યાં. લોહીની નદી વહે છે. વહેતાં વહેતાં આકાશની સીમા સુધી પ્રસરે છે. બધી જગ્યાએ લાલ રંગ. ભડકીલી લાલિમા. નવું પ્રભાત ઊગે છે કે શું? શુક-સારિકા ટહુકે છે. કૂકડો બોલે છે.

ઘણીબધી વસ્તુઓ દેખાય છે, પણ ચોખ્ખું કશું નહીં. આંખો આગળ ઝીણા સફેદ કપડાનો પડદો છવાયેલો છે. અહીં-તહીં જતા લોકોના પડછાયા છે. રડવા-કકળવાનો અવાજ ક્યાંક દૂર થતો હોય તેના આછા પડઘા સંભળાય છે . . .

"બાપા!"

"દાદાજી!"

"આંખ ઉઘાડો."

"બાપા!"

"ઘોંઘાટ ન કરો."

"પાદરીને બોલાવીને એક વાર ફરી તૈલાભિષેક કરાવડાવો."

"કોઈને મોકલો."

"ઓહ, જરૂર નથી, આવી મૂર્છા વારંવાર આવે છે."

પડદાનો રંગ હવે ચાંદની જેવો છે. પૂનમની ચાંદની; વહેતી લહેરાતી ચાંદની. ના, ના. પડદાને સાત રંગ છે. પડદો ઊંચકાય છે. સોનાની ગાદી

દેખાય છે. ગાદી પર બેઠેલ વ્યક્તિના ડાબા હાથમાં અંદર-બહાર આલેખેલી સાત મહોરોનું એક પુસ્તક છે.

પહેલી મહોર ખોલી તો સફેદ ઘોડો દેખાયો. એના પર બેઠેલા માણસના હાથમાં એક ધનુષ છે.

બીજી મહોર તોડી તો લાલ ઘોડો આવ્યો. એના પર બેઠેલી વ્યક્તિના હાથમાં તલવાર હતી.

ત્રીજી મહોર તોડી તો કાળો ઘોડો દેખાયો. એના પર બેઠેલા માણસના હાથમાં ત્રાજવું હતું.

આક્રંદનો ધ્વનિ ઊઠયો. પાસે દોડી આવતા અફાટ જન-સમુદાયનો પોકાર. અવાજ નજીક આવી રહ્યો છે. શું દેખાય છે? સમુદ્ર ધરતી પર કબજો કરવા આવી રહ્યો છે. મોજાંઓ આકાશને અડતાં ઊછળે છે. પલકવારમાં દરિયો એ માનવ-સમુદાયને ગળી ગયો. એમનું રુદન આકાશમાં ગુંજી ઊઠયું. ઊઠીને એક ઊંચી સપાટી પર પહોંચવું છે. જેમ જેમ ઊઠવાનો પ્રયત્ન કરે છે તેમ તેમ ડોક પર એક ભારે પથ્થર બાંધ્યો હોય એવો અનુભવ થાય છે. નીચે ગરક થતાં જવાય છે. પણ છોડવું શી રીતે? ફરી હાથ-પગ પછાડીને ઉપર આવ્યો. થાકયોપાકયો ઉપરની સપાટીએ પહોંચ્યો. આકાશની છતને હાથથી આંબી શકાય છે. આથમતા સૂર્યને જોઈ શકાય છે. ચારે તરફ લોકો. તેઓ જતા કેમ નથી? . . .

"મારા દાદાજી, જરા આંખો ઉઘાડો."

"જુઓ તો, કોણ આવ્યું છે?"

"કેવી રીતે ઉઘાડું, દીકરી? પોપચાં જાણે સિવાઈ ગયાં હોય એવું લાગે છે."

"દાદાજી, હું છું, કુટ્ટિયામ્મા!"

"ખબર છે. જરા વહેલી આવી હોત તો મારે એક વાત કહેવી હતી. હવે મોડું થઈ ગયું."

ફરીથી મોજાંમાં ફસાય છે. હાથપગ દુ:ખે છે. ના! . . .

મેલોઝત્તુ ઘરમાં, વરંડામાં, પરસાળમાં, આંગણામાં લોકોની ભીડ છે. મહોલ્લાના, બધી ન્યાતના, બધા ધર્મોનાં સ્ત્રી-પુરુષો આવીને કુંયેનાચ્ચનની ખબર કાઢી ગયા. એ ગામના તે સૌથી વડીલ બુઝુર્ગ હતા. પુત્રો, પૌત્રો, પ્રપૌત્રોથી ભરેલા મોટા કુટુંબના વડીલ.

બે માણસો મળે ત્યારે આપસમાં વાત કરતા : "મેલોઝત્તુના કુંયેનાચ્ચનની તબિયત ખૂબ ખરાબ છે."

"ફક્ત એક શ્વાસ બાકી રહ્યો છે."

"માત્તુક્કુટ્ટિ મલબાર ગયો છે, હજી પાછો નથી આવ્યો."

"નાની વહુ સેવા-શુશ્રૂષા કરે છે. કેટલાય દિવસોથી તે દાદા માટે તકલીફ વેઠે છે. ખાનદાન છોકરી!"

આ ધાંધલ-ધમાલ અને ઘોંઘાટમાં કુરુપ પણ ઘણી વાર આવ્યો. કુટુંબના સભ્યની જેમ પૂછપરછ કરતો રહ્યો.

જયારે ખાતરી થઈ ગઈ કે હવે નહીં જ બચે, ત્યારે ફરી એક વાર છેલ્લા પરમ-સંસ્કાર કર્યા.

આંગણામાં મંડપ બાંધ્યો છે. એની દેખભાળ કુરુપ જ કરે છે: દીનામ્મા મંડપમાં ઊભી ઊભી રુંધાયેલા કંઠે કુટુંબની કેટલીક સ્ત્રીઓને માંદગીની વાત કહેતી હતી. કુરુપે પાસે આવી કહ્યું: "સિસિલીની મા, જરા અહીં આવજો તો."

દીનામ્મા નજીક ગઈ. એક નિર્જન ખૂણે જઈ ગુસપુસ અવાજે પૂછ્યું: "હવે મનમાં જંપ વળ્યો?"

"અશુભ વાત મોંમાંથી ન કાઢો. ખબર છે, બાપુજીને મારે માટે કેટલો સ્નેહ હતો! બિચારા! હું જ—હે પિતા, મારા પર આગ ને ગંધક કેમ નથી વરસાવતા? ઈશ્વરના સોગંદ, હવે મને મળવા આવશો નહીં: કરુણામય યહોવા—"

"યહોવાએ નહીં, મેં તને બચાવી છે."

"એટલે?"

શિવરામકુરુપના ચહેરા પર એક ધૂર્ત સ્મિત આવ્યું.

બોલ્યો: "મેં કામ ઠીકઠાક કરી નાખ્યું."

"શું?"

"હં."

"ક્યું કામ ઠીક કર્યું?"

"એક ચાલ ખેલ્યો."

"શું કર્યું, બોલો?"

"અફીણની સાથે એક વસ્તુ ભેળવી દીધી, રતીભાર ઝેર!"

"હે મુક્તિદાતા!" દીનામ્માનું ક્રંદન ગળામાં જ અટકી ગયું.

"તો બીજું શું? તેં સવારે કહેલું ને કે આબરૂ જશે તો જીવતી નહીં રહી શકું..."

"ચૂપ કર." દીનામ્માને એવો ભયંકર ક્રોધ આવ્યો કે મનમાં થયું, એના ટુકડા કરી નાખે. બૂમો પાડવાની ઇચ્છા થઈ. ઘોર પાપી! રાક્ષસ! પીવાના પાણીમાં પણ કપટ કરનારા હટી જા મારી નજર આગળથી, નહીં તો હું તને મારી નાખીશ... ...

બધું જ મનમાં છુપાવીને દીનામ્મા કુંયેનાચ્ચનના ખાટલા પાસે પાછી આવી. ક્યાંય સુધી એમના ચહેરા ભણી ધ્યાનથી નીરખી રહી. પછી રહેવાયું નહીં. ખાટલા પર ઊંધા મોંએ પડી અને કુંયેનાચ્ચનના પગ પકડી ધ્રુસકે ધ્રુસકે રડી પડી. ચારે બાજુ ઊભેલા લોકો આશ્ચર્ય પામી ગયા. શું થયું? આમ એકાએક કેમ રડી?

એક મોટી ઉંમરની સ્ત્રીએ કહ્યું: "બિચારી, આજ સુધી એણે જ રાતદિવસ ચાકરી કરી હતી ને!"

કીવરીતે કહ્યું: "દીનામ્મા, આમ તું રડે તો બીજા લોકોને તકલીફ થાય ને!"

કુંયુચેરુક્કને કહ્યું: "માત્તુક્કુટ્ટિ હજી પણ આવ્યો નથી. એનું હંમેશા એવું જ હોય છે. ક્યાંય જાય તો વખતસર કદી પાછો આવે જ નહીં."

તોમસ માસ્ટરે કહ્યું: "ડૉક્ટરને એક વાર બોલાવી લાવું?"

"ઓહ, શા માટે દીકરા?"

કુંયપ્પિ પણ બોલ્યો: "હવે . . . "

"એમ વાત નથી. ઉંમર વધે એટલે આ રીતે વિચારવું, એ બરોબર નહીં. માણસની આવરદા કેટલી છે એ કોને ખબર છે?"

"ભલે, તમને એમ લાગતું હોય તો મોટર લઈને જલદી બોલાવી લાવો."

તોમસ માસ્ટર જવામાં હતા કે એકાએક કુંયેનાચ્ચનનું શરીર તરફડયું. કણસાટનો અવાજ આવ્યો. એક હેડકી . . .

"ખાટલા પરથી નીચે ઉતારી લો."

"પકડી લો."

"બાપા!"

"મારા વહાલા દાદાજી!"

છેલ્લી વારનું પાણી હોઠે મૂક્યું.

નવું આકાશ અને નવી ધરતી દેખાઈ રહ્યાં છે. નેવું વર્ષથી જોયેલી પુરાણી ભૂમિ અને પુરાણું આકાશ હવે દૂર થઈ ગયાં છે. દૂર સુવર્ણ-સિંહાસન પરથી એક મહાનાદ સંભળાય છે: 'આવ, મારા મુકામમાં આવ. હવેથી તું

મારી સાથે રહેશે. હવેથી તું મારા માણસોમાંનો એક હશે. હું તારાં આંસુ લૂછીશ. હવે તારે દુ:ખ ને કષ્ટ વેઠવાં નહીં પડે.'

પાસે ગયા. હાથ પહોળા કર્યા. છાતીસરસા ચાંપી આલિંગન કર્યું. કપાળ ચૂમ્યું.

કુંયેનાચ્ચનનું શરીર ફરી એક વાર કંપી ઊઠ્યું. મોં ઊઘડી ગયું. માથું એક તરફ ઢળી ગયું.

એકઠા થયેલાં બધાં લોકો આર્ત્તનાદ કરી ઊઠ્યા. એમાં સૌથી ઊંચો અવાજ દીનામ્માનો હતો.

"મારા વહાલા બાપુજી! . . . અમારા બાપુજી! . . . "

બાકીની વાતો એના ગળામાં અટકી ગઈ હતી.

રુદન સાંભળીને લોકોની ભીડ એકઠી થઈ ગઈ.

એક બુઝુર્ગ વ્યક્તિએ કહ્યું : "યહોવાએ અબ્રાહમને કહ્યું હતું તેમ, કુંયેનાચ્ચન શાંતિપૂર્વક તેમના પૂર્વજો સાથે મળી ગયા છે. ખાસી વૃદ્ધાવસ્થામાં તેમને બોલાવવામાં આવ્યા છે. ભાગ્યવાન છે."

એ વખતે પણ દીનામ્માનો રડવાનો અવાજ સૌથી વધુ સંભળાતો હતો.